॥ श्रीमद्भगवद्गीता ॥

૪૦૫૪

શ્રીમદ્ભગવદ્ગીતા.

મૂળ સંસ્કૃત, ગુજરાતી તથા હિંદુસ્તાની દોહરા, ગદ્ય અને ટિપ્પણ સમેત.

પ્રકટ કરનાર

ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ.

મુંબઈ.

"ગુજરાતી" પ્રીંટીંગ પ્રેસ.

સંવત્ ૧૯૪૫. ——— ઇ. સ. ૧૮૮૯.

કિંમત રૂ ૧.

પંડિત શ્રી

ગટ્ટૂલાલજી ઘનશ્યામજીને,

તેમનો સનાતન આર્ય ધર્મનો અભ્યુદય કરવાનો
ઉમંગ અને વેદાંતમાં નિપુણતા, સુશિળતા,
પરહિતમાં સદોદિત ઉમંગી સ્વભાવવૃત્તિ,
શત્રુનું પણ હિતચિંતન કરવાની ઉદાર
બુદ્ધિ, તેમજ સંપત્તિ વિપત્તિ એ
દૈવાધિન છે એમ સમજી ધર્મ
માર્ગથી ચિત્તને ચલિત ન
થવા દેવાના પ્રશંસનિય ગુણ
માટે, તેમજ ભગવદ્ગીતા જેવો
ગ્રંથ તે ભગવદ્ભક્તનેજ યોગ્ય છે—જે
ભગવદ્ભક્ત એમાં સમાયલા તત્વજ્ઞાનનું
રહસ્ય યથાર્થ સમજવાને સમર્થ છે, તેમને—
પ્રીતિપૂર્વક અર્પણ કરવામાં આવ્યો છે.

સૂચના.

આર્યાવર્તની સકળ પ્રજાને સર્વ પ્રકારે માન્ય—બ્રાહ્મણથી તે શુદ્ર સુધીની સર્વે જાત જેના એકેક અક્ષરને શ્રુતિ વચન પ્રમાણે માન આપે છે, તેવો પરમ કલ્યાણકારક—ધર્મ જ્ઞાન ભક્તિમય શ્રીમદ્ભગવદ્ ગીતાનો આ ગ્રંથ ગુર્જર પ્રજા સમક્ષ નવીજ આકૃતિમાં મૂકતાં કંઈપણ વિશેષ કહેવાની જરૂર નથી. શ્રી ભગવાને સ્વમુખથી જે જ્ઞાન કહ્યું છે તે ગીતા છે, ને તે વેદરૂપે મનાયલી છે. તેના શ્રેષ્ઠપણા સામા આજે હજારો વર્ષ થયાં તોપણ કોઇ તરફથી એક શબ્દ પણ કાઢવામાં આવ્યો નથી—પણ ઉલટું બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય ને શુદ્ર; દ્વૈત કે અદ્વૈત; રામાનુજ, માધ્વ, નિંબાર્ક કે વલ્લભાચાર્ય; શંકરાચાર્ય કે કોઇ બીજા આચાર્ય; જૈન, બુદ્ધ કે ખ્રિસ્તી, સર્વે આ અતિ ગહન, ક્ષુલ્લક પ્રાણીના અંતઃકરણમાં ન ઉતરે તેવો, મહત્વવાળો ગ્રંથ પોતાનો છે એવો દાવો કરે છે—એજ આ સકળગુણાલંકૃત પરમ પૂજ્ય ગ્રંથની શ્રેષ્ઠતા, માહાત્મ્ય ને રહસ્ય દર્શાવનારૂં છે.

હાલની ભગવદ્ગીતામાં મારી તરફનું કંઇ નથી—મેં એના ઘણાખરા શ્લોકપર—નવીન ઢબે દૃષ્ટાંતરૂપી ટીકા લ-

ખવા ધારી છે—પરંતુ આ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા પ્રકટ કરતી વેળાએ મને સમય નહિ મળવાથી તે કાર્ય બીજા પ્રસંગ માટે રહેવા દીધું છે. હાલમાં તો જે છપાઇ ગયું છે તેને નવીન ઢબમાં મૂકયું છે. મૂળ સંસ્કૃત છે. પછી ગુજરાતી દોહરા ઠા. પ્રયાગજીના બનાવેલા છે, જેમાં કોઈ કોઇ ભૂલો હતી તે સુધારી છે. હિંદુસ્થાનો દોહરા શ્રી રામચંદ્રજીના ચરણકમળમાં અહોનિશ ચિત્ત ચોંટયું છે જેમનું, તે ચંદ્ર પેરે શાંતિ દેનારા ભક્ત કવિ તુળસીદાસજીના છે. ગુજરાતી ગદ્ય કવિ નર્મદાશંકરનું છે, જે શુદ્ધ, સરળ ને સંસ્કાર સાથે લખાયલું છે—ને એ બીજાં ગુજરાતી ભાષાંતર કરતાં સરસ છે. કંહીં કંહીં સમજુતી આપી છે; જે વાંચનારને સમજવામાં સહાયભુત થાય તેવી છે. મારી પૂર્ણ ખાત્રી છે કે આ શ્રીમદ્‌ ભગવદ્‌ગીતાનો ગ્રંથ બીજા ગ્રંથો કરતાં વધારે માન્ય થાય તેવાં એમાં સાધનો સમાયલાં છે.

અનુક્રમણિકા.

॥श्रीमद्भगवद्गीता महात्म्य–प्रार्थना–न्यास–ध्यान॥

॥ अथ श्रीमद्भगवद्गीतामाहात्म्यप्रारंभः ॥

गीताशास्त्रमिदं पुण्यं यःपठेत्प्रयतःपुमान् ॥
विष्णोःपदमवाप्नोति भयशोकादिवर्जितः ॥१॥
गीताऽध्ययनशीलस्य प्राणायामपरस्य च ॥
नैव संति हि पापानि पूर्वजन्मकृतानिच ॥२॥
मलनिर्मोचनं पुंसां जलस्नानं दिनेदिने ॥
सकृद्गीतांभसि स्नानं संसारमलनाशनम् ॥३॥
गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रसंग्रहैः ॥
या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता ॥४॥
भारतामृतसर्वस्वं विष्णोर्वक्राद्विनिःसृतम् ॥
गीतागंगोदकं पीत्वा पुनर्जन्म न विद्यते ॥५॥
सर्वोपनिषदो गावो दोग्धा गोपालनंदनः ॥
पार्थो वत्सःसुधीर्भोक्ता दुग्धं गीताऽमृतं महत् ॥६॥
एकं शास्त्रं देवकीपुत्रगीत मेको देवो देवकीपुत्र एव॥
एको मंत्रस्तस्य नामानि यानि कर्माप्येकं तस्य देवस्य सेवा॥७॥

॥इतिश्रीमद्भगवद्गीतामाहात्म्यं समाप्तम्॥

अथ प्रार्थना ॥

शुक्लांबरधरं विष्णुं शशिवर्णंचतुर्भुजं ।
प्रसन्नवदनं ध्यायते् सर्वविघ्नोपशांतये ॥१॥

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमं ।
देवीं सरस्वतीं चैव ततोजयमुदीरयेत् ॥२॥
व्यासं वसिष्ठनप्तारं शक्तेःपौत्रमकल्मषं ।
पराशरात्मजं वंदे शुकतातं तपोनिधिम् ॥३॥
व्यासाय विष्णुरूपाय व्यासरूपाय विष्णवे ।
नमो वै ब्रह्मविधये वासिष्ठाय नमोनमः ॥४॥
अचतुर्वदनो ब्रह्मा द्विबाहुरपरो हरिः ।
अफाललोचनःशंभुर्भगवान् बादरायणिः ॥५॥

॥ इति प्रार्थना ॥

॥ अथन्यासादिविधिः ॥

श्रीगोपालकृष्णायनमः
ओंअस्यश्रीभगवद्गीतामालामंत्रस्य भगवान् वेदव्यासऋषि :।
अनुष्टुपूछंदः ॥ श्रीकृष्णःपरमात्मा देवता ॥
अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषस इतिबीजं ॥
सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रजेतिशक्तिः ॥
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच इतिकीलकं ॥

॥ अथकरन्यासः ॥

नैनं छिंदांति शस्त्राणि नैनं दहति पावकइत्यंगुष्ठाभ्यां नमः ॥
नचैनंक्लेदयंत्यापो न शोषयति मारुत इति तर्जनीभ्यां नमः ॥
अच्छेद्योयमदाह्योऽयमक्लेद्योऽशोष्यएव चेति मध्यमाभ्यां नमः ॥
नित्यःसर्वगतःस्थाणुरचलोऽयंसनातन इत्यनामिकाभ्यां नमः ॥

पश्य मे पार्थ रूपाणि शतशोऽथसहस्रश इति कनिष्ठिकाभ्यां नमः॥
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि चेतिकरतलकरपृष्ठाभ्यां नमः॥

॥इति करन्यासः॥

॥अथ हृदयादिन्यासः॥

नैनं छिंदंति शस्त्राणि नैनं दहाति पावक इति हृदयाय नमः॥
न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुत इति शिरसेस्वाहा॥
अच्छेद्योऽयमदाह्योयमक्लेद्यो शो ष्य एव चेति शिखायै वषट्॥
नित्यः सर्वगतःस्थाणुरचलोऽयं सनातन इति कवचाय हुं॥
पश्य मे पार्थ रूपाणि शतशोथ सहस्रश इति नेत्रत्रयाय वौषट्॥
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि चेत्यस्त्राय फट्॥

॥ इति हृदयादिन्यासः ॥

॥ अथ ध्यानम्॥

श्रीकृष्णप्रीत्यर्थे पाठे विनियोगः॥
ओं पार्थाय प्रतिबोधितां भगवता नारायणेन स्वयं ।
व्यासेन ग्रथितां पुराणमुनिना मध्ये महाभारते ॥
अद्वैतांमृतवर्षिणीं भगवतीमष्टादशाध्यायिनी ।
मंब त्वा मनुसंदधामि भगवद्गीते भवद्वेषिणीम्॥ १॥
नमोऽस्तु ते व्यासविशालबुद्धे फुल्लारविंदायतपत्रनेत्र॥
येन त्वया भारततैलपूर्णः प्रज्वालितो ज्ञानमयः प्रदीपः॥२॥
प्रपन्नपारिजाताय तोत्रवेत्रैकपाणये॥

ज्ञानमुद्राय कृष्णाय गीतामृतदुहे नमः ॥३॥
सर्वोपनिषदो गावो दोग्धा गोपालनंदनः ॥
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥ ४ ॥
वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनं ॥
देवकीपरमानंदं कृष्णं वंदे जगद्गुरुम् ॥ ५ ॥
भीष्मद्रोणतटा जयद्रथजला गांधारनीलोत्पला ।
शल्यग्राहवती कृपेण वहिनी कर्णेन वेलाकुला ॥
अश्वत्थामविकर्णघोरमकरा दुर्योधनावर्तिनी ।
सोत्तीर्णा खलु पांडवै रणनदी कैवर्तकः केशवः ॥ ६ ॥
पाराशर्यवचःसरोजममलं गीतार्थगंधोत्कटं ।
नानाख्यानककेसरं हरिकथासंबोधनाबोधितम् ॥
लोके सज्जनषट्पदैरहरहः पेपीयमानं मुदा ।
भूयाद्भारतपंकजं कलिमलप्रध्वंसिनः श्रेयसे ॥ ७ ॥
मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् ॥
यत्कृपा तमहं वंदे परमानंदमाधवम् ॥ ८ ॥
यं ब्रह्मावरुणेंद्ररुद्रमरुतः स्तुन्वंति दिव्यैः स्तवै ।
र्वेदैः सांगपदक्रमोपानिषदैर्गायंति यं सामगाः ॥
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यंति यं योगिनो ।
यस्यांतं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥ ९ ॥

॥इति ध्यानम् ॥

શ્રીમદ્ભગવદ્ગીતા.

અધ્યાય ૧ લો.

॥ धृतराष्ट्र उवाच ॥

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पांडवाश्चैव किमकुर्वत संजय ॥१॥

ધર્મ ભૂમિ કુરૂક્ષેત્રમાં, મળી યુદ્ધ ઇછનાર;
સંજય શું કરતા હતા, મુજ સુત, પાંડુ કુમાર. ૧

ધર્મક્ષેત્ર કુરુક્ષેત્રમેં, મિલે જુદ્ધ કે સાજ;
સંજય મો સુત પાંડવને, કીન્હો કૈસો કાજ. ૧

૧ હે સંજય! ધર્મભૂમિમાં* કુરૂક્ષેત્રમાં મળેલા યુદ્ધના ઈચ્છાવંત મારા [પુત્રાદિક] ને પાંડવ (તે) શું કરતા હવા?

संजय उवाच ॥

दृष्ट्वा तु पांडवानीकं व्यूढं दुर्योधनस्तदा ।
आचार्यमुपसंगम्य राजा वचनमब्रवीत् ॥२॥

---

* ધર્મક્ષેત્ર એવું કુરૂક્ષેત્ર. સરસ્વતી ને યમુના એ બેની વચમાંનો પ્રદેશ તે ધર્મક્ષેત્ર, ને એમાંનો એક ભાગ તે કુરૂક્ષેત્ર.

વ્યૂહ સૈન્ય પાંડવતણું, દેખી દુર્યોધન;
ગુરૂ પાસે જઇ તે સમે, બોલ્યો રાય વચન. ૨

પાંડવ સેનાવ્યૂહ લખિ, દુર્યોધન ઢિગ આય;
નિજ આચાર્ય દ્રોણસોં, બોલ્યો ઐસે ભાય. ૨

૨ પાંડવનુ સૈન્ય વ્યૂહે* રચેલું જોયું કે પછી આચાર્યની (દ્રોણની) પાસે જઈને રાજા (દુર્યોધન) વચન બોલ્યો (કે)—

पश्यैतां पांडुपुत्राणामाचार्य महतीं चमूम् ।
व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥३॥

જુઓ ગુરૂ પાંડવતણી, સેના મોટી એહ;
રચેલ દ્રુપદ સુતેજ, તમ શિષ્ય ચતુર છે જેહ. ૩

પાંડવ સેના અતિ બડી, આચાર્યહિ તૂં દેખ;
ધૃષ્ટદ્યુમ્ન તવ શિષ્યનેં, વ્યૂહ રચ્યોહિ બિશેખ. ૩

૩ હે આચાર્ય! જો આ પાંડુ પુત્રોની મોટી સેના વ્યૂહે રચેલી તારા શિષ્ય બુદ્ધિમાન્ દ્રુપદ પુત્રે (ધૃષ્ટદ્યુમ્ને).

अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।
युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥४॥

એમાં શૂરા, યુધ વિશે, અર્જુન ભીમ સમાન;
મહાધનુષી, મહારથ દ્રુપદ, વિરાટ ને યુયુધાન. ૪

સૂર ધનુષધારી બડે, અર્જુન ભીમ સમાન;
દ્રુપદ મહારથી ઔર પુનિ, હૈ બિરાટ યુયુધાન. ૪

૪ એ સેનામાં શૂરા, મોટાં ધનુષ્યને ધરવાવાળા, ભીમાર્જુન સમાન યુયુધાન (સાત્યકી) ને વિરાટ ને દ્રુપદ મહારથી.†

---

* વ્યૂહ—ચક્ર, કમળ, ગાડું, શોય. ગરૂડ એવો આકાર. અહીં સૂચિ વ્યૂહ. † મહારથી—દશ હજાર ધનુર્ધારી યોદ્ધા સામાં એકલો યુદ્ધ કરે, વળી શસ્ત્ર શાસ્ત્ર પ્રવીણ તે

धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ।
पुरुजित्कुंतिभोजश्च शैब्यश्च नरपुंगवः ॥५॥

ધૃષ્ટકેતુ ને ચેકિતાન, બલીષ્ટ કાશીરાજ;
પુરૂજિત કુંતીભોજ નર, શ્રેષ્ટ શૈબ્ય મહારાજ. ૫

ધૃષ્ટકેતુ અરુ કાશિપતિ, ચેકિતાન બલવંત;
કુંતિ ભોજ અરુ શૈબ્યપુનિ, પુરુજિત્ શત્રુ નિકંત. ૫

૫ ધૃષ્ટકેતુ ને ચેકિતાન ને કાશિરાજ પરાક્રમી, પુરૂજિત ને કુંતિભોજ ને શૈબ્ય પુરૂષમાં શ્રેષ્ઠ (તે પણ).

युधामन्युश्च विक्रांत उत्तमौजाश्च वीर्यवान् ।
सौभद्रो द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥६॥

યુધામન્યુ પરાક્રમી, ઉત્તમૌજા બળવાન;
દ્રૌપદિ સુત, અભિમન્યુ એ, સર્વ મહારથિ જાણ. ૬

યુધામન્યુ અરુ વિક્રમી, ઉત્તમૌજા રણ ધીર;
દ્રૌપદિસુત અભિમન્યુ યહ, મહારથી બલવીર. ૬

૬ અતિશૂર યુધામન્યુ ને પરાક્રમી ઉત્તમૌજા, સુભદ્રાનો પુત્ર (અભિમન્યુ) ને દ્રૌપદીના પુત્ર (પ્રતિવિંધ્યાદિક) બધાએ મહારથી.

अस्माकं तु विशिष्टा ये तान्निबोध द्विजोत्तम ।
नायका मम सैन्यस्य संज्ञार्थं तान्ब्रवीमि ते ॥७॥

દ્વિજવર જાણો તે હવે, શ્રેષ્ટ આપણા જેહ;
મુજ સેનાપતિ આપને, જણાવવા કહું તેહ. ૭

મો સેનામો જો બઢે, સમગિનિયે દ્વિજરાજ;
નીકે જાનત મમ તિન્હે, પુરેજુદ્ધકે કાજ. ૭

૭ હે ઉત્તમ બ્રાહ્મણ! અમારા તો જે મોટા તેને જાણ; નાયક મારા સૈન્યના; સારી જાણને અર્થે કહું છું તુંને (કોણ કોણ) તે.

भवान्भीष्मश्च कर्णश्च कृपश्च समितिंजयः।
अश्वत्थामा विकर्णश्च सोमदत्तिस्तथैव च ॥८॥

આપ ભીષ્મ ને કર્ણ વલિ, કૃપ રણજીતજ જેમ;
વિકર્ણ ને ભૂરિશ્રવા, અશ્વત્થામા તેમ. ૮

તુમ અરુ ભીખમ કરણ કૃપ, જિહ અજીત સંગ્રામ;
ભૂરિશ્રવા વિકરણ અરુ, અશ્વત્થામા નામ. ૮

૮ યુદ્ધને જિતનાર એવો તું, વળી ભીષ્મ, વળી કર્ણ, વળી કૃપ; અશ્વત્થામા, વળી વિકર્ણ, અને સૌમદત્તિ (ભૂરિશ્રવા) પણ તેવોજ.

अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः।
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥९॥

બીજા પણ શૂરા ઘણા, મમાર્થ જિવ ત્યજનાર;
યુધમાં સર્વે કુશળ છે, વિવિધ શસ્ત્ર ધરનાર. ૯

ઔર શૂર બહુત હૈ, મોહિગ તજત પરાન;
ભાત ભાત આયુધ લિયે, સબ જુધકો બલવાન. ૯

૯ બીજા બહુએ શૂરા મારે માટે પ્રાણ તજવાને નિશ્ચયવાળા નાના પ્રકારનાં શસ્ત્રસાધનવાળા, યુદ્ધમાં નિપુણ સર્વે (છે).

अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम्।
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥१०॥

પણ એ રક્ષિત ભીષ્મથી, બળ આપણું અસમર્થ;
ભીમે રક્ષિત એમનું, આ બળ દિસે સમર્થ. ૧૦

મો સેના સમરથ નહિ, ભીખમ રાખત તાહિ;
પરસેના સુસમર્થ હૈ, રાખત ભીમ સુબાહિ. ૧૦

૧૦ અમારૂં બળ (સૈન્ય) ભીષ્મે રક્ષિત છતે અપૂર્ણ (અસમર્થ) (ને) પૂર્ણ તો આ એઓનું ભીમે રક્ષિત (ભાસેછે).

अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ।
भीष्ममेवाभिरक्षंतु भवंतः सर्व एव हि ॥११॥

માટે સૌ માર્ગો વિશે, વિભાગથી થૈ સ્થીત;
આપ બધા ચોમેરથી, રક્ષો ભીષ્મ ખચીત. ૧૧

આસપાસ મો વ્યુહકે, તુમ સબ પ્રગટે હોહુ;
ભીખમકી રચ્છા કરો, ધરિકે મનમો કોહુ. ૧૧

૧૧ સગળા પ્રવેશમાર્ગને વિષે સૈન્યવિભાગે જૂદા જૂદા પણ પોતપોતાને ઠેકાણે રહ્યા એવા તમે સર્વ ભીષ્મનુંજ* સંરક્ષણ નક્કી કરો.

तस्य संजनयन्हर्षं कुरुवृद्धः पितामहः ।
सिंहनादं विनद्योच्चैः शंखं दध्मौ प्रतापवान् ॥१२॥

પછિ બળિ, વૃદ્ધ પિતામહે, કરતાં તેને રાજિ;
સિંહનાદ કરિને પછી, શંખ વગાડયો ગાજિ. ૧૨

દુર્યોધનકે હર્ષકોં, ભીખમજી ચિત ચાય;
સિંહ નાદ ઉંચો કિયો, દુઃસહ શંખ બજાય. ૧૨

૧૨ (તેટલે) તેને (દુર્યોધનને) હર્ષ ઉપજાવતાં કુરૂકુળવૃદ્ધ પ્રતાપવાન્ પિતામહ એણે ઉંચે સ્વરે સિંહ સરખી ગર્જના કરી શંખ વગાડયો.

---

* ભીષ્મ ઉભયપક્ષપાતી (પાંડવનું પણ હિત ઇચ્છનાર હોવાથી) ઉત્સાહબળ અપૂર્ણ, ને ભીમ એકપક્ષપાતી હોવાથી તે પૂર્ણ. એવો દુર્યોધનનો વિચાર.

ततः शंखाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।
सहसैवाभ्यहन्यंत स शब्दस्तुमुलोभवत् ॥१३॥

આનક, ગોમુખ, પણવને, શંખો, ભેરી જેહ;
તરતજ વાગ્યાં તે પછી, શબ્દ થયો મહા તેહ. ૧૩

તબ શંખ ભેરી પણુવ, આનક ગોમુખ ભેર;
તાસેં છિન્ન બાજતભયો, શબ્દ રહ્યો ભરપેર. ૧૩

૧૩ તે પછી શંખ (બીજા) ને ભેરી ને પણુવ, આનક, ગોમુખવાજાં સામટાંજ ચોમેર વાગવાં લાગ્યાં તે શબ્દ મોટો ભયાનક થયો.

ततःश्वेतैर्हयैर्युक्ते महति स्यंदने स्थितौ ।
माधवः पांडवश्चैव दिव्यौ शंखौ प्रदध्मतुः॥१४॥

શ્વેત અશ્વવાલા મહત, રથમાં સ્થિત પછી સાર;
કૃષ્ણાર્જુને બજાવિયા, દિવ્ય શંખ નિરધાર. ૧૪

શ્વેતબર્ણ ઘોડે લગે, મહારથહિ બનાય;
હરિ અર્જુન તાપેં ચઢે, રહે શંખ બજાય. ૧૪

૧૪. પછી ધોળે ઘોડે જોડેલા મોટા રથમાં બેઠેલા માધવ તથા અર્જુન (તે) દેવલોકના શંખ વગાડવા લાગ્યા.

पांचजन्यं हृषीकेशो देवदत्तं धनंजयः ।
पौंड्रं दध्मौ महाशंखं भीमकर्मा वृकोदरः ॥१५॥

પાંચજન્ય તો માધવે, દેવદત્ત પાર્થેજ;
મહા પૌંડ્ર બજાવિયો, ઘોરકર્મિ ભીમેંજ. ૧૫

દેવદત્ત અર્જુન લિયો, પાંચજન્ય યદુરાય;
ભીમ ભયાનક ભય દિયો, પૌંડ્ર શંખ બજાય. ૧૫

૧૫ કૃષ્ણે પાંચજન્ય, અર્જુને દેવદત્ત, ભીમકર્મ જેનું એવા ભીમે મહા॰ શંખ પૌંડ્ર વગાડયો.

अनंतविजयं राजा कुंतीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥१६॥

કુંતીપુત્ર યુધિષ્ઠિરે, અનંત વીજય સાર;
સુઘોષ મણિપુષ્પક બને, માદ્રિસુત નિરધાર. ૧૬

નૃપતિ યુધિષ્ઠિર ફુંકિયો, અનંત વિજયકો ઘોષ;
પુનિ નકુલ સહદેવને, મણિ પુષ્પક સુઘોષ. ૧૬

૧૬ કુંતીપુત્ર યુધિષ્ઠિર રાજાએ અનંતવિજય (અને) નકુલે તથા સહદેવે સુઘોષ (તથા) મણિપુષ્પક (એ નામના શંખ વગાડયા).

काश्यश्च परमेष्वासः शिखंडी च महारथ :।
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥१७॥

વલિ અપરાજિત સાત્યકી, ધૃષ્ટદ્યુમ્ન મત્સ્યેશ;
શિખંડી મહારાથ, મહા ધનુષી કાશિનરેશ. ૧૭

મહા ધનુર્ધર કાશિપતિ, રથી શિખંડી જાન;
ધૃષ્ટદ્યુમ્ન વિરાટ અતિ બલી,સાત્યકિ અજયહિ માન. ૧૭

૧૭ મોટા ધનુર્ધારી કાશિરાજા ને મહારથી શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ (ને) બીજાએ ન જીતેલો એવો સાત્યકી—

द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ।
सौभद्रश्च महाबाहुः शंखान्दध्मुः पृथक् पृथक् ॥१८॥

અભિમન્યુ મહાબાહુ વલિ, દ્રુપદ, દ્રૌપદીતંન;
સૌયે શંખ બજાવિયા, જુદા જુદા રાજંન. ૧૮

દ્રુપદ દ્રૌપદી સુત સબેં, ઔર સુભદ્રા પૂત;
અપને અપને શંખ લે, ધુનિ કીન્હી અદ્‌ભુત. ૧૮

૧૮ (વળી) દ્રુપદ, દ્રૌપદીના પુત્ર, મોટા બાહુવાળો અભિમન્યુ એ સર્વેજણે, હે ધૃતરાષ્ટ્ર, જૂદા જૂદા શંખ વગાડયા.

स घोषो धार्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ।
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥१९॥

ભેદ્યાં તુજ સુતનાં હૃદય, મહાન શબ્દ તેજ;
પ્રતિધ્વનીથી પૂરતાં, નભ પૃથ્વીને સેજ. ૧૯

ફુટયો હિયો કૈરવનકો, શબ્દ સુન્યો તાબાર;
પૃથ્વી અરુ આકાશ મૈં, પુરી રહ્યો ગુંજાર. ૧૯

૧૯ તે ઘોષ આકાશ તથા પૃથ્વીને અત્યંત પ્રતિધ્વનિયે પૂરતો છતો ધૃતરાષ્ટ્રના પુત્રના હૃદયને વિદારતો હતો.

अथ व्यवस्थितान्दृष्ट्वा धार्तराष्ट्रान्कपिध्वजः ।
प्रवृते शस्त्रसंपाते धनुरुद्यम्य पांडवः ॥२०॥

પછી કપિધ્વજ અર્જુને, વ્યવસ્થિત તુજ તંન;
જોઈ શસ્ત્ર ચાલૂ કિયે, ધનુષ ઉગામિ રાજંન. ૨૦

દેખે સુત ધૃતરાષ્ટ્રકે, અર્જુન ધનુખ સંવાર;
કપિવર જાકે ધ્વજ બસે, શસ્ત્રન પરત નિહાર. ૨૦

૨૦ હવે યુદ્ધને ઉદ્યોગે સજ એવા કૌરવને જોઈ શસ્ત્ર ચાલતાં થયે કપિધ્વજ અર્જુને ધનુષ્ય (ગાંડીવ) ચઢાવી.

हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते ।
હૃષીકેશને તે સમે, કયું આમ મહિપાલ;

अर्जुन उवाच ॥

सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥२१॥
બન્ને સૈન્યના મધ્યમાં, રથ રાખો ગોપાલ. ૨૧

અર્જુન કહે જુ કૃષ્ણસે, મેરો ચિત યહ ચ્હાત;
દો સેનાકે મધ્યમે, રથ ડારો કરો માત. ૨૧

૨૧ હે, ધૃતરાષ્ટ્ર પછી કૃષ્ણને (સારથીને) આ વાક્ય કહ્યું! (કે) "હે અચ્યુત! બેઉ સેનના મધ્યભાગમાં મારો રથ સ્થાપ (આણી મૂક)."

यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन्रणसमुद्यमे ॥२२॥

જ્યાંલગિ જોઉં એહજે, યુદ્ધેચ્છૂ સ્થિત નાથ;
મારે આ યુધને વિશે, વઢવું કેની સાથ. ૨૨

જબ લગ દેખો હો ઈન્હેં, જુરેજુદ્ધ કે દાય;
કૌન કૌનસોં હોંલરોં, યો રનમેં સમપાય. ૨૨

૨૨ (કે) "સજ થઈ રહેલા એવા યુદ્ધના ઈચ્છાવંત સર્વેને હું જોઉં (કે) આ રણસંગ્રામના ઉદ્યમમાં મારે કોણ કોણ સંગાતે યુદ્ધ કરવું" છે.)

योत्स्यमानानवेक्षेऽहं य एतेऽत्र समागताः ।
धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥२३॥

વલિ દુર્યોધન દુષ્ટનું, યુધમાં પ્રિય ઇછનાર;
જે આ ઐં આવેલછે, દેખું તે લડનાર. ૨૩

જુધ્ધ કરણ જોધ્ધા જતે, આયે હે યા સાજ;
દુર્બુધ્ધિ કૌરવનકો, ભલો કરણ કે કાજ. ૨૩

૨૩ "દુર્બુદ્ધિ દુર્યોધનનું પ્રિય કરવાની ઇચ્છાવાળા યુદ્ધ કરનારા જે આ અહીં રણભૂમિમાં એકઠા થયા છે તેઓને હું જોઉં." (ત્યાંસૂધી રથને સૈન્યોની મધ્યે રાખ).

संजय उवाच॥

एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ।
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम्॥२४॥

ગુડાકેશથી એ' રિતે, શુણિને પુરૂષોત્તમ;
બને સૈન્યના મધ્યમાં, રથ રાખી ઉત્તમ. ૨૪

ઐસો કહ્યો શ્રીકિસનસોં, સુનિ અર્જુનકી બાત;
દોઉ સેનાકે માઝરથ, લે રાખ્યો તા ઘાત. ૨૪

૨૪ હે ધૃતરાષ્ટ્ર! નિદ્રા જિતેલી એવા એ (અર્જુને) એ પ્રકારે કહ્યું જેને એવા હૃષીકેશ કૃષ્ણ બંને સેનના મધ્યમાં ઉત્તમ રથને (અગ્નિદત્તને) આાણી રાખી-

भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ।
उवाच पार्थ पश्यैतान्समवेतान्कुरूनिति ॥२५॥

સર્વ રાયની પાસ વલિ, ભીષ્મ દ્રોણ સન્મૂખ;
બોલ્યા જો તું પાર્થ આ, મળેલ કૌરવમૂખ. ૨૫

ભીષ્મ દ્રોણહિ આદિદે, નૃપ જું હતે યા ઠોર;
અર્જુનસોં બોલત ભયે, કરિ કૌરવકી ઓર. ૨૫

૨૫ ભીષ્મ દ્રોણ પ્રમુખ છે જેને એવા સર્વે રાજાઓની સંમુખ, તે બોલ્યો (કે) હે અર્જુન! મળેલા આ કૌરવને જો.

तत्रापश्यत्स्थितान्पार्थः पितॄनथ पितामहान् ।
आचार्यान्मातुलान्भ्रातॄन्पुत्रान्पौत्रान्सखींस्तथा ॥२६॥

ત્યાં સ્થિત દીઠા અર્જુને, વડીલ ગુરૂ નિરધાર;
કાકા મામા ભાઇ વલિ, પૌત્ર સખા સુત સાર. ૨૬

અર્જુનવો દેખે સખે, પિતા પિતામહ ભાયિ;
ગુરુ મામા ભાઇ સખા, સુત નાતીકે દાયિ. ૨૬

૨૬ ત્યાં અર્જુન જોય છે (તો) છે કાકા, વળી દાદા (ભીષ્માદિક), આચાર્ય (દ્રોણ, કૃપ), મામા, ભાઈ, પુત્રના પુત્ર (દુર્યોધનના) ને સખા.

श्वशुरान्सुहृदश्चैव सेनयोरुभयोरपि ।
तान्समीक्ष्य स कौंतेयः सर्वान्बंधुनवस्थितान् ॥२७॥

શ્વશૂર ને સુહૃદોજ પણ, બને સૈન્યની માંય;
સર્વ બંધુને જોઇ સ્થિત, કુંતીસુત તે ત્યાંય. ૨૭

સૂર સુહૃદ બંધૂ સખે, દોઉ સેનાકે માંય;
દેખે અર્જુન ઉનકો, ઠૌર ઠૌરકોં પાય. ૨૭

૨૭ બંને સેનમાંના સસરાઓને, ઉપકાર કીધેલા એવા મિત્રોને પણ (જોય છે); સજ થઈ રહેલા તે સર્વે બાંધવોને જોઈ તે

कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत् ।

अर्जुन उवाच ॥

दृष्ट्वेमं स्वजनं कृष्ण युयुत्सुं समुपस्थितम् ॥२८॥

પરં દયાથી યુક્ત થઇ, વચો શોચતાં એમ;
જોઇ કૃષ્ણ આ સ્વજનને, યુધ્ધેચ્છૂ સ્થિત જેમ. ૨૮

તિન્હે દેખ કરુણા ભઈ, તબ બોલે નર નાહ;
દેખે મૈં સબે સુહ્રદયહ, કૃષ્ણ જુધ્ધકે દાહ. ૨૮

૨૮ અત્યંત કૃપાએ વ્યાપ્ત [એવો ખેદ પામતો બોલતો હવો–"હે કૃષ્ણ! સારી રીતે સજ એવા યુદ્ધના ઈચ્છાવંત આ સ્વજનસમૂહને જોઇ"—

सीदंति मम गात्राणि मुखं च परिशुष्यति ।
वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥२९॥

મુજ ગાત્રો કલેશાય છે, મુખ મુજ બહુ સૂકાય;
કંપ શરીરે થાય છે, ખડાં રોમ મુજ થાય. ૨૯

મો મુખ સૂકત હૈ અરૂ, અંગ સબહિ સિથિલાય;
રોમ હર્ષ અરૂ હોત હૈ, દેહ કંપ બહુ ભાય. ૨૯

૨૯ "મારાં ગાત્ર ઢીલાં થાય છે ને મુખ સુકાય છે, મારાં શરીરમાં કંપારી છુટે છે ને રૂવાં ઉભાં થાય છે."

गांडीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते ।
न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ॥३०॥

ગાંડિવ પડે છે હસ્તાથ, ત્વચા બળે નિરધાર;
ઉભો રહી શકતો નથી, મુજ મન ભ્રમેજ સાર. ૩૦

ધનુખ ગિરે મો હાત તેં, ત્વચા તપત અધિકાય;
ખડા રહે ના સખત હૈ, ભ્રમત આજ મન મોય. ૩૦

૩૦ "હાથમાંથી ગાંડીવ સરી જાયછે ને ત્વચા બળબળ થાયછે, અહીં-ઉભાં રહેવા સકતો નથી ને ભમતું હોય (તેવું) મારૂં મન (છે)."

निमित्तानि च पश्यामि विपरीतानि केशव ।
न च श्रेयोनुपश्यामि हत्वा स्वजनमाहवे ॥३१॥

વલિ કેશવ હું જોઉછું, નિમિત્ત ઉલટાં જોય;
તેથી રણમાં બંધુ હણિ, દેખું ને કૈં શ્રેય. ૩૧

આપનો ભલો ન દેખિયે,હે વિપરીત સુજાન?
સુજન હનન સંગ્રામ મેં,તા તેં હન્યો જુ માન. ૩૧

૩૧ "હે કેશવ! ને ચિન્હો ઉલટાં (અપશકુન) જોઉં છું; વળીયુદ્ધમાં સ્વજનને હણીને શ્રેય (સારૂં ફળ) નથી જોતો.':

न कांक्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च।
किं नो राज्येन गोविंद किं भोगैर्जीवितेन वा ॥३२॥

વિજય કૃષ્ણ, ઇછતો નથી,તેમ સૂખ મહિ રાજ;
રાજ્ય ભોગ જિવિતે કરી,શું અમને મહારાજ. ૩૨

ચાહોં વિજય ન કૃષ્ણજૂ,નહિં ચાહત સુખરાજ;
રાજ ભોગ ગોવિંદજૂ, નહિ જીવન કે કાજ. ૩૨

૩૨ "હે કૃષ્ણ! નથી ઈચ્છતો વિજયને તથા રાજ્યને તથા સુખને; હે ગોવિંદ! અમને રાજ્યે, ભોગે કે જીવવે શું?" (પ્રયોજન).

येषामर्थे कांक्षितं नो राज्यं भोगाः सुखानि च।
त इमेवस्थिता युद्धे प्राणांस्त्यक्त्वा धनानि च॥३३॥

જેને માટે ઇચ્છિયે, ભોગ સૂખ ને રાજ;
તેતો તજિ ધન પ્રાણને, આ ઉભા રણમાંજ. ૩૩

રાજ ભોગ સુખ કૃષ્ણજૂ,કરિયત ઇનકે કાજ;
લરત જીવ ધન છાંડિ કે,હમ નહિં ચહાત રાજ. ૩૩

૩૩ "જેઓને અર્થે રાજ્ય, ભોગ, સુખ અમારૂં ઈચ્છેલું તેઓ (તો) આ પ્રાણ તથા ધનનો ત્યાગ કરી યુદ્ધમાં આવી ઉભા છે.'

आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः।
मातुलाः श्वशुराः पौत्राः श्यालाः संबंधिनस्तथा ॥३४॥

કાકા, ગુરૂ, પુત્રો તથા, શ્વશૂર મામા સાર;
શ્યાલા, પૌત્ર, પિતામહ, સંબંધી નિરધાર. ૩૪

આચાર્ય પુનિ પિતામહ, પુત્ર પૌત્રહી દેખ;
ગ્યાતી માતુલ શ્વશુર અરુ, સાલેહી સબરેખ. ૩૪

૩૪ "ગુરૂઓ, કાકાઓ, દિકરાઓ, દાદાઓ, મામાઓ, સસરાઓ, દિકરાના દિકરાઓ, સાળાઓ તથા સંબંધીઓ"—

एतान्न हंतुमिच्छामि घ्नतोपि मधुसूदन ।
अपि त्रैलोक्यराज्यस्य हेतोः किं नु महीकृते ॥३५॥

ન ઇછું હણવા એમને, મુજને મારે તોય;
રાજ્ય ત્રિલોકી માટ પણ, ભૂ અર્થે કિમ સોય. ૩૫

યહ મારે મોંકો જદપિ, હમ નહિ હનૈ બિશેષ;
રાજ તજૌં ત્રયલોક કાં, કિત ભૂમી યહ શેષ. ૩૫

૩૫ "એઓને મારવાને હું ઇચ્છતો નથી પછી હણાયો થાઉં તોપણ, હે મધુસૂદન! ત્રૈલોક્યના રાજ્યના હેતુથી પણ (ઈચ્છતો નથી તો), માત્ર પૃથ્વીને અર્થે શું?"

निहत्य धार्तराष्ट्रान्नः का प्रीतिः स्याज्जनार्दन।
पापमेवाश्रयेदस्मान्हत्वैतानाततायिनः ॥३६॥

વલિ કૌરવને મારિ શું, અમને લાભ જણાય;
એ આતતાઇને હણિ, પાપજ અમને થાય. ૩૬

સંતતિ હનિ ધૃતરાષ્ટ્રકી, નહિ સુખ રહે મુરાર;
પાપ હુહૈ ઇનકે હને, જદપિ લઇ હથિયાર. ૩૬

૩૬. "હે જનાર્દન! કૌરવને મારેથી અમને શી પ્રીતિ હોય (સિદ્ધિ થવાની છે); એ આતતાયિને* (એવાને પણ) મારેથી અમને પાપજ લાગશે."

---

* આતતાયી—ઘરને આગ લગાડે, ઝેર ખવાડે, મારવાને શસ્ત્ર ઉગામે. ધન કે

तस्मान्नार्हा वयं हंतुं धार्तराष्ट्रान्स्वबांधवान् ।
स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव ॥३७॥

માટે બાંધવને અમે, હણવાને નૈં યોગ્ય;
સ્વજનોને માધવ હણી,થઇયે કિમ સુખ જોગ્ય. ૩૭

તા તેંયહ હનિયે નહી, આપ બંધુ નિરધાર;
કૃષ્ણ સ્વજનકોં મારિકે, કૈસં વ્હૈ સુખ સાર. ૩૭

૩૭ "માટે પોતાના ભાઈયો દુર્યોધનાદિકને મારવાને અમે યોગ્ય નથી. હે માધવ! નહી સ્વજનને મારીને અમે કેમ સુખી થઈશું?"

यद्यप्येते न पश्यंति लोभोपहतचेतसः ।
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥३८॥

જો હણાયલા લોભથી, દેખે નૈં કૈં એહ;
દોષ કુલક્ષયકૃત તથા, મિત્ર દ્રોહમાં જેહ. ૩૮

યે યાકો દેખત નહીં, લોભ ભુલાવન માય;
કુલ ક્ષય કીન્હે દોષજો, જાનત હમ જદુરાય. ૩૮

૩૮ "લોભે નષ્ટચિત્ત એવા કૌરવ તે કુળને ક્ષય કીધાનો દોષ ને મિત્રદ્રોહનું પાપ એને નથી જોતા તોપણ"—

कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् ।
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ॥३९॥

પણ જનાર્દન કેમ અમે, દોષજ એ જોનાર;
નિવૃત થવા આ પાપથી, નૈં કરિયે વીચાર. ૩૯

ભૂમિ કે સ્ત્રી એનું હરણ કરે તે. અર્જુનના બોલવાનો આશય કે એવાને મારવાજ એ નીતિ છે, પણ સ્વજનનો નાશ ન કરવો એ ધર્મ પ્રધાન છે.

જાનિ બુઝિ યહ પાપસું, ક્યોં કરિ કીન્હો જાય;
કુલખય કીન્હે દોષ હૈ, દેખત હમ યદુરાય. ૩૯

૩૯ "હે જનાર્દન! અમે કુળક્ષય કીધાના દોષને જોનારા (છતે) એ પાપથકી પાછું ફરવાનું (બચવાનું) અમારે કેમ ન જાણવું?"

कुलक्षये प्रणश्यंति कुलधर्माः सनातनाः ।
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोभिभवत्युत ॥४०॥

લય પામે કુલનાશથી, પુરાણ જે કુલધર્મ;
ધર્મ નાશથી કુલ બધે, વ્યાપી જાય અધર્મ. ૪૦

કુલખય કીન્હે કુલ ધરમ, જાત સબૈ બિનસાય;
ધર્મ નાશ કુલમેં ન ક્યોં, હોત અધર્મ સુભાય. ૪૦

૪૦ "કુળક્ષયથી પરંપરાના કુળધર્મ નાશ પામે છે (ને) ધર્મ નષ્ટ થવાથી સઘળું કુળ (શેષ રહેલું) (તે) અધર્મને વશ થાય છે."

अधर्माभिभवात्कृष्ण प्रदुष्यंति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ॥४१॥

અધર્મના જોરે કરી, કુલસ્ત્રિયો દોષાય;
કૃષ્ણ, દુષ્ટ સ્ત્રીયો વિશે, સંકર વર્ણજ થાય. ૪૧

કૃષ્ણ અધર્મ જો બઢે, દુષ્ટ હોય કુલ નાર;
હોત બરન સંકર તબૈ, ઇનસેંહી નિરધાર. ૪૧

૪૧ હે કૃષ્ણ! અધર્મને વશ થયેલી કુળની સ્ત્રિયો દોષવાળી થાય છે' (ને) ભ્રષ્ટ સ્ત્રિયોને વિષે હે યદુકુલમંડન! વર્ણસંકર પેદા થાય છે.'

संकरो नरकायैव कुलघ्नानां कुलस्य च ।
पतंति पितरो ह्येषां लुप्तपिंडोदकक्रियाः ॥४२॥

કુળઘાતીના વંશને, સંકર નરકર્થેજ;
ક્રિયાલુપ્ત એના પડે, પિતરોપણ નરકેંજ. ૪૨

નરક પડે સંકર ભયે, કુલઘાતી યહ હોય;
પતિત હોત તિનકે પિતર, પિંડ દેત નહિ કોય. ૪૨

૪૨ "વર્ણસંકર તે કુળઘાતીના કુળને (રહેલાંને) નરકનું કારણ થાય છે (ને) કુળઘાતીના પિતર શ્રાદ્ધતર્પણના લોપથી પડે છે."

दोषैरेतैः कुलघ्नानां वर्णसंकरकारकैः ।
उत्साद्यंते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥४३॥

સંકર કારક દોષ જે, કુલ ઘાતીના એહ;
ડુબેજ તેથી જાતિ કુળધર્મો શાશ્વત જેહ. ૪૩

કુલહિ બરનસંકર બને, ડારત દોષ બઢાય;
જાતિ ધર્મ કુલ ધર્મ વેં, દોઊ દેત નસાય. ૪૩

૪૩ "કુળઘાતીને વર્ણસંકર કરે એવા દોષથી નિરંતરના જાતિધર્મ, કુળધર્મ ને બીજા (આશ્રમધર્માદિક) લોપ પામે છે."

उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ।
नरके नियतं वासो भवतीत्यनुशुश्रुम ॥४४॥

કુલધર્મોથી ભ્રષ્ટનો, વાસ નરકમાં સાર;
થાય નિત્ય હરિ, એ અમે, સાંભળિયે નિરધાર. ૪૪

કુલ ધર્મકે નાશસેં, કૃષ્ણ, દેહિકો હોય;
વાસ નરકમેં હોતહે, કરતા જૂ સબ કોય. ૪૪

૪૪ "લોપ થયલા કુળધર્મના મનુષ્યનો હે જનાર્દન નિરંતર નરકમાં વાસ થાય છે એમ અમે સાંભળ્યું છે."

अहो बत महत्पापं कर्तुं व्यवसिता वयम् ।
यद्राज्यसुखलोभेन हंतुं स्वजनमुद्यताः ॥४५॥

અરે મોટું પાપ અમે, કરવા થયા તિયાર;
ઉભા રાજસુખાર્થ જે, બંધૂ હણવા સાર. ૪૫

બડે પાપકે કરનકો, નિશ્ચય કિયે બિચાર;
રાજ્ય સૂખમે લપટકર, મરત હમ નિરધાર. ૪૫

૪૫ "અરે કષ્ટ! મોટું પાપ કરવાને અમે વ્યવસાયમાં પડયા (કે) રાજ્યસુખને લોભે સ્વજનને મારવાને ઉદ્યમી થયા."

यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ।
धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥४६॥

શસ્ત્રધારિ જો કૌરવો, સામે નહિ થાનાર;
શસ્ત્ર રહિત મુજને હણે, તો મુજ હિત નિરધાર. ૪૬

કરમે લે હથીઆર અરૂ, ધાર્તરાષ્ટ્ર સબિ ધાય;
મારત મોં અનુપાય કો, હોય તબીશુભ ભાય. ૪૬

૪૬ શસ્ત્રરહિત (ને) સામો ઘા ન કરનારો એવો હું તેને શસ્ત્ર હાથમાં એવા દુર્યોધનાદિક જો રણમાં મારશે (તો) તે મારૂં અધિક કલ્યાણ કરનારૂં થશે.

संजय उवाच ॥

एवमुक्त्वाऽर्जुनः संख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥४७॥

એમ કહી રણમાં પછી, મૂકી શરને ચાપ;
બેઠો અર્જુન રથ વિશે, યુક્ત શોક સંતાપ. ૪૭

ઐસે કહિ અર્જુન તબૈં, બેઠ ગયો રથમાંહિ;
કરતે ડારો ધનુષ શર, શોક બઢયો મનમાંહિ. ૪૭

૪૭ હે ધૃતરાષ્ટ્ર! શોકે વ્યાકુળ મનવાળો અર્જુન એ પ્રમાણે બોલી બાણસહિત ધનુષ્યને મૂકી દઈ રથમાં બેશી ગયો.

ઇતિ શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપનિષદ્માં બ્રહ્મવિદ્યા-વિષે યોગશાસ્ત્ર સંબંધી શ્રીકૃષ્ણાર્જુન સંવાદમાં અર્જુન વિષાદયોગ નામનો પેહેલો અધ્યાય સંપૂર્ણ.॥૧॥

અધ્યાય ૨ જો.

संजय उवाच ॥

तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदंतमिदं वाक्यमुवाच मधुसूदनः ॥१॥

એમ દયાથી યુક્ત વલિ, અશ્રૂવ્યાપ્ત જ નેણ;
તે શોચંતાને કહે, મધુસૂદન આ વેણ. ૧

લેઉ શ્વાસ અસુવા ભરેં, અર્જુન કરૂણા ભાય;
શોચ કરતાં પ્રતિયે વચન, બોલે શ્રી જદુરાય. ૧

૧ દયાવસી ગયલી જેને ને આંસુ ભરાઇ આવે આકુળ છે આંખ જેની એવા તે ખેદ કરનારાને મધુસૂદને વાકય કહ્યું:

श्रीभगवानुवाच ॥

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥२॥

પાર્થ થયો મોહ ક્યાંથિ આ, તુજને સંકટમાંય;
નીચજુષ્ટ, અસ્વર્ગ્ય વલિ, અપયશ જેથી થાય. ૨

અર્જુન યો સંગ્રામમેં, કિત દુખ પાયો મીત;
કીર્તિ સ્વર્ગ સુખ હરન યહ, નિચલોક અતિ પ્રીત. ૨

૨ એ અર્જુન ! સંકટમાં તુંને આ મોહદુઃખ ક્યાંથી પ્રાપ્ત થયું-આર્ય ન સેવે તેવું, સ્વર્ગ ન આપનારૂં (ને) અપકીર્ત્તિ કરાવનારૂં ?

क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ट परंतप ॥३॥

થા મા કાયર પાર્થ, એ, ઘટે ન તુજને સાર;
મૂકિ હૃદય દૌર્બલ્યને, ઉઠ શત્રુ પિડનાર. ૩

નપુંસકતા ક્યહુ ન કરેં, યહ તોકો નહિ જોગ;
છાંડ ક્ષુદ્રતા હૃદયકી, ઉઠ શત્રુનકોં રોગ. ૩

૩ હે પાર્થ ! નપુંસક ભાવને મા લે, તને એ યુક્ત નથી. હે શત્રુતાપ ! હૃદયની તુચ્છ દુર્બળતાને તજી ઉભો થા.

अर्जुन उवाच ॥

कथं भीष्ममहं संख्ये द्रोणं च मधुसूदन ।
इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥४॥

ભીષ્મ દ્રોણ પ્રત્યેંજ હું, મધુસૂદન રણમાંય;
કેમ વઢું બાણે કરી, મુજ એ પૂજ્ય મનાય. ૫

હરજૂ યા સંગ્રામમેં, પિતામહ ઔર દ્રોન;
પૂજેહૂં શરસોહનેં, આપન કહિયે તોન.　　૪

૪ હે મધુસૂદન! ભીષ્મ સામું તથા દ્રોણ સામું બાણે કરીને હું કેમ યુદ્ધ કરૂં સંગ્રામમાં? હે અરિસૂદન, તેઓ પૂજાને યોગ્ય છે.

गुरूनहत्वा हि महानुभावान् श्रेयो भोक्तुं भैक्ष्यमपीहलोके।
हत्वार्थकामांस्तु गुरूनिहैव भुंजीय भोगान् रूधिरप्रदिग्धान्॥५॥

અહીંજ અર્થી ગુરૂને હણીજે, હું ભોગવું ભોગ રૂધીરથી તે
લિંપેલ, એં તેથિ ભિક્ષાજસારી, મહાનુભાવી ગુરૂને નમારી. ૫

ભીખ માંગિ બરખાઇકેં, ગુરૂ હનિવો અનીત;
ગુરૂહી મારિ ભોગહિ કરે, ભોગ લોહૂ પરીત.　　૫

૫ અર્થકામનાવાળા ગુરૂને મારી અહીંજ રૂધિરમાં ખરડાયલા ભોગને ભોગવ્યા કર્તાં મહાનુભાવ ગુરૂને ન મારી આ લોકમાં ભિક્ષાન્ન ખાવું (એ) શ્રેય (છે), નકી.

न चैतद्विद्मःकतरन्नोगरीयो यद्वा जयेम यदि वा नोजयेयुः।
यानेवहत्वानजिजीविषामस्तेऽवस्थिताःप्रमुखेधार्तराष्ट्राः॥६॥

એઓ જિતેવા અમથી જિતાય,ન જાણિયેં શ્યાથિ રૂડૂંજ થાય;
જેને હણીને જિવવા નચાહ્યેં, તે કૈરવેં તો પ્રમુખે ઉભાય. ૬

યહ જનૂ હમ નહિ જાનહિ, હારિ ભલેકી જીત;
જે નહિ મારે હમ નહિ, યેતે ઠડો હૈ મીત.　　૬

૬ કીઉં અમને સારૂં એ અમે નથી જાણતા કે એઓને અમે જીતીએ કે એઓ અમને જીતે; જેઓને મારી અમે જીવવું ઈચ્છતા નથી તે ધૃતરાષ્ટ્રના પુત્ર (તો) સન્મુખ ઉભા છે.

कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वां धर्मसंमूढचेताः।
यच्छ्रेयःस्यान्निश्चितंब्रूहितन्मे शिष्यस्तेऽहंशाधिमांत्वांप्रपन्नम्॥७

દૈન્યે કરી નષ્ટ સ્વભાવવાલો, હું ધર્મમાં મૂઢ પુછૂ દયાલો;
જે શ્રેય છે નિશ્ચિત તે કહોને, હું શિષ્યને, આશ્રિતછું વદોને. ૭

ધર્મ માંઝમે મૂઢ હોં, પૂછત કૃપા સુભાય;
દીન તિહારે સરણ હોં, દીને જુગત બતાય. ૭

૭ કુળક્ષયદોષે સ્વભાવ (ક્ષત્રીનો) નષ્ટ થયલો (તથા) ધર્મવિષયમાં મૂઢ એવો હું તુંને પુછું છું કે જે નિશ્ચિત શ્રેય હોય તે બોલ, હું તારો શિષ્ય તુંને શરણ છું; મને શિખવ (સમજાવ).

नहिप्रपश्यामिममापनुद्याद् यच्छोकमुच्छोषणमिंद्रियाणाम् ।
अवाप्यभूमावसपत्नमृद्धं राज्यंसुराणामपिचाधिपत्यम् ॥८॥

પામું ભુમીનું અરિવીણ રાજ, થાઉં કદી હું વળિ દેવરાજ;
જોતો નથી તોય કંઈ ઉપાય, જેથી મુજેંદ્રી શુષ શોક જાય. ૮

ભૂમિ લોક સુર લોકકોં, લહોં અકંટક રાજ;
ઇંદ્રિય સોખત હીયકો, જાનત સોક સમાજ. ૮

૮ ઇંદ્રિયોના શોષક શોકને દૂર કરાય તે (તેવું) હું જોતો નથી જો કદિ પૃથ્વી ઉપર શત્રુરહિત સધળું રાજ્ય ને દેવતાનું અધિપતિપણું મળે (તોપણ).

संजय उवाच ॥

एवमुक्त्वा हृषीकेशं गुडाकेशः परंतप ।
न योत्स्य इति गोविंदमुक्त्वा तूष्णीं बभूव ह ॥९॥

હૃષીકેશને એમ વદિ, શત્રુતપ અર્જુન;
નહીં કરૂં યુધ્ધ, એમ કહિ, થયો મૂક રાજંન. ૯

ઐસેં કહિ શ્રીકૃષ્ણ સોં, અર્જુન તાહી બાર;
જુદ્ધ નહો યહકહ કર, મૂક ભયો નિરધાર. ૯

૯ હે શત્રુતાપ ધૃતરાષ્ટ્ર! એ પ્રમાણે કૃષ્ણને કહી, હે ગોવિંદ નહિયુદ્ધ કરૂં એમ બોલી અર્જુન મૌન રાખી રહ્યો.

तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत।
सेनयोरुभयोर्मध्ये विषीदंतमिदं वचः॥१०॥

બોલ્યા ત્યાં પછિ કૃષ્ણ, નૃપ,હસ્તા હોયનિ તેમ;
બને સૈન્યના મધ્યમાં, તે ખેદીને એમ. ૧૦

દોઉ સેનાકે બીચમેં, અર્જુન કિયો બિષાદ;
કૃપાવંત હો કૃષ્ણ જૂ, કીન્હો બચન પ્રસાદ. ૧૦

૧૦ હે ધૃતરાષ્ટ્ર! બંને સેનાના મધ્યમાં વિષાદને પામેલાને [અર્જુનને] કૃષ્ણ હસતો હોય તેમ આ વચન બોલ્યો.

श्रीभगवानुवाच॥

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे।
गतासूनगतासूंश्च नानुशोचंति पंडिताः॥११॥

અશોચ્યને શોચેછ તું, બોલછ પંડિત વાણ;
પણ પંડિત શોચે નહીં, મૃત જિવતાને જાણ. ૧૧

સોચ અસોચ કો કયોં કરત,કહત જ્ઞાનકી બાત;
સોચ ન પંડિત કરત હૈ, જીવ ન ઉપજત જાત. ૧૧

૧૧ શોક કરવો યોગ્ય નહિ તેનો શોક કરે છે, પંડિતાઇના બોલ બોલે છે; [પણ] ગતઃપ્રાણ એવાનો ને પ્રાણયુક્ત એવાનો [મૃ: આજીવતાનો] શોક પંડિત કરતા નથી.

न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥१२॥

કદી નહીં હું એમ નહિ, આ નૃપ ને તું તેમ;
એમ હવે પછિ આપણે, નહિ હોયે નહિ એમ. ૧૨

હમ તુમ ઔર હુ નૃપતિયે, ઇનકો નાસ ન હોય;
તીન લોકમેં સ્થિર રહું, યહ સબહીકો જોય. ૧૨

* ૧૨ હું, તું, આ રાજાઓ કોઈપણ કાળે નહોતા (ને) હવે પછી પણ સઘળા આપણે હોનારા નથી એમ નથી [આપણે આ દેહ પૂર્વે હતા ને આ દેહ પછી હોઈશું].

देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ।
तथादेहांतरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥१३॥

આ વપુમાં જિવને, શિશૂ. યુવા જરાવય હોય;
તેમ પ્રાપ્તિ દેહ અન્યનિ, નહીં ધીર ત્યાં મોય. ૧૩

બાલ યુવા અરૂ વૃદ્ધતા, જીવ દેહિકો હોય;
જૈસો દેહાંતર લહે, ધીર ન મોહિત હોય. ૧૩

† ૧૩ જીવને [દેહાભિમાનીને] જેમ આ દેહ વિષે બાળપણ, જોબન, જરા તેમ બીજા દેહની પ્રાપ્તિ (થાય છે); તે વિષે ધીર પુરૂષ મોહ પામતો નથી.

---

* સ્વજન મરશે તેનો તું શોક કરે છે. પણ મરશે એટલે શું તેઓનો સમૂળો નાશ થશે કે ! નહિ. આત્મ—જીવ નાશરહિત છે; સર્વકાળ અમર છે.

† ત્યારે મરણ શું ! પૂછીશ તો જાણ કે જીવે અમુક કર્મ ભોગવવાને જે દેહ લીધો હોય તે દેહ જીવરહિત થયો તે મરણ—બાકી જીવ તો એક ખોળીઉં મૂકી બીજુ લે છે-મરતો નથી. અને જીવે કર્મબંધને દેહાંતર કર્યાં કરવું. એ પરમાત્માની નિયતનીતિ છે. જીવ શુદ્ધ શાંત થાય ત્યારે તે જન્માંતરની ઉપાધિરહિત પરમસુખ પામે એ પણ પરમાત્માની નિયતનીતિ છે. દેહનો નાશ છે, જીવનો નથી.

मात्रास्पर्शास्तु कौंतेय शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोनित्यास्तांस्तितिक्षस्व भारत ॥१४॥

શીત ઉષ્ણ સુખ દુઃખને, વૃત્તિસ્પર્શી દેનાર;
આવે, જાય, અનિત્ય તે, સાંખી લે તું સાર. ૧૪

અર્જુન ઇંદ્રિય ચિત્ત મિલ,બિષય દુઃખ સુખ દેત;
શીત ઉષ્ણ નહિ થીર હૈ, સહિયે તિનકો હેત. ૧૪

* ૧૪ હે કુંતીપુત્ર! માત્રા સ્પર્શો [ઇંદ્રિયનો શબ્દાદિ વિષય સાથે સંબંધ] તે તો શીતઉષ્ણ સુખદુઃખ દેનારાં આવતાં જતાં, અનિત્ય-નાશવંત છે (માટે) તેને સહન કર, ભારત!

यं हि न व्यथयंत्येते पुरुषं पुरुषर्षभ ।
समदुःखसुखं धीरं सोमृतत्वाय कल्पते ॥१५॥

સુખ દુખ સમ ગણનાર જે, ધીર પુરૂષને એહ;
કરે નહીં નરવર વ્યથા, પામે મોક્ષજ તેહ. ૧૫

જાકે વ્યથા ન હોય કછુ,સુખદુઃખ દોનું સમાન;
વે હૈ બિધિયુક્તકે લહે, મોક્ષ આપ પરમાન. ૧૫

૧૫ હે પુરૂષશ્રેષ્ઠ! સુખદુઃખમાં સમાન (ને) ધીર જે પુરૂષને માત્રાસ્પર્શ [શીતોષ્ણાદિક] વ્યથા કરતાં નથી તે મોક્ષને પ્રાપ્ત થાય છે. [વિષયી તે નહિ]

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोंतस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥१६

ભાવ અસતનો હોય નહિ,સતનો નહીં અભાવ;
જાણ્યો નિર્ણય એતણો, તત્વવિદોયેં સાવ. ૧૬

---

* કહાંશ કે સ્વજનનાં વિયગનું દુઃખ છે તો જાણ કે જેમ ટાહાડ તડકો કાળવશાત્ વેઠવાં પડે છે તેમ ઇષ્ટઅનિષ્ટનું સુખદુઃખ થાય તેને પણ ખમવું—અનિત્ય જાણી સમજુએ શોક કરવો નહિ.

જો સતસો બિનસે નહીં, જો બિનસે સો નાય;
જો ઇન તત્વનકો લખે, ગનિયે જ્ઞાનિ ન માય. ૧૬

* ૧૬ અસત્‌ને હોવાપણું નથી ને સત્‌ને ન હોવાપણું નથી; એ બેનો જે નિર્ણય તે તત્વદર્શીઓએ દીઠો છે.

अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम्।
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ॥१७॥

તે અવિનાશી જાણ સૌ, વ્યાપ્યું જેણે આય;
કરવા લય અવ્યય તણો, સમર્થ નહિ કો થાય. ૧૭

જ્યાસેં યહ જગ હૈ ભયો, અવિનાશી યહ જાન;
જ્યાહી બિનાસનકો ઉસકે, તાંહીં આત્મા માન. ૧૭

૧૭ અવિનાશી તો તેને જાણ (કે) જેણે આ [વિશ્વ] સર્વ વ્યાપ્યું છે [સાક્ષિત્વે કરીને]: એ અવ્યયનો (નાશરહિતનો) નાશ કરવાને કોઇપણ યોગ્ય નથી.

अंतवंत इमे देहा नित्यस्योक्ताः शरीरिणः।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युद्धयस्व भारत ॥१८॥

અપ્રમેય અવિનાશિ નિત. આત્મા તેના દેહ;
નાશવંત કહેવાય આ, તું યુધ્ધ કર માટેહ. ૧૮

અંતવંત સબ દેહ મેં, જીવ રહત હૈ નીત;
અવિનાશી યાકુ જુ કહે, જુદ્ધ કરો તો નીત. ૧૮

૧૮ હે ભારત! નિત્ય (ત્રણે કાળ સમાન) નાશ રહિત, કોઈથી ન કળાય એવો આત્મા તેનો આ દેહ [સર્વે] નાસવંત છે માટે યુદ્ધ કર.

---

* શરીર તથા તે સંબંધી જે કંઇ તે અસત્ નિત્ય નહિ અને આત્મા સત્ તે અનિત્ય નહિ. સુખદુઃખ એ શરીર–વિષય–માયાના ધર્મ છે નાશવંત છે તેને આત્મા સાથે કંઇ પણ સંબંધ નથી.

य एनं वेत्ति हंतारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हंति न हन्यते ॥१९॥

જે એને હણનાર વલિ, હણેલ માને જેહ;
તે બન્ને જાણે નહીં, હણે હણાય ન એહ. ૧૯

જો યાકો હંતા ગમે, હનો ગમે જો કોય;
યહ મારે નમરે નહી, અજ્ઞાની વો દોય. ૧૯

૧૯ જે [પુરૂષ] એને [આત્માને] મારનારો જાણે છે, જે એને મારેલો [મૂઓ] (એમ) માને છે તે બેઉ નથી જાણતા (કે) [આત્મા] નથી મારતો ને નથી મરાતો.

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा नभूयः ।
अजोनित्यःशाश्वतोऽयंपुराणो न हन्यते हन्यमानेशरीरे ॥२०।

આ જન્મતો વા મરતો નથી આ, કદી થઈને ન બને ફરીઆ,
અજન્મઆ નિત્ય,પુરાણ,શાશ્વત્,હણે શરીરે ન હણાયઆ સત્.૨૦

યહ ન મરે ઉપજે નહી, ભયો ન આગે હોય;
અજ પુરાતન નિત્ય હૈ, મારે મરે ન સોય. ૨૦

* ૨૦ એ [આત્મા] કોઈ કાળે પણ નથી ઉત્પન્ન થતો કે નથી મરતો; વળી થઈને થવાનો નથી [કેમકે એ] અજ [જન્મરહિત], નિત્ય, શાશ્વત (ક્ષયરહિત) પુરાણો [જૂનો] છે; શરીર હણાયું થયે (પોતે) હણાતો નથી.

वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् ।
कथं स पुरुषः पार्थ कं घातयति हंति कम् ॥२१॥

---

* આત્મા દેહથી જૂદો છે. છ ઉર્મીને દેહના છ વિકાર તે આત્માને નથી. (જુવો છેલ્લે આપેલો કોશ)

અવ્યય નિત્ય અનાશિ અજ,જાણે આને જેહ;
અર્જુન કેને કઈ રિતે, હણે હણાવે તેહ. ૨૧

જો જાનતહૈ આતમા,અવ્યય અરૂ અવિનાશ;
સો નહિ મરે ન માર સકે,અવિકારી અવિનાશ. ૨૧

૨૧ હે અર્જુન ! જે (પુરૂષ) એ અવિનાશી, નિત્ય, અજ, અવ્યયને કોઇપણ પ્રકારે જાણે છે તે (પુરૂષ) કોને મારે છે (ને) કોને ઘા કરાવે છે?

वासांसि जीर्णानि यथा विहाय नवानिगृण्हातिनरोऽपराणि।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही २२

વસ્ત્રો જુનાં મૂકિ નરોજ જેમ, બીજાં ધરે વસ્ત્ર નવીન તેમ;
શરીર જૂનાં ત્યજિ જીવ એહ,બીજાં ધરે દેહ નવીન જેહ. ૨૨

જૈસે પટ જીરન તજે, પહિરત નર જુ નવીન;
દેહ પુરાનો જીવ તજે, ધરત નઇ પરવીન. ૨૨

૨૨ પુરૂષ જેમ જુનાં વસ્ત્રને ઉતારી નાખી બીજાં નવાં ધારણ કરે છે તેમ દેહધારી આત્મા જુનાં શરીરોનો ત્યાગ કરી બીજાં નવાંને પામે છે.

नैनं छिंदंति शस्त्राणि नैनं दहाति पावकः।
न चैनं क्लेदयंत्यापो न शोषयाति मारुतः ॥२३॥

છેદે એને શસ્ત્ર નહિ, અગ્ની નહિ બાળેહ;
વાયૂ તો શોષે નહીં, જલ પણ નહિ સાડેહ. ૨૩

યહ નકટે હથિયારસોં, પાવક સકે ન જારિ;
ભીંજ સકે જલ તાહિને,સોકન સકે બતયારિ. ૨૩

૨૩ એને [આત્માને] નથી છેદતાં શસ્ત્ર ને એને નથી બાળતો અગ્નિ, એને નથી ભિંજવતું પાણી (ને) નથી સોસતો વાયુ.

अच्छेद्योयमदाह्योय मक्लेद्योशोष्य एवच।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥२४

એજ અદાહ્ય અશોષ્ય વલિ, સ્થાણૂને અક્લેદ્ય;
નિત્ય સર્વગત અચલ છે, એ સનાતન અછેદ્ય. ૨૪

કટે જરે સૂખે નહી, ઔર ન ભીજન જોગ;
સદા રહે સબ ઠૌર થિર, અવિનાશી બિનરોગ. ૨૪

૨૪ એ [આત્મા] ન છેદાય, ન બળાય, ન ભિંજાય, ન સોસાય તેવો, વળી નિત્ય, સર્વમાં વિદ્યમાન, સ્થિર, અચળ, સનાતન (છે).

अव्यक्तोऽयमचिंत्योयमविकार्योऽयमुच्यते ।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥२५॥

વલિ અવ્યકત અચિંત્ય એ,અવિકાર્યજ કહેવાય;
એવું જાણી, શોચ તું, કરવા યોગ્ય ન થાય. ૨૫

પ્રગટ નહીં જુ અચિંત્ય હૈ,અવિકારી તૂં જાન;
ઐસેં જાકો જાનિકે, શોક ઉચિત નહીં માન. ૨૫

૨૫ એને આકારરહિત, ચિત્તમાં ન ઉતરે તેવો, વિકાર ન પામનારો (કર્મેંદ્રિયે) કહિયે; માટે એને એ પ્રકારે જાણીને તું શોક કરવાને યોગ્ય નથી.

अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।
तथापि त्वं महाबाहो नैनं शोचितुमर्हसि ॥२६॥

જો એને નિત જન્મતો, મરતો માને તોય;
મહાબાહુ એ શોચ તું, કરવા યોગ્ય ન હોય. ૨૬

જો તૂં જાનત જીવકોં,જનમ મરણ પુનિ હોય;
તોભી શોચ નહિ ઉચિત હે,મનદૃઢતામે જોય. ૨૬

૨૬ જો વળી એને નિત્ય જન્મેલો કે નિત્ય મુએલો [દેહ જન્મ-
મૃત્યુ છે માટે તેના સંબંધમાં આવેલો તેને પણ] માને તોપણ
એનો શોક કરવાને તું યોગ્ય નથી.

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥२७॥

મરણ ખચિત જન્મેલને, મૃતને જન્મ ખચીત;
ન ટલે એમાં શોચ તું, કરવા નહિજ ઉચીત. ૨૭

જો ઉપજે સો બિનાસિ હૈ, મરે સો ઉપજે આય;
હોનહાર સો હોત હૈ, તાહિન સોક બદાય. ૨૭

૨૭ નક્કી જન્મેલાને મૃત્યુ ને મુએલાને જન્મ (છે) માટે ન ટાળી
શકાય તેને વિષે તું શોક કરવાને યોગ્ય નથી.

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥२८॥

અવ્યક્તાદિ ભૂત છે, વ્યક્ત મધ્યમાં જાણ;
અંતે પણ અવ્યક્ત છે, દુઃખ તેમાં શું માન. ૨૮

આગે કછું નવ દેખિયે, પાછે નહીં કછું માન;
દેખ પડત હે બીચમે, તાકો સોક ન જાન. ૨૮

* ૨૮ આદિ મૂળ જેના અવ્યક્તમાં એટલે ન દેખાતાં, મધ્યે પ્રગટ
દીસનારાં ને અંતે (પાછાં) અવ્યક્તમાં અદીઠ થનારાં એવાં
પ્રાણીઓ છે ત્યાં [તેઓને વિષે] શોક વળી શો?

*. શુદ્ધ આત્માને તો જન્મ મૃત્યુ નથી પણ દેહી આત્માને કર્મનાં ફળ જે સુખદુઃખ જન્મમરણ તે છે એમ કહીશ તો જાણ કે કર્મવશ જીવ સર્વે આદિયે ને અંતે પ્રકૃતિમાં લયરૂપ અવસ્થામાં છે, માત્ર મધ્યકાળમાં લીલા કરે છે તો એવાંને માટે તારે શોક શો કરવો.

आश्चर्यवत्पश्यति कश्चिदेनमाश्चर्यवद्वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यःशृणोति श्रुत्वाप्येनं वेद नचैव कश्चित् ।२९

આશ્ચર્યવત્ કોઇ જુવેજ એને, આશ્ચર્યવત્ તેમજ કો કહેને;
આશ્ચર્યવત્ કોઇ શુણેજ એને, જાણે વળીને શું ણિ કોઇ તેને. ૨૯

જો યાકો દેખત કહે, બોલત અચરજ લાય;
સુને અચંબો સો લગે, યહ જાનો નહિ જાય. ૨૯

૨૯ આત્મા પ્રતિ કોઈ આશ્ચર્ય સરખું જોય છે, બીજો આશ્ચર્ય સરખુ બોલે છે, વળી બીજો આશ્ચર્ય સરખું સાંભળે છે, કોઈ (યથાર્થ) સાંભળીને પણ જાણી શકતા નથી.

देही नित्यमवध्योयं देहे सर्वस्य भारत ।
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ॥३०॥

આત્મા નિત્ય અવધ્ય એ, સર્વ કિયે વધ દેહ;
માટે સઉનો શોચ તું, કરવા યોગ્ય ન એહ. ૩૦

જીવ ન મારો જાત હૈ, બસત સબનકે દેહ;
તાતેં શોકન કીજિયે, કરિ કાહૂસેં નેહ. ૩૦

૩૦ હે ભારત ! સર્વના દેહમાં રહેલો આત્મા સર્વદા અવધ્ય [વધ કરાય નહિ તેવો] છે માટે સર્વે પ્રાણીઓનો શોક કરવાને તું યોગ્ય નથી.

स्वधर्ममपि चावेक्ष्य न विकंपितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोन्यत्क्षत्रियस्य न विद्यते ॥३१॥

સ્વધર્મને પણ જોઇને, તું ન કંપવા જોગ;
ક્ષત્રાને યુધથી બિજો, નથી શ્રેયનો યોગ. ૩૧

અપનો ધર્મ બિચાર તૂં, જિનસે છોડ સંગ્રામ;
ધર્મ જુદ્ધતેં ક્ષત્રિકો, ઔર ન કછુ અભિરામ. ૩૧

૩૧ વળી સ્વધર્મને પણ જોઈને તું કાંપવા યોગ્ય નથી; ક્ષત્રીને ધર્મરૂપ યુદ્ધથી બીજું શ્રેય નથી.

यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।
सुखिनः क्षत्रियाः पार्थ लभंते युद्धमीदृशम् ॥ ३२॥

દૈવેચ્છાથી પ્રાપ્ત વલિ, સ્વર્ગ દ્વારરૂપ એહ;
યુધને પામે ક્ષત્રિયો, સુખિયા હોયે જેહ. ૩૨

અપની ઇચ્છા તેં લહો, ખુલો સ્વર્ગકો દ્વાર;
ભાગવત ક્ષત્રિય લહે, ઐસો રણ યા બાર. ૩૨

૩૨ પોતાની મેળે [માગ્યાવિના] પ્રાપ્ત થયું, સ્વર્ગનું દ્વાર ઉઘડયું એ સરખું યુદ્ધ (તે) સભાગ્ય ક્ષત્રિયો પામે છે.

अथ चेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ।
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ॥ ३३॥

હવે ધર્મરૂપ યુદ્ધ આ, જોતું નાહીં કરીશ;
તો પછિ સ્વધર્મ કીર્તિને, ખોઇ પાપ પામીશ. ૩૩

ઔર ધર્મ સંગ્રામકો, જાતૂં કરયે નાહિં;
તજકેં કીરત ધર્મકી, પડિ હૈ પાપન માંહિ. ૩૩

૩૩ એમ છતે આ ધર્મરૂપ સંગ્રામ નહિ કરશે તો સ્વધર્મ તથા કીર્ત્તિને હારી જઇ પાપને પામીશ.

अकीर्तिं चापि भूतानि कथयिष्यंति तेऽव्ययाम् ।
संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥ ३४॥

તુજ અવ્યય અપકીર્તિને, ગાશે લોક હમેશ;
અપયશ, બહુ માનેલને, મરણ થકી વીશેષ. ૩૪

સબલો કહિ અબ તોહિતે, કહી અપયસ બઢાય;
અપયસ પ્રતિષ્ઠાવંતકું, મરણ હુતે અધિકાય. ૩૪

૩૪ પ્રાણીઓ [લોક] તારી નાશ ન થાય એવી અપકીર્ત્તિ બોલશે ને કીર્ત્તિમાનને અપકીર્ત્તિ તે મરણ થકી વધારે છે.

भयाद्रणादुपरतं मंस्यंते त्वां महारथाः ।
येषां च त्वं बहुमतो भूत्वा यास्यसि लाघवम् ॥३५॥

મહારથિ તુજને માનશે, ભયથી રણનિવૃત્ત;
જેમાં બહુમત થઇ હવે, લઘુતા પામિશ સત્ત. ૩૫

ભયતેં અર્જુન રણ તજો, યૌં કહિયે સબવીર;
તોહી બહુત કર માનત હૈ,અબ લઘુ કહિહૈં ધીર. ૩૫

૩૫ તું ભયથકી રણમાંથી પાછો ફરયો (એમ) મહારથીઓ માનશે ને એઓથી તું બહુ માન પામેલો હોવા છતાં લઘુતાને પામીશ

अवाच्यवादांश्च बहून्वदिष्यंति तवाहिताः ।
निंदंतस्तव सामर्थ्यं ततो दुःखतरं नु किम् ॥३६॥

અવાચ્ય કેહેશે બહુ વચન,તુજ શત્રૂ વણબીક;
સામર્થ્યજ તુજ નિંદતાં, શું દુખ તેથી અધીક. ૩૬

તેરે અરિ સબ મિલ કહૈં,અન કહની સો બાત;
નિંદત તેરે બલસઐ, વહ દુખ લાગત તાત. ૩૬

૩૬ તારૂં સામર્થ્ય નિંદિત થઈને શત્રુઓ ઘણાક ન બોલવા જેવા બોલ બોલશે તેથી વધારે દુઃખ કીઉં ?

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।
तस्मादुत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः ॥३७॥

પામિશ સ્વર્ગ હણાઇને, ભોગવીશ મહિ જીતિ;
માટે અર્જુન ઉઠ તું, કરિ નિશ્ચય યુધ રીતિ. ૩૭

ભરત મરે સ્વર્ગહિ લહે, જિતેયહ મહી ભોગ;
ઉઠ અર્જુન તું યુધ્ધ કર, યહિ જે તોકોં જોગ. ૩૭

૩૭ હે કુંતીપુત્ર! તું મુઓ તો સ્વર્ગ પામીશ ને જીત્યો તો પૃથ્વીને ભોગવીશ, માટે કૃતનિશ્ચય થઈ યુદ્ધને અર્થે ઉઠ.

" सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥३८॥

સુખ દુખ જય ને વિજય વલિ,લાભ અલાભજ જેહ;
સમ ગણિ કર યુધ તું પછી,પાપ ન પામિશ એહ. ૩૮

લાભ હાનિ સુખ દુઃખ અરૂ,જીતે હારિ સમાન;
તાતેં અર્જુન યુદ્ધ કર,પાપ લેહિ ન માન. ૩૮

૩૮ સુખદુઃખ, લાભાલાભ, જયાજય એનેવિષે સમવૃત્તિ કરીને યુદ્ધમાં પ્રવૃત્ત થા.

एषा तेऽभिहिता सांख्ये बुद्धिर्योगे त्विमां शृणु ।
बुद्ध्या युक्तो यया पार्थ कर्मबंधं प्रहास्यसि ॥३९॥

એ બુદ્ધી કહુ સાંખ્યમાં, શુણ યોગેં આ જુક્ત;
થાઇશિ, જેણે યુક્ત તું, કર્મ બંધથી મુક્ત. ૩૯

સાંખ્ય બુદ્ધિ તોસોં કહી,કહત જોગ બિધિ જોય;
તા બુદ્ધિકે સંજોગ તેં, રહે કછુ કર્મ ન તોય. ૩૯

૩૯ હે પાર્થ! તુંને તત્વજ્ઞાનવિષે બુદ્ધિ કહી (હવે) કર્મયોગવિષે આ બુદ્ધિ સાંભળ (કે), જેણે યુક્ત થઈ તું કર્મબંધને ટાળીશ.

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥४०॥

એમાં નહિ આરંભનો, નાશ પાપ નહિ સાર;
તારે મોટા ભય થકી, એનો સ્વલ્પાચાર. ૪૦

કર્મ કરે બિન બાસના, તાકો હોય બિનાસ;
અલ્પ કરે જૂ ધર્મ યહ, કાટત ભવ ભય ફાસ. ૪૦

* ૪૦ એમાં (નિષ્કામ યોગમાં) ઉદ્યોગનો નાશ નથી, દોષ (પણ) નથી, એ ધર્મનો સ્વલ્પ આરંભ મોટા ભયથી રક્ષણ કરે છે.

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनंदन ।
बहुशाखा ह्यनंताश्च बुद्धयोऽव्यवसायिनाम् ॥४१॥

નિશ્ચયવાલી એક છે, એમાં બુદ્ધી સાર;
નિશ્ચય વિનાના જનતણિ, બુધિયોનો નહિ પાર. ૪૧

બુદ્ધિ જુ નિશ્ચયવંત કોં, એક હેતુ કે જાન;
જિનકોં નિશ્ચય નાહિ તે, તિન હેં ચલ બુદ્ધિમાન. ૪૧

† ૪૧ હે કુરૂનંદન! એ યોગમાં નિશ્ચયરૂપ બુદ્ધિ એકજ પણ નિશ્ચય-રહિત એવાની બુદ્ધિયો બહુ શાખાવાળી અનંત હોય છે.

---

* વ્યવહાર કર્મમાં વિઘ્નનો સંભવ છે, વેળાએ પરિશ્રમ નિષ્ફળ થાય છે; તેમ યજ્ઞ જપાદિ અનુષ્ઠાનમાં પણ વિઘ્ન આવે છે કે વિકળ થવાય છે—પણ ઈશ્વરાર્પિત ફલેચ્છારહિત કર્મ પૂર્ણ ન થાય તો પણ જેટલું કીધેલું તે વ્યર્થ જતું નથી ને તે કર્મમાં દોષપાપ નથી; વળી વિઘ્નસંકટમાં અડી વેળાએ ઈશ્વર સંરક્ષણ કરે છે.

† નિષ્કામપણે નિત્ય તથા નૈમિત્તિક કર્મ કરે તેના બુદ્ધિ ઈશ્વરારાધન વિષે એકજ નિષ્ઠાની છે પણ ફલેચ્છાની બુદ્ધિવાળા અનેક વાસનાએ અનેક દેવતાને અનેક પ્રકારે યજે છે.

यामिमां पुष्पितां वाचं प्रवदंत्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ४२॥

જે આ પુષ્પિતવાણિને, અવિવેકી કહે સાર;
અર્થવાદરત, એજ છે, નથી અન્ય, વદનાર. ૪૨

બેદહિ માનત સ્વર્ગ ફલ, ફલ અજ્ઞાની હોય;
કહત જુ હૈ કછુ ઔર નહિ,તિનમેં જ્ઞાન ન હોય. ૪૨

* ૪૨ હે પાર્થ! વેદવાક્યાર્થની આસક્તિવાળા (તે) બીજું કંઈજ નથી [સ્વર્ગાદિક ફળ ઉપરાંત તત્વજ્ઞાન જેવું કાંઈ] એમ બોલનારા અજ્ઞાનીઓ (વેદની) પુષ્પિત [સુંદર] વાણીને મોટી કરીને બોલે છે [માને છે].

कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥४३॥

સ્વર્ગદૃષ્ટિ, ને કામિ તે, ફળદા એને કેહ;
સંપત્તિ ભોગાર્થ બહુ, ક્રિયાવાન પણ એહ. ૪૩

ભોગ બડાઇકે લિયે, કરત કૃપાસોં પ્રીત;
સ્વર્ગ લાભકી કામના, હેત જુ તિનકે ચિત્ત. ૪૩

---

* ૪૨ થી તે ૪૫ લગીના વિષયનો સાર આ પ્રમાણે: પૂર્વસંસ્કાર પરત્વે સૌ મનુષ્ય સરખી બુદ્ધિનાં હોતાં નથી; અર્થાત્ સર્વેની નિષ્કામ કર્મ કરવા વિષે નિશ્ચયબુદ્ધિ હોતી નથી; સત્વાદિ ત્રણગુણવાળા મનુષ્યોને તેઓને યોગ્ય એવી જૂદી જૂદી કર્મમર્યાદાની શિક્ષા વેદ આપે છે. હવે મોક્ષવિષયમાં બુદ્ધિ નહિ, ધર્મની સમજપણ અર્થકામની પ્રાપ્તિનીજ એવા જે અજ્ઞાની તે વેદવાક્યમાં કહેલાં ફળનેજ વળગી રહે. તે તે ફળ તો સાચાં—અર્થકામને પૂરાં પાડે તેવાં પણ બહુ શ્રમે; ને દૂર પરિણામે માઠાં કે જન્મ લેવા પડે ને સુખદુઃખ ભોગવવાં પડે—વેદવિહિત કર્મ નિષ્કામે કરે તેને સર્વકાળ કલ્યાણજ છે. બહુ વિઘ્ન ઓળંગ્યા પછી નિષ્કામ કેમ થવાય તો હાનિલાભમાં સમવૃત્તિ રાખવાની સમજ રાખ ને ધૈર્યથી દુઃખ સહન કર, વળી પ્રાપ્તિ તથા રક્ષણ એનો વિચાર ન રાખતાં ઈશ્વરના ઉપર વિશ્વાસ રાખી સ્વધર્મનાં કર્મ તે કર્યા કર ઈશ્વરને અર્પણ કરું છું એ બુદ્ધિયે.

૪૩ ઈચ્છાએ કરીને મન વ્યાકુળ એવા, સ્વર્ગનેજ પુરૂષાર્થ માનનારા એવા [અજ્ઞાનીઓ] (તે) જન્મના કર્મનું ફળ દેનારી, ભોગ-ઐશ્વર્યની પ્રાપ્તિનું સાધન, બહુ કર્મદ્રવ્યે સાધ્ય એવી ક્રિયાને બોલે છે [વખાણે છે].

भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम्।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥४४॥

તેથી ચિત્ત હરાયલાં, સુખ ભોગે આસક્ત;
સમાધિમાં નહિ તેમની, નિશ્ચય બુદ્ધી સક્ત. ૪૪

ભોગ બઢાઇ કામના, ચિત તિનકો હર લેત;
નિશ્ચય કરિકેં બુદ્ધકોં, નહિ સમાધિમે દેત. ૪૪

૪૪ ભોગઐશ્વર્યના આસક્ત, પુષ્પિત વાણીએ હરાયલાં ચિત્ત જેનાં એવાની નિશ્ચયબુદ્ધિ પરમસુખ [પરમેશ્વરમાં એકનિષ્ઠા] વિષે થતી નથી.

त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन।
निर्द्वंद्वो नित्यसत्वस्थो निर्योगक्षेम आत्मवान् ॥४५॥

ત્રીગુણ વિષયી વેદ છે, થા તું ત્રણે રહીત;
થૈ દ્વંદ્વ યોગક્ષેમ વિણ,બુધ નિત સત્વેં સ્થીત. ૪૫

ત્રિગુણ કર્મકોં કહત હૈં, બેદ સુત તજુ ભીત;
ધીરજ ધરે સુખ દુખ લહે,જોગ છિનત જૂ ચીત. ૪૫

૪૫ (સત્વાદિ) ત્રણ ગુણવાળા વિષયને કહેવાવાળા વેદ છે; (પણ) હે અર્જુન! ત્રણ ગુણરહિત થા; શીતઉષ્ણ–સુખદુઃખ–લાભહાનિ–જન્મમરણ રહિત, નિત્ય, સત્વસ્થ–ધૈર્યવાળો, યોગક્ષેમથી [પ્રાપ્તિ રક્ષણથી] વેગળો, સાવધ થા.

यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके।
तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥४६॥

જે ઉદપાને અર્થ તે, સર્વ સરે દ્રહમાંય;
તેમ સર્વ વેદો તણું, ફલ જ્ઞાનીને થાય. ૪૬

સરિતા સાગર કૂપસોં, સરત સર્વ સમ કાજ;
તૈસેં જાને બ્રહ્મકોં, લેત બેદકો સાજ. ૪૬

* ૪૬ જેટલા અર્થ [કાર્ય પ્રયોજન] કૂપાદિકમાં [ક્ષુદ્રજળમાં] તેટલા સગળા મોટા જળાશયમાં રહ્યા છે; (તેમ) જેટલા અર્થ [કામ્ય ફળ] સર્વે વેદને વિષે તેટલા તે વિશેષ જાણીતા બ્રહ્મણને [બ્રહ્મનિષ્ઠને] (પ્રાપ્ત થાય છે).

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोस्त्वकर्मणि ॥४७॥

તુજ અધિકારજ કર્મમાં,નહિ કદિ ફલમાં હોય;
નહિજ કર્મ ફળ હેતુ થા,નહિ અકર્મ પણ સોય. ૪૭

તૂં અધિકારી કર્મમેં, નહી ફલનકો હેત;
કર્મનિકેં ફલ છાંડિકેં, ગહિ કર્મ કરી ચેત. ૪૭

† ૪૭ તુંને કર્મને વિષે અધિકાર થાઓ, કર્મફળને વિષે કદાપિ મા થાઓ; કર્મફળની ઇચ્છા રાખનારો તું મા થા; અકર્મને વિષે તારો સંગ મા થાઓ.

योगस्थः कुरु कर्माणि संगं त्यक्त्वा धनंजय ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योगउच्यते ॥४८॥

---

* એક નિષ્ઠાની બુદ્ધિવાળાને બ્રહ્મજ્ઞાને સ્વર્ગાદિક સુખ તુચ્છ છે ને તે પણ સ્વર્ગાદિક ઇચ્છે તો પ્રાપ્ત થાય.

† તું તત્વજ્ઞાનનો અર્થી છે માટે કામના યુક્ત કર્મ જેમાં અનેક બંધન પાછળથી ભોગવવાં પડે તે મા કર અને કર્મ નજ કરવાં એવું અભિમાન પણ કર. કર્મ કર પણ નિષ્કામ થઈ.'

મૂકિ સંગ, રહિ યોગમાં પાર્થ કર્મ કર સૈજ;
સિદ્ધિ અસિદ્ધિ સમ ગણી, સમપણું યોગ કહેજ. ૪૮

જોગકે લિયે કર્મકૂં, સબે સંગકો ત્યાગ;
સિદ્ધિ અસિદ્ધિ સમાન ગન, યહે જોગ અનુરાગ. ૪૮

૪૮ હે ધનંજય! કર્ત્તાપણાંનો ભાવ તજી, સિદ્ધિ અસિદ્ધને વિષે સમ હોઈ, યોગમાં સ્થિત રહી તું કર્મ કર. સમત્વને [સમાન ચિત્તવૃત્તિને] યોગ કહીએ.

दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय ।
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥ ४९ ॥

કર્મ, યોગથી અધમ છે, પાર્થ અતીશય સાર;
માટે થા યોગાશ્રયી, કૃપણો ફલ ઇછનાર. ૪૯

બુદ્ધિ જોગસેં કર્મકોં, અર્જુન તો ઘટિ જાન;
શરણ હોહુ બુદ્ધિકે, દીન કામના માન. ૫૦

૪૯ હે ધનંજય! નિશ્ચય બુદ્ધિથકી [પરમેશાર્પણ બુદ્ધિથકી કામ્ય કર્મ (તે) અત્યંત નિકૃષ્ટ [નીચાં] છે (માટે) બુદ્ધિને વિષે આશ્રય ઈચ્છ; સકામ કર્મ તે દીન [તુચ્છફળ આપવાવાળાં છે.]

बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ॥५०॥

યોગી અહિં મૂકીજ દે, સર્વ પાપ ને પુણ્ય;
માટે તું યોગીજ થા, યોગ કર્મનૈપુણ્ય. ૫૦

બુદ્ધિ જુગત દોઉ તજત, કહાં પુણ્ય કહાં પાપ;
જો કર્મ તૈ ચતુર હૈ, સોઈ કરી તૂં આપ. ૫૦

૫૦ નિશ્ચિત બુદ્ધિ રાખનારો (તે) સારાં નઠારાં બંને કર્મનો [પુણ્ય પાપનો] ત્યાગ કરે છે માટે યોગને મળ. નિષ્કામ કર્મ કુશળતા તે યોગ.

कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ।
जन्मबंधविनिर्मुक्ताः पदं गच्छंत्यनामयम् ॥५१॥

કર્મતણું ફલ ત્યાગિને, યોગી જ્ઞાનજવાન;
જન્મબંધથી મુક્ત થઈ, સુખપદ પામે મહાન. ૫૧

ચાહત નહીં કર્મ ફલ, જે પંડિત બડ ભાગ;
કર્મ બંધકોં છોડિકેં, લહત મુક્તિ અનુરાગ. ૫૧

૫૧ નિશ્ચિત બુદ્ધિવાળા બુદ્ધિમંતો કર્મથી ઉપજતું ફળ તજી જન્મ બંધથી છૂટેલા તે ઉપદ્રવરહિત પદને પામે છે.

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।
तदा गंतासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥५२॥

દુઃપ્રવેશ્ય મોહને યદા, તરશે તુજ ધી સાર;
ત્યારે શ્રુત શ્રોતવ્યનો, વિરાગ પામિશ ધાર. ૫૨

મોહ સિંધતા જબ તજે, અર્જુન તેરી બુદ્ધ;
જબપે લે બૈરાગ કોં, ચિતમે કરિકે શુદ્ધ. ૫૨

૫૨ જ્યારે તારી બુદ્ધિ મોહમય અજ્ઞાનને તરી જશે ત્યારે સાંભળવાનું ને સાભળેલું તેનો વૈરાગ્ય તું પામીશ.

श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ।
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ॥५३॥

વળિ નિશ્ચય થાશે યદા, ભ્રમીત તુજ ધી એહ;
સમાધિમાં રહેશે અચલ, તદા યોગ પામેહ. ૫૩

તેરિ બુદ્ધ વૈરાગ્ય મે, સ્થીર રહી જબ મીત;
તબ સમાધિ મે જાગતૂં, લહિયે નિશ્ચલ ચિત્ત. ૫૩

૫૩ તારી બુદ્ધિ અનેક શ્રવણે કરી મળવાલી [ભ્રમિત] થએલી છે
જ્યારે નિશ્ચય સમાધિને વિષે [ઈશ્વરને વિષે] સ્થિર થશે ત્
યોગને [તત્વજ્ઞાન સ્વરૂપને] પામીશ.

अर्जुन उवाच ॥

स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ॥५४

સમાધિસ્થ સ્થિતપ્રજ્ઞનું, કેશવ લક્ષણ શું જ;
તે બોલે બેસેજ શું, શું તેનું ફરવુંજ. ૫૪

જાકિ બુધ્ધ નિહચલ સદા, તાકો ચિન્હ બતાય;
કૈસે બોલત ક્યોં રહત, ચલતસુ કૈસી ભાય. ૫

૫૪ અર્જુન—હે કેશવ ! જ્ઞાનીની, સમાધિસ્થની શી ઓળ
સ્થિર બુદ્ધિ તે કેમ બોલે, કેમ બેસે, કેમ ફરેહરે.

श्रीभगवानुवाच ॥

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥५५॥

સર્વ મનોગત કામને, ત્યજે પાર્થ જ્યારેહ;
રહે ખુશ પોતે આત્મમાં, સ્થિત પ્રજ્ઞજ ત્યારેહ. ૫૫

જો હૈ મનમેં કામના, તિનકોં જો તજિ જાય;
આતમસોં સંતોષ ગૃહિ, નિહચલ બુધ્ધી સોય. ૫

૫૫ ભગવાન્—હે પાર્થ! મનમાં રહેલી સર્વ કામનાને ટાળે, પોતે પોતા
સંતુષ્ટ રહે [આત્માનંદમાં રમે] ત્યારે સ્થિતપ્રજ્ઞ–જ્ઞાની કહિ

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥५६॥

દુઃખમાં મન ઉદ્વિગ્ન નહિ, નહિ ઇચ્છા સુખમાંય;
રહિત રાગ ભય ક્રોધથી, સ્થિતધી મુનિ કહેવાય. ૫૬

દુખકોં તજિ ભાગે નહી, સુખ ચાયે નહિ ચિત્ત;
તજે નેહ અરૂ ક્રોધભય, અચલ બુદ્ધિ સો મીત. ૫૬

૫૬ દુઃખમાં જેનું મન ગભરાયલું [ચંચલ] નહિ, સુખમાં જે ઈચ્છા-રહિત, પ્રીતિભયક્રોધ ગયાં છે જેનામાંથી એવો મુનિ [મનનશીલ] તે સ્થિતધી–સ્થિરબુદ્ધિ કહિયે.

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनंदति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥५७॥

સ્નેહ રહિત સૌમાંજ જે, શુભ અશુભ પામીજ;
કરે નહીં દ્વેષસ્તુતી, સ્થિત બુદ્ધિ તેનીજ. ૫૭

નેહ કાહુસોં નહિ કરે, ભલે બુરે નહિ ચાહ;
ભલે બુરે સોં કાજ નહિ,થિર બુદ્ધિ લખિતાહ. ૫૭

૫૭ જે સર્વત્ર સ્નેહશૂન્ય, શુભાશુભ તેતે પામીને પ્રસન્ન થતો નથી કે નિંદતો નથી તેની બુદ્ધિ સ્થિર.

यदा संहरते चायं कूर्मोंगानीव सर्वशः ।
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥५८॥

જ્યારે એ ખેંચી લિયે, કૂર્મ અંગવત સાર;
વિષય થકી સૌ ઇંદ્રિયો, સ્થિતધી તેની ધાર. ૫૮

જો કછુ વા નિજ અંગકોં, ખૈંચ આપમે લેત;
તૈસેં ખૈંચે ઇંદ્રિયાँ, તજિ બિષયનસોં હેત. ૫૮

૫૮ એ [યોગી] ઇંદ્રિયોને વિષયભણી જતી પાછી સંવરે સર્વ પ્રકારે, કાચબો પોતાના અંગને કરે છે તેમ, ત્યારે તેની બુદ્ધિ સ્થિર (જાણવી.)

विषया विनिवर्तंते निराहारस्य देहिनः ।
रसवर्जं रसोप्यस्य परं दृष्ट्वा निवर्त्तते ॥५९॥

વિષય ટળે ઉપવાસિને, પણ નહિ રાગ ટળેજ;
પર બ્રહ્મને જોઇને, એને રાગ મટેજ. ૫૯

વિષય કરત હૈ દૂરસોં, તજત હૈ સુ આહાર;
આતમ દેખ્યો જાત હૈ, અભિલાખ્યો નિરધાર. ૫૯

૫૯ ઉપવાસ કરવાવાળા દેહધારીઓના વિષય નિવૃત્ત થાય છે (પણ) આસક્તિ આશા નિવૃત થતી નથી [આસક્તિતો મનમાં હોયજ;] અને સ્થિર પ્રજ્ઞનો અભિલાષ તે પણ પરમેશ્વરને દેખીને [એમાંજ ચિત્ત હોવાથી) નાશ પામે છે.

यततो ह्यपि कौंतेय पुरूषस्य विपश्चितः ।
इंद्रियाणि प्रमाथीनि हरंति प्रसभं मनः ॥६०॥

પણ ઉદ્યોગિ વિવેકિનું, મન હરેજ કૌંતેય;
બળે કરી તે ઇંદ્રિયો, ક્ષોભક કહિયેં જેય. ૬૦

જ્ઞાનવંત જો પુરૂષ હૈ, લહત કઠિનતા સાધ;
ઇંદ્રિય અતિ બલવંત હૈ,તે ઉં લગાવત બ્યાધ. ૬૦

૬૦ હે કુંતીપુત્ર ! પંડિત યત્નકરનાર એવા પણ પુરૂષની ક્ષોભક ઇંદ્રિયો બળાત્કારે મનને હરે છે.

तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येंद्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥६१॥

તે સૌ વશ કરિને રહે મત્પર યોગી સાર;
જેને વશ છે ઇંદ્રિયો, તેની સ્થિતધી ધાર. ૬૧

તાતેં રોકે, ઈંદ્રિયાઁ, મોમે ચિતકો લાય;
બસ કીનો જન યહ સબે,સોથિર બુધ્ધિ સુભાય. ૬૧

૬૧ યોગી સર્વેંદ્રિયોનો સારી રીતે સંયમ કરી મારામાં તત્પર રહે; જેને ઇંદ્રિયો વશ તેની બુદ્ધિ સ્થિર.

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोभिजायते ॥६२॥

વિષય ધ્યાન કરનારનો, તેમાં સંગજ થાય;
સંગે કામજ થાય છે, કામેં ક્રોધ કરાય. ૬૨

જબ ધ્યાવતં હૈ વિષયકોં, તિનતેં ઉપજત સંગ;
કામજુ ઉપજત સંગતેં, તાતેં ક્રોધ અભંગ. ૬૨

૬૨ વિષયનું ધ્યાન કરતા પુરૂષને તેને વિષે આસક્તિ–વહાલ ઉપજે છે, આસક્તિથી કામ [ભોગ લલુતા–તૃષ્ણા] અધિક થાય છે, કામથકી [એ પાર ન પડે તો] ક્રોધ પ્રગટે છે.

क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥६३॥

ક્રોધેં મોહજ થાય છે, સ્મૃતિ વિભ્રમ મોહથીજ;
બુધ્ધિનાશ સ્મૃતિનાશથી, થાય નાશ તેથીજ. ૬૩

મોહ હોત હૈ ક્રોધતેં, મોહતેં સુધ્ધિ નાસ;
સુધ્ધિ ગયે બુધ્ધિ હિનાસત,બુધ્ધિ નસે મૃત પાસ. ૬૩

૬૩ ક્રોધથકી સંમોહ [અવિવેક–દેહાત્મતા], સંમોહ થકી સ્મૃતિનો (શાસ્ત્ર શિક્ષાનો) ભ્રમ, સ્મૃતિના ભ્રમથી બુદ્ધિનો નાશ ને બુદ્ધિના નાશથી મૃતતુલ્ય [જડ] થઈ રહે છે.

रागद्वेषवियुक्तैस्तु विषयानिंद्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥६४॥

રાગ દ્વેષ વિણ વશ વળી, ઇંદ્રિય, તેણે સાર;
ભોગતાં વિષયોજ પણ, થાય શાંત મુનિ ધાર. ૬૪

રાગ દ્વેષકો જો તજૈ, ઔર વિષયકો સેવ;
ઇંદ્રિય જો નિજ બસ કરે, લહે શાંતિકો ભેવ. ૬૪

૪ શુદ્ધાત્મા તે રાગદ્વેષથી વેગળી થયલી ને પોતાને વશ એવી ઈંદ્રિયોએ કરીને વિષયને સેવતો છતે પ્રસાદ–શાંતિને પામે છે.

प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥६५॥

શાંતીથી એનાંજ સૌ, દુઃખ નાશ થૈ જાય;
પ્રસન્ન ચિતવાળાજની, સ્થિર મતિ તરતજ થાય. ૬૫

શાંતિ જબેં યહ સુગતિ હૈ, હોત દુઃખકો હાન;
બુધ્ધિ તબેં સ્થિર હોત હૈ, યહે તુચ્છ જબ માન. ૬૫

૬૫ પ્રસાદથી સર્વ દુઃખનો નાશ થાય છે (ને) પ્રસન્નચિત્તની બુદ્ધિ વહેલીજ સ્થિર થઈ રહે છે.

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शांतिरशांतस्य कुतः सुखम् ॥६६॥

ન આત્મબુદ્ધિ અયોગિને, નહીં ધ્યાન પણ તેમ;
અધ્યાનીને શાંતિ નહિ, અશાંતને સુખ કેમ. ૬૬

જોગ બિના બુધ્ધી નહીં, બુધ બિન હોત ન ધ્યાન;
ધ્યાનબિના સંતોષ નહિ, તાબિન સુખ ન સુજાન. ૬૬

૬૬ અયુક્તને [ઈંદ્રિયો વશ નથી તેને] બુદ્ધિ [આત્મજ્ઞાનને પાત્ર થવાય તેવી] નથી, અયુકતને ભાવના [ધ્યાન કરવાની શ્રદ્ધા] નથી; ધ્યાનરહિતને શાંતિ નથી [ધ્યાનથી બુદ્ધિ આત્મામાં સ્થિર થાય તે થતી નથી] (ને) શાંતિરહિતને સુખ [મોક્ષનિત્યપૂર્ણાનંદ] કયાંથી ?

इंद्रियाणां हि चरतां यन्मनोनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवांभसि ॥६७॥

મન ઈંદ્રીયોમાંયથી, જેની પાછળ જાય;
હરે મતી તે એનિ જિમ, વાયુ નાવ જલમાંય. ૬૭

ઈંદ્રિય જિત તિત ફિરત હૈં, તનમન લાવત ખૈંચ;
મન બુધ્ધી હર લેત હૈં, વાયુ નાવ જ્યૂં ખૈંચ. ૬૭

૬૭ વિષયને સેવતી એવી જે ઇંદ્રિયો તેની સાથેજ મન (પણ) જે દોડે છે [વિષય પ્રતિ] તે મન અસાવધ પુરૂષની બુદ્ધિને હરે છે [(વિક્ષિપ્ત-અહીં તહીં ભમતી કરે છે] જેમ વાયુ પાણીમાં નાવને તેમ.

तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥६८॥

માટે નિવૃત વિષય થકી, ઇંદ્રિય સૌ જેનીજ;
મહાબાહો તું જાણજે, સ્થિર બુધ્ધી તેનીજ. ૬૮

જિન ઇંદ્રિય રોકી સબૈ, ઠૌર ઠૌર તેં લ્યાય;
વિષય ત્યાગ તિનહી કિયો,સ્થિર બુદ્ધિ તાહિ ભાય. ૬૮

૬૮ માટે હે મહાબાહુ! જેની ઇંદ્રિયો વિષયથકી સર્વ પ્રકારે સંવરાયલી તે પુરૂષની શિક્ષિતબુદ્ધિ સ્થિર રહી (સમજવી.)

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥६९॥

જાગે મુનિ તે રાત્રિમાં, સર્વ ભૂતની જેહ;
જાગે જેમાં પ્રાણિયો, રાત્રિ મુનીની તેહ. ૬૯

જો જન જાગત નહિ જહાં, તહાંહિ ઉનકો બાસ;
જીવ જહાં જાગત સબૈં, સૌ મુનિકો નિસિ ખાસ. ૬૯

*. ૬૯ સર્વ પ્રાણીઓને જે રાત્રિ તેમાં સંયમી જાગે છે (ને) જેમાં પ્રાણીઓ જાગે છે તે તત્વ જોનારા મુનિયોની રાત્રિ છે.

आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापः प्रविशंति यद्वत् ।
तद्वत्कामा यंप्रविशंति सर्वे सशांतिमाप्नोति नकामकामी ॥७०

મર્યાદિને પૂર્ણ સમુદ્રમાં જેમ, સમાય પાણી નદિયો તણાં તેમ;
જેમાં બધી જાય ઈછા સમાઇ,તે શાંતિ પામે નહિ કામિ ભાઇ. ૭૦

જૈસેં જલ સબ સરિત હૈ,ચિલત સમુદ્રહિ જાય;
સોમનકી સબ કામના, શાંતી રહે તહાય. ૭૦

૭૦ પાણી પૂરભરાઇ ઉભરાતું [નદીનાળાનું] અચળ-સ્થિર રહેલા સમુદ્રમાં પ્રવેશ કરે છે જેવી રીતે તેવી રીતે સર્વ ભોગવિષય જે [જ્ઞાની] પ્રતિ આવે છે [પ્રારબ્ધવશાત્] તે મુનિ શાંતિને પામે છે, ઇચ્છાવાન પુરૂષ પામતો નથી.

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहंकारः स शांतिमधिगच्छति ॥७१॥

બધિ ઇચ્છાને મૂકિને, નિસ્પૃહ થઇ જે રેહ;
નિર્મમ નિરહંકાર તો, શાંતી પામે તેહ. ૭૧

તજિકે સબમન કામના, જોગી નિસ્પૃહ હોય;
અહંકાર મમતા તજે, તામેં શાંતિ જુ હોય. ૭૧

૭૧ સર્વે કોડનો ત્યાગ કરી સ્પૃહા, મમતા, અહંકાર રહિત જે પુરૂષ ભોગ ભોગવે છે તે શાંતિ [મોક્ષને] પામે છે.

---

* સંસારીને આત્મજ્ઞાનમાં દૃષ્ટિ–ગમ નહિ તેથી એ અંધકારરૂપ રાત્રિ છે પણ ઈંદ્રિયનો નિગ્રહ કરવાવાળા જાગતા છે–અર્થાત્ એઓને આત્મજ્ઞાનમાં દૃષ્ટિ છે ને તત્વદર્શન કરે છે. ને સંસારી વિષય જેમાં પ્રાણી જાગતા છે તે વિષયને આત્મતત્વ જોનારાઓ અજ્ઞાન અંધકારની રાત્રિ માને છે; તેઓને વિષયમોહમાં સુઝતું નથી. લોક બ્રહ્મસ્વરૂપ વિષે નિદ્રામાં છે પણ સંન્યાસી ત્યાં જાગતા છે. અવિદ્યાની રાત્રિ તેને વિષે સંન્યાસી નિદ્રામાં છે પણ લોક વિષયમોહમાં જાગે છે.

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वाऽस्यामंतकालेपि ब्रह्म निर्वाणमृच्छति ॥७२॥

એ બ્રાહ્મી સ્થિતિ પાર્થ છે, મોહ્ય ન એને પામિ;
અંતે પણ એમાં રહી, પામે મોક્ષ અકામિ. ૭૨

બ્રહ્મ જ્ઞાન તોસોં કહો, જાતેં મોહ ન હોય;
સો બુદ્ધિ ગૃહે અંતસમે, મિલે બ્રહ્મમેં જોય. ૭૨

† ૭૨ હે પાર્થ! એવી બ્રહ્મનિષ્ઠા છે, એને પામીને [જ્ઞાની] મોહ પામતો નથી. એ નિષ્ઠાની સ્થિતિમાં મરણકાળે રહેથી મોક્ષસંપત્તિ પામે છે.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા ઉપનિષદ્માં બ્રહ્મવિદ્યાને વિષે શ્રી કૃષ્ણાર્જુનના સંવાદમાં સાંખ્યયોગ નામનો બીજો અધ્યાય. ॥૨॥

અધ્યાય ૩ જો.

अर्जुन उवाच ॥

ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।
तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव ॥१॥

જ્ઞાન, કર્મથી શ્રેષ્ઠ છે, માનો છો જો એમ;
તો હરિ જોડો છો મને, ઘોર કર્મમાં કેમ. ૧

† જ્ઞાની આત્મામાં દૃષ્ટિ રાખતાં પ્રારબ્ધે પ્રાપ્ત થયલા સર્વે ભોગ ભોગવે છે ને શાંતિ પામે છે પણ હું પદ્વાળો ફળેચ્છુ કદી શાંતિને પામતો નથી.

બુદ્ધિ ભલી હે કરમ તેં, કૃષ્ણ કહી તુમ જોય;
કરમ ભયાનકતેં કહ્યો, કૈસે તરત ધોય.　　　૧

૧ હે જનાર્દન! કર્મથી નિશ્ચળવિવેક બુદ્ધિ [જ્ઞાન] શ્રેષ્ઠ એમ તારૂં સંમત (છે) તો હે કેશવ! ઘોર (યુદ્ધરૂપ) કર્મમાં મને કેમ યોજે છે?

व्यामिश्रेणैव वाक्येन बुद्धिं मोहयसीव मे।
तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥२॥

મિશ્રિત વાક્યે મુજમતી, ભ્રમાવોછ વાર્ષ્ણેય;
એક વદો નિશ્ચય કરી, પામૂં જેણે શ્રેય.　　　૨

બચન સુનેં સંદેહકે, મો બુધ્ધિ હૈ ભયભીત;
નિશ્ચય કરિ એકે કહો, લહો મુક્તિ જયા ભાત.　　　૨

૨ મિશ્રિત વાક્યે [જ્ઞાન ને કર્મ એનું મિશ્રણ એવે] મારી બુદ્ધિને મોહ પમાડે છે, માટે નિશ્ચયે એકજ કહે (કે) જેણેકરી હું શ્રેયને પામું.

श्रीभगवानुवाच ॥

लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयाऽनघ।
ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम् ॥३॥

અપાપ, પ્રથમ આ લોકમાં, નિષ્ઠા કહિ બે મેંજ;
સાંખ્યોને જ્ઞાને કરી, યોગીને કર્મેજ.　　　૩

નિષ્ઠા જો દ્વય ભાંતકી, પહિલી કહી બનાય;
સિદ્ધનકો જ્ઞાન ભલો, કર્મનિષ્કર્મ બતાય.　　　૩

૩ આલોકમાં બે પ્રકારની નિષ્ઠા (તે) મેં હે નિર્દોષ! પૂર્વે કહી—તત્વદર્શનની ઈચ્છાવાળા શુદ્ધ બુદ્ધિમંતને જ્ઞાનયોગે (અને) કર્મ ઉપર આસક્ત એવાને કર્મ યોગે (સંસ્કારી અધિકારપરત્વે.]

न कर्मणामनारंभान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति ॥४॥

કર્મના અનારંભથી, નર પામે નહિ જ્ઞાન;
તેમ માત્ર સંન્યાસથી, મોક્ષ ન પામે જાણ. ૪

કર્મ બિના કિન્હે પુરુખ. જ્ઞાન લહે નહિ કોય;
કિયે સબહિ સન્યાસકોં, દોઉ મુકત ન હોય. ૪

*૪ પુરૂષ કર્મનો આરંભ ન કરવાથી જ્ઞાનયોગનિષ્ઠાને પામતો નથી. કર્મનો ત્યાગજ કરેથી સિદ્ધિ (મોક્ષ) પામતો નથી.

नहि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥५॥

વિના કર્મ ક્ષણ એક પણ, નહિ કદિ કોઈ રહેજ;
સ્વાભાવિક ગુણથી અવશ, થૈ સૌ કર્મ કરેજ. ૫

કરમ કિયે બિનછિન કહું, રહે ન કોઉ જંત;
વિવસ ભયે કરમ કરે, બાંધે માયા તંત. ૫

૫ કોઇ પણ [કેવારે પણ] ક્ષણમાત્ર પણ કર્મ કીધા વિના રહેતો નથી; પ્રકૃતિથી ઉપજેલા [સ્વભાવે] ગુણોએ પરતંત્ર હોઈ સર્વે (જન) કર્મ કરે છે.

कर्मेंद्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इंद्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥६॥

કર્મેંદ્રિયને વશ કરી, વિષયોને મનમાંય;
કરી યાદ રહે મૂઢ જે, દંભી તે કહેવાય. ૬

* અંતઃકરણની શુદ્ધિ થયાવિના તત્વજ્ઞાનનિષ્ઠા થતી નથી માટે વર્ણાશ્રમનાં કર્મ અવશ્ય કરવાં અને મુક્તિ તે માત્ર કર્મના ત્યાગથી નથી પણ જ્ઞાનથી છે.

કરમ ઇંદ્રિયન રોકિકેં, મન વિષયનકો ધ્યાન;
કપટી મૂરખ હૈં બડે, તાકોં દંભી જાન. ૬

૬ જે મૂઢ જીવ ઈંદ્રિયોના વિષયને મનમાં સ્મરતો (પણ બહારથી) કર્મેંદ્રિયોનો સંયમ [રોધ] કરી રહે છે તેને મિથ્યાચારી–કપટાચારી કહીએ.

यस्त्विद्रियाणि मनसा नियम्यारभतेऽर्जुनं ।
कर्मेंद्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥७॥

પણ મનથી જ્ઞાનેંદ્રિયો, કરિ વશ અસક્ત જેહ;
કર્મેંદ્રિયથી આચરે, કર્મ શ્રેષ્ટ છે તેહ. ૭

મન કરિ રાખે ઈંદ્રિયાં, કછુ કર્મ ન રચાય;
ફલ અભિલાખન કોં તજે, વાતેં યહ અધિકાય. ૭

૭ હે અર્જુન! મને કરી ઇંદ્રિયોને નિયમમાં રાખીને જે પુરૂષ કર્મેંદ્રિયોએ કર્મભોગને આચરે છે તે ફલેચ્છા વિનાનો, ચિત્તશુદ્ધિયે જ્ઞાનવાન થાય છે.

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्राऽपि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥८॥

કર્મ અકર્મથિ શ્રેષ્ટ છે, તું કર કર્મ હમેશ;
તુજ શરીર નિર્વાહ પણ, નૈં અકર્મથી લેશ. ૮

અન કારણો તેં કરમ હૈં, ભલે સુકૃત કર મીત;
બિનકિન્હે તે કરમકોં, દેહ રહે નહિ નીત. ૮

૮ તું નિત્ય કર્મ [સંધ્યોપાસનાદિક]કર; કર્મ ન કરવાં તેથી કર્મ કરવાં શ્રેષ્ઠ છે. વળી કર્મ ન કરવાથી તારી શરીર સ્થિતિ નહિ રહે [દેહ નાશ પામશે.]

यज्ञार्थात्कर्मणोन्यत्र लोकोयं कर्मबंधनः ।
तदर्थं कर्म कौंतेय मुक्तसंगः समाचार ॥९॥

છે બંધન આ લોકને, કર્મ યજ્ઞ સીવાય;
તે અર્થે કર કર્મ તું, જેમ સંગ વિણ થાય. ૮

યજ્ઞ બિન જો કરમ હે, જગ બંધન સો હોય;
તિહીકાજ કર મન તજો, છોડ ફલનકો ગોત. ૯

૯. આ લોકમાં યજ્ઞને અર્થે (જે) કર્મ તેથી બીજાં તે કર્મબંધન છે; હે કુંતીપુત્ર ! તું ફલેચ્છા રહિત-નિર્બંધ થઇ ઇશ્વરપ્રિત્યર્થે કર્મ સારી રીતે આચર.

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेषवोस्त्विष्टकामधुक् ॥१०॥

કહ્યું સયજ્ઞ પ્રજા સર્જિ, બ્રહ્માયેં સૌ પહેલ;
આણે પામો વૃદ્ધિ એ, હો તમ ફળદા સહેલ. ૧૦

યજ્ઞ સહિત રચિ જગતકો, કહી બિધાતા બાત;
ઉદે તિહારો યજ્ઞતેં, કામ ધેનુ યહ તાત. ૧૦

* ૧૦. પ્રજાપતિ પૂર્વે યજ્ઞ સહિત પ્રજા ઉત્પન્ન કરી બોલતો હવો કે યજ્ઞે કરીને ઉત્તરોત્તર વૃદ્ધિ પામો, આ યજ્ઞ [હે બ્રાહ્મણાદિકો] તમને ઇષ્ટકામ દેનારો થાઓ.

---

* ૧૦ થી તે ૧૩ લગીના શ્લોકનો ભાવાર્થ કે ધર્મ કર્મથકી બીજાં બધાં તે બંધન કરનારાં છે. ધર્મ કર્મ જૂદી જૂદી કામનાપરત્વે જૂદા જૂદા દેવને પ્રસન્ન કરવાને કરેલાં તે જો કે પરિણામે બંધન કરનારાં છે તો પણ તે વ્યવહાર પ્રપંચના અસત્કર્મનાં જેટલાં બંધન કરનારાં નથી ને કેટલીક વાતે શ્રદ્ધા, ચિત્તશુદ્ધિ, નિયમ વધરવાને બહુ સારાં છે; અને પરમાત્મા પ્રીત્યર્થ કામના રહિત તે તો સર્વોત્કૃષ્ટ છેજ. યજ્ઞ એટલે પરમાત્મા કે તેનાં અંશરૂપ દેવ પ્રીત્યર્થ જે અર્પિત કર્મ તે.—જ્ઞાન, ધ્યાન, જપ. હોમ, પૂજન. નમન, સ્મરણ, દાન ઇત્યાદિ. બ્રહ્માએ

देवान्भावयतानेन ते देवा भावयंतु वः ।
परस्परं भावयंतः श्रेयः परमवाप्स्यथ ॥११॥

આથિ વધારો દેવને, તમને તે નિરધાર;
એમ પરસ્પર પોષતાં, શ્રેય પામશો સાર. ૧૧

યજ્ઞ કરી દેવહિ જજો, દેવ બ્રહ્મ ફલ દેત;
બુદ્ધિ પરસ્પર યઉં કરે, મન વાંછિત ફલ લેત. ૧૧

૧૧ તમે દેવોને આહુતી આપી સંતોષ પમાડો (ને) એથી તે દેવો તમને સંતોખો; એમ પરસ્પર વૃદ્ધિ પામતા ઉત્કૃષ્ટ શ્રેયને પામશો.

इष्टान्भोगान्हि वो देवा दास्यंते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुंक्ते स्तेन एव सः ॥१२॥

યજ્ઞે ભાવિત દેવ એ, દેશે તમ ઇચ્છીત;
પ્રાપ્ત એથિ એને ન દૈ, ખાય ચોર ખચ્ચીત. ૧૨

ઇષ્ટ ભોગકું દેત હૈં, દેવયજે તે મીત;
બિન પૂજે જો લેત હૈં, સોય ચોરકી નીત. ૧૨

૧૨. યજ્ઞે કરીને પુજેલા દેવ તમને નક્કી ઈષ્ટભોગ આપશે, તેઓએ આપેલું તેઓને ન આપતાં જે ભોગવે તે ચોરજ છે.

यज्ञशिष्टाशिनः संतो मुच्यंते सर्वकिल्बिषैः ।
भुंजते ते त्वघं पापा ये पचंत्यात्मकारणात् ॥१३॥

પ્રાણીઓને ઉત્પન્ન કીધાં તે યજ્ઞરૂપ કર્મ કરવાની શિક્ષા આપીનેજ. જેઓ નિત્ય શાસ્ત્રોક્ત પંચ યજ્ઞ કીધા વિના જમે છે તે મોટા પાપી છે [માટે કર્મ નજ કરવાં એમ નથી]. સાંખ્યમાં કર્મને મોક્ષનું બંધન કહ્યું છે તે સકામ કર્મને માટે. ૧૩ શ્લોકમાં–પંચયજ્ઞ વૈશ્વદેવાદિ તથા નૈવેદ્ય કીધા પછી જમવું તે યજ્ઞનું શેષ સમજવું.

યજ્ઞ શિષ્ટ ખાનાર, સૌ પાપોથી મૂકાય;
રાંધે પોતા માટ તે, પાપી પાપજ ખાય. ૧૩

યજ્ઞ શેષ જો ખાત હૈં, પાપહુ ડારત ધોય;
યજ્ઞ બિના જો ખાત હૈં, અઘરૈ ઝૂલત સોય. ૧૩

૧૩ યજ્ઞનું શેષ ખાનારા એવા થઈને સર્વ પાતકથી મૂકાય છે; જેઓ પોતાનેજ અર્થે રસોઈ કરે છે તે પાપીઓ તો પાપનેજ ખાય છે.

अन्नाद्भवंति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥१४॥

થાય અન્નથી પ્રાણિયો, વર્ષાદે તો અન્ન;
યજ્ઞે વર્ષા, કર્મથી, યજ્ઞ થાય ઉત્પન્ન. ૧૪

જીવ અન્નતેં હોત હૈ, અન્ન હુતેં જલ હોય;
મેઘ યજ્ઞતેં હોત હૈ, યજ્ઞ કરમ તેં જોય. ૧૪

* ૧૪ અન્નથી [અને પછી વીર્યથી] પ્રાણીઓ થાય છે, વર્ષાદથી અન્ન નિપજે છે, યજ્ઞથી વર્ષાદ થાય છે (અને) યજ્ઞ (તે) યજમાનને વ્યાપારે થાય છે.

कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥१५॥

કર્મ વેદથી થાય છે, વેદ અક્ષરથી જાણ;
માટે વ્યાપક બ્રહ્મ તું, નિત્ય યજ્ઞમાં માન. ૧૫

કરમ સુ ઉપજત વેદતેં, વેદ બ્રહ્મ તેં માન;
બ્રહ્મ જો સતસબુ નમેં, તાહિ યજ્ઞ કરિ તાન. ૧૫

---

* ૧૪ કર્મથી વિશ્વની ઉત્પત્તિ; બ્રહ્મ યજ્ઞકર્મને વિષે કહ્યું છે; કર્મમાર્ગ અવશ્ય પાળવા.

૧૫ કર્મ વેદથી ઉત્પન્ન થયું; વેદ અક્ષર બ્રહ્મથી ઉત્પન્ન થયો જાણ; માટે સર્વ વ્યાપક એવું જે બ્રહ્મ તે નિત્ય યજ્ઞ કર્મને વિષે રહ્યું છેજ.

एवं प्रवर्तितं चक्रं नानुवर्त्तयतीह यः।
अघायुरिंद्रियारामो मोघं पार्थ स जीवति ॥१६॥

એમ વર્ત્તતા ચક્રને, અનૂસરે નહિ જેહ;
રમે ઈંદ્રિયે પાપિ તે, વૃથા પાર્થ જીવેહ. ૧૬

ભેદ બતાયે કરમ જે, ન કરત જો નૂર કોય;
પાપી ઇંદ્રિય બસભયે, જન્મસુ રહત જુખોય. ૧૬

૧૬ હે પાર્થ! એ પ્રમાણે પ્રવર્ત્તેલું ચક્ર તેને અનુસરીને જે નથી વર્તતો [અનુષ્ઠાન નથી કરતો] તે આ લોકમાં પાપ રૂપ આયુષ્યવાળો (તથા) ઇંદ્રિયે કરીને વિષયમાં રચનારો એવો વ્યર્થ જીવે છે.

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥१७॥

પણ જે હોયે આત્મરત,આત્મતૃપ્ત પણ સોય;
આત્મામાં સંતુષ્ટ તો, તેને કર્મ ન હોય. ૧૭

આતમ સોં સતુષ્ટ જે,આતમ સોં રત હોય;
તૃપ્ત જુ આતમ સોં રહ્યો, તાહિ ન કરને કોય. ૧૭

૧૭ જે મનુષ્યો આત્મામાંજ રત, આત્માએ [આત્માનંદે] તૃપ્ત, આત્માને વિષેજ સંતુષ્ટ તને કર્મ (તે) કર્ત્તવ્ય નથી.

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥१८॥

તેને કર્મ અકર્મથી, પુણ્ય પાપ નહિ આહિ;
મોક્ષાર્થે સૌમાં નહીં, તેને આશ્રય કાંઇ. ૧૮

તાહિ ક્રિયેતેં પુણ્ય નહિ, બિન કીન્હો નહિં દોષ;
બ્રહ્માદિક સોં કાજ નહિ, આતમહિ ભયો મોક્ષ. ૧૮

*૧૮ તેને કર્મ કરવાથી અર્થ [પુણ્યલાભ] નથી; ન કરવાથીકાંઈપણ [અર્થકે અનર્થ] નથી જ્ઞાનવિષયમાં; એને સર્વ પ્રાણીઓને વિષે અર્થ આશ્રય નથીજ.

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ॥१९॥

માટે નિત્ય અસક્ત રહિ, કાર્ય કર્મ કર સાર;
કરતાં કર્મ અસક્ત નર, પામે મોક્ષજ, ધાર. ૧૯

અસક્ત નિરંતર કર્મ કરિ, ભક્ત ભેદકે ભાય;
અસક્ત કરમહિ કરત હૈં, પરમ પુરૂષ કોં જાય. ૧૯

૧૯ માટે તું ફલેચ્છારહિત થઇ નિત્યનાં કર્ત્તવ્ય તેનું સારૂં આચરણ કર; આસક્તિરહિત પુરૂષ કર્મ કરતો છતો મોક્ષને પામે છે.

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥२०॥

કર્મથીજ જ્ઞાની થયા, જનકાદી જે રાય;
લોકાર્થે જોતાંજ તું, કરવા યોગ્યજ થાય. ૨૦

સિદ્ધિ લહી જનકાદિકહૂ, કિન્હે કરમ સમાજ;
લોક રીત જો દેખિકેં, તુમ હું કરોજુ કાજ. ૨૦

* ૧૭–૧૮ એ બેથી જણાવ્યું કે આત્મજ્ઞાનીને કર્મ કરવાની અગત્ય નથી. તેને પ્રાણિમાત્ર (દેવતાઓનો પણ) આશ્રય લેવાની સ્પૃહા નથી; અહંકારરહિતને વિધિનિષેધનો બાધ નથી; જ્ઞાનમાં વિઘ્નનો અભાવ છે. (૪–૬ એ શ્લોકથી જણાવ્યું કે અંતઃકરણની શુદ્ધિ નથી, આત્મજ્ઞાનમાં દૃઢ ગમ નથી ત્યાં સુધી તો યજ્ઞાદિ કર્મ અવશ્ય કરવાં.

૨૦ જનકાદિક તે કર્મ કરીનેજ સારી સિધ્ધિયે આવી રહ્યા; લોકનું રક્ષણ [સ્વધર્મપ્રવર્તન] તેને જોઈને પણ કર્મ કરવાને તું યોગ્ય છે.

यद्यदाचरति श्रेष्टस्तत्तदेवतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्त्तते ॥२१॥

શ્રેષ્ઠ લોક જે આચરે, જન બીજા પણ તેજ;
પ્રમાણ પણ તે જે કરે, કરે લોક પણ એજ. ૨૧

બડે જુ આચરણ હી કરે, સોઇ માને આન;
તાહિ માગ સબ જગ ચલે, બડે કરે જુ પ્રમાન. ૨૧

૨૧ શ્રેષ્ઠ જન જે જે આચરણ કરે તે તે બીજા જન કરે; તે (શ્રેષ્ટ) જે પ્રમાણ કરે [પ્રવૃત્તિનિવૃત્તિ ધર્મને માન્ય રાખે] તેને અનુસરી લોક વર્ત્તે.

न मे पार्थास्ति कर्त्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त्त एव च कर्मणि ॥२२॥

પાર્થ નથી ત્રણ લોકમાં, મુજને કૈં કર્ત્તવ્ય;
તોપણ વર્ત્તુ કર્મમાં, નહિ જો કે પ્રાપ્તવ્ય. ૨૨

મોકોં કછુ કરનો નહીં, તીન લોકમેં કાજ;
ન કછુ લહ્યો લહબે ન કછુ, કરમ કરત યાસાજ. ૨૨

† ૨૨ હે પાર્થ! મારે ત્રણે લોકમાં કંઇપણ કર્ત્તવ્ય નથી–પ્રાપ્ત ન થાય એવું [અલભ્ય] કે પ્રાપ્ત થાય એવું [અભિલાષવાળું] નથી (તોપણ) કર્મને વિષે વર્ત્તુ છું [કર્મ કરતોજ રહું છું.]

यदि ह्यहं न वर्त्तेयं जातु कर्मण्यतंद्रितः ।
मम वर्त्मानुवर्त्तंते मनुष्याः पार्थ सर्वशः ॥२३॥

---

† ૨૨–૨૩–સંધ્ય વંદન, અગ્નિહોત્ર, ધેનુદાન, અભ્યાગતની પ્રતિપાળના એ આદિ કરૂં છું તે લોકને શીખવવાને.

કદિ વર્તું નહિ કર્મમાં, સાવધાન હું સાર;
તો વર્તે મુજ રીત સૌ, મનુષ્ય સર્વ પ્રકાર. ૨૩

જો હમ કરમ નહી કરોં, રહોં આલસી મીત;
ત્યોંહી સબ નર હાંયગે, મો મારગ કી રીત. ૨૩

૨૩ હે પાર્થ આળસ રહિત હું જો કોઇ સમયે કર્મને વિષે ન વર્તું તો મનુષ્ય સર્વ પ્રકારે મારે માર્ગે અનુસરે [કોઈ કર્મ ન કરે.]

उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।
संकरस्य च कर्त्ता स्यामुपहन्यामिमाः प्रजाः ॥२४॥

જો હું કર્મ કરૂં નહીં, થાય લોક આ ભ્રષ્ટ;
હું સંકર કર્ત્તા બનું, પ્રજા કરૂં આ નષ્ટ. ૨૪

જો હમ કરમ નહીં કરોં, હાય સબનકો નાસ;
પ્રગટાઉં સંકર તણે, હનો પ્રજા યા આસ. ૨૪

૨૪ હું કર્મ ન કરૂં તો આ લોક નાશ પામે [ધર્મલોપે] વર્ણસંકર કર્ત્તા થાઉં, એમ પ્રજાને હુંજ ભ્રષ્ટ કરૂં.

सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वंति भारत ।
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसंग्रहम् ॥२५॥

અજ્ઞ, કર્મમાં સક્ત થૈ, કરેછ કર્મો જેમ;
લોકાર્થેજ અસંગિ બનિ, કરે જ્ઞાનિ પણ તેમ. ૨૫

મૂરખ જો કરમનિ કરે, કરિ બહુ પ્રીત સુભાય;
લોક કાજ જ્ઞાની કરે, મન તાસોં ન લગાય. ૨૫

૨૫ હે ભારત ! અણસમજુક (લોક) કર્મને વિષે આસકત થઈ જે કરે છે તેમ લોકના ધર્મરક્ષણને ઇચ્છતા એવા વિદ્વાનો (તે) આસકિતરહિત (કર્મ) કરે.

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ॥२६॥

કરાવેજ સૌ કર્મ, નહિ ભેદ બુદ્ધી, ધાર;
કર્મસંગિ અજ્ઞાનિની, યુક્ત આચરી સાર. ૨૬

તિનકિ બુદ્ધિ ભેદ ન તજે, રહે કર્મ લપટાય;
સાવધાન જ્ઞાની રહે, મેલે ગાત બનાય. ૨૬

૨૬ વિદ્વાન્ તે કર્મની આસક્તિવાળા અજ્ઞાનીઓની બુધ્ધિને ચલિત મા કરે; સાવધાન રહી આચરણ કરી સર્વ કર્મનું સેવન કરે [કે અજ્ઞાની શ્રધ્ધાએ કર્મ કરે ને નહિ તો તે પામર ચલિત બુદ્ધિયે ભ્રષ્ટ થશે.]

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्त्ताहमिति मन्यते ॥२७॥

કરાય સૌ, ઇંદ્રિય વડે, કર્મો અર્જુન જેહ;
કર્ત્તા તેનો હુંજ ઇમ, વિમૂઢ માની લેહ. ૨૭

માયા કરિ ગુણ કરત હૈ, સબે કરમ યહ જાન;
અહંકાર કરિ મૂઢ જે, લેત આપનકો માન. ૨૭

૨૭ પ્રકૃતિના ગુણોએ કરાય છે એવાં કર્મોને વિષે અહંકારે મૂઢ આત્મા તે હું કર્ત્તા એમ માને છે.

*तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्त्तंत इति मत्वा न सज्जते ॥२८॥

પણ ગુણ કર્મથિ આત્મને, ભિન્નજ જાણે જેહ;
ઇંદ્રિય વર્ત્તે વિષયમાં, માનિ અકર્ત્તા રેહ. ૨૮

* તત્વજ્ઞાની આત્માને ઇંદ્રિયોથી જુદો માને છે પોતે ઇંદ્રિયોથી તથા કર્મોથી જુદો છે એમ માને છે એટલે કર્મથી લેપાતા નથી.

ગુણ ઓર કર્મ બિભાગસેં, જાનત તત્વજ્ઞ કોય;
ઇંદ્રિય બિષયનસોં લગી, આપ મગન નહિ હોય.

૨૮ હે મહાબાહુ! ગુણકર્મ વિભાગને યથાર્થ જાણનારા તે, ગુણ પોતાના વિષયવિષે વર્તે છે (એમ) માની આસક્ત થતા નથી.

प्रकृतेर्गुणसंमूढाः सज्जंते गुणकर्मसु ।
तानकृत्स्नविदो मंदान्कृत्स्नविन्न विचालयेत् ॥२९॥

સજ્જ થાય ગુણ કર્મમાં, પ્રકૃતી ગુણથી અજ્ઞ;
તે અજ્ઞાની મંદને, ભેદે નહિ સર્વજ્ઞ. ૨૯

માયા ગુણ કરિ મૂઢ જે, રહે બિષય લોલાય;
અજ્ઞાની કે જ્ઞાનિ તિન્હે, તામન કબુ ન ચલાય.

૨૯ પ્રકૃતિના ગુણે મૂઢ તે ઈંદ્રિયગુણ સમૃદ્ધિ કર્મને વિષે આસક્ત થાય છે. તે મૂઢ મંદમતિને સર્વ જાણનારો જ્ઞાનિ ચલિત મા કરો (કર્મથકી.)

मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युद्धयस्व विगतज्वरः ॥३०॥

અધ્યાત્મ ચિત્ત વડે સહુ, અર્પી મુજને કર્મ;
ઇચ્છા મમતા તાપને, મૂકી કર યુધ ધર્મ. ૩૦

ચિત અધ્યાતમ આનિકેં, કરમન મોમન રાખ;
અહંકાર મમતા તજે, જુધ્ધહિકું અભિલાખ. ૩૦

૩૦ આત્માને વિષે ચિત્ત રાખીને સર્વ કર્મ મારે વિષે સમર્પી નિષ્કામ, મમતારહિત થઈને [શોક૩૫] જ્વર વિનાનો તું યુધ્ધ કર.

ये मे मतमिदं नित्यमनुतिष्ठंति मानवाः ।
श्रद्धावंतोनसूयंतो मुच्यंते तेऽपि कर्मभिः ॥३१॥

આ મુજ મતથી માનવો, સદાય વર્ત્તે જેહ;
અનિંદતાં રાખી શ્રધા, છૂટે કર્મથિ તેહ. ૩૧

જિનકો હૃદયામે રમત, શ્રધ્ધા સો ગહિ લેત;
તિનકે જિયમે કરમ હૈ, કરમ તજે કરિ ચેત. ૩૧

૩૧ શ્રધ્ધાવંત, નિંદા ન કરનારા જે માનવ આ મારા મતને વળગી રહે છે તે પણ કર્મ કરીને મુક્ત થાય છે.

ये त्वेतदभ्यसूयंतो नानुतिष्ठंति मे मतम् ।
सर्वज्ञानविमूढांस्तान्विद्धि नष्टानचेतसः ॥३२॥

પણ જે આને નિંદતાં, વર્ત્તે નહિ મુજ રીત;
તે મૂઢોને જાણ તું, નષ્ટ વિવેક રહીત. ૩૨

જો મેરે યહ મત લિકો, કરત જુ દોખ લગાય;
સો મૂરખ જાનત નહીં, હૈ અચેતકે ભાય. ૩૨

૩૨ જેઓ એ મતના દ્વેષી થઇ એ મારા મતને નહિ પાળે તેઓને સર્વજ્ઞાનવિમૂઢ વિવેકરહિત નષ્ટ એવા જાણ.

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यांति भूतानि निग्रहः किं करिष्यति ॥३३॥

પ્રકૃતીને સૌ અનુસરે, કરશે નિગ્રહ કેમ;
પ્રકૃતી સરખું આચરે, જ્ઞાનવાન પણ એમ. ૩૩

જ્ઞાનવંતહી કરત હૈ, અપની પ્રકૃતિ સમાન;
સબકોઉ નિજ પ્રકૃતિ સબ, રોકે તે જુ અજાન. ૩૩

* ૩૩ જ્ઞાનવાન પણ પોતાની પ્રકૃતિના સરખી ચેષ્ટા કરે છે [ગુણ પ્રમાણે વર્ત્તે છે], પ્રાણીઓ પ્રકૃતિ ભણી વળે છે [પૂર્વ સંસ્કાર પ્રમાણે] તો અટકાવ કેમ કરશે.

---

* ૩૩ ૩૪નો ભાવાર્થ કે જ્ઞાની ને અજ્ઞાની બંને પૂર્વ સંસ્કાર પ્રમાણે કર્મ કરે છે—અંતર આટલો કે જ્ઞાની ઈંદ્રિયોને વશ રાખી આસક્તિ વિના માત્ર

इंद्रियस्येंद्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपंथिनौ ॥३४॥

ઈંદ્રિયના, વિષયા વિશે, રાગ દ્વેષ બે જેહ;
તેને વશ થાવૂં નહીં, શત્રૂ એના તેહ. ૩૪

સબ ઇંદ્રિયનકે બિખે, રાગ દ્વેષ જો હોય,
તિનકે સબ નર જાનહિ, રહે ન અરિ સમ જોય. ૩૪

૩૪ પ્રત્યેક ઈંદ્રિયનો પોતપોતાના વિષયમાં રાગદ્વેષ અવશ્ય હોય (તોપણ) મુમુક્ષુએ તેને વશ ન થવું (કેમકે) તે રાગદ્વેષ કલ્યાણમાર્ગના ચાર છે.

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥३५॥

પર ધર્માચરવા થકી, શ્રેય વિગુણ નિજ ધર્મ;
સ્વધર્મમાં મરવૂં ભલૂં, ભય આપે પર ધર્મ. ૩૫

નૂન હોય જો નિજ ધરમ, પરતેં અધિકો માન;
નીધન ભલી નિજ ધરમમેં, પરધરમહિ ભય જાન. ૩૫

* ૩૫ સાંગોપાંગ અનુષ્ઠેલા પરધર્મથકી અંગહીન સ્વધર્મ તે શ્રેયકર; સ્વધર્મમાં મરણ (તે) શ્રેય પરધર્મ તે ભયદેનારો (છે.) [સારા

ચેષ્ટારૂપ કર્મ કરે છે અને અજ્ઞાનીઓ તેમ કરી શકતા નથી તેથી, વિષયના મોહમાં વધારે પીડાય છે. જ્ઞાની સ્વવશ છતે પૂર્વ સંસ્કારને મોટે બળે ચલિત થાય કદાપિ તો પણ તે પાછા વહેલા ઠામ આવી જાય છે. માટે શાસ્ત્રમાં કહેલાં વિધિનિષેધવાળાં કર્મની શિક્ષાથી પ્રાણીઓએ પ્રયત્ને ઈંદ્રિયોને વશ રાખવી.

* ઉપર કહ્યું કે સ્વભાવની પ્રવૃત્તિને ધર્મવિચારે અટકાવવી; પ્રકૃતિ યુદ્ધને વિષે પ્રવર્તનારી તેને અહિંસા એ ધર્મવિચારે અટકાવી યુદ્ધ ન કરવું જોઈએ; એવો અર્જુનનો ભાવ જાણી કૃષ્ણે કહ્યું તારી પ્રકૃતિ યુદ્ધવિષે જનારી તો તે પ્રકૃતિને માટે શાસ્ત્રોક્ત જે ધર્મ છે તેનું જ આચરણ કર; અહિંસા એ ધર્મ તારી પ્રકૃતિવાળાને માટે નથી; એ ધર્મ બ્રાહ્મણને અવશ્ય પાળવાનો છે. અહિંસારૂપ ધર્મ તું મોહથી પાળવા જઈશ પણ તારી પ્રકૃતિ તારી પાસે બલાત્કારે યુદ્ધ કરાવશેજ.

લાગતા પારકા ધર્મથી સદોષ ભાસતો પોતાનો ધર્મ ભલો;
પારકા ધર્મના આચરણથી નરકલક્ષણફળ પમાય.]

अर्जुन उवाच ॥

अथ केन प्रयुक्तोयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नापि वार्ष्णेय बलादिव नियोजितः ॥३६॥

પણ બળથી યોજેલ વર્ત, કૃષ્ણ, ન ઇચ્છે તોય;
પુરૂષ આચરે પાપ, એ, કોણે પ્રેરિત હોય. ૩૬

કહિયે પ્રેરે કૌનકે, પુરૂખહિ કરત જુ પાપ;
યાકોં ઇચ્છા નાહિં પુનિ, કર્મ દેત સંતાપ. ૩૬

૩૬ હે કૃષ્ણ! [વિવેકબળે અનર્થરૂપ પાપ કરવાને] ઈચ્છા ન કરતો છતે બળાત્કારે યોજાયલો થાય તે કોનો પ્રેરેલો પાપકર્મ આચરે છે?

श्रीभगवानुवाच ॥

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनामिह वैरिणम् ॥३७॥

રજોગૂણથી થાય એ, કામ, ક્રોધ પણ એજ;
મહા પાપિ બહુ અહારિ, અહિં, જાણ શત્રુ એનેજ. ૩૭

યહ જુ કામ અરૂ ક્રોધ હૈ, રજો ગુણહિતેં હોય;
કબહૂ પૂરન હોઇ નહીં, પાપીકોં અરિ જોય. ૩૭

૩૭ એ પ્રેરણા કરનાર કામ (છે; ને એ અતૃપ્ત થયે) એજ ક્રોધ છે, રજોગુણથી ઉપજેલો. મોટું ભોજન (વિષયભોગરૂપ] જેનું, મહાપાપરૂપ, મોક્ષમાર્ગમાં વેરી એવો એને જાણ.

धूमेनाव्रियते वन्हिर्यथाऽऽदर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥३८॥

છાદિત અગ્ની ધૂમથિ, દર્પણ મલથી જેમ;
ગર્ભ જરાયૂયેં કરી, જ્ઞાનજ તેણે એમ. ૩૮

અગિન ઢકયો જ્યો ધૂમસોં, દર્પણ મૈલકે માય;
ગર્ભ તંતુ જાલસોં ઢકયો, ત્યોં યહ તાહી ભાય. ૩૮

૩૮ જેમ ધુમાડે અગ્નિ (ને) મળે દર્પણ વેષ્ટિત થાય, જેમ ગર્ભ પડદે ઢંકાયલો હોય તેમ કામે જ્ઞાન આચ્છાદિત છે.

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौंतेय दुष्पूरेणानलेन च ॥३९॥

નિત્ય વૈરિ એ જ્ઞાનિનો, કામ રૂપ દુષ્પૂર્ણ;
અગ્ની, તેણે ઢાંકિયૂં, જ્ઞાન પાર્થ સંપૂર્ણ. ૩૯

ગ્યાનદિકો અગ્યાન ઇન, બૈરી રાખ્યો ઢાપિ;
કામસુ દુઃસહ અગ્નિ હૈ, સકે ન કોઊ ધાપિ. ૩૯

૯ એ સદાના વેરીએ જ્ઞાનીનાં જ્ઞાનને આવરી મૂક્યું છે. હે કૌંતેય! કામરૂપ ન ધરાતા એવા અગ્નિયેજ.

इंद्रियाणि मनो बुद्धिरस्याधिष्टानमुच्यते ।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ॥४०॥

એને, મનમતિ ઈંદ્રિયો, આશ્રય, તેણે સાર;
કરે જીવને મોહ એ, ઢાંકિ જ્ઞાન નિરધાર. ૪૦

ઇંદ્રિય મન અરૂ બુદ્ધિ હૈ, એહિ ઠૌર કોં જાન;
ઇન કરિકેં નાસત જુહે, ગ્યાનહુકો અગ્યાન. ૪૦

૪૦ એને [કામને] ઈંદ્રિયો, મન, બુદ્ધિ એ આશ્રય સ્થાન કહિયે; (કામ) ઈંદ્રિયાદિકે જ્ઞાનને ઢાંકી જીવને મોહ પમાડે છે.

तस्मात्त्वमिंद्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥४१॥

માટે ઇંદ્રિયને પ્રથમ, વશ કરિ એને મૂક;
ટળે જ્ઞાન વિજ્ઞાન, એ પાપીથીજ અચૂક. ૪૧

અર્જુન તાતેં પહિલહી, તૂં ઇંદ્રિયનકો રોંક;
હરત જ્ઞાન વિજ્ઞાન જો, સોં યહ પાપી ઠોંક. ૪૧

૪૧ હે શ્રેષ્ઠ ભારત! માટે તું પ્રથમ ઈંદ્રિયોને નિયમમાં રાખી જ્ઞાનવિજ્ઞાનના નાશ કરનાર કામનો અવશ્ય નાશ કર.

इंद्रियाणि पराण्याहुरिंद्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥४२॥

વિષય થકી પર ઈંદ્રિયો, છે પર એથી મન;
મનથી પર બુદ્ધીજ છે, પર તેથી આત્મંન. ૪૨

ઈંદ્રિયાં સુતનતેં પરેં તિનકેપર મન જોય;
મનકેં પરે જુબુધ્ધિ હૈ, તાપેં આતમ સોય. ૪૨

જ્ઞાનેંદ્રિયો તે દેહના બીજાં અંગોથકી શ્રેષ્ઠ, મનથકી બુધ્ધિ શ્રેષ્ઠ (ને) બુધ્ધિથકી જે પર તે તો આત્માજ છે.

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥४३॥

એમ જાણિ પર, બુદ્ધિથી, કરિ મન ધીયે સ્થીર;
જીત દૂરાસદ શત્રુ એ, કામરૂપ રણધીર. ૪૩

આતમ લખિ બુદ્ધિ તેંપરે, મનકોં કરિ બસમાહ;
કામરૂપ અરિ દુઃસહ હૈ, મારિ ડારોનરનાહ. ૪૩

૩૪ એ પ્રકારે બુધ્ધિથકી પરને [આત્માને] જાણી આત્માએ [શુધ્ધ-

બુદ્ધિ કરીને] આત્માને [પોતાના મનને] નિશ્ચળરૂપ કરીને કામજ છે રૂપ જેનું એવા (વળી) દુઃખે કરીને પણ સાધ્ય ન થઇ શકે એવા શત્રુનો નાશ કર.

ઇતિશ્રી ભગવદ્ગીતા ઉપનિષદ્માં બ્રહ્મવિદ્યાને વિષે યોગ શાસ્ત્ર સંબંધી શ્રીકૃષ્ણાર્જુનના સંવાદમાં કર્મયોગ નામનો ત્રીજો અધ્યાય ॥ ૩ ॥

અધ્યાય ૪ થો.

श्रीभगवानुवाच ॥

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥ १ ॥

કહ્યો સૂર્યને યોગ આ, અવ્યય, મેં નિરધાર,
સૂર્યે મનુને તેમણે, ઇક્ષ્વાકૂને સાર. १

यह जोग है मैं कह्यो, पहिले रविसों जोय;
तिनकु तबे मनुसों कह्यो, मनु इक्ष्वाकु सिकाय. १

१ કાળે નાશ ન પામે તેવો યોગ [કર્મયોગ] મેં પૂર્વે સૂર્યને, સૂર્યે મનુને (ને) મનુએ ઇક્ષ્વાકુને કહ્યો હતો.

एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः ।
स कालेनेह महता योगो नष्टः परंतप ॥ २ ॥

રાજર્ષી જાણેછ, ઇમ, પ્રાપ્ત પરંપર એહ,
મહત કાળના અંતરે, નાશ થયો છે જેહ. २

પરંપરાયા જોગકો, જાનત હૈ ઋખિ રાય;
દિન બહુત બીતે ગયે, સોઉં જોગ નસાય. ૨

૨ એમ પરંપરાપ્રાપ્ત એ યોગ રાજર્ષિયોએ જાણ્યો હતો; હે શત્રુતાપ! આ લોકમાં તે યોગ કાળેકરીને નષ્ટ થયો.

स एवायं मया तेऽद्य योगः प्रोक्तःपुरातनः ।
भक्तोसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥ ३ ॥

તેજ પુરાતન યોગ આ, રહસ્ય ને ઉત્તમ
કયો તને મેં આજ, તું, ભક્ત સખા સત્તમ. ૩

વહે પુરાનો જોગ મૈ, તોકોં દિયો બતાય;
જાતેં તૂં મોમીત હૈ, ઔર હુ ભક્ત ન ભાય. ૩

૩ તેજ એ પુરાતન યોગ આજ મેં તુંને કહ્યો; તું ભક્ત છે વળી મારો સખા છે માટે; એ ઉત્તમ રહસ્ય (છે.)

अर्जुन उवाच ॥

अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ।
कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ॥ ४ ॥

જન્મ આપનો આ સમય, સૂર્ય તણો તો પહેલ,
હું એ જાણું કેમ, જે, આપે પ્રથમ કહેલ. ૪

તુમતો પ્રગટહો અબે, રવીપુરાતન દેવ;
તુમહી કબતાસોં કહ્યો, જાનો ચાહત ભેવ. ૪

૪ તારો જન્મ આ કાળે (ને) સૂર્યનો પૂર્વ કાળમાં (તો) તેં પ્રથમ કહ્યો એમ હું કેમ જાણીશકું?

श्रीभगवानुवाच ॥

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ॥ ५ ॥

થયા જન્મ મુજ બહુ વલી, તારા પણ કૌંતેય,
જાણું હું તે સર્વને, તું જાણે નહિ જેય. ૫

તેરે અરુ મેરે જનમ, બીત ગયે બહુ વાર;
તૂં તિનકો જાનત નહીં, હૌં જાનત નિરધાર. ૫

૫ હે અર્જુન ! મારા (ને) તારા બહુએ જન્મ થઇ ગયા છે; શત્રુતાપ! તે સર્વ હું જાણું છું [અનાવૃતજ્ઞાનશક્તિયે] તું નથી જાણતો [ધર્માધર્મની ભેદ બુદ્ધિને લીધે.]

अजोपि सन्नाव्ययात्मा भूतानामीश्वरोपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ॥ ६ ॥

અજ, અવિનાશી, ઇશ હું, ભૂતોનો, પણ સાર,
સ્વીકારી નિજ પ્રકૃતિ મેં, ઇચ્છાયે અવતાર. ૬

અજ અવિનાશી પ્રગટ હૌં, જગત ઇશ કરતાર;
આપની ઇચ્છા તેં લહો, સત્ત મુગત અવતાર. ૬

* ૬ હું નાશરહિત, જન્મરહિત, પ્રાણીઓનો નિયંતા છતે પોતાની પ્રકૃતિનો આશ્રય કરીને (શુદ્ધસત્વ ગુણવાળી અતિ પ્રકાશતી આકૃતિ ધરીને] ઉત્પન્ન થાઉં છું આત્મમાયાએ [સ્વેચ્છાએ.]

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥ ७ ॥

થાયજ હાની ધર્મની, જ્યારે ભારત વીર,
વૃદ્ધી થાય અધર્મની, ત્યારે ધરૂં શરીર. ૭

અર્જુન હાનિ સુજગતમેં, પરે ધરમકે ભાય;
બઢત અધર્મ જહાં જહાં, તબ હોં જનમત આય. ૭

* આત્મમાયાયે અવતારલેઉં—બીજા જીવની પેઠે કાળ કર્મમાયાને વશ થઇ નહિ.

૭ હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ [ક્ષીણતા] (ને) અધર્મની
અધિકાઈ થાય છે ત્યારે હું પોતે શરીર ધારણ કરૂં છું.

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ ८ ॥

કરવા રક્ષા સાધુની, પાપીયોને ઠાર,
ધર્મ સ્થાપવા હું ધરૂં, યુગ યુગમાં અવતાર. ૮

સાધુનકી રચ્છા કરોં, પાપિ ન ડારોં માર;
થાપત રીત સુધરમકી, જુગ જુગ માહિ બિચાર. ૮

૮ સાધુનું સર્વ પ્રકારે રક્ષણ કરવાને, પાપીઓનો નાશ કરવાને
યુગે યુગે અવતાર લઉં છું.

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥ ९ ॥

જાણે તત્વથિ દિવ્ય મુજ, જન્મ કર્મ ઇમ જેહ,
દેહ તજી પામે મને, નહિ ફરિ જન્મે તેહ. ૯

મેરે જનમરુ કરમકોં, તત્વ લહે જો જાન;
દેહ તજે મોકોં મિલે, બહુ રિન જનમે આન. ૯

૯ હે અર્જુન ! મારૂં જન્મ ને કર્મ એ પ્રકારે દિવ્ય [અલૌકિક, કેવળ
લોકના અનુગ્રહનેજ માટે] જે કોઈ તત્વથી [યથાર્થ] જાણે તે
દેહ છોડ્યા પછી [દેહાભિમાન છોડી દીધાને લીધે] ફરીથી
જન્મ લેતો નથી, મારીજ પાસે આવે છે.

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥ १० ॥

મૂકિ રાગ ભય ક્રોધને, મુજ આશ્રિત મુજબુદ્ધ,
બહુ પામ્યા મુજ ભાવને, જ્ઞાન તપેં થઇ શુદ્ધ. ૧૦

રાગ ક્રોધ ભય તજે, મો મેં રાખે ભાય;
બહુત જ્ઞાનિ તપ કરિ ગયે, મોહિ માંઝ સમાય. ૧૦

૧૦ રાગ ક્રોધ ભય ગયલાં જેનાં એવા, મારે વિષે એકનિષ્ઠ એવા, મારોજ આશ્રય કરી રહેલા એવા, જ્ઞાનતપે પવિત્ર એવા ઘણાંક જણ મારા ભાવને [સાયુજ્યને] પામ્યા.

ये यथा मां प्रपद्यंते तांस्तथैवभजाम्यहम् ।
मम वर्त्मानुवर्त्तंते मनुष्याः पार्थ सर्वशः ॥ ११ ॥

જેપ્રકારે મુજને ભજે, તેમ ભજું હું સાર,
પાર્થ ભજે સૌ માનવો, મુજને સર્વ પ્રકાર. ૧૧

જો મોકોં જૈસે ભજે, તાકોં ત્યોં ફલ દેત;
અર્જુન નર સબ જગતમો, મોમારગ ગહિ લેત. ૧૧

* ૧૧ જેઓ જે પ્રકારે [સકામ જૂદી જૂદી ઈચ્છાએ કે નિષ્કામ] મને ભજે છે તેઓને તેવુંજ ફળ આપી અનુગ્રહ કરૂં છું; પાર્થ! મનુષ્યો સર્વ પ્રકારે મારાજ ભજનમાર્ગમાં વર્ત્તે છે.

कांक्षंतः कर्मणां सिद्धिं यजंत इह देवताः ।
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा ॥ १२ ॥

અહીંજ દેવોને ભજે, કર્મસિદ્ધિ ઇછનાર,
થાય પાર્થ આ લોકમાં, કર્મસિદ્ધિ તત્કાળ. ૧૨

કરમ સિદ્ધિકી ચાહ કરી, પૂજત દેવ ન લોય;
કરમ કિયે નર લોકમેં, સિદ્ધિ બે ગહિ હોય. ૧૨

† ૧૨ આ લોકમાં કર્મની સિદ્ધિના ઈછાવંત (જે) દેવતાઓને યજે છે (તેઓને) કર્મજન્ય સિદ્ધિ વહેલીજ થાય છે.

---

* જેઓ ઈંદ્રાદિ દેવતાને સેવે છે તેઓ મનેજ સેવે છે કેમકે તેઓ મારીજ વિભૂતિ છે, હું સર્વવ્યાપી સર્વરૂપમય છું.

† મારો સાક્ષાત સેવા જ્ઞાનપાળવાની કઠિણ હોવાથી તેનું ફળ મોડું મળે છે.

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।
तस्य कर्त्तारमपि मां विद्ध्यकर्त्तारमव्ययम् ॥ १३ ॥

ગુણ કર્મોના ભેદથી, સૃજી જાત મેં ચાર,
કર્ત્તા તેનો પણ મને, અકર્ત્તા અવ્યય ધાર. ૧૩

ચાર બરન મૈ રચે કરિ, ગુન અરૂ કરમ બિભાગ;
અકરત કર્ત્તા હો રહોં, નહિ મોહે અનુરાગ. ૧૩

૧૩ મેં ગુણકર્મ વિભાગે ચાર વર્ણ [બ્રાહ્મણાદિ] ઉત્પન્ન કીધા; તેનો કર્ત્તા છતે મને અકર્ત્તા, અવ્યયજ જાણ.

न मां कर्माणि लिंपंति न मे कर्मफले स्पृहा ।
इति मां योऽभिजानाति कर्मभिर्न स बद्ध्यते ॥ १४ ॥

કર્મ મને લેપે નહીં, નહિ ઇચ્છા ફલમાંય,
જાણે મુજને એ રિતે નહિ કર્મે બંધાય. ૧૪

કરમ ન મોં કોં લગત હૈ, મોહિ ન ફલકી ચાહ;
ઐસે જો મો કોં લખે, કરમ ન બાંધત તાહ. ૧૪

૧૪ મને કર્મ લેપતાં નથી, કર્મફળને વિષે મારે સ્પૃહા નથી એમ જે મને જાણે તે કર્મ કરીને બંધાતા નથી.

एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ।
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥ १५ ॥

કર્યાં પૂર્વ મુમુક્ષુયે, કર્મો જાણી એમ
માટે તું પણ પૂર્વથી, થતાં કર્મ કર તેમ. ૧૫

જે ચાહત હૈ મુક્તિકોં, કરમ કરે મનભાય;
ત્યોંહી કરમ કરો સદા, પહિલનકો મતપાય. ૧૫

* ૧૫ એ પ્રકારે જાણીને પૂર્વે મુમુક્ષુ જનોએ પણ કર્મ કીધાં છે માટે તું પૂર્વે થઇ ગયલાએ બહુ પૂર્વે જે કીધું તે કર.

किं कर्म किमकर्मेति कवयोप्यत्र मोहिताः ।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात्॥ १६ ।

શું અકર્મને કર્મ છે, કવિ પણ એમાં મોય,
તુજને કાં તે કર્મ જે, જાણિ અશુભને ખોય. ૧૬

કૌન અકરમ સુકરમ કો, રહતજુ પંડિત મોહ;
મુક્ત હુજ સોઇ કર્મ મેં, કહે દેત હોં તોહ. ૧૬

૧૬ કર્મ શું અકર્મ શું એ વિષયમાં પંડિત પણ મોહ પામ્યા છે. હું તે કર્મ તુંને કહીશ કે જેને જાણીને તું અશુભથકી [સંસારથકી] મુક્ત થઈશ.

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥ १७ ॥

કર્મ તથા વીકર્મનું, તત્વ જાણવા યોગ્ય,
અકર્મનું પણ એમ, એ, કર્મગતી દુર્બોધ્ય. ૧૭

જાકે હીયે કરમ હૈ, ઔર વિકરમ સુભાય;
સુનિ અકરમ ગતિ જેચહે, ગહન કરમકે દાય. ૧૭

૧૭ વિહિત કર્મ શું તે જાણવું, વિકર્મ-નિષિદ્ધકર્મ તે પણ જાણવું વળી અકર્મ (શાસ્ત્રોક્ત રીતિયે તત્વ જ્ઞાનવાને કર્મનો ત્યાગ કરવો] તે જાણવું યોગ્ય છે, કર્મની ગતિ ગહન (છે.)

कर्मण्यकर्म यः पश्येदकर्माणि च कर्म यः ।
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत्॥ १८ ॥

---

* જ્ઞાનપ્રાપ્તિના કાળની પહેલાના કાળમાં પૂર્વજોએ કર્મ કીધાં છેજ, તેમ તું પણ કર.

જે અકર્મ તો કર્મમાં, કર્મ અકર્મમાં જોય,
શ્રેષ્ઠ યોગિ તે લોકમાં, સર્વ કર્મકૃત હોય. ૧૮

કરમન માંઝ અકરત જેં, લખે અકરમન કરમ;
બુદ્ધિવંત તિન સબકિયો, મટે મનકે ભરમ. ૧૮

* ૧૮ કર્મને વિષે અકર્મ ભાવે (ને) અકર્મને વિષે કર્મ ભાવે જે જોય તે મનુષ્યમાં બુદ્ધિમાન્; તે યુક્ત [યોગી] હોઇને સર્વ કર્મકર્તા (જાણવો.)

यस्य सर्वे समारंभाः कामसंकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पंडितं बुधाः ॥ १९ ॥

જેના સૌ આરંભ છે, ફલ સંકલ્પ રહીત,
જ્ઞાન વડે તે શુદ્ધને, જ્ઞાની કહે પંડીત. ૧૯

જાકે સબ આરંભ નિજ, બિના કામના હોત;
તાસો પંડિત કહત જિન, દેહ કરમકો ગોત. ૧૯

* ૧૯ જેનાં સર્વે કર્મ કામસંકલ્પે વર્જિત છે, (જેણે) જ્ઞાનાગ્નિયે કર્મને બાળી નાખ્યાં છે તેને જ્ઞાનિયો પંડિત કહે છે.

त्यक्त्वा कर्मफलासंगं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः ॥ २० ॥

---

* આત્મા તો અકર્મ છે—હું કંઈ કરતો નથી—એમ કર્મની અભાવબુદ્ધિયે અભિમાનરહિત• થઇ દેહના ધર્મે થતાં કર્મ કરે, વળી મિથ્યા માનેલાં કર્મ છતે પણ જ્ઞાનપ્રાપ્તિના સાધનરૂપ જાણી તેને કરે તે બુદ્ધિમાન્. ઇશ્વરાર્પણ કર્મ તે અકર્મજ છે માટે તે કરવું; વળી શાસ્ત્રવિહિત કર્મ ન કરવાથી દોષ લાગે માટે તેન કરવાં એ જે અકર્મ તેને વિષે કર્તવ્યબુદ્ધિ રાખવી અર્થાત્ જેમાં જ્ઞાનપ્રાપ્તિવિષયમાં બાધ ન આવે તેવાં કર્મ કરવાં. સારાંશ કે જે કર્મનું બંધન નહિ તે અકર્મ અને એકર્મથી—કર્મ ન કરવાથી દોષ છે માટે કરવુંજ તે કર્મ એમ જે સમજે છે તે ખરૂ સમજે છે.

* કર્મઅનુષ્ઠાનદ્વારા ચિત્તશુદ્ધિયે તથા તત્વને વિચારે જ્ઞાનાગ્નિ પ્રગટ થાય છે.

મૂકિ કર્મ ફલ સંગ, વિણ આશ્રય, તૃપ્ત હમેશ,
કર્મ કરે જો કે સદા, તોય કરે નહિ લેશ. ૨૦

કર્મ ફલ ન છોડે સદા, તૃપતિ કરે નહિ આસ;
તાકોં કરમન કરતહી, લગે ન ભવકી ફાંસ. ૨૦

૨૦ કર્મફળની આસક્તિનો ત્યાગ કરી નિત્ય તૃપ્ત, નિરભિમાન રહી કર્મને વિષે પ્રવર્તે તો તે કાંઈ કર્મ કરતો નથી [એમ જાણવું.

निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः।
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥ २१ ॥

વશમન, આશા રહિત નર, મૂકિ સર્વ સંસાર,
શરિર કર્મ કરતાંજ, નહિ પામે પાપ લગાર. ૨૧

જીતે ઇંદ્રિય દેહ મન, કામ પરિગ્રહ જાય;
દેહ કાજ કરમન કરત, પાપ ન લાગત તાય. ૨૧

૨૧ આશા વિનાનો ચિત્તદેહાદિ વશ રાખ્યાં છે જેણે, સકળ વિષયભોગ તજેલા છે જેણે એવો જે કેવળ [કર્ત્તાપણાનું અભિમાન ટાળી] શરીરસ્થિતિના નિભાવને માટેજ કર્મ કરે છે તે કર્મબંધન-પાપને પામતો નથી.

यदृच्छालाभसंतुष्टो द्वंद्वातीतो विमत्सरः।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते ॥ २२ ॥

સંતુષ્ટ દૈવકૃત લાભથિ, વૈર દ્વંદ્વ વિણ જેહ,
સમ વલિ સિદ્ધિ અસિદ્ધિ, તો, કરી કર્મ છુટેહ. ૨૨

જથા લાભ સંતોખજો, સુખ દુ:ખ ન ગનત દોઇ;
સિદ્ધિ અસિદ્ધી એકકી, કરમ નિબંધ ન હોઇ. ૨૨

૨૨ માગ્યાવિના પોતાની મેળે પ્રાપ્ત થયલા લાભમાં સંતુષ્ટ, દ્વંદ્વભાવરહિત [શીતઉષ્ણ, હાનિલાભ, પ્રીતિવેર એની સ્પૃહા

ન રાખનારો,] મત્સર વિનાનો, સિધ્ધિઅસિધ્ધિને વિષે સમાનવૃત્તિવાળો તે કર્મ કરતો છતે પણ બંધન નથી પામતો.

गतसंगस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥ २३ ॥

જ્ઞાની, મુક્ત, અસંગિ જે, યજ્ઞ માટે કરનાર,
કર્મ બધાં તો, તે તણાં, લય પામે નિરધાર. ૨૩

વસે સબે જો કામના, જ્ઞાન લગાવે ચીત;
યજ્ઞ કાજ કરમન કરે, સોન બાંધિયે મીત. ૨૩

*૨૩ આસક્તિ રહિત, કામક્રોધથી મુક્ત, બ્રહ્મજ્ઞાનમાં ચિત્ત રાખનારો, યજ્ઞને અર્થે આચરણ કરે તેનાં કર્મ વાસનાસમેત વિલીન થઇ જાય છે [અકર્મરૂપ થાય છે.]

ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गंतव्यं ब्रह्मकर्मसमाधिना ॥ २४ ॥

બ્રહ્માર્પણ બ્રહ્માગ્નિમાં હુત બ્રહ્મે, હવિ બ્રહ્મ,
બ્રહ્મકર્મ સામધ્યિયે, પમાય તેણે બ્રહ્મ. ૨૪

હોમ અગ્નિ સબ બ્રહ્મ હૈ, અરપી બ્રહ્મી જ્ઞાન;
જાઈ બ્રહ્મસેં સો રહે, કરમ સમાધિ સ્થાન. ૨૪

† ૨૪ બ્રહ્મ સ્રુકસ્રુવાદિ, બ્રહ્મ હોમદ્રવ્ય; બ્રહ્મ અગ્નિવિષે, બ્રહ્મરૂપ કર્ત્તાએ હોમેલું, બ્રહ્મરૂપ કર્મને વિષે એકાગ્રચિત્તે (તે) બ્રહ્મનેજ પહોંચે છે.

---

* યજ્ઞાય એટલે યજ્ઞકર્મના રક્ષણને અર્થે, લોકશિક્ષાને અર્થે, ઇશ્વરભક્તિને અર્થે ઇત્યાદિ.

† કીધું કર્મ ભોગવ્યા વિના ક્ષીણ થતું નથી એ નીતિ ઉપર કયેલા બ્રહ્મજ્ઞાનીના કર્મને લાગુ પડતી નથી કેમકે તે પોતે પોતાનાં સર્વકર્મસહિત બ્રહ્મજ છે. દેહધારી રૂપે તે પૂર્વજન્મના કર્મ ભોગવી લે પણ કલેશ પામીને નહિ અને દેહ પડયા પછી તો તેને ફરી જન્મ લેવાનોજ નહિ.

दैवमेवापरे यज्ञं योगिनः पर्युपासते ।
ब्रह्माग्नावपरे यज्ञं यज्ञेनैवोपजुव्हति ॥ २५॥

કરે દૈવ યજ્ઞજ વલી, કર્મયોગિ જે હોય,
બ્રહ્માગ્નીમાં યજ્ઞને, યજ્ઞે હોમે કોય. ૨૫

દેવનિ કોઈ ભજત હૈ, કરે યજ્ઞ બહુ ધાય;
એક બ્રહ્મમેંય જરત હૈ, જ્ઞાન જોગકે દાય. ૨૫

* ૨૫ વળી કોઈ કર્મયોગી તે ઈંદ્રાદિદેવપ્રીત્યર્થે યજ્ઞનું [જ્યોતિષ્ટોમાદિકનું] શ્રદ્ધાએ અનુષ્ઠાન કરે છે (ને) કોઈ જ્ઞાનયોગી બ્રહ્મરૂપ અગ્નિવિષે બ્રહ્મરૂપ સકળ કર્મને બ્રહ્માર્પણવિધિયે હોમી દેછે.

श्रोत्रादीनींद्रियाण्यन्ये संयमाग्निषु जुव्हति ।
शब्दादीन्विषयानन्य इंद्रियाग्निषु जुव्हति ॥ २६ ॥

બીજા સંયમ અગ્નિમાં, હોમે શ્રોત્રાદીય,
ઈંદ્રિયાગ્નિમાં અન્ય વલિ, હોમે શબ્દાદીય ૨૬

એકજુ હોમત ઇંદ્રિયન, સંજમ અગ્નિ સ્વરૂપ;
બિખયન હોમત એકજુ,ઇંદ્રિય અગ્નિ અરૂપ. ૨૬

†૨૬ બીજા તે ઇંદ્રિયનિયમરૂપ અગ્નિમાં શ્રોત્રાદિક ઈંદ્રિયોને હોમે છે [નિયમજ પ્રધાન એવા નૈષ્ઠિક બ્રહ્મચારી આદિક] (અને) બીજા ગૃહસ્થાદિક] તે શબ્દાદિ વિષયને ઈંદ્રિયરૂપ અગ્નિમાં હોમેછે.

सर्वाणींद्रियकर्माणि प्राणकर्माणि चापरे।
आत्मसंयमयोगाग्नौ जुव्हति ज्ञानदीपिते ॥ २७ ॥

---

* બ્રહ્મ–તત્પદમાં પ્રત્યગાત્મા–ત્વંપદને અભેદબુદ્ધિયે એકરૂપ જાણે છે.

† શાસ્ત્રવિરુદ્ધ વિષયનું જે અગ્રહણ તે હોમ. ઈંદ્રિયોને વિષે ભોગ ભોગવે પણ આસક્તિ રહિત.

ઈદ્રી પ્રાણના, કર્મ સૌ, અન્યે હોમ કરાય,
આત્મસંયમ અગ્નિ જે, જ્ઞાન દીપ્ત તેમાંય ૨૭

જે સબ ઇંદ્રિન કે કરમ, ઔર કરમ સબ પ્રાણ;
હોમત સંજમ અગિનમેં, પ્રગટ કરે ચિત જ્ઞાન. ૨૭

૨૭ બીજા [ધ્યાનનિષ્ઠ] સર્વેદ્રિયકર્મને તથા પંચપ્રાણના વ્યાપારને જ્ઞાને કરીને પ્રજ્વલિત એવા ચિત્ત એકાગ્રયોગરૂપ અગ્નિમાં હોમે છે–[લીન કરે છે].

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथाऽपरे ।
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ॥ २८ ॥

દ્રવ્ય, યોગ, તપરૂપ વલિ, યજ્ઞ કરે બહુ જાણ,
વેદજ્ઞાન રૂપ યજ્ઞ તો, બીજા યતિ વ્રતવાન ૨૮

એક યજત હૈ દ્રવ્ય સોં, એક તપસ્યા જોગ;
એકજુ પઢત બેદહિ યજે, એક જતનસોં લોગ. ૨૮

૨૮ દ્રવ્યત્યાગ–દાનરૂપ યજ્ઞ કરનારા, તપયજ્ઞ કરનારા (કૃચ્છ્રચાંદ્રાયણાદિ), યોગયજ્ઞ કરનારા (પ્રાણાયામ અને નેતી ધોતિ ઇ.), બીજા વેદાધ્યયન તથા શાસ્ત્રજ્ઞાન એરૂપ યજ્ઞ કરનારા (કેવા) પ્રયત્નશીલ ને તીક્ષ્ણ વ્રતવાળા (હોય છે).

अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथाऽपरे ।
प्राणापानगती रुद्ध्वा प्राणायामपरायणाः ॥ २९ ॥

વલિ કો પ્રાણાયામિયો, રૂંધી પ્રાણ અપાન,
અપાન હોમે પ્રાણમાં, તેમ અપાને પ્રાણ. ૨૯

હોમ અપાનહિ પ્રાણમેં, પ્રાણ અપાનહિ માંહ;
પ્રાણ અપાનમેં રોકિકેં, રહતજુ હૈ નરનાહ. ૨૯

* ૨૯ (કોઈ યોગી) અપાનને વિષે પ્રાણ હોમે છે [પૂરક પ્રાણાયામ કરે છે], પ્રાણને વિષે અપાન હોમે છે [રેચક પ્રાણાયામ કરે છે] ને બીજા તે પ્રાણ અપાનની ગતિ રૂંધીને પ્રાણાયામમાં તત્પર રહે છે [કુંભક પ્રાણાયામ કરે છે]

अपरे नियताहाराः प्राणान्प्राणेषु जुव्हति ।

सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥ ३० ॥

નિયત અહારિ કો પ્રાણમાં, પ્રાણજ હોમી દેય
યજ્ઞે શુદ્ધ થયેલ સૌ, યજ્ઞવીદ છે એય. ૩૦

પ્રાણનંહી મે પ્રાણકો, હોમતજી આહાર;
જે સબ જાત યજ્ઞકોં, મેટે પાપ વિકાર. ૩૦

૩૦ વળી આહારને ઓછો કરવાવાળા તે ઈંદ્રિયોને વિષે શબ્દાદિ વિષયને હોમે છે. યજ્ઞે કરી ક્ષીણ કીધાં છે પાપ જેણે એવા તે સર્વે યજ્ઞ જાણનારા છે.

यज्ञशिष्टामृतभुजो यांति ब्रह्म सनातनम् ।

नायं लोकोस्त्ययज्ञस्य कुतोन्यः कुरुसत्तम ॥ ३१ ॥

યજ્ઞશિષ્ટ અમૃત ભુજી, પામે શાશ્વત બ્રહ્મ,
અયજ્ઞિને આ લોક નહિ, કેમ અન્ય, સત્તંમ. ૩૧

યજ્ઞશેષ અમૃત ભખે, હોત બ્રહ્મમેં લીન;
યહ લોકોં બિન યજ્ઞ નહિ, પરલોકસુ હૈ છિન્ન. ૩૨

૩૧ યજ્ઞ કરી શેષ રહેલું (જેને) અમૃત (કહીએ) (તેને) ખાનાર (તે) બ્રહ્મસનાતનને પામે છે. હે કુરૂકુળ શ્રેષ્ઠ! યજ્ઞરહિતને આલોક નથી (તો) પરલોક ક્યાંથી?

---

* શરીરમાંના પ્રાણ વાયુની વૃત્તિ બહાર નિકળવાની ને બહારના અપાન વાયુની વૃત્તિ અંતરમાં પ્રવેશ કરવાની છે. અથવા ઉર્ધ્વ ગતિવાળો તે પ્રાણવાયુ ને અધોગતિવાળો તે અપાનવાયુ.

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान्विद्धि तान्सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ॥३२॥

કયા વેદના મુખ વિશે, બહુ વિધ યજ્ઞો એમ,
કર્મજ સર્વે જાણ તે, છુટિશ જાણી તેમ. ૩૨

બહુ ભાંત વેદન કહે, યજ્ઞ સબહુતેં માન;
તે સબ જાન્યો કરમતેં, લહે મુગત સુખ ખાન. ૩૨

૩૨ એમ નાનાપ્રકારના યજ્ઞ વેદમુખમાં વિસ્તારેલા છે તે સર્વને કર્મ જન્ય જાણ; એમ જાણી [જ્ઞાનનિષ્ઠ થઇ] મુક્ત થઇશ.

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप ।
सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥३३॥

પાર્થ દ્રવ્યમય યજ્ઞથી, જ્ઞાન યજ્ઞ વીશેષ,
સમાય સર્વે જ્ઞાનમાં, અર્જુન કર્મ અશેષ. ૩૩

દ્રવ્ય યજ્ઞતેં હૈ બડો, જ્ઞાન યજ્ઞ યહ દાય;
જિતે કરમ બેદન કહે, જ્ઞાનહુ રહત સમાય. ૩૩

૩૩ હે શત્રુતાપ ! દ્રવ્યવિકારી યજ્ઞથકી જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે. હે પાર્થ ! સર્વ કર્મ ફળરહિત હોઇને જ્ઞાનમાં સમાપ્તિ પામી જાય છે.

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यंति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥३४॥

કરિ સેવા પ્રણિપાત વલિ, પ્રશ્ન કરીને જાણ,
તત્વ દર્શિ જે જ્ઞાનિ તે, કહેશે તુજને જ્ઞાન. ૩૪

કીજે બહુતે નમ્રતા, પ્રસન્ન સેવા ભાંતિ;
તે જ્ઞાની ઉપદેસ હૈ, જ્ઞાનસુ [illegible] યહ શાંતિ. ૩૪

*૩૪ (જ્ઞાનીને) નમ્રતાથી પ્રણામ કરી, પ્રશ્ન કરી, સેવા કરી તે જ્ઞાનને જાણ. તત્વદર્શી જ્ઞાની ઉપદેશ કરી તુંને જ્ઞાન સંપન્ન કરશે.

यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पांडव ।
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥३५॥

જે જાણી ઈમ મોહને, ફરિ તું નહિ પામીશ,
જેણે નિજને મુજ વિશે, ભૂત માત્ર દેખીશ. ૩૫

પાંડવ તૂં યાકે લિયે, રહિયે નહિ ફિર મોહ;
સબ જીવનકોં દેખિયેં, આપ માહિકેં મોહ. ૩૫

† ૩૫ હે પાંડવ! તે જ્ઞાન પામીને ફરી ઉપર કહ્યા તેવા મોહને તું નહિ પામે (કે) જે જ્ઞાને કરીને સર્વે પ્રાણીઓને તું તારા આત્માને વિષે જોઈશ જેમ મારે વિષે (જોય છે તેમ).

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥३६॥

જો કે પાપી સર્વથી, અધિક પાપિ હોઇશ,
તોય જ્ઞાનરૂપ નાવથી, પાપ સમુદ્ર તરીશ. ૩૬

સબ પાપિનમેં જો બડો, પાપીહું જો હોય;
જ્ઞાન નાવ ચઢિ ઉતરે, પાપ સિંધુ સમ જોય. ૩૬

‡ ૩૬ સર્વે પાપ કરનારાથકી અત્યંત પાપ કરનારો તું હોય કદાપિ તોપણ સર્વ પાપને જ્ઞાનરૂપ નૌકાએ કરી તું તરી જઈશ.

---

* ગુરૂને પ્રશ્ન કરવાં આવાં કે હું કોણ મને બંધન કેમ, મુક્તિ કેવી ઈત્યાદી

† બ્રહ્માથી તે સ્થાવર લગી સર્વે ઉત્પન્ન થયલી વસ્તુને તું તારા આત્માથી જૂદી નહી દેખ; સાક્ષાત્ પરમાત્માસ્વરૂપ જે હું ને તારો આત્મા એ બેને એકજ જોઈશ. તત્પદ ને ત્વંપદ એ બે એકજ છે એમ જાણીશ.

‡ સૂચવ્યું કે કુળક્ષયાદિનું પાપ ને બંધુ વધનું દુઃખ એ તારા વિચાર આત્મજ્ઞાને નષ્ટ થશે.

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥३७॥

બળતો અગ્ની કાષ્ટને, ભસ્મ કરે છે જેમ,
સર્વ કર્મ, જ્ઞાનાગ્નિ પણ, ભસ્મ કરે છે તેમ. ૩૭

જૈસી જ્વાલ હુતાસકી, ડારત સબહી જાર;
જ્ઞાન અગિન ત્યોં પ્રબલ હૈ ડારત સબરી જાર. ૩૭

* ૩૭ હે અર્જુન! જેમ પ્રદીપ્ત અગ્નિ કાષ્ઠાદિકને ભસ્મભૂત કરે છે તેમ જ્ઞાનરૂપ અગ્નિ તે સર્વ કર્મને બાળીને ભસ્મ કરે છે.

नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विंदति ॥३८॥

પવિત્ર નહિ આ લોકમાં, અર્જુન જ્ઞાન સમાન
યોગી કાળે મેળવે, નિજમાં પોતે જ્ઞાન. ૩૮

તીન લોકમેં જ્ઞાન સમ, પાવન નહિ કછુ ઔર;
જોગ સાધના જો કરે, લહે જ્ઞાનકી ઠૌર. ૩૮

§ ૩૮ આ જગતમાં જ્ઞાન સરખું પવિત્ર બીજું કંઈ નથીજ; કર્મયોગે સારી સિદ્ધિને પામેલો તે કાળે કરીને પોતેજ પોતાને વિષે જ્ઞાનને જાણે છે.

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेंद्रियः ।
ज्ञानं लब्ध्वा परां शांतिमचिरेणाधिगच्छति ॥३९॥

---

* માત્ર પ્રારબ્ધકર્મને નહિ, બાકી બીજાં બધાં સંચિત આગામી કર્મોને એમ જાણવું.

§ તપ, દાન, વ્રત, એથી ચિત્તશુદ્ધિ થાય પણ જ્ઞાને જેવી થાય તેવી બીજા કશાથી નહિ. પણ જ્ઞાન ક્યારે થાય કે નિષ્કામ કર્મયોગ સારો સાધ્યો હોય ત્યારે;—એવાને કાળે કરીને સહજ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

શ્રદ્ધાલૂ, વશઇંદ્રિ, વલિ તત્પર પામે જ્ઞાન,
પામિ જ્ઞાન તરતજ પછી, શાંતી પામે મહાન, ૩૯

ઇંદ્રિયજિત શ્રદ્ધા સહિત, પાવે ઐસો જ્ઞાન;
તા પાયે તતકાલહી, પામે શાંતિ સુજાન. ૩૯

૩૯ શ્રદ્ધાવાન્, એક પરમાત્મામાંજ ચિત્ત, ઈંદ્રિયના સંયમવાળો તે જ્ઞાનલાભ મેળવે છે (અને) જ્ઞાનલાભ કરી લેઈ વેહેલોજ મોક્ષ પામે છે.

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।
नायं लोकोस्ति न परो न सुखं संशयात्मनः ॥४०॥

અજ્ઞ, અશ્રદ્ધાવાન વલિ, સંશયિ પામે નાશ,
સંશયિને આ લોક નહિ, નહિ પર નહિ સુખ આશ ૪૦

જો મૂરખ શ્રદ્ધા બિન, તા કો હોય બિનાસ;
જાકો યહ સંદેહ હૈ, દોઊ લોક નિરાસ. ૪૦

† ૪૦ અજ્ઞ, શ્રદ્ધાહીન, સંશયી (તે) નાશ પામે છે; સંશયરૂપ મન જેનું તેને આ લોકમાં સુખ નથી ને પરલોકમાં સુખ નથી.

योगसंन्यस्तकर्माणं ज्ञानसंछिन्नसंशयम् ।
आत्मवंतं न कर्माणि निबध्नन्ति धनंजय ॥४१॥

યોગેં કર્મ ત્યજેલ વલિ, જ્ઞાને સંશય મુક્ત,
આત્મજ્ઞાનિને કર્મ નહિ, કરે બાધ કૈં યુક્ત. ૪૧

મોકોં અર્પૈં કર્મ કરે, કરિ સંદેહહુ દૂર;
જ્ઞાની બંધે ન કરમસોં, રહે સદા સુખ પૂર. ૪૧

† ઉપદેશ સાંભળેલો નહિ કે સાંભળેલો પણ સમજેલો નહિ તે કે ગુરૂએ ઉપદેશેલું તત્વજ્ઞાન નહિ જેને તે અજ્ઞ.

૪૧ હે ધનંજય! કર્મયોગે ત્યાગ કીધાં છે કર્મ જેણે [ફલેચ્છા રહિત થઈ ઈશ્વરાર્પણ કીધાં છે] તેને, જ્ઞાને કરીને સંશય છેદાયો છે જેનો [હું કર્તા નથી એ વિચારે દેહાભિમાન ગયું છે] તેને, પ્રમાદરહિત બુદ્ધિ થઈ છે જેની તેને કર્મ [સ્વભાવસિદ્ધ] બાંધતાં નથી.

तस्मादज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनात्मनः ।
छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ॥४२॥

માટે સંશય હૃદયમાં, અજ્ઞાને થાનાર,
છેદિ જ્ઞાનરૂપ ખડ્ગથી, ઉઠ યોગી થા સાર. ૪૨

સંદેહ જો અજ્ઞાનતેં, અપનો અર્જુન આય;
જ્ઞાન ખડ્ગસેં કાટિયે, જોગ કરે કિનતાય. ૪૨

૪૨ હે ભારત? અજ્ઞાને ઉપજેલો [ને] હૃદયમાં [બુદ્ધિમાં] સ્થિર થયલો પોતાનો સંશય (તેને) જ્ઞાન ખડ્ગે છેદીને કર્મયોગનો આશ્રયકરી ઉઠ (યુદ્ધ કરવાને.)

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ઉપનીષદ્‌માં બ્રહ્મવિદ્યાને વિષે યોગશાસ્ત્ર સંબંધી શ્રી કૃષ્ણાર્જુનના સંવાદમાં કર્મ બ્રહ્માર્પણયોગ નામનો ચોથો અધ્યાય. ॥૪॥

અધ્યાય ૫ મો.

अर्जुन उवाच ॥

संन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम् ॥१॥

કર્મ તણો સંન્યાસ વલિ, કહોછો તેનો યોગ,
એક કહો, એમાંયથી, જે નિશ્ચય શુભ જોગ. ૧

કબહુ કહત સંન્યાસકોં, કબહુ હી કરમ જોગ;
એક કહો નિહચય કરી, મીટે જિન ભવ રોગ. ૧

૧ હે કૃષ્ણ ! કર્મનો ત્યાગ ને વળી યોગ કરવાનું કહે છે એ બેમાં કલ્યાણરૂપ જે એક તે નિશ્ચયવાળું મનેકહે.

श्रीभगवानुवाच ॥

संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ॥२॥

કર્મયોગ, સંન્યાસ, એ, છે બન્ને શુભકાર,
પણ તેમાં સંન્યાસથી, અધિક યોગ છે સાર. ૨

કરમ જોગ સંન્યાસ અરૂ, દોઉ યે સુભ દેત;
કરમ જોગ સંન્યાસમેં, કરમ ન લહિયત ચેત. ૨

* ૨ કર્મસંન્યાસ ને કર્મયોગ એ બેઉ કલ્યાણકારક (છે) તેમાં કર્મ ત્યાગથી કર્મયોગ શ્રેષ્ઠ છે.

ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न कांक्षति ।
निर्द्वंद्वो हि महाबाहो सुखं बंधात्प्रमुच्यते ॥३॥

સંન્યાસી તે જાણવો, ન ઇછે દ્વેષે જેહ,
છૂટે બંધનથી સુખે, દ્વંદ્વ વિનાનો તેહ. ૩

---

* જ્ઞાનમાર્ગમાં પેહેલાને સંન્યાસ અને ન પેહેલાને યોગ એમ શ્રેય છે—તારે માટે તો યોગજ છે. જ્ઞાનરહિત જે કર્મત્યાગ તેથી કર્મયોગ ભલો. નિરભિમાન જ્ઞાનીપણ નિત્યનૈમિત્તિક કર્મોનો ત્યાગ કરતો નથી તો અભિમાની અજ્ઞાની દેહાભિમાનીએ વેદોકત કર્મ કેમ ન કરવાં? આચરવાંજ;—ચિત્તશુદ્ધિ તથા વૈરાગ્ય પામવાને.

દ્વેષ તજે ચાહહિ તજે, સો સંન્યાસી જાન;
દ્વંદ્વ રહિત હો જોરહે, તાહી છૂટત માન. ૩

૩ હે મહાબાહુ! જે દ્વેષ કરતો નથી, જે ઈચ્છતો નથી તે નિત્ય સન્યાસી જાણવો. સુખદુઃખાદિ દ્વંદ્વથી (જે) અળગો તે સંસારબંધથકી સુખે [શ્રમવિના] મુકાય.

सांख्ययोगौ पृथग्बालाः प्रवदंति न पंडिताः ।
एकमप्यास्थितः सम्यगुभयोर्विंदते फलम् ॥४॥

જ્ઞાન, યોગને કહે જુદા, નહિ પંડિત, પણ મૂર્ખ,
પામે એક સુઆચરી, ફલ બેનુંજ અમૂર્ખ. ૪

જોગ સાંખ્યકોં દો કહત, મૂરખ પંડિત નાંહિ;
દો ઉનમેં એકહિ ભજે, તેઉ ફલત હૈ તાંહિ. ૪

૪ સાંખ્ય ને યોગ જૂદા છે (એમ) બાળક બોલે છે, પંડિતો નહિ-બેમાંથી એકને સારી રીતે આચરતાં બંનેનું ફળ પામે.

यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ।
एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति ॥५॥

પમાય પદ જે જ્ઞાનિયે, યોગીયે પણ એજ,
જ્ઞાન, યોગને એક જે, જાણે જાણે તેજ. ૫

સાંખ્યજુ લહિયત જોગ તે,સોં જોગહિતે હોય;
સાંખ્ય જ્ઞાન એકે ગિને, તાકોં જ્ઞાની જોય. ૫

૫ જે સ્થાન [કૈવલ્ય] જ્ઞાનનિષ્ઠ સંન્યાસી પામે છે તે સ્થાને કર્મયોગી પણ જઈ પહોંચે છે; સાંખ્ય ને યોગ [ફળરૂપે] એકજ છે એમ જે જોય છે તેજ ખરૂં જોય છે.

संन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ॥६॥

યોગ વિના સંન્યાસ તો, પામવાજ દુખરૂપ,
યોગયુક્ત પામે મુની, તરતજ બ્રહ્મ સ્વરૂપ. ૬

લહત સંન્યાસ દુઃખસોં, બિનકર મનુરે મીત;
જોગ જુગતી જો કરે, લહત બ્રહ્મ નિશ્ચિંત. ૬

૬ હે મહાબાહુ! સંન્યાસ તે કર્મયોગવિના દુઃખે સંધાય છે; કર્મયોગયુક્ત સંન્યાસી શીઘ્રજ બ્રહ્મને પામે છે.

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेंद्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥७॥

શરિર જીતિ, મન શુધ કરી, યોગી, ઈંદ્રિય જીત,
સર્વ તણો બનિ આતમા, કર્તા પણ નહિ લીપ્ત. ૭

ઈંદ્રિ જિતતેં શુદ્ધહી, જોગ જુગત જો કોય;
જીવત જાને આતમા, કરમ લેસ સુન હોય. ૭

૭ કર્મયોગયુક્ત, ચિત્તશુદ્ધ, દેહવશ, જિતેંદ્રિય, સર્વભૂતને [જડ અજડ ને–સ્થાવરાદિ સમસ્ત જીવને] એક આત્મારૂપે જોનાર એવો (જે) તે કર્મ કરતો છતે લેપાતો નથી.

नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यन्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन् ॥८॥

प्रलपन्विसृजन्गृण्हन्नुन्मिषन्निमिषन्नपि ।
इंद्रियाणींद्रियार्थेषु वर्त्तंत इति धारयन् ॥९॥

જોઈ, શુણી, સ્પૃશિ, સૂંઘિ વલિ, જમિ, જઈ, સુઈ, લઈ પ્રાણ,
માને યોગી તત્વવિત, "કૈં નહિ કરૂં ઈમ, જાણ, ૮

વદી, મૂકિ, ગ્રહિ, ખોલિ વલિ, વીંચીને પણ સાર
વર્તે ઇંદ્રિય વિષયમાં, ધારિ એમ નિરધાર. ૯

જ્ઞાની કરમ ન કરત હૈ, ભૂલી કિયે ન માન;
સૂજત સોચત સુપનિત,સુનત ફિરત પુનિજાન. ૮

જાગત સોવત ચલત અરૂ, બોલત ડારહુ દેત;
ઇંદ્રી બિખયનસોં લગી, જાનત હૈ યહ હેત. ૯

૮-૯ કર્મયોગે તત્વજ્ઞ તે જોતો, સાંભળતો, સ્પર્શતો, સુંઘતો, ખાતો, જાગતો, ઉંઘતો, શ્વાસ મૂકતો,-બોલતો, મળમૂત્ર ત્યાગ કરતો, લેતો, નેત્ર ઉઘાડતો બંધ કરતો છતે ઈંદ્રિયો પોતપોતાના વિષયને વિષે વર્ત્તે છે એમ નિશ્ચય કરી હું કંઇ નથીજ કરતો એમ માને છે.

ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा ॥१०॥

અર્પિ બ્રહ્મને કર્મ જે, કરે સંગ વિણ પ્રાણિ,
ન અડે તેને પાપ, જિમ, પદ્મપત્રને પાણિ. ૧૦

કરમ કરે તજિ સંગકોં,સબકોં બ્રહ્મહિ જાન;
તાકોં પાપ ન લગત હૈ,પદ્મ પત્ર જિઉં માન. ૧૦

૧૦ બ્રહ્મને વિષે આધાર રાખી ફળનો અભિલાષ તજી કર્મ કરે છે તે પાપે લિપ્ત થતો નથી જેમ કમળપત્ર પાણીથી,

कायेन मनसा बुद्ध्या केवलैरिंद्रियैरपि ।
योगिनः कर्म कुर्वंति संगं त्यक्त्वाऽऽत्मशुद्धये ॥११॥

મન, બુદ્ધિ, શરિરે, વલી, કેવળ ઈંદ્રીયેંજ;
મૂકિ સંગ કર્મો કરે, યોગી શુધ્યર્થેજ. ૧૧

દેહ બુદ્ધિ મન ઇંદ્રિયન, જોગી હુયે નિસંગ;
કરમ કરત અતિ ચાહસોં, ચિત્ત શોચકે અંગ. ૧૧

૧૧ યોગી ફળની ઈચ્છા તજીને શરીરે [સ્નાનાદિયે], મને [ધ્યાને], બુદ્ધિયે [તત્વનિશ્ચયે], અભિમાન વિનાની ઇંદ્રિયોએ અંતઃકરણની શુદ્ધિને અર્થે કર્મ કરે છે.

युक्तः कर्मफलं त्यक्त्वा शांतिमाप्नोति नैष्ठिकीम् ।
अयुक्तः कामकारेण फले सक्तो निबद्ध्यते ॥१२॥

યોગિ કર્મફલ ત્યાગિને, શાંત અતીશય થાય,
ફલમાં સક્ત અયોગિતો, કામવડે બંધાય. ૧૨

જ્ઞાની હૂ મુગતી લહે, કર્મ કરે ફળ છાંડ;
મૂરખ ફલકી આસ કરે, બંધ કામના આડ. ૧૨

૧૨ યોગી કર્મફળનો ત્યાગ કરી નિષ્ઠાથી ઉત્પન્ન થયલી એવી શાંતિને પામે છે; મૂઢ કામે કરી ફળની આસક્તિવાળો અત્યંત બંધનને પામે છે.

सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी ।
नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥१३॥

મૂકિ કર્મ સૌ મનવડે યોગી સુખથી રેહ,
નવ દ્વારના પુર વિશે નહિ કરિ કરાવિ તેહ. ૧૩

મન કરી કરમ જે તજત, જ્ઞાની તિનકોં માન;
નવ દ્વાર પુરમેં બસત, લેત સુખનકી ખાન. ૧૩

* ૧૩ ઇંદ્રિયો વશ જેને તે મનના વિવેકે સર્વ કર્મને ટાળી નવદ્વારવાળા પુરમાં [દેહમાં] દેહધારીરૂપે ન કરતો કે કરાવતો હોઈને સુખરૂપ રહે છે.

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥१४॥

---

* એ શ્લોક ચિત્તશુદ્ધિવાળાને કર્મત્યાગ શ્રેષ્ઠ છે એમ દેખાડે છે. નવદ્વાર તે બે આંખ, બે નસકોરાં, બે કાન, મુખ, અને મળમૂત્રની ઈંદ્રિયો.

લોકતણું કર્તૃત્વ વલિ, કર્મ કર્મ ફલ યોગ,
પ્રભુ એ સૌ સૃજતા નથી; છે સ્વાભાવિક જોગ. ૧૪

ઇશ્વર કરમ ન કરત યહ, નહી કરમ કરતાર;
કરમ ફલ નાહીં કરત, પ્રકૃતિ કરિ બિસ્તાર. ૧૪

૧૪ પ્રભુ જીવસમુદાયને કર્ત્તાપણું કે કર્મ કે કર્મફળ સંયોગ નિર્મિત નથી કરતો [તો શું?] (જીવનો) સ્વભાવ [અવિદ્યા] તેજ પ્રવર્ત્તે છે (કર્તૃત્વાદિરૂપે).

नादत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यंति जंतवः ॥१५॥

પ્રભુ ધારે નહિ કોઇનું, પાપ પુણ્ય જે હોય,
છાદિત જ્ઞાન અજ્ઞાનથિ, જીવો તેણે મોય. ૧૫

ગહેત સુકૃત કાંહુકો, ઔર પાપ નહિ લેત;
છાયો જ્ઞાન અજ્ઞાનને, મોહન પ્રગટ ન દેત. ૧૫

* ૧૫ પૂર્ણકામ ઈશ્વર કોઇને પણ પાપ આપતો નથી ને કોઈનું પુણ્ય લેતો નથી. [તે કંઇ કરતો કરાવતો નથી]. અજ્ઞાને કરીને લપેટાયલું (જે) જ્ઞાન તેણે કરીને જીવ મોહ પામે છે.

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।
येषामादित्यवज्ज्ञानं प्रकाशयाति तत्परम् ॥१६॥

આત્મજ્ઞાનથી જેમનું, નાશ થયું અજ્ઞાન,
તેને જણાવે સૂર્યવત, બ્રહ્મરૂપ, તે જ્ઞાન. ૧૬

દૂર કિયો અજ્ઞાન જિન, હિયે જ્ઞાન પ્રગટાય;
દેખત ઇશ્વર રૂપતેં, જ્ઞાની સૂરકે દાય. ૧૬

* એ અજ્ઞાન તે માયા છે કે જે પૂર્વકર્મને અનુસારે જીવને ઉંચાં કર્મમાં પ્રવૃત્તિ કરાવે છે. ઇશ્વર સર્વત્ર સમાન પૂર્ણ ઐશ્વર્યવાન નિઃસંગ છે એ જ્ઞાન અને અતૃપ્ત કર્મને વશ થવું એ અજ્ઞાન.

૧૬ જે જીવોનું તે અજ્ઞાન પરમાત્માનાં જ્ઞાને કરીને નાશ પામ્યું (કે) તેઓનું તે પરમ ઉત્કૃષ્ટ જ્ઞાન સૂર્ય સરખું પ્રકાશે છે.

तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छंत्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥ १७ ॥

મન બુદ્ધી તેમાં વલી, નિષ્ટા આશ્રય તેજ,
જ્ઞાને શુદ્ધ થયેલ તે, પામે મોક્ષ ખરેજ. ૧૭

જો મનકોં અરૂ બુદ્ધિકોં, રાખત ઇશ્વર માંહ;
જનમ મરણ તિનકોં નહીં, મુગત હોત હે નાહ. ૧૭

૧૭ પરમેશ્વરમાં બુદ્ધિ, તેનામાં મન, તેની નિષ્ઠા, તેજ મોટો આશ્રય જેને એવા તે (વળી) જ્ઞાનવડે નાશ પામ્યાં છે પાપ જેનાં એવા તે ફરી જન્મ લેવો ન પડે તેવા મોક્ષપદને પામે છે.

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः ॥१८॥

પઠિત વિનયિ બ્રાહ્મણ વિશે, ગૌ હસ્તીમાં સાર
શ્વાન તથા ચાંડાલમાં, પંડિત સમ જોનાર. ૧૮

બિધા બિનય શુદ્ધ જે, ગૌ, ગજ, સૂકર, શ્વાન;
જ્ઞાની ઇનકોં ગણત હૈ, ભેદ લેત નહિ માન. ૧૮

*૧૮ પંડિત–જ્ઞાની તે વિદ્યા તથા નમ્રતાએ સંપન્ન એવા બ્રાહ્મણને વિષે, ગાયને વિષે, હાથીને વિષે, કુતરાને વિષે, ચંડાળને વિષે સમદર્શી હોય છે.

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः ॥१९॥

---

* સાત્વિક ને તામસી બંને વિષે સમવૃત્તિ રાખે જ્ઞાની; એ, દેહાદિક સમસ્તને માયાના વિલાસ જાણી સર્વે બ્રહ્મ દેખે.

જીતી તેણે સૃષ્ટિ અહિં, જેનું મન છે સંમ;
બ્રહ્મ વિશે સ્થિત તેજ છે, સમ નિર્દોષજ બ્રહ્મ. ૧૯

સમતા જિનકે જીવમેં, વિન જીત્યો સંસાર;
સમ બ્રહ્મ હીકાં કહત, બ્રહ્મ લીન નિરધાર. ૧૯

૧૯ જેઓનું મન સમતામાં રહ્યું તેઓએ અહીંજ [જીવતાં છતાં] સંસારને જીત્યો. સમ, નિર્દોષ એવું બ્રહ્મ છે તેથી સમવૃત્તિપુરૂષ બ્રહ્મને વિષે રહ્યા છે.

न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद्ब्रह्मणि स्थितः ॥ २० ॥

અપ્રિયથી ખેદ નહીં, પ્રિયથી નહિ હર્ષેહ;
બ્રહ્મસ્થિત, અસમૂઢ, સ્થિર બુદ્ધિ, બ્રહ્મવિત જેહ. ૨૦

સુખ પામે હરખે નહીં, દુખ પાયે નરિસાય;
રાખે સ્થિર નિજ બુદ્ધિકાં, બ્રહ્મીં રહત સમાય. ૨૦

૨૦ જે પ્રિય પામીને હરખાતો નથી, અપ્રિય પામીને ઉદ્વેગ કરતો નથી, સ્થિરબુદ્ધિ, મોહ ન પામનારો એવો બ્રહ્મવેત્તા તે બ્રહ્મને વિષે સ્થિત (જાણવો.)

बाह्यस्पर्शेष्वसक्तात्मा विंदत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षय्यमश्नुते ॥ २१ ॥

જે, અસક્ત બહિ વિષયમાં, અંતર પામે સૂખ;
બ્રહ્મયોગિ તે, મેળવે સુખ અવિનાશિ અચૂક. ૨૧

બાહર કે સુખ કાં તજે, હિય સુખ રહે સુજાન;
વરી બ્રહ્મ સુખકાં ધરત, લહેજુ આનંદ માન. ૨૧

* ૨૧ બાહ્યવિષયમાં [સંસારમાં] આસક્ત મન નહિ જેનું, અંતઃકરણમાં જે સુખ તે જાણે જે, ને બ્રહ્મસમાધિયુક્ત જે, તે જ્ઞાની અક્ષયસુખને પામે છે.

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यंतवंतः कौंतेय न तेषु रमते बुधः ॥ २२ ॥

વિષય ભોગ જે, તેજછે, કારણ દુખના સાર;
તે આદ્યંતજવાનમાં, ન વિવેકી રમનાર. ૨૨

બિષૈ જિતે સંસારકે, તેહે દુખકાં મૂલ;
ઉપજત બિન સત હૈ તિન્હે, પંડિત ગયે ન ભૂલ. ૨૨

૨૨ હે કૌંતેય! વિષયજન્ય ભોગ જે નાશવંત છે તે દુઃખકારક છે; બુદ્ધિમાન તે વિષયને વિષે ક્રીડા કરતો નથી.

शक्नोतीहैव यः सोढुं प्राक् शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥ २३ ॥

અહીંજ સહન કરી શકે, જીવતાંજ નર જેહ;
કામક્રોધના વેગને, યોગી, સુખિયો તેહ. ૨૩

કામ ક્રોધ કે બેગકાં, સાહિ સકે જુ સુભાય;
સો જોગી નિતહી રહૈ, તાસુખમેં લપટાય. ૨૩

૨૩ શરીરથી છૂટવાની પૂર્વે કામક્રોધથી ઉપજેલા વેગને જે અહીંજ સહી શકે તેજ યોગી, તેજ પુરૂષ, તેજ સુખી (જાણવો.)

योऽतःसुखोंतरारामस्तथांतर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्म निर्वाणं ब्रह्मभूतोधिगच्छति ॥ २४ ॥

---

* વૈરાગ્ય—ઉપશમ—પ્રમાનંદ લક્ષણ બ્રહ્મઆનાં જ્ઞાનથી ઉપજતું તે સુખ.

અંતર સુખી આરામિ જે, અંતર દ્રષ્ટી સાર,
બ્રહ્મસ્થિત તે મોક્ષને, પામે છે નિરધાર. ૨૪

જાકે હિયે પ્રકાશ હૈ, અંતર સુખ આરામ;
વહે જોગિ પરબ્રહ્મ હૈ, લહે બ્રહ્મકોં ધામ. ૨૪

૨૪ અંતરમાં સુખ જેને, અંતરમાં વિશ્રાંતિ જેને, અંતરમાં જ્યોતિ [જ્ઞાનપ્રકાશ] જેને તે યોગી [ચિત્ત નિગ્રહવાળો] બ્રહ્મરૂપ થઈ બ્રહ્મમાં લીનપણું પામે છે.

लभंते ब्रह्म निर्वाणमृषयः क्षणिकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥ २५ ॥

ક્ષીણપાપ, સંશય રહિત, વલિ મન વશ કરનાર;
રૂષિયો પામે મોક્ષને, સર્વ તણા હિતકાર. ૨૫

જે ગ્નાની પાપન તજત, હોત બ્રહ્મ મેં લીન;
દૂંદન તિનકે જીયમેં, રહત સબુન સો દીન. ૨૫

૨૫ ક્ષીણ થયાં છે પાપ જેનાં, ભેદબુદ્ધિરૂપ સંશય છિન્ન થયા છે જેના, વશ કીધાં છે ચિત્ત મન જેણે, પ્રાણીમાત્રને વિષે હિતમાં રાચનારા તે ઋષિયો બ્રહ્મનિર્વાણ પામે છે.

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्म निर्वाणं वर्तते विदितात्मनाम् ॥ २६ ॥

મુક્ત કામ ક્રોધે, યતી, આત્મતત્વ માહેર;
વલિ મનવશ તેનેજ તો, મોક્ષ મળે ચોમેર. ૨૬

કામ ક્રોધ સોં જો રહિત, બસકીન્હો નિજ ચીત;
ગ્નાનવંત તે હૈ સદા, બ્રહ્મચહદિલ મીત. ૨૬

૨૬ કામ ક્રોધ રહિત સંન્યાસી, જિત ચિત્ત, જાણ્યો છે આત્મા જેણે તે દેહ છૂટતી વેળાજ બ્રહ્મમાં લીન થાય છે.

स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवांतरे भ्रुवोः ।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यंतरचारिणौ ॥२७॥

यतेंद्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥२८॥

રાખી ચક્ષુ ભ્રૂમધ્ય વલિ, કરિ વિષયોને બ્હાર;
સમ કરી પ્રાણ અપાનને, જે નાકેં ચરનાર. ૨૭

ઇંદ્રિય મન, મતિ વશ કરી, મોક્ષ પરાયણ યુક્ત;
રાગ ક્રોધ ભય રહિત જે, સદાયછે તે મુક્ત. ૨૮

તજે બિખય સંસાર કે, દૃષ્ટિ ભોંવમેં રાખ;
પ્રાણ અપાનહુ સમ કરે, નાસતમત અભિલાખ. ૨૭

જિત ઇંદ્રિયેં સુબુદ્ધિ મન, મુગત હિમેં મન દેત;
ઇચ્છા ભય ક્રોધ જોત જે, મુક્તિ પદારથ લેત. ૨૮

૨૭-૨૮ બાહારના વિષયને બાહેરજ કરી, દૃષ્ટિને ભ્રૂકુટિના મધ્ય ભાગમાં રાખી, નાસિકામાં સંચાર કરનારા પ્રાણઅપાનને સમાન કરી, ઈંદ્રિય મન બુદ્ધિ જીતેલાં જેણે, ઇચ્છા ભય ક્રોધ ગયાં છે જેનાં, મોક્ષ પરમસ્થાનને વિષે તત્પર જે, તે મુનિ જિવતો છતે સદા મુક્તજ છે.

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शांतिमृच्छति ॥२९ ॥

જાણિ મને, સૌ લોકનો, ઇશ સુહૃદ વલિ સાર;
ભોક્તા તપ ને યજ્ઞનો, થાય શાંત નિરધાર. ૨૯

તપ યજ્ઞનકો ભોગતા, સબ લોકનકો ઇશ;
શાંતિ લહે જો જાનિકેં, મોકોં પ્રભુ જગદીશ. ૨૯

૨૯ યજ્ઞ તપનો ભોક્તા [પાળનારો], સર્વ લોકનો મોટો ઈશ્વર, સર્વ પ્રાણીને મિત્રબંધુ [ઉપાધિ ન કરવાવાળો] એવો મને જાણીને [યોગી] શાંતિ–મોક્ષને પામે છે.

ઇતિ શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા ઉપનિષદ્‌માં બ્રહ્મવિદ્યા વિષે યોગશાસ્ત્ર સંબંધી શ્રીકૃષ્ણાર્જુનના સંવાદમાં સંન્યાસ-યોગ નામનો પાંચમો અધ્યાય ॥ ૫ ॥

અધ્યાય ૬ ઠો.

श्री भगवानउवाच.

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥१॥

કરે કર્મ, ફ્લ મૂકિ તે, સંન્યાસી, યોગીજ,;
અગ્નિ ક્રિયા વિણ હોય જે, નહિ તે પાર્થ કંઈજ. ૧

કરમ ફ્લન ચાહે નહીં, કરમ કરે નિષ્કામ;
જોગી સંન્યાસી વહહૈ, પાવતહૈ સુખ ધામ. ૧

* ૧ કર્મફળની ઇચ્છા વિનાનો હોઈને જે કર્તવ્ય નિત્ય કર્મ કરે તે સંન્યાસી ને યોગી છે– [હોમકર્મને માટે] અગ્નિ ન રાખનારો તથા મનવાણી કાયાના કર્મનો ત્યાગ કરનારો તે સંન્યાસી યોગી નથી [ચિત્ત શુદ્ધ તથા ઈચ્છા રહિત થયું નથી ત્યાં લગી.]

---

* ૧ કર્મ આચરે પણ જે ફળ ન ઇચ્છે ને ન આચરે તો જેને બાધ નહિ તે સંન્યાસીજ છે.

यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पांडव ॥
नह्यसंन्यस्तसंकल्पो योगी भवति कश्चन ॥ २ ॥

જેને કહે સંન્યાસ તે, યોગજ પાંડવ જાણ;
સંકલ્પ ત્યાગ વિના નહિ, થાય યોગિ કો માન. ૨

જયાકોં સન્યાસીહિકહે, વ્હે જોગ તૂં જાન;
બિન સન્યાસહિ જોગનહિ, યહી સાચ તૂં માન. ૨

૨ હે પાંડવ! જે સંન્યાસ કહેવાય છે તેનેજ તૂં યોગ જાણ. સંકલ્પ ન ટાળેલા એવો કોઈ પણ તે યોગી થતો નથી.

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥ ३ ॥

કહેછ યોગ ઇછનારનું, કારણ કર્મજ સાર;
તેમજ યોગીનું કહે, શમ કારણ નિરધાર. ૩

જો કરમ હુ તેં લહત હૈ, જ્ઞાની ચિત્ત બિચાર;
યોગહિ લહે શાંતિહિ ગયે, બિખૈ ઇંદ્રિયન સાર. ૩

*૩ જ્ઞાનયોગને અર્થે અભ્યાસ ઇચ્છતા મુનિને કર્મ તે કારણ [ચિત્ત-શુદ્ધિનું સાધન] કહિએ; યોગપ્રાપ્ત એવાને શમ-શાંતિ વિક્ષેપકારી કર્મનો ત્યાગ,] (એ) કારણ [સાધન] કહિયે.

यदा हि नेंद्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।
सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते ॥ ४ ॥

યદા વિષય ને કર્મમાં, કદિ આસક્ત ન થાય;
મૂકે સૌ સંકલ્પને, તદા યોગિ કહેવાય. ૪

* કર્મયોગથકી જ્ઞાનયોગ પમાય.

બિખયન સોં અરૂ કરમ સોં, હોય પ્રીત જબ દૂર;
સબ સંકલ્પનકોં તજે, જોગ રહે તબ પૂર. ૪

૪ ઈંદ્રિયોના વિષયને વિષે કે (નિત્યનૈમિત્તક) કર્મને વિષે આસક્ત થતો નથી, સર્વ સંકલ્પનો ત્યાગી હોય ત્યારે તે યોગારૂઢ કહિયે.

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः ॥ ५ ॥

પોતે તારે આત્મને, નહિ તેને બોડેજ;
નિજબંધૂ પોતેજ છે, નિજ રિપુ પણ પોતેજ. ૫

નિજ આતમકું ઉદ્ધરત, અધો ગમન કરિ હેત;
આતમાહિ રિપુ આપકોં, આતમાહિ સુખ દેત. ૫

† ૫ વિવેકયુક્ત મને પોતે પોનાને ઉદ્ધારે, પોતાની અધોગતિ ન કરાવી હે; [કેમકે] પોતાનો પોતેજ [વિવેકયુક્ત] બંધુ ને પોતેજ [અહંકારયુક્ત] પોતાનો શત્રુ (છે.)

बंधुरात्मात्मनस्तस्य येनैवात्मात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥ ६ ॥

જે જીત્યો શરિરાદિને, નિજ બંધૂ છે તેહ;
પણ નિજ શત્રુ છેજ તે, જીતનાર નહિ જેહ. ૬

આપહિ જીત્યો આતમા, સોઇ બંધૂ યાહિ;
જિન જીત્યો નહિં જાૂ વહે, અરિસો બરતત તાહિ. ૬

૬ જેણે વિવેકબુદ્ધિયે જ્ઞાનાત્માનેજ જીત્યો તે જીવાત્માને જ્ઞાનાત્મા બંધુ છે (અને) અજ્ઞાનરૂપ આત્માના શત્રુભાવને વિષે પોતેજ શત્રુ સરખો વર્ત્તે છે.

---

† આત્માને સંગથી વિરામ પામેલું પોતાનું વિરાગી સ્વરૂપ તે બંધુ છે. આસક્તિવાળું રાગી સ્વરૂપ તે શત્રુ છે.

जितात्मनः प्रशांतस्य परमात्मा समाहितः ।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ॥ ७ ॥

આત્મજીત તે શાંતનું, મન નિશ્ચલ નિરધાર;
શીત ઉષ્ણ સુખ દુઃખમાં, માન અપમાને સાર. ૭

જિન જીત્યો હે આતમા, શાંતિ લહે ખહુ જ્ઞાન;
શીત ઉષ્ણ સુખ દુઃખ જર, ઔર માન અપમાન. ૭

૭ જિત્યું છે અંતઃકરણ જેણે, અત્યંત શાંત જે, તેને શીત ઉષ્ણસુખદુઃખને વિષે, વળી માન અપમાન છતે, પરમાત્મા સાક્ષાત્ આત્મભાવે વર્ત્તનારો છે [આત્મા સ્વપ્રકાશમાં નિશ્ચળ રહે છે.[

ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेंद्रियः ।
युक्त इत्युच्यते योगी समलोष्ठाश्मकांचनः ॥ ८ ॥

નિર્વિકાર, ઇંદ્રીયજિત, અને જ્ઞાનથી તૃપ્ત;
છે જેને લોષ્ટાશ્મ સમ કાંચન, તે છે યુક્ત. ૮

જાને જ્ઞાન વિજ્ઞાન જો, ઔર ઇંદ્રિજિત હોય;
સોનો પખાન એક સમ, ગને સો જોગી હોય. ૮

૮ જ્ઞાનવિજ્ઞાને તૃપ્ત આત્મા, નિર્વિકાર, વિશેષે જિતેંદ્રિય (અને) માટીનું ઢેકું, પત્થર, સોનું એ સમાન છે જેને એવો યોગી તે યુક્ત [યોગારૂઢ] કહિયે.

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबंधुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥ ९ ॥

સુહૃદ, મિત્ર, અરિ, મધ્ય ને, સાધુ ઉદાસી દ્વેષ્ય;
બંધુ, પાપિ, એ સર્વમાં, સમમતિ છેજ વિશેષ. ૯

મિત્ર ઉદાસી શત્રુ પુનિ, અરૂ નિજ બંધુ સમાન;
સાધૂ પાપી ચિત્તમેં, ગને એક ઉન્માન. ૯

૯ ઉપકાર વિના ઉપકાર કરનારો, સ્નેહે કરીને ઉપકાર કરનારો મિત્ર, ઘાતક–શત્રુ, કશીએ ઇચ્છા ન રાખનારો, બંને પક્ષનું હિત કરનારો, દ્વેષપાત્ર, બંધુ–સંબંધી, (એ સર્વેને) વિષે, સાધુને વિષે વળી પાપીને વિષે સમાનબુદ્ધિ જેની તે સર્વથી શ્રેષ્ઠ છે.

योगी युंजीत सततमात्मानं रहसि स्थितः ।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ॥ १० ॥

નિત્ય યોગિ મન સ્થિર કરે, કરિ એકાંતે વાસ;
વપુ મન વશ કરિ એકલો, મૂકિ પરિગ્રહ આશ. ૧૦

બૈઠે કૈસે એક ચિત, જોગી સાધે જોગ;
એકાકી ચાહે નકછુ, જોરે નહિ સુખ ભોગ. ૧૦

૧૦ એકાકી, અંતઃકરણ તથા શરીર નિયમમાં રાખ્યાં છે જેણે, આશારહિત, પરિગ્રહ વિનાનો એકાંતમાં રહેલો યોગી પોતાને નિરંતર જોડે ઈશ્વર સાથે [ઈશ્વરના મનનમાં મનને એકાગ્ર કરે.]

शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥११॥

દર્ભ ચર્મ ને વસ્ત્રનું, નિજ આસન કરિ સ્થીર;
શુચિ જગ્યામાં મૂકિ, અતિ, નીચ ઉંચ નહિ, ધીર ૧૧

ઠૌરસુ પુનિત નિહારકેં, કરિ આસન બિસ્તાર;
નહિં ઉંચો નીચો નહીં, પટકુશ ચર્મ બિથાર. ૧૧

૧૧ પવિત્રસ્થાનમાં પોતાનું આસન સ્થિર સ્થાપી નહિ અતિ ઉંચું, નહિ નીચું (વળી) પ્રથમ દર્ભ તે ઉપર ચર્મ ને તે ઉપર વસ્ત્ર–

तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेंद्रियक्रियः ।
उपविश्यासने युंज्याद्योगमात्मविशुद्धये ॥१२॥

ત્યાં બેસી મન સ્થિર કરી, કરે આત્મ શુધ્યર્થ;
કરિ વશ ચિત્તેંદ્રિય ક્રિયા, યોગી, યોગ, સમર્થ. ૧૨

કરિ બૈઠે મનકોં થિરે, સબ ઇંદ્રિયનકોં જીત;
કરિકેં આતમ શુદ્ધકોં, જોગ કરે યા રીત. ૧૨

૨ તે આસને બેસીને ચિત્ત ઈંદ્રિય ક્રિયા નિયમમાં રાખ્યાં છે જેણે એવાએ મનને એકાગ્ર કરી અંતઃકરણ નિર્મળ કરવાને કારણે યોગનો અભ્યાસ કરવો.

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः।
संप्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन् ॥ १३ ॥

શિર, ગ્રીવા, વપુને અચલ, કરિ સમ સ્થિર રાખીજ;
દિશુને નહિ જોતાંજ, નિજ, નાસિકાગ્ર જોઇજ. ૧૩

કાયા શિર અરૂ ગ્રીવકોં, રાખે એક સમાન;
દૃષ્ટિ ધરે નિજ નાસિકા, દેખ નહીં દિશઆન. ૧૩

૧૩ કાયા [મધ્યભાગ], મસ્તક, કંઠ એને અવક્ર [સીધાં], અચળ રાખતો સ્થિર (એવો તે) પોતાના નાસિકાગ્રને જોઇ દિશાઓને ન જોતો (એમ; વળી.)

प्रशांतात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः।
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः ॥१४॥

થઇ શાંત ને ભય રહિત, બ્રહ્મચારિ વ્રતવાન;
કરિ મન વશ મત્પર રહે, મત્ચિત યોગી મહાન. ૧૪

શાંતિ ગહે ભયકોં તજે, બ્રહ્મચર્ય વ્રત લેત;
મોમેં રખિ રોકે મન, લહે જોગકોં હેત. ૧૪

૧૪ પ્રશાંત, નિર્ભય. બ્રહ્મચારી ને વ્રતે રહેલો (તે) મનની વૃત્તિઓને સંવરી મારે વિષે ચિત્ત, હુંજ જેને ઉત્કૃષ્ટ એવો (તે) એકાગ્રહ થઇ બેસે.

युंजन्नेवं सदाऽऽत्मानं योगी नियतमानसः ।
शांतिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥ १५ ॥

નિત્ય જોડતાં એમ મન, યોગી વશ કરિ ચિત્ત;
પરં શાંત મુજરૂપને પામેછે ખચિત્ત. ૧૫

ઈહ બિધિ કરહી જોગકેં, નિજ મનકોં થિર રાખ;
શાંતિ લહે મોંકો મિલે, રહે અભીરસ ચાખ. ૧૫

૧૫ એ પ્રકારે નિયમમાં રાખેલું મન એવો યોગી અંતઃકરણને સદા યુક્ત કરીને મોક્ષનિષ્ઠાવાળી મારે વિષે રહી એવી જે શાંતિ તે પામે છે.

नात्यश्नतस्तु योगोस्ति न चैकांतमनश्नतः ।
न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ॥ १६ ॥

અતિ નિદ્રા, જાગૃત અતિ, ઉપવાસી બહુ અહારિ;
થાય યોગ નહિ તેમને, કુંતીસુત બળધારિ. ૧૬

જોગ લહે નહિ બહુ ભખે, નહિ બિન ખાયે મીત;
સોવતેહિ સોવે નહીં, અતિ જાગત નહિ નીત. ૧૬

૧૬ હે અર્જુન ! અતિઆહારને યોગ નથી; નિરાહારીને નથી; અત્યંત નિદ્રાશીલને નથી, અતિજાગ્રતને [નિદ્રાત્યાગીને] નથી.

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥१७॥

વિહાર કર્મ ચેષ્ટા વલિ, અહાર સ્વપ્ન જાગર્ણ;
નિયમિત જેના તેમને, થાય યોગ દુખહર્ણ. ૧૭

જુગત આહાર બિહારજો, કરમ જોગ પુનિ હોય;
જાગત સોવત જુગત સોં, સો ડારત દુખ ધોય. ૧૭

*૧૭ ભોજન તથા ફરવું હરવું નિયમિત, કર્મને વિષે નિયમિત કાળે નિયમિત ચેષ્ટા, નિદ્રાજાગરણ નિયમિત એવાને દુઃખનાશક યોગ પ્રાપ્ત થાય છે.

यदा विनियतं चितमात्मन्येवावतिष्टते ।
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ॥१८॥

ચિત્ત કરેલું વશ યદા, સ્થિર આત્મામાં થાય;
નિસ્પૃહ સૌ કામો થકી, તદા યુક્ત કેહેવાય. ૧૮

જબ નિજ ચિતકોં રોકિકેં, રાખે આતમ માંહ;
તજે સબૈ જો કામના, સો જોગી નર નાહ. ૧૮

૧૮ જ્યારે અત્યંત એકાગ્રચિત્ત આત્મા સ્વરૂપવિષે સ્થિતિ પામી રહે ત્યારે સર્વ કામનાથી નિસ્પૃહ એવો યુક્ત [સમાધિસ્થ] કહિયે.

यथा दीपो निवातस्थो नेंगते सोपमा स्मृता ।
योगिनो यतचित्तस्य युंजतो योगमात्मनः ॥१९॥

જેમ વાયુ વિણ સ્થાનમાં, દીપ સ્થિર રહેવાય;
આત્મયોગિ વશચિત્તને, ઉપમા, તે કહેવાય. ૧૯

જૈસો દીપ સમીર બિન, રહે જોત ઠહરાય;
જોગી નિશ્ચલ ચિત્તસોં, ઉપમા હૈ યા ભાય. ૧૯

૧૯ વાયુરહિત સ્થાનમાં રહેલો દીવો હાલતો નથી તે ઉપમા કહી છે યોગીને (કે જે) નિરોધેલી ચિત્તવૃત્તિવાળો પોતાના સમાધિયોગના અભ્યાસી (હોય.)

यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ॥
यत्र चैवात्मनाऽऽत्मानं पश्यन्नात्मनि तुष्यति ॥२०॥

---

* "બે ભાગ અન્નને પૂરવા, એક ભાગ પાણીને માટે ને એક ભાગ વાયુને માટે રાખવો" એમ કેહેવાય છે.

જેમાં યોગાચરણથી, વશ મન શાંતજ થાય,
જોતાં મનથી આત્મને, આત્મામાં તોષાય. ૨૦

જોગી સેવત જોગકોં, ચિત્ત જહાં ઠહરાય;
નિરખત આતમ કોં તહાં, રહત સદા સુખતાય. ૨૦

૨૦ યોગાભ્યાસે નિરોધેલું ચિત્ત જ્યાં શાંત થાય ત્યાંજ પોતાના આત્માએ [અંતઃકરણવૃત્તિયે] આત્માને [પરમાત્માને] પોતાને વિષે અનુભવતો એવો સંતોષ પામે.

सुखमात्यंतिकं यत्तद्बुद्धिग्राह्यमतींद्रियम् ।
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः ॥२१॥

બુદ્ધિગ્રાહ્ય, અતીંદ્રિય સુખ, પામેછે અત્યંત;
રહિ જેમાં ખસતો નથી, તત્વથીજ એ સંત. ૨૧

જો સુખઇંદ્રિયનતેં પરેં, બહુત બુદ્ધિ કર લેત;
વા સુખ કોં જાનેં સબેં, તાપાછે નહિ હેત. ૨૧

૨૧ ઇંદ્રિયને અગમ્ય જે અત્યંત સુખ સાત્વિક અંતઃકરણે લેવાય, તે ત્યાંજ રહીને [તેજ અવસ્થામાં] જાણે તે યોગી સ્વરૂપથકી ચલિત થતો નથી.

यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥२२॥

જે પામી માને ન કૈં, અધિક લાભ તેથીજ;
જેમાં સ્થિત તો થાય નહિ, ચલિત મહા દુખથીજ. ૨૨

જાપાયે લાભ ન અધિક, ઔર ન જાને પ્રીત;
સ્થિરતા ગહિ ડોલે નહીં, બહુ દુખ પાયે ચિત્ત. ૨૨

૨૨ જે સુખ પામીને તેથી બીજો વધારે લાભ (તે) માનતો નથી (ને) જે સ્થિતિમાં હોઈને મોટાં દુઃખથી પણ [શસ્ત્રઘાતના દુઃખે પણ] ચલિત થતો નથી.

तं विद्याद्दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।
स निश्चयेन योक्तव्यो योगोऽनिर्विण्णचेतसा ॥२३॥

પાર્થ જાણવો યોગ તે, રહિત દુઃખ સંયોગ;
નિશ્ચય નિર્દુખ ચિત્તથી આચરવો એ યોગ. ૨૩

દુઃખહુકે સંજોગકોં, માની લેત વિયોગ;
નિશ્ચય કરિકેં જોગ કરે, તાકૂં કરત જુ જોગ. ૨૩

૨૩ દુઃખનો સંયોગવિયોગ નથી જેને વિષે, યોગ સંજ્ઞા છે જેને વિષે (એવા) તેને જાણવો. યત્ન કરવામાં શિથિલતા–આળસ નહિ એવે ચિત્તે તે યોગ નિશ્ચયે અભ્યાસવો.

संकल्पप्रभवान्कामांस्त्यक्त्वा सर्वानशेषतः ।
मनसैवेंद्रियग्रामं विनियम्य समंततः ॥२४॥

સંકલ્પેં થતિ કામના, મૂકી સર્વ અશેષ;
ઇંદ્રિય ગણને સર્વથી, કરિ વશ મનથિ વિશેષ. ૨૪

સંકલ્પન જો કામના, તિન્હે તજે ચિત ચાય;
મનસોં રોકે ઇંદ્રિયન, જોગ કરે યાભાય. ૨૪

૨૪ સંકલ્પથકી ઉપજેલા એવા જે કામ [અભિલાષ] તે સર્વેનો નિઃશેષ ત્યાગ કરી મને કરીને ચારે પાસથી ઇંદ્રિયસમુદાયનો નિગ્રહ કરી–

शनैःशनैरुपरमेद्बुध्द्या धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिंतयेत् ॥२५॥

ધીરેધીરે આત્મમાં, ધીર બુદ્ધિયેં સાર;
સ્થાપી મન, શાંતજ બને, ચિંતે નહીં લગાર. ૨૫

ધીરજ ધરિ અરુ બુદ્ધિ કરે, રહે હરે સબત્યાગ;
કછુ કરે નહિ કામના, આતમસોં અનુરાગ. ૨૫

૨૫ ધૈર્યવાળી બુદ્ધિયે ધીમે ધીમે મનને નિરોધવું, મનને આત્માને વિષે [સ્વરૂપને વિષે] સ્થિર કરીને બીજું કંઈપણ ચિંતવું નહિ.

यतो यतो निश्चरति मनश्चंचलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥ २६ ॥

જે જે પ્રત્યેં જાયછે, મન ચંચલ અસ્થીર,
તેથી પાછું ખેંચિ, વશ કરે આત્મમાં, ધીર. ૨૬

મન ચંચલ જિત જિતચલેં, તાકોં રાખે રોક;
કરિસંજમ નિત આતમા, સાજે તાકોં ઠોક. ૨૬

૨૬ અસ્થિર ચંચળ મન જે જે વિષય પ્રતિ દોડે તે તે વિષયથકી પાછું ખેંચી આત્માનેજ વિષે વશ કરી લેવું.

प्रशांतमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ।
उपैति शांतरजसं ब्रह्मभूतमकल्मषम् ॥ २७ ॥

બ્રહ્મભૂત નિષ્પાપ વલિ, શાંત રજોગુણ મંન;
એ યોગીને તો મળે, સુખ ઉત્તમ અર્જુન. ૨૭

જયાકે મનમેં શાંતિ હૈ, પાપ રહિત જો હોય;
મગન જુ બ્રહ્માનંદકોં, તાજોગીકોં હોય. ૨૭

૨૭ શાંતિ પામેલું મન, રજોગુણ શાંત થયલો, બ્રહ્મભાવને પામેલો, પાપરહિત એવા યોગીને ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે.

यूंजन्नेवं सदाऽऽत्मानं योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यंतं सुखमश्नुते ॥ २८ ॥

સદા જોડતાં એમ મન, યોગી પાપ રહીત;
સેજે પામે સુખ, અતી બ્રહ્મસ્પર્શી સહીત. ૨૮

જો જોગી ઈહ બિધિકરે, જોગ પાપકો ત્યાગ;
સહજ બ્રહ્મકો સુખ લહે, રહે આપ અનુરાગ. ૨૮

૨૮ દોષરહિત યોગી સર્વકાળ અંતઃકરણને એ પ્રકારે વશ કરે છે, સુખે કરીને આત્મસાક્ષાત્કારરૂપ એવું અત્યંત ઉત્કૃષ્ટ સુખ અનુભવે છે.

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥ २९ ॥

પોતાને સૌ ભૂતમાં, સૌને નિજમાં સાર,
જુવે આત્મ યોગી મુની, સૌમાં સમ જોનાર. ૨૯

મોહિલખે શબ ઠૌરજો, સબકોં મોહી માંહિ;
મોકોં દેખત સો સદા, સોહૂં દેખત તાહિ. ૨૯

૨૯ યોગાભ્યાસે જોડાયલો, સર્વત્ર સ્થાવર જંગમ ભૂતોને વિષે એકસરખું જોનારો [પરમાત્મા સ્વરૂપને] એવો (તે) પોતાને (ને) સર્વભૂતોને પોતાનેજ વિષે જોય છે. [અવિદ્યાકૃત દેહાદિભેદ દૂર કરી સર્વત્ર સમદર્શી થાય છે.]

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ॥
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥३०॥

જે મુજને સૌમાં જુવે, સૌને મુજમાં જોય;
હું તેને અળગો નથી, નહિ મુજથી તે હોય. ૩૦

વ્યાપકહોં સબજીવમેં; મોકોં દેખે કોય;
કૈસેં હૂં કિતહૂં રહે, તાકો મોમેં જોય. ૩૦

૩૦ જે સર્વત્ર મને જોય છે, વળી મારેવિષે સર્વને જોય છે તેને હું પરોક્ષ અદૃશ્ય નથી રહેતો (ને) તે પણ મને પરોક્ષ નથી.

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।
सर्वथा वर्तमानोपि स योगी मयि वर्त्तते ॥३१॥

સર્વ ભૂતમાં સ્થિત મને, ભજે ઐક્યથી જેહ;
વર્તતાંજ સૌ રીત પણ, મુજમાં વર્ત્તે તેહ. ૩૧

હોઈ એક સ્થિત સબબિખે, લખે ભજે જૂ મોહિ;
રહે કો નહીં ભાંતિવહ, મોમેં બરતત જોઈ. ૩૧

૩૧ એકત્વનો [બુદ્ધિભેદરહિતનો] આશ્રયી જે, સર્વ પ્રાણીમાં રહેલા મને ભજે છે સર્વપ્રકારે, જીવિતદશામાં પણ, તે યોગી મારે વિષે પ્રાપ્ત થઈ રહે છે.

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥३२॥

દેખે સૌમાં આત્મવત્, સમાન સુખ દુખ સાર;
અર્જુન યોગી શ્રેષ્ઠ તે, મુજ મતથી નિરધાર. ૩૨

સબકોં દેખે આપસમ, સુખ દુખ એકે ભાય;
સો જોગી સબ તે બડો, મોમેં રહે સમાય. ૩૨

૩૨ હે અર્જુન! પોતાને દૃષ્ટાંતે કરી [જેવું પોતાને તેવું બીજાને એ વિચારે] સુખને કે દુઃખને જે સમાન જોય છે તે યોગી શ્રેષ્ઠ સંમત (છે.)

अर्जुन उवाच॥

योयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन ।
एतस्याहं न पश्यामि चंचलत्वात्स्थितिं स्थिराम्॥ ३३॥

મધુસૂદન આ યોગ જે, આપેં કર્યો સમાન;
સ્થિતિથિર તે તણિ દેખું નહિ,મન ચંચલ,ભગવાન. ૩૩

જોગ કહ્યો હમકો જુ તુમ, મોકોં એક સમાન;
રહે ન મોચિત ચંચલે, જો તુમ કિયો બખાન. ૩૩

૩૩ હે મધુસુદન! જે આ યોગ સમદૃષ્ટિનો તેં કહ્યો એની સ્થિર સ્થિતિને હું ચંચળતાને લીધે જોઈ શકતો નથી.

चंचलं हि मनः कृष्ण प्रमाथि बलवद्दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥३४॥

મન ચંચલ, બળવાન, દૃઢ, વિક્ષેપજ કરનાર;
નિગ્રહ તેનો વાયુવત, દુષ્કર માનું સાર. ૩૪

મન હૈ ચંચલ કૃષ્ણ જૂ, બહુ શોક દૃઢ જાન;
તા રોકેં સમ પવન હૈ, અતિહી કઠિન સુજાન. ૩૪

૩૪ હે કૃષ્ણ! મન ચંચળ, શરીર તથા ઇંદ્રિયોને પરવશ કરનાર, બળવાળું (અંકોશમાં ન રખાય તેવું) દૃઢ [અછેદ્ય] (છે) તેનો નિગ્રહ કરવો અશકય છે વાયુની પેઠે એમ માનું છું.

श्रीभगवानुवाच ॥

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते ॥ ३५ ॥

ચંચલ દુર્નિગ્રહજ મન, સંશય કૈં ન લગાર;
પણ અભ્યાસ વિરાગથી, કરાય વશ નિરધાર. ૩૫

અર્જુન ઉત્તમ સાચ કહિ, મન ચંચલ નગહાય;
જોગકિયો બૈરાગ્ય સોં, નીકે પકરો જાય. ૩૫

૩૫ હે મહાબાહુ! નિઃસંશય નિગ્રહ કરવો કઠિણ ને ચંચળ એવું મન છે, (પણ) અભ્યાસે તથા વૈરાગ્યે ધરી લેવાય છે.

असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योवाप्तुमुपायतः ॥ ३६ ॥

અજિતેંદ્રિયને મુજ મતેં, છેજ યોગ અપ્રાપ્ય;
જીતેંદ્રિય ઉદ્યોગિને, ઉપાયથી છે પ્રાપ્ય. ૩૬

જિન પકર્યો નહિ ચિત્તનિજ, તાપેં જોગ ન હોય;
જિન અપનો મન બસકિયો, લહત જતનહુ સોય. ૩૬

૩૬ અભ્યાસે તથા વૈરાગ્યે વશ ન કરેલું ચિત્ત એવાને યોગ પ્રાપ્ત થવો કઠિણ છે એમ મારી મતિ છે; પ્રયત્ન કરનારને તથા વશચિત્તને પ્રાપ્ત થવો શકય છે ઉપાયોથી.

अर्जुन उवाच ॥

अयातिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।
अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति ॥३७॥

અયતી, શ્રદ્ધાવાન, મનચલિત યોગથી, જેહ;
યોગ સિદ્ધિ પામીજ નહિ, શું ગતિ પામે તેહ. ૩૭

અજતિ ઔર શ્રદ્ધાસહિત, યોગ ભ્રષ્ટતા પાય;
લહે ન સિદ્ધિ જોગકી. કોનગતહિકોં જાય. ૩૭

૩૭ હે કૃષ્ણ ! અલ્પપ્રયત્ન કરનાર (પણ) શ્રદ્ધાવાન્, યોગથકી ચલિત (થયો હોય તે) યોગસિદ્ધિને અજ્ઞાનનિવૃત્તિને] ન પામીને કઈ ગતિયે જાય છે?

कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ।
अप्रतिष्ठो महाबाहो विमूढो ब्रह्मणः पथि ॥ ३८ ॥

શું બન્નેથી ભ્રષ્ટ થૈ, બ્રહ્મ માર્ગમાં મૂઢ;
છિન્ન અભ્રની પેઠ તે, પામે નાશ વિમૂઢ. ૩૮

કેદોહૂન વહ ભ્રષ્ટ હૈ, આદરસો બિન સાય;
તાકો કછુ ન આસરો, રહે મૂઢ કે ભાય. ૩૮

૩૮ હે મહાબાહુ! ઉભયભ્રષ્ટ [જ્ઞાન તથા કર્મ બંને થકી ચળેલો] સ્થિતિવિનાનો, બ્રહ્મના માર્ગમાં અત્યંત મૂઢ હોઈને છૂટાં પડેલાં વાદળાંની પેઠે નાશ નથી પામતો શું?

एतन्मे संशयंकृष्ण छेत्तुमर्हस्यशेषतः ।
त्वदन्यः संशयस्यास्य छेत्ता नह्युपपद्यते ॥ ३९ ॥

એ મુજ સંશય મૂલથા, આપ છેદવા યોગ્ય;
છેદનાર બીજો નથી, કોઇ આપવિણ જોગ્ય. ૩૯

મેરે યા સંદેહકોં, દૂરિ કરો જગદીસ;
મેરે યા સંદેહકોં, કોન કરે તબ રીસ. ૩૯

૩૯ હે કૃષ્ણ! એ મારો સંશય સમૂળો છેદવાને તું યોગ્ય છે. તારાવિના બીજો કોઈએ સંશયને છેદે તેવો જણાતો નથી.

श्रीभगवानुवाच ॥

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
नहि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥४०॥

પાર્થ થાય નહિ તે તણો, અહિ પરલોકે નાશ;
શુભકૃત પામે કોઇ નહિ, દુર્ગતિ રૂપ વિનાશ. ૪૦

અર્જુન દોઉ લોકમેં, તાકો હોય ન નાસ;
ભલે કરમ જો કરત હૈ, તાકોં નહિં અધબાસ. ૪૦

૪૦ હે અર્જુન! તેનો આ લોકમાં કે પરલોકમાં વિનાશ નથી [અહીં હીણીસ્થિતિ નથી ને ત્યાં નરકપ્રાપ્તિ નથી]; હે તાત! [પ્રિયભાઇ] શુભ આચરણ કરનારો કોઇપણ પુરૂષ નઠારી ગતિને નથી પામતો.

प्राप्य पुण्यकृतांल्लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥ ४१॥

પુણ્ય લોકને પામિ, વસિ ઘણા વર્ષ ત્યાં સાર;
લે શચિ.ધનિના ઘર વિશે, યોગભ્રષ્ટ અવતાર. ૪૧

પુણ્યવંત લોકહિ લહે, રહે બહુત દિન જાય;
જોગભ્રષ્ટ ધનવંત શુચિ, તિનઘર જનમેજાય. ૪૧

૪૧ યોગભ્રષ્ટ (પુરૂષ), [અશ્વમેધાદિક] પુણ્યકર્મ કરનારાઓ જે લોકને પામે ત્યાં ઘણાંક વર્ષ વાસ અનુભવી (પછી) આચારશુદ્ધ શ્રીમંતને ઘેર જન્મ લેછે.

अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥ ४२ ॥

અથવા થાયે જ્ઞાનિના, કુળમાં એ ઉત્પન્ન;
લોક વિશે એ જન્મ છે, દુર્લભ, કુરૂનંદન. ૪૨

બુદ્ધિવંત જોગી કુલિન, આન લેય અવતાર;
જનમ લહત ઐસો ઘરન, દુર્લભ હૈ નિરધાર. ૪૨

૪૨ અથવા બુદ્ધિમંત યોગીનાજ કુળમાં જન્મે છે; એ પ્રકારનો જે જન્મ યોગીકુળમાં તે પણ લોકમાં અત્યંત દુર્લભ (છે.)

तत्र तं बुध्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिध्धौ कुरुनंदन ॥ ४३ ॥

પૂર્વ દેહની બુદ્ધિનો, ત્યાં પામે સંયોગ;
તેથી ફરિ સિદ્ધી વિશે, કરે યત્ન બહુ જોગ. ૪૩

તિનહૂં પહિલી દેહકોં, લહત બુદ્ધિ સંજોગ;
જતન કરત હૈ સિધ્ધિકોં, બહુ વિધ સોંચહુ જોગ. ૪૩

૪૩ હે કુરૂનંદન! ત્યાં (યોગીકુળમાં,) પૂર્વદેહના અભ્યાસને લીધે બુદ્ધિયોગ પામે છે; પછી વળી મોક્ષનેવિષે અધિક યત્ન કરે છે.

पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोपि सः।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्त्तते ॥ ४४ ॥

અવશ, પૂર્વ અભ્યાસથી, થૈ તે પણ ખેંચાય;
યોગ તણો જીજ્ઞાસુ પણ, વેદ ઉલંઘી જાય. ૪૪

સોતે અપને બસ નહીં, હૈ પહિલો અભ્યાસ;
તાતેં ઉપજે જોગ જો, બ્રહ્મ શબ્દ મેં બાસ. ૪૪

* ૪૪ પૂર્વદેહના અભ્યાસે અવશ થતો છતો તે યોગી અભ્યાસે વર્તે છે; યોગનો જિજ્ઞાસુ થઈ વેદના શબ્દ બ્રહ્મને [કર્મ્માનુષ્ઠાનને ઓળંગી આગળ જાય છે.

प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥ ४५ ॥

પ્રયત્નથી ઉદ્યોગિ જે, યોગિ પાપથી શુદ્ધ;
પામે શ્રેષ્ટ ગતીજ તે, બહુ જન્મે થૈ બુદ્ધ. ૪૫

જોગી જોત જતન કરે, ડારે સબ અઘ ધોય;
બહૂ જનમ સિદ્ધિ લહે, તાહિ પરમ ગતિ હોય. ૪૫

૪૫ પાપથી શુદ્ધ થયલો, અધિક પ્રયત્ન કરનારો, અનેક જન્મના યોગથી સારો જ્ઞાની થયલો તે યોગી અધિક ઉત્કૃષ્ટ ગતિને પામે છે.

---

* વિઘ્નાદિ કારણે ઇચ્છા ન કરે તોપણ પૂર્વના સંસ્કારને બળે તેનાથી અભ્યાસ થાયજ; તે, વિષયોથી વિમુખ થઇ બ્રહ્મમાં ચિત્ત જોડયું રાખવાનો અભ્યાસ કરેજ. પૂર્વ જન્મે યોગભ્રષ્ટ હોય તોપણ આ દેહે તે યોગજિજ્ઞાસુ વેદોક્ત કર્મફળની અપેક્ષા ન રખતાં એથી જે કંઇ અધિક તે પામે [મુક્તિ.]

तपस्विभ्योधिको योगी ज्ञानिभ्योपि मतोधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ॥ ४६ ॥

યોગી અધિક તપસ્વિથી, અધિક જ્ઞાનિથી, સાર;
અધિક કર્મિથી માટ તું, થા યોગી નિરધાર. ૪૬

તાપસિતેં જોગી અધિક, જ્ઞાનિ તાહુ તેં માન;
કરમ હુતેં જોગી અધિક, જોગી વ્હેતૂં માન. ૪૬

૪૬ તપસ્વીથકી [વ્રતાદિયે શરીરશોષક તેથકી] યોગી અધિક છે જ્ઞાનીથકી (શાસ્ત્રપંડિતથકી) પણ મોટો માન્યો છે; કર્મનિષ્ઠથકી [અગ્નિહોત્રાદિ કર્મ કરનારા થકી] પણ શ્રેષ્ઠ છે; માટે હે અર્જુન! તું યોગી [જ્ઞાનનિષ્ઠ] થા.

योगिनामपि सर्वेषां मद्गतेनांतरात्मना ।
श्रध्धावान्भजते यो मां स मे युक्ततमो मतः ॥ ४७ ॥

સર્વ યોગિના મધ્યમાં, મુજગત મનથી જેહ;
શ્રદ્ધાવાન ભજે મને, યોગિ શ્રેષ્ઠ છે તેહ. ૪૭

જોગી રાખે મન મહી, મોમેં નિશ્ચલ ભાય;
શ્રદ્ધાવંત મોંકોં ભજે, સો સબતેં અધિકાય. ૪૭

૪૭ સર્વે યોગીઓમાં પણ મારે વિષે વાળેલાં અંતઃકરણે કરીને શ્રદ્ધાવાન્ જે મને ભજે છે તે મારે મતે સર્વોપરિ શ્રેષ્ઠ છે.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા ઉપનિષદ્માં બ્રહ્મવિદ્યાને વિષે યોગશાસ્ત્રસંબંધી શ્રી કૃષ્ણાર્જુનના સંવાદમાં અભ્યાસયોગ નામનો છઠ્ઠો અધ્યાય. ॥૬॥

અધ્યાય ૭ મો.

श्री भगवानुवाच.

मय्यासक्तमनाः पार्थ योगं युंजन्मदाश्रयः।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ॥ १ ॥

મુજગત મન, મુજ આશ્રયી, કરતાં યોગજ એમ;
જાણે તું મુજ રૂપ સૌ, નિશ્ચય, સાંભલ તેમ. १

મેરોહીકર આસરો, મોહીસોં ચિત રાખ;
જાને નિઃસંદેહ સબ, મોતેં સુન મમ ભાખ. १

१ હે પાર્થ! મારે વિષે આસક્ત મન, મારોજ આશ્રય જેને, યોગને સાધતો (એવો તું) નિઃસંશય સર્વ વિભૂતિવાન હુંને જે પ્રકારે જાણીશ તે સાંભળ–

ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः।
यज्ज्ञात्वा नेह भूयोन्यज्ज्ञातव्यमवशिष्यते ॥ २ ॥

સવિજ્ઞાન આ જ્ઞાનતો, કૌં તુજનેજ અશેષ;
જાણી જે, અહિ જાણવા, ફરિ નહિ રહે અવશેષ. ૨

ગ્યાન ઔર બિગ્યાનસોં, તો સો કહત બખાન;
જાકે જાને જાનવો, કછુ ન રહત હૈ જાન. ૨

૨ અનુભવસહિત એ જ્ઞાન સંપૂર્ણ હું તને કહીશ (કે) જે જાણીને અહીં પછી બીજાું જાણવાનું શેષ રહેતું નથી.

मनुष्याणां सहस्त्रेषु कश्चिद्यतति सिध्धये।
यततामपि सिध्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥ ३ ॥

કોઇ હજારો મનુજમાં, કરે યત્ન સિધ્યર્થ;
સિધમાં પણ, જાણે મને, તત્વેં કોક સમર્થ. ૩

જતન કરત હૈ સિદ્ધકોં,એક હજાર ન માન;
તિનમેં જૂ કોઉ લહે,બહત લખત મહિમાન. ૩

૩ મનુષ્ય હજારોમાં કોઈક સિદ્ધિ [આત્મજ્ઞાન] અર્થે યત્ન કરે છે; યત્ન કરનારાં સિદ્ધમાં પણ કોઈકજ મને તત્વસ્વરૂપે જાણે છે.

भूमिरापोनलो वायुः खं मनो बुध्धिरेव च।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥ ४ ॥

ભૂ, જલ, અગ્ની, વાયુ, નભ મન, બુદ્ધી અહંકાર;
એમ ભિન્ન મુજ જાણવી, પ્રકૃતી અષ્ટ પ્રકાર. ૪

ભૂમિ નીર પાવક પવન,અંબર મન બુદ્ધિમાન;
અહંકાર યે આઠકી, માયા ભેદન જાન. ૪

૪ ભૂમિ, જળ, અગ્નિ, વાયુ, આકાશ અને મન, બુદ્ધિ, અહંકાર એમ મારી એ [ભાસતી] પ્રકૃતિ આઠ પ્રકારે ભેદને પામી.

अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम्।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥ ५ ॥

પણ એ અપરા, એથિ મુજ, પરા અન્ય, તું ધાર;
જીવભૂત, મહાબાહુ, જે, સૃષ્ટીને ધરનાર. ૫

માયા મેરી એક યહ, જિન જીત્યો સંસાર;
સાચી મનમેં માનિ લે, જીવ રૂપ નિરધાર. ૫

* ૫ એ [અષ્ટધા પ્રકૃતિ] અપરા [નિકૃષ્ટ-ઉતરતી] છે; એથકી બીજી; મારી પરા [પ્રકૃષ્ટ-ઉત્તમ] જીવસ્વરૂપ પ્રકૃતિ (છે તે) જાણ; હે મહાબાહુ, જેણે [એ ચૈતન્ય પ્રકૃતિયે] આ જગત્ ધરી રાખેલું રહે છે.

---

* અપરા તે જડ-કાર્યરૂપ વળી પરાને અધીન અને પરા તે મૂળ પ્રકૃતિ એ પરા તે પરમાત્માની ચૈતન્યશક્તિ કર્તૃત્વવાળી જાણી.

एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय।
अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥ ६ ॥

એ યોનીથી થાય છે, જાણ ભૂત સૌ એમ;
કર્ત્તા હું સૌ સૃષ્ટિનો, સંહર્તા, પણ તેમ. ૬

માયા તેઉ લહુ સબે, મૂલ જીવ યહ દોય;
હોં ઉપજાવત જગ સબે, તાસ કરે ચિત ચોય. ૬

* ૬ સર્વ ચરાચર ભૂતને એ પરાપરા પ્રકૃતિ ઉત્પત્તિસ્થાન–કારણ છે એમ જાણ; તેમ સર્વ જગતનો પ્રભવ પ્રલય હું (છું.)

मत्तः परतरं नान्यत्किंचिदस्ति धनंजय।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ ७ ॥

મુજથી પર બીજો નથી, હેતુ એનો કોઈ;
સૂત્રે મણિ વત્ સર્વ આ, મુજમાં રચ્યું પરોઈ. ૭

અર્જુન મોતેં નાપરે, ઔર બાત યહ જાન;
જ્યોં ગાન પોયો સૂતમેં મોમેં યોં સબ માન. ૭

૭ હે ધનંજય! મારાથકી જૂદું બીજું કંઇપણ નથી; આ સર્વ જગત મારેવિષે પ્રોવાયલું છે; સૂત્રમાં મણકાનો સમુદાય તેની પેઠે.

रसोहमप्सु कौंतेय प्रभाऽस्मि शशिसूर्ययोः।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥ ८ ॥

છું રસ જળમાં, છું પ્રભા, ચંદ્ર સૂર્યની, હુંજ;
શબ્દ નભેં, વેદેં પ્રણવ, ઉદ્યમ નરમાં છુંજ. ૮

ચંદ્ર સુરજકી કિરણ હૂં, જલરસ મોકોં માન;
બેદનમેં મૈં હોં પ્રણવ, પૌરૂષ શબ્દ બખાન. ૮

---

* ૬ છવ ચૈતન્યશક્તિ મુજે મારાથી, પ્રકૃતિ–માયાનું આશ્રય સ્થાન હું, માટે હુંજ જગતનું આદિસ્થાન, અંતસ્થાન છું.

૮ હે કૌંતેય ! જળને વિષે રસ (તે) હું, ચંદ્રસૂર્યની કાંતિ છું; સર્વ-વેદને વિષે પ્રણવ [ૐકાર], આકાશને વિષે શબ્દ, નરને વિષે પુરૂષાર્થ-ઉદ્યમ (હું છું.)

पुण्यो गंधः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ।
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥ ९ ॥

પુણ્ય ગંધ છું ભૂમિમાં, તેજ અગ્નિમાં સાર;
જીવન સૌ ભૂતો વિશે, તપસ્વિમાં તપ, ધાર. ૯

ગંધજુ હોં યહ ભૂમમેં, હોં પાવકમેં તેજુ;
જીવનકો મેં જીવ હોં,તપસી તપ લખિ જેજુ. ૯

૯ પૃથ્વીને વિષે પવિત્ર સુગંધ, વળી અગ્નિને વિષે તેજ છું; સર્વ પ્રાણીઓને વિષે આયુષ્ય,તપસ્વિયોને વિષે તપ [દ્વંદ્વસહનરૂપ] છું.

बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ॥ १० ॥

બીજ સનાતન સર્વનું, પાર્થ મને તું જાણ;
બુદ્ધિમાનની બુદ્ધિ હું, તેજ તેજિનું, માન. ૧૦

સબ જીવનકો બીજ હોં, મોકોં જાનિ જુલેહુ;
બુધ્ધિવંતમેં બુધ્ધિ હોં, સબ તેજનકો ગેહ. ૧૦

૧૦ હે પાર્થ ! સર્વ પ્રાણીઓનું સનાતન બીજ [કારણ] મને જાણ; બુદ્ધિમંતોની બુદ્ધિ, તેજસ્વીઓનું તેજ હું છું.

बलं बलवतामस्मि कामरागविवर्जितम् ।
धर्माविरुद्धो भूतेषु कामोस्मि भरतर्षभ ॥ ११ ॥

છું હું બળ બળિયાતણું, કામ રાગ વર્જીત;
સર્વ ભૂતમાં કામ હું, અર્જુન, ધર્મ સહીત. ૧૧

બલવંતનકો બલજુ હોં, કામરાગ તિન નાહિં;
કામરૂપ યેહી જુહો, ધરમ બસે મો માંહિ. ૧૧

૧૧ હે ભરતશ્રેષ્ઠ ! બળવંતોનું કામક્રોધવર્જિત બળ [સાત્વિક સ્વધર્માનુષ્ઠાનનું સામર્થ્ય] તે હું છું; ધર્મને વિરૂદ્ધ નહિ એવો પ્રાણીઓને વિષે જે કામ [સ્રીપુત્રાદિકનો] તે છું.

ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये ।
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि ॥ १२ ॥

જે સાત્વિક, રાજસ તથા, તામસ ભાવો જેહ;
હું તેમાં નહિ, જાણ તે, મુજથી, મુજમાં તેહ. ૧૨

સાત્વિક રાજસ તામસ, જે હૈ સગરે ભાય;
યે સબ મોમેં બસત હૈં, મોહિનસોં જૂ ચાય. ૧૨

૧૨ જે કંઈ સાત્વિક (શમદમાદિક], રાજસ [હર્ષ ગર્વાદિક,] તામસ [શોકમોહાદિક] જે ભાવ તેને મારાથીજ થયા જાણ; તે ભાવોમાં હું નથી [હું તેઓને અધીન નથી,] તેઓ મારે વિષે છે [મને આધીન છે.]

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ॥ १३ ॥

એ ગુણમય ત્રણ ભાવથી, રચ્યું જગત આ મોહિ;
જાણે નહિ પર એથી, જે, હું અવ્યય છું કોઈ. ૧૩

તીનો ગુણકે ભાવ જે, તિન મોહ્યો સંસાર;
મોકોં કોઉ નહીં લખત, ઈન તેં પૈલે પાર. ૧૩

૧૩ એ ત્રણ ગુણમય ભાવે કરીને આ સર્વ જગત મોહિત થઈ એ ત્રણથી વેગળો નાશરહિત જે હું તેને [મને] નથી જાણતું.

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यंते मायामेतां तरंति ते ॥ १४ ॥

માયા મુજ ગુણિ દૈવિ એ, દુઃખેં કરી તરાય;
પણ ભજેછ મુજનેજ જે, તે એને તરિ જાય. ૧૪

મેરી માયા ગુણમયી, દુઃસહ તરે ન જાય;
આવે કોઇ જો મો શરન, સોઉ તરત સુખ પાય. ૧૪

૧૪ એ દૈવી [અદ્ભુત,] ગુણમયી [સાત્વિકાદિ વિકારવાળી] મારી માયા તે દુઃખે કરીને અતિક્રમણ કરાય તેવી છે; જેઓ મનેજ ભજે છે તેઓ એ માયાને તરે છે.

न मां दुष्कृतिनो मुढाः प्रपद्यंते नराधमाः ।
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥ १५ ॥

અધમ, પાપી તે મૂઢ વલિ, માયાયે હૃતજ્ઞાન;
અસુરભાવ આશ્રીત નર, ભજે ન મુજને, જાણ. ૧૫

પાપી મૂરખ જે જગત, સો નહિ પાવત મોહ;
ગ્યાન જુ માયા કરિ હન્યો, અસુર ગુનનમેં જોય. ૧૫

૧૫ માયાએ નષ્ટ થયલું જ્ઞાન જેઓનું એવા, અસુરભાવને વળગી રહેલા, કુકર્મ કરવાવાળા, મંદબુદ્ધિ અધમ નર (તેઓ) મને પામતા નથી.

चतुर्विधा भजंते मां जनाः सुकृतिनोर्जुन ।
आर्त्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥ १६ ॥

પુણ્યવાન મુજને ભજે, ચાર જાતના જેહ;
રોગી, જીજ્ઞાસૂ વલી, અર્થી, જ્ઞાની તેહ. ૧૬

પુણ્યવંત જે ચાર બિધ,મોહિ ભજત ચિતચેન;
ગ્યાની રોગી કરમજી, તજ ગ્યાસી સુરવેન. ૧૬

૧૬ હે અર્જુન ! ચાર પ્રકારના પુણ્યકારી જન મને ભજે છે; હે ભરત-શ્રેષ્ઠ ! આર્ત્ત [દુ:ખનિવૃત્તિને ઇચ્છનારો], જીજ્ઞાસુ (આત્મજ્ઞાનને ઈચ્છનારો), અર્થાર્થી [આલોક પરલોક સંબંધી ભોગને-લક્ષ્મી, સત્તા, કીર્ત્તિને ઈચ્છનારો] ને જ્ઞાની [તત્વવેત્તા.]

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥ १७ ॥

તેમાં પણ જ્ઞાની વધે, એક ભક્ત, નિતયુક્ત;
હું અતિ પ્રિય છું જ્ઞાનિને, મુજને છે તે મુક્ત. ૧૭

ગ્યાની જો ભગતી કરે, સો સબતેં અધિકાય;
ગ્યાની મોકોં ભજત હૈ, ગ્યાની મોહિ સુહાય. ૧૭

૧૭ તેઓમાં સર્વદા મારામાંજ નિષ્ઠા, મારોજ એક ભક્ત એવો જ્ઞાની (તે) શ્રેષ્ઠ છે; જ્ઞાનીને અત્યંત પ્રિય હું (છું) ને તે મને પ્રિય છે.

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ॥ १८

ઉદાર સૌ એ, જ્ઞાનિ તો, માનું આત્મ સ્વરૂપ;
આત્મ યુક્ત તે આશ્રયે, ઉત્તમ ગતિ મુજ રૂપ. ૧૮

મેરે મત યહ સબ બડે, ગ્યાની મોંકો જાન;
ઉત્તમ ગતી જુ પાય તિન,ફલ ન લેત નહિ માન. ૧૮

* ૧૮ તે સર્વે [બીજા ત્રણ] પણ ઉદાર (છે પણ) જ્ઞાની તો (મારો) આત્માજ છે [મારૂંજ આત્મસ્વરૂપ છે, હુંથી જૂદો નથી] (એ) મારૂં મત (છે;) તે જ્ઞાની મારામાંજ ચિત્ત એવો, મનેજ વળગી રહેલો, પોતાની ઉત્તમ સદ્ગતિ મનેજ સમજે છે [બીજી કોઇ ઈચ્છા રાખતો નથી.]

* કોઈ પણ ઉદ્દેશે મને ભજે છે, સંસારમાં પણ મારા વિના સુખ આપનાર બીજું કોઈ નથી-એમ સમજે છે માટે ઉદાર-મોટા છે.

बहूनां जन्मनामंते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥ १९ ॥

જ્ઞાનવાન પામે મને, બહુ જન્માંન્તે સાર;
"સર્વ બ્રહ્મ" જોતાંજ, તે દુર્લભ છે નિરધાર. ૧૯

બહુત જનમ અંતહિ લહે, ગ્યાનબંતરે મીત;
વાસુદેવ સબમેં લખે, સો દુર્લભ હૈ નીત. ૧૯

* ૧૯ બહુ જન્મને અંતે જ્ઞાનવાન્ (તે) સર્વે [ચરાચર] વાસુદેવજ છે એમ (સમજી) મને ભજે છે; તે મહાત્મા સુદુર્લભ છે.

कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यंतेऽन्यदेवताः ।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥ २० ॥

ઇચ્છાથી હૃતજ્ઞાન વળી, નિજ પ્રકૃતી વશ જેહ;
બીજા દેવોને ભજે, નિયમ આચરી તેહ. ૨૦

ગ્યાન નહીં તિનકે હિયે, સેવત અન્યહિ દેવ;
અપને કામ સુભાવસેં, બંધો જુ વાહી ભેવ. ૨૦

†૨૦ તે તે કામનાએ હણાયલું જેનું જ્ઞાન તેઓ ઉપવાસાદિ નિયમોને વળગી પોતાની પ્રકૃતિને વશ રહી બીજા દેવતાઓને, [ભૂત પ્રેત યક્ષાદિ ક્ષુદ્ર દેવતાને] ભજે છે.

---

* અનેક જન્મનાં પુણ્ય સંચિત થયેથી પછીના જન્મમાં જીવ તત્વજ્ઞાની રૂપે સ્થાવર જંગમ જે જે કંઇ જગતમાં છે તે સંપૂર્ણ એક વ્યાપી રહેલો દેવ છે એમ સર્વત્ર આત્મદૃષ્ટિયે મને ભજે છે—એવો મહાત્મા કોઇક વીરલો હોય.

† ૨૦ સત્વ ગુણી કામનાએ જે જન પરમેશ્વરને ભજે તેની તે કામના પ્રાપ્ત થતી જાય ને ક્રમે કરી મુક્તિ થાય પણ રજો તમો ગુણને વશ થયલા તે પ્રકૃતિ વશાત્ બીજા દેવની ઉપાસના કરે છે પુત્રસ્ત્રીધનપ્રાપ્તિ શત્રુનો નાશ ઇત્યાદિને માટે.

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥ २१ ॥

જે ભક્તો ભજવા ઇછે, શ્રદ્ધાયે જે દેવ;
તેની તે પ્રત્યે કરૂં, દૃઢ શ્રદ્ધા, તતખેવ. ૨૧

શ્રધ્ધાન્વિત જો પૂજત હૈ, જ્યાદેવહિ ચિત ચાય;
તાકોં તાહી માંહિ હોં, દેવત સિધ્ધિ બઢાય. ૨૧

૨૧ જે જે [કામી જન] જે જે (મારાં) દેવતારૂપ શરીરને ભકતરૂપે શ્રદ્ધાએ પૂજવાને ઈચ્છે છે તેની તેની સ્થિર એવી તે તે ભક્તિને હું ધારણ કરૂં છું.

स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान्मयैव विहितान्हितान् ॥ २२ ॥

તે શ્રદ્ધાયે યુક્ત એ, ભજે દેવને સાર;
ઇચ્છિત પામે તે થકી, મુજ નિર્મિત તે, ધાર. ૨૨

જો વાહી શ્રધ્ધા સહિત, પૂજત વાહી દેવ;
દેતજુ હોઇ કામના, વહ જાનત નહિ ભેવ. ૨૨

૨૨ તે પુરૂષ તે શ્રદ્ધાએ [મારી પ્રેરેલી] તે દેવતાનું આરાધન ઇચ્છે છે (ને) તે દેવતા પાસેથી તેની ઇચ્છાનાં ફળ મેંજ નિર્મેલાં (તે) પામે છે.

अंतवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।
देवान्देवयजो यांति मद्भक्ता यांति मामपि ॥ २३ ॥

પણ તે અલ્પમતીજને, ફલતો નાશી થાય;
મળે દેવયજિ દેવને, મુજ ભક્તો મુજમાંય. ૨૩

ફૂલ થોડો પાવત જુહે, બિના ગ્યાન હૈ મૂઢ;
દેવ ભગત દેવન લહે, મેરો મોંકોં ગૂઢ.   ૨૩

*૨૩ અલ્પ બુદ્ધિવાળાને તે [મેં આપેલું] ફળ નાશવંત થાય છે-દેવતાનું યજન કરનારા દેવતાને [પોતપોતાનાં ઈષ્ટને] પામે છે (પણ) મારા ભકત તે મનેજ [પરમાત્માને] પામે છે.

अव्यक्तं व्यक्तिमापन्नं मन्यंते मामबुद्धयः ।
परं भावमजानंतो ममाव्ययमनुत्तमम् ॥ २४ ॥

અલ્પધિ, હું અવ્યક્તને, માને વ્યક્તજ જેહ;
અતિ ઉત્તમ, અવિનાશિ મુજ, રૂપ ન જાણે તેહ.   ૨૪

જ્યાકી થોરી બુધ્ધિ હૈ,જાનત પ્રગટ ન મોય;
અબિનાસી ઉત્તમ જુહોં, સબતેં ન્યારો જોય.   ૨૪

૨૪ અવિવેકીઓ હું અવ્યકત–અપ્રગટ. છતે મને વ્યકિત–પ્રગટતાને પામેલો માને છે; સર્વોપરિ શ્રેષ્ઠ, અત્યંત ઉત્તમ, નાશરહિત એવા મારા ભાવને [આત્મરૂપને] નથી જાણતા.

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।
मूढोयं नाभिजानाति लोको मामजमव्ययम् ॥ २५ ॥

જણાઉં નહિ હું સર્વને, માયાયે ઢાંકેલ;
જાણે મને, અનાશિ અજ, નહિ, જન મૂઢ બનેલ.   ૨૫

ઢકયો જુ માયા જાલહી, કાહું કોં ન પ્રકાસ;
મૂરખ મોહિન જાનિ હૈ,અજર અમર સુખ બાસ.   ૨૫

૨૫ યોગમાયાએ ઢંકાયલો હું સર્વને પ્રકાશરૂપ–પ્રગટ નથી; મૂઢ તે જન્મરહિત નાશરહિત હુંને નથી જાણતા.

---

* દેવતાઓને પૂજનારા તે આ સંસારનું કે સ્વર્ગાદિકનું સુખ થોડોક કાળ ભોગવે છે ને મને ભજનારા જન્મ મૃત્યુ નાશ રહિત હુંને મળે છે.

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥ २६॥

ભૂત, ભવિષ્ય ને આ સમય, અર્જુન નિપજે જેહ;
જાણું હું તે સર્વને, મુજને નહિ કો તેહ. ૨૬
જે બીતી જાનત મહિ, બરતમાન બરતંત;
હોંન હાર સબકોં લખે, મોંહિ લખે નહિ જંત. ૨૬

૨૬ હે અર્જુન ! થઈ ગયલાં તે, વર્તમાન છે તે, હવે થનારાં તે ચરાચર ભૂતોને હું જાણું છું, મને તો કોઈ પણ જાણતું નથી.

इच्छाद्वेषसमुत्थेन द्वंद्वमोहेन भारत ।
सर्वभूतानि संमोहं सर्गे यान्ति परंतप ॥ २७ ॥

રાગ દ્વેષથી દ્વંદ્વ જે, મોહ, તેણે નિરધાર;
સૃષ્ટિ વિશે સૌ પ્રાણિયો, મોહ પામે છે સાર. ૨૭
રાગ દ્વેખ અગ્યાનતેં, સબે જુ મોહિત હોય;
માન લેત હૈ આપકોં, હમ હૈ સુખ નઉ દોય. ૨૭

૨૭ હે ભારત ! શત્રુતાપ ! સૃષ્ટિને વિષે [સ્થૂળ દેહને લીધે] ઇચ્છા તથા દ્વેષે ઉત્પન્ન થયલો સુખદુઃખ લાભહાનિ વિષે વિવેકરહિત જે મોહ તેણે કરીને સકળ પ્રાણીમાત્ર દૃઢ મોહને પામે છે [હું સુખી હું દુઃખી એમ.]

येषां त्वंतगतं पापं जनानां पुण्यकर्मणाम् ।
ते द्वंद्वमोहनिर्मुक्ता भजंते मां दृढव्रताः ॥ २८ ॥

પણ જે પુણ્યજનોતણું, લય પામ્યું દુષ્કૃત્ત;
મુક્ત દ્વંદ્વ મોહથીજ તે, ભજે મને દૃઢ વ્રત. ૨૮
પુણ્ય કરે જે જગતમેં, દૂર કિયે નિજ પાપ;
સોઉ છૂટત મોહતેં, મોકોં પાવત આપ. ૨૮

૨૮ એમાંના કોઈ પુણ્યકર્મનું આચરણ કરનારા જનનું પાપ નાશ પામ્યું તેઓ દ્વંદ્વમોહથી છૂટેલા દૃઢવ્રતવાળા મને ભજે છે.

जरामरणमोक्षाय मामाश्रित्य यतंति ये ।
ते ब्रह्म तद्विदुः कृत्स्न मध्यात्मं कर्म चाखिलम् ॥२९॥

જરા મરણ ટળવા કરે, આશ્રિ મને જે યત્ન;
તે જાણે અધ્યાત્મ સૈ, બ્રહ્મ કર્મ પણ કૃત્સ્ન. ૨૯

જરા મરણકે હાનિકોં, જે કોઉ કરત ઉપાય;
જાનત તે અધ્યાતમ, બ્રહ્મ કરમકે ભાય. ૨૯

*૨૯ જરા મરણથી છુટવાને માટે મારો આશ્રય ધરીને જેઓ યત્ન કરે છે તેઓ તે બ્રહ્મને જાણે છે; સર્વ અધ્યાત્મ તથા સંપૂર્ણ કર્મ પણ (જાણે છે.)

साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ।
प्रयाणकालेपि च मां ते विदुर्युक्तचेतसः ॥ ३० ॥

અધિભૂત દૈવ યજ્ઞ સહિત, જાણે મુજને જેહ;
અંતે પણ જાણે મને, યોગિ વિવેકી તેહ. ૩૦

અધિ દૈવત અધિ ભૂતસોં, મોકોં જાનત મીત;
મરન સમે ભૂલત નહીં, જોગી મોંકોં ચીત. ૩૦

†૩૦ અધિભૂતઅધિદૈવતસહિત, અધિયજ્ઞસહિત એવો મને જેઓ જાણે છે (તેઓ) મરણ સમયેજ એક ચિત્ત થઈ મને [પરમાત્માને] જાણે છે.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા ઉપનીષદમાં બ્રહ્મવિદ્યાને વિષે યોગશાસ્ત્ર સંબંધી શ્રીકૃષ્ણાર્જુનના સંવાદમાં જ્ઞાન વિજ્ઞાન યોગ નામનો સાતમો અધ્યાય. ॥૭॥

---

* અધ્યાત્મ જ્ઞાનથી અવશ્ય જાણવાનું આ કે દેહાદિથી જૂદો શુદ્ધ આત્મા છે. કર્મ તે તત્વજ્ઞાનનાં સાધનરૂપ સઘળાં.

† અધિભૂત, અધિદૈવ, અધિયજ્ઞ એ વિષય આઠમા અધ્યાયમાં વિસ્તારે છે.

અધ્યાય ૮ મો.

अर्जुन उवाच ॥

किं तद्ब्रह्म किमध्यात्मं किं कर्म पुरुषोत्तम ।
अधिभूतञ्च किं प्रोक्त मधिदैवं किमुच्यते ॥ १ ॥

શું તે બ્રહ્મ અધ્યાત્મ શું, શું વલિ કર્મજ સોય;
શું અધિભૂત કહેલ છે, શું અધિદૈવજ હોય. १

અધ્યાતમકે બ્રહ્મકોં, કરમ કાહે જગદીશ;
અધિ દૈવત અધિ ભૂતકોં, તુમ જાનત બિરચીસ. १

१ હે પુરૂષોત્તમ ! તે બ્રહ્મ શું, અધ્યાત્મ શું, કર્મ શું, વળી અધિભૂત કોને કહ્યું (ને) અધિદૈવ કોને કહીએ.

अधियज्ञः कथं कोत्र देहेऽस्मिन्मधुसूदन ।
प्रयाणकाले च कथं ज्ञेयोसि नियतात्मभिः ॥ २ ॥

શું અધિયજ્ઞજ, કેમ એ, આ વધુમાં રહેનાર;
અંતે તમને કેમ વલિ, વશ મન જાણે સાર. २

અધિ જગ્યહિ કાસોં કહત, કૈસેં તુમકોં જૌન;
કૈસે તુમકોં જાનિયે, પ્રાણ કરત જબ ગૌન. २

२ હે મધુસૂદન ! આ શરીરમાં અધિયજ્ઞ કોણ (ને) કેમ જણાય ? જિતેંદ્રિયે મરણસમે કેવે પ્રકારે જાણવા યોગ્ય છે (તે.)

श्रीभगवानुवाच ॥

अक्षरं ब्रह्म परमं स्वभावोध्यात्ममुच्यते ।
भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ॥ ३ ॥

પર અક્ષર એ બ્રહ્મ છે, છે અધ્યાત્મ સ્વભાવ;
વિસર્ગને કહે કર્મ, જે, કરે સૃષ્ટીનો ભાવ. ૩

અચ્છરકોં બ્રહ્મહિ કહત, અધ્યાતમ જુસુભાય;
જો ઉપજાવત જગતકોં, સોઈ કરમસુ દાય. ૩

* ૩ નાશરહિત સર્વોત્તમ તે બ્રહ્મ, અધ્યાત્મ તે સ્વભાવ [દેહને વિષે વસ્તુત્વે કરીને જે છે તે] અને પ્રાણીઓની પરંપરા વધારનારો દ્રવ્યાદિ વસ્તુનું અર્પણરૂપ જે ત્યાગ તે કર્મશબ્દે જાણવો.

अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोहमेवात्र देहे देहभृतां वर ॥ ४ ॥

અધિભૂતજ ક્ષરભાવ છે, પુરૂષજ છે અધિદૈવ;
આ વપુમાં અધિયજ્ઞ છું, નરવર હુંજ તથૈવ. ૪

દેહજુ યહ અધિ ભૂત હૈ, અધિ દૈવત હૈ જીવ;
સબ દેહનકે દેહમે, હાં અધિ જગ્યસુ પીવ. ૪

૪ નાશવંત પદાર્થ–દેહાદિક તે અધિભૂત; અધિદૈવત તે પુરૂષ [સમસ્ત દેવતાનો આત્મારૂપ હિરણ્યગર્ભ;] અધિયજ્ઞ તે હું [સર્વ યજ્ઞનો અભિમાની વિષ્ણુ] છું આ દેહને વિષે, હે દેહધારીમાં શ્રેષ્ઠ અર્જુન !

अंतकाले च मामेव स्मरन्मुक्त्का कलेवरम्
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥ ५ ॥

અંતસમય સ્મરતા મને, દેહ મૂકીને જાય;
પામે તે મુજ ભાવને, નહિ સંશય તે માય. ૫

---

* કાળે નાશ ન પામે તે બ્રહ્મ; દેહમાં રહી તેના ભોક્તા રૂપે વર્તનાર જે જીવ તે અથવા દેહ, નામ, રૂપ ઈત્યાદિ રાખનાર જે ચૈતન્ય તે સ્વભાવ; દેવતાને ઉદ્દેશે જે યજ્ઞ તે કર્મ.

અંત સમે દેહહુ તજત, મો સમરન જો હોય;
સો તબહી મોકોં મિલે, તહાં ન સંશય કોય. ૫

૫ મરણસમે મારૂંજ સ્મરણ કરતો કલેવર છોડીને જે જાય તે મારાં યથાર્થ રૂપને પામે એ વિષે સંશય નથી.

यं यं वापि स्मरन्भावं त्यजत्यंते कलेवरम् ।
तं तमेवैति कौंतेय सदा तद्भावभावितः ॥ ६ ॥

સ્મરતાં જે જે ભાવને, ત્યજેછ અંતે દેહ;
પામે તે તે ભાવને, તદ્ભાવિત નિત તેહ. ૬

પ્રાણી યહ જબ દેહ તજે, સુમરે કાજ અનાન;
તબ નિસંક વહ રૂપકોં, પાવે સોયી આન. ૬

*૬ હે કૌંતેય! અથવા જે જે ભાવને [દેવતા વિશેષને] સંભારતો અંતે કલેવર છોડે તે સદા ચિંતેલા ભાવમાં તરત જતાં તે તે દેવતાને પામે છે.

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युद्ध्य च ।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम् ॥ ७ ॥

માટે સ્મર મુજને સદા, યુધ્ધ કરને તું સાર;
મુજમાં મન મતિ આંપ, તું મળિશ મને નિરધાર. ૭

મેરા સુમરન નિત કરે, જુધ્ધ કરે કિન મીત;
અરપે મોમે બુધ્ધિ મન, હોં આઇ તબ ચીત. ૭

૭ માટે સર્વકાળ મને [સગુણ ઈશ્વરને] સ્મરતો છતો (તું સ્વધર્મ રૂપ) યુદ્ધ કર; મારે વિષે મન બુદ્ધિ અર્પેલી એવો તું મને પામીશ; સંશય નથી.

---

* જીવને મરણસમે અભ્યાસનું બળ હોતું નથી, કેવળ પૂર્વની વાસનાજ હોય છે અંતઃકરણ પરવશ હોવાથી જેનું સ્મરણ થઇ જાય તે પદાર્થની તેને પછી પ્રાપ્તિ થાય છે.

अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिंतयन् ॥ ८ ॥

મન અભ્યાસેં યુક્ત જે, બીજે નહિ જનાર;
પામે તેણે ચિંતતાં, પરમ પુરૂષને સાર. ૮

જોગ ઔર અભ્યાસમેં, જાકો થિર ચિત હોય;
મો ચિંતા રાખે સદા, સુપુરૂખ પાવે સોય. ૮

૮ હે પાર્થ! અભ્યાસવાળી સમાધિમાં જોડાઈ બીજે કહીં ન જાય તેવી ચિત્તવૃત્તિયે નિરંતર ચિંતન કરતાં પરમ પુરૂષ પ્રકાશરૂપને પામે.

कविं पुराणमनुशासितार मणोरणीयांसमनुस्मरेद्यः ।
सर्वस्य धातारमचिंत्यरूप मादित्यवर्णं तमसःपरस्तात् ।९।

ચિંતેજ જે, એ કવિ ને પુરાણ, શાસ્તા તથા સૂક્ષ્મ અતિજ જાણ;
સૌનોજ ધાતા, નહિ ચિંત્યરૂપ, અજ્ઞાનથી દૂર રવીસ્વરૂપ. ૯

સબ કરતા સુચ્છમ અતિ, કબિસુ પુરાતન જાન;
રબિ સમાન સબતેં પરે, સુમરનતાકો માન. ૯

૯ સર્વજ્ઞ, અનાદિ, સર્વ જગતનો નિયંતા, સૂક્ષ્મમાં સૂક્ષ્મ, સર્વને પોષણ કરનારો [કર્મફળ આપવાવાળો,] અચિંત્યરૂપ, સૂર્યના સરખો પ્રકાશક, અજ્ઞાનથી [પ્રકૃતિ-માયાથી] વેગળો એવાને જે કોઇ સ્મરે-

प्रयाणकाले मनसाऽचलेन भक्त्या युक्तो योगबलेन चैव ।
भ्रुवोर्मध्ये प्राणमावेश्यसम्यक् सतंपरंपुरुषमुपैतिदिव्यम्

પ્રયાણકાળે સ્થિર ચિત્તથીજ, રૂડી રીતે યોગ બળે કરીજ;
તે ભક્ત, રાખી ભ્રૂવચેજ પ્રાણ, પામે પરંપૂરૂષ દિવ્ય જાણ. ૧૦

મરન સમે મન થિર કરે,ભગતિ જોગ બલપાય;
ભ્રુકુટિ મધ્ય પ્રાણહિ ધરે.પરમ પુરૂખમેં જાય. ૧૦

૧૦ મરણસમયે અચળ મને પ્રેમયુક્ત થઈને વળી યોગબળે [નિશ્ચળ ચિત્તે હૃદયમાં રહેલા આત્માને] બે ભ્રૂકુટીની મધ્યે પ્રાણને સારી રીતે આણીને (તે યોગી) તે પરમ પુરૂષ દિવ્યને પામે.

यदक्षरं वेदविदो वदंति विशंति यद्यतयो वीतरागाः ।
यदिच्छंतो ब्रह्मचर्यं चरंति तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ११

જેને કહે વેદવિદોજ બ્રહ્મ, જેમાં પ્રવેશ યતિયોજ સંમ;
જે ઇચ્છિ પાળે બ્રહ્મચર્ય વ્રત, ટુંકે તને કૈં પદ તેજ સત્ત; ૧૧

અચ્છર જાસેં કહત હૈ, બીત રાગ હો જાત;
બ્રહ્મચર્ય કોં જો કરે, તાપદ કીયો હાત. ૧૧

૧૧ જેને વેદ જાણનારા અક્ષર બોલે છે, રાગાદિ રહિત યત્ન કરનારા [સંન્યાસી] જે સ્વરૂપમાં પ્રવેશ કરે છે [ઐક્ય કરી જાણે છે,] જેને ઈચ્છનારા બ્રહ્મચર્ય આચરે છે તે પદ તને સંક્ષેપમાં કહીશ.

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुद्ध्य च ।
मूर्ध्न्याधायात्मनः प्राण मास्थितो योगधारणाम् ॥१२॥

સર્વ દ્વારને વશ કરી રૂંધિ હૃદયમાં મંન;
રાખી પ્રાણ ભ્રૂમધ્યમાં, ધરી સ્થૈર્ય અર્જુન. ૧૨

સબ દ્વારનકોં બસ કરે, મન રોકે હિયમાય;
પ્રાણહિ રાખે રીસમેં, રહે ધારણા ગાય. ૧૨

૧૨ સર્વ ઈંદ્રિયોને નિયમમાં રાખી, મનને હૃદયને વિષે રૂંધી [વિષયચિંતારહિત કરી] પોતાના પ્રાણને મૂર્ધામાં [મસ્તકમાં] સ્થિર સ્થાપી યોગધારણાને [સમાધિને] લાગેલો–

ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥ १३ ॥

ઓં એકાક્ષર બ્રહ્મને, ઉચરી સ્મરિને જેહ;
મૂકી દેહને જાય છે, પરગતિ પામે તેહ. ૧૩

પ્રણવાચ્છરકો જપ કરે, સુમરે મોકોં નીત;
યહ બિધિ જો યહ તજે, લહે પરમ ગતિ મીત. ૧૩

૧૩ ઓં એ એક અક્ષરરૂપ બ્રહ્મનું ઉચ્ચારણ કરતાં હુંને સ્મરતાં જે [જીવ] દેહ તજીને જાય [મૂર્ધ્નિ નાડીએ] તે પરમ ગતિને પામે.

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥ १४ ॥

સ્મરે નિત્ય મુજને વળી, અનન્ય મન જે સાર;
નિત્ય યુક્ત તે યોગિને, છું જ સુલભ નિરધાર. ૧૪

થીર ચિત્ત મોકોં જપે, સદા નિરંતર હોય;
તા જોગીકોં સુલભ હોં, ઔર લહે નહિ કોય. ૧૪

૧૪ બીજે કહીં નહિ ચિત્ત એવો જે મને નિરંતર પ્રતિદિન સ્મરેછે હે પાર્થ! તે નિત્ય એકચિત્ત યોગીને હું સુલભ છું [અનાયાસે મળુંછું].

मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
प्राप्नुवंति महात्मानः संसिद्धिं परमां गताः ॥ १५ ॥

પામિ મને, ફરિ જન્મ જે, અનિત્ય ને દુખયુક્ત;
પામે તેને નહિ, મહા, સિદ્ધ થયેલા મુક્ત. ૧૫

મહા પુરૂખ જે સિદ્ધિ લહે, મોમેં હોત જુલીન;
દુખકો ઘર યહ જનમ હૈ, તામેં હોત ન દીન. ૧૫

૧૫ પરમ સંસિદ્ધિને [મોક્ષને] પોંચેલા મહાત્મા મને આવી મળ્યા પછી અસ્થિર [તથા] દુઃખનુંજ ઠામ જે પુનર્જન્મ તે પામતા નથી.

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥ १६ ॥

લોક બ્રહ્મલોકેં સહિત, પુનર્જન્મ દેનાર;
પામિ મને, મુજ ભક્ત નહિ, ફરિ જન્મ લેનાર. ૧૬

બ્રહ્માલોં જો લોક હૈં, તિનમેં ફિર તજુ કોય;
અર્જુન મોકોં પાયકેં, જનમ લહે નહિ સોય. ૧૬

૧૬ બ્રહ્મલોકથી-માંડીને તે બીજા સૌ લોક પુનરાવૃત્તિવાળા છે; હે કૌંતેય ! મને પામીને તો (પછી)પુનર્જન્મ નથી.

सहस्रयुगपर्यन्तमहर्यद्ब्रह्मणो विदुः ।
रात्रिं युगसहस्रां तां तेऽहोरात्रविदो जनाः ॥ १७ ॥

જાણે દિન બ્રહ્માતણું, હજાર યુગનું જેહ;
રાત્રી પણ યુગ સહસનિ, રાત્ર દિવસ વિદ તેહ. ૧૭

જુગ સહસ્રકે અંતલોં, બ્રહ્માકો દિન જાન;
રાત્રી ઉ તિનહો લહે, ગ્યાની કરત બખાન. ૧૭

* ૧૭ સહસ્રયુગલગીનો બ્રહ્માનો એક દિવસ જાણે છે, સહસ્રયુગની રાત્રી જાણે છે તે જનો દિવસરાત્ર જાણનારા જાણવા [મુકિતવિનાના.]

* પુણ્યાત્માઓ ત્રૈલોકયમાં શોકરહિત સ્થાનોમાં હજારો વર્ષ સ્થિર રહે છે એટલુંજ વિશેષ છે પણ તેથી શું ? તે કંઈ અવિનાશી અચળ મુકિતપદ નથી.

अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवंत्यहरागमे ।
रात्र्यागमे प्रलीयंते तत्रैवाव्यक्तसंज्ञके ॥ १८ ॥

સૌ વ્યકતો અવ્યકતથી, દિવસે ઉત્પન થાય;
થાય લીન સૌ રાત્રિયે, તે અવ્યકતજમાંય. ૧૮

બ્રહ્માકો દિન હોતહી, પ્રગટે યહ સંસાર;
નિસિકે આયે જાત હૈ, માયામેં તા બાર. ૧૮

૧૮ અવ્યકત થકી [બ્રહ્માની નિદ્રાવસ્થાથકી] સર્વે વ્યકિતયો [સ્થાવર જંગમાદિ મૂર્તિયો] બ્રહ્મનો દિવસ થાય છે કે પ્રગટ થાય છે (ને) રાત્રિ થાય છે કે તે અવ્યકતમાંજ લીન થઈ રહે છે.

भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवशः पार्थ प्रभवत्यहरागमे ॥ १९ ॥

તેજ ચરાચર ભૂત આ, અવશજ કુરૂનંદન;
થૈ લય પામે રાત્રિયેં, થાય દિને ઉત્પન્ન. ૧૯

બાર બાર ઉપજત સબે, જીવત નાસત મીત;
બ્રહ્માકે દિન તે નશત, બહે જાત હૈ નીત. ૧૯

૧૯ હે અર્જુન! તેજ [પૂર્વસંકલ્પ હતો જેને એવા] પ્રાણીઓનો સમુદાય ઉત્પન્ન થઈ થઈને પ્રલયને પામે છે–રાત્રી પછી દિવસ ઉગત કર્મને પરવશ એવા તે ઉત્પન્ન થાય છે.

परस्तस्मात्तु भावोन्यो व्यक्तोव्यक्तात्सनातनः ।
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥ २० ॥

એ અવ્યકતથિ પર ભિન્ન, ભાવ સનાતન જેહ;
નાશ થિયે સૌ ભૂત પણ, નાશ ન॰ પામે તેહ. ૨૦

બ્રહ્મજુ માયાતેં પરે, ઇંદ્રિહુ ન ગ્રહ્યો જાય;
સબ જીવનકે નાસતેં, સો કબહૂ નાહિ જાય. ૨૦

* ૨૦ માટે અવ્યક્ત [પ્રકૃતિ] થકી બીજો એવો ભાવ [સત્તાસ્વભાવ] તે જૂદો [છે]; અપ્રગટ [વળી] સનાતન જે તે, સર્વે ચરાચર ભૂત નાશ પામતે છતે પણ નાશ પામતો નથી.

अव्यक्तोक्षर इत्युक्त स्तमाहुः परमां गतिम् ।
यं प्राप्य न निवर्तंते तद्धाम परमं मम ॥ २१ ॥

કહે અક્ષર અવ્યક્ત વલિ, પરગતિ તેને કેહ;
જેને પામિ ન જન્મ લે, મુજ સ્વરૂપ પર તેહ. ૨૧

સોઇ અચ્છર પરમગત, તાહિ ન દેખે કોય;
ફિરે ન તાકોં પાઇકેં, પરમ ધામગેં જોય. ૨૧

૨૧ અપ્રગટ અક્ષર એમ જેને કહ્યો તેનેજ પરમગતિ કહે છે; જે ભાવને પામી ફરી જન્મ લેવો પડતો નથી તે મારૂં પરમધામ છે.

पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यांतःस्थानि भूतानि येन सर्वमिदं ततम् ॥ २२ ॥

થાયછેજ પર પુરૂષ તે, એક ભકિતયે પ્રાપ્ત;
જેમાં ભૂતો રહે, બધૂં, જેણે છે આ વ્યાપ્ત. ૨૨

ભગતિ કરે તે પાઇયેં, પરમ પુરૂખસો જાન;
જ્યામેં સગરે જીવ હૈ, જગ બિસ્તાર્યો આન. ૨૨

૨૨ હે પાર્થ! જેના અંતરમાં સ્થિતિ કરી રહ્યાં છે પ્રાણીઓ, જેણે આ સર્વ વ્યાપી રહ્યું છે તે ઉત્કૃષ્ટ પુરૂષ અનન્ય [એકાગ્ર] ભકિતયે લભ્ય થાય છે.

---

* ચરાચર ભૂતને, કારણરૂપ પ્રકૃતિને પણ જે કારણરૂપ કે જેમાં જૂદાં ચક્ષુ આદિનો અગોચર ભાવ તે અનાદિ પુરૂષ નિત્ય નાશરહિત છે.

यत्र काले त्वनावृत्ति मावृत्तिं चैव योगिनः ॥
प्रयाता यांति तं कालं वक्ष्यामि भरतर्षभ ॥ २३ ॥

મરતાં યોગી જે સમય, ફરિ જન્મે નહિ સાર;
જન્મે ફરિ પણ જેમ, તે, સમય કહું નિરધાર. ૨૩

ફિર આવત જો કાલમેં, નહિ આવત જ્યાકાલ;
અર્જુન તો સોં કહત હૈં, સુન અનિશીખર સાલ. ૨૩

૨૩ હે ભરત શ્રેષ્ઠ ! મરણ પામેલા યોગી જે કાળે ફરી જન્મ નથી પામતા ને જે કાળે ફરી જન્મ પામે છે તે કાળ હું કહું છું.

अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ।
तत्र प्रयाता गच्छंति ब्रह्म ब्रह्मविदो जनाः ॥ २४ ॥

અર્ચિ, દિવસ, શુધ્ધપક્ષને, ઉતરાયણમાં સાર;
જનાર બ્રહ્મજ થાય તે, બ્રહ્મવીદ જન, ધાર. ૨૪

અગિન જ્યોતિ અરુ શુકલ પટ્, ઉતરાયણકો માસ;
જા તજુ ગ્યાની યા સમે, લહત બ્રહ્મકો બાસ. ૨૪

* ૨૪ અગ્નિ, જ્યોતિદિવસ, શુકલપક્ષ, છમાસ, ઉત્તરાયન એ માર્ગે પ્રયાણ કરનારા બ્રહ્મોપાસક જન તે બ્રહ્મપદ મુકિતને પામે છે

धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम् ।
तत्र चांद्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्त्तते ॥ २५ ॥

ધૂમ, રાત્રિ, વિધપક્ષ ને, દક્ષિણાયને સાર;
જાય, સ્વર્ગે પામી ફરે, કર્મ યોગિ નિરધાર. ૨૫

---

* અગ્નિ આદિની અભિમાની દેવતનું ગ્રહણ કરવું—અગ્નિ આદિ લોકમાં ઉત્તરોત્તર જઈ સંવત્સરે દેવલોકને પામ્યા પછી બ્રહ્મસ્વરૂપ થાય છે. ઉત્તરાયનના છ માસમાં શુકલપક્ષમાં દિવસે મૃત્યુ પામેલા બ્રહ્મવત્તા તે, તે તેની દેવતાઓએ દેખાડેલે માર્ગે બ્રહ્મને પામે છે.

ધૂમ નિસા દચ્છન અયન, કૃષ્ણ પચ્છજો હોય;
સસિ મંડલ જોગી લહે, ફિરતઉ આવત સોય. ૨૫

*૨૫ ધૂમ, રાત્રી, કૃષ્ણપક્ષ, છમાસ, દક્ષિણાયન એ માર્ગે પ્રયાણ કરનારા યોગી તે ચંદ્રમાની જ્યોતિને પામી પાછા ફરે છે.

शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ।
एकया यात्यनावृत्ति मन्यया ऽऽवर्त्तते पुनः ॥ २६ ॥

શુકલ કૃષ્ણ, એ બે ગતા, શાશ્વત અહિંજ મનાય;
એક પામે મોક્ષ, ફરિ, જન્મ અન્યથી થાય. ૨૬

શુકલ કૃષ્ણ યહ ગતિ કહી, તે સંસારહિ હોત;
ફિર આવત હૈ એક ગતિ, એક લહતજૂ મુક્ત. ૨૬

૨૬ એ શુકલ કૃષ્ણ માર્ગ જગતના જનની ગતિ નિત્ય માન્ય છે [આદિકાળથી ચાલતી આવીછે]; એકથી પુનરાવૃત્તિ થતી નથી ને બીજીથી થાય છે.

नैते सृती पार्थ जानन् योगी मुह्यति कश्चन ।
तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन ॥ २७ ॥

પાર્થ જાણતાં માર્ગ એ, યોગી મોય ન કોય;
માટે તું યોગીજ થા, સર્વ કાળમાં સોય. ૨૭

જો જાને દોઉ ગતિન, જોગહિ મોહન હોય;
જોગી હે અર્જુન તહૂં, સરબ કાલકો જોય. ૨૭

એ માર્ગને જાણીને કોઇ યોગી મોહ પામતો નથી માટે હે અર્જુન ! સર્વકાળ યોગયુકત થા.

---

* ધર્માદિ અભિમાની દેવતાનું ગ્રહણ કરવું. ધૂમાદિ લોકમાં ઉત્તરોત્તર જઇ સંવત્સરે પિતૃલોકમાં થઇ પછી ચંદ્ર જ્યોતિને પામી એમ કર્મફળ ભોગ કરી પાછા સંસારમાં આવે છે. એ કામનાવાળા કર્મકારીઓની ગતિ છે. દક્ષિણાયનના છ માસમાં કૃષ્ણપક્ષમાં રાત્રે મૃત્યુ પામેલા કર્મયોગી તે, તે તેની દેવતાએ દેખાડેલે માર્ગે સ્વર્ગ જઇ ભોગ ભોગવી પાછા અહીં આવે છે.

वेदेषु यज्ञेषु तपःसु चैव दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् ।
अत्येतितत्सर्वमिदंविदित्वा योगीपरंस्थानमुपैति चाद्यम्

વેદો વિશે, યજ્ઞતપો વિશે જે, દાનો વિશે પુણ્ય કહેલ છે જે;
પામે બધૂં તે, મુનિ જાણિ એને, પામે વલી જે પદ આદિતેને. ૨૮

વેદ જગ્ય તપ દાનકોં, ફલજુ કહે હૈ મીત;
જોગી તાફલકોં લહે, સબ દિન લહે નિચીત. ૨૮

૨૮ વેદ, યજ્ઞ, તપ, દાન (એને) વિષે પુણ્યફળ જે દેખાડયું છે તે સર્વને જાણીને (પછી) ઉલ્લંઘી [કામનારહિત થઈ] યોગી આ પરમ સ્થાનને પામે છે.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા ઉપનિષદ્માં બ્રહ્મવિદ્યાને વિષે યોગ શાસ્ત્ર સંબંધી શ્રીકૃષ્ણાર્જુનના સંવાદમાં અક્ષરબ્રહ્મયોગ નામનો આઠમો અધ્યાય ॥૮॥

અધ્યાય ૯ મો.

श्रीभगवानुवाच ॥

इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥ १ ॥

શુદ્ધ તને અતિ ગુપ્ત આ, વિજ્ઞાનેજ સહીત;
જ્ઞાન કહું જે જાણિને, થશે અશુભથિ રહીત. ૧

અર્જુન તોસોં કહત હોં, એક ગુપ્ત સબ બાત;
જાસો ગ્યાન બિગ્યાનકોં, લહે મુક્તકી જાત. ૧

* ૧ (હવે) આ અત્યંતગુહ્ય, વિજ્ઞાનસહિત જ્ઞાન, હે દોષદૃષ્ટિરહિત (અર્જુન) ! હું તને કહીશ જે જાણીને અશુભથકી [સંસારથકી] મુક્ત થઈશ.

राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ।
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्त्तुमव्ययम् ॥ २ ॥

છે એ વિદ્યારાજ, અતિ ગુહ્ય, શુદ્ધ ને ધર્મ્ય;
એ અવ્યય ઉત્તમ સુલભ, છે પ્રત્યક્ષેં ગમ્ય. ૨

ઉત્તમ બિદ્યા રાજ હૈ, અતિ પવિત્ર તૂં જાન;
ફલ તાકોં તિચ્છન અતિ, કરએ કોં સિખ માન. ૨

૨ એ (જ્ઞાન) વિદ્યામાં રાજા [અતિ ઉત્તમ વિદ્યા], ગુહ્યમાં રાજા [ગોપ્યમાં ગોપ્ય,] પવિત્ર, ઉત્તમ, પ્રત્યક્ષ અનુભવાય એવું [પ્રત્યક્ષ ફળ દાખવતું], ધર્મ્ય [વેદવિહિત], પ્રાપ્ત કરવાને સુલભ, નાશરહિત (છે.)

अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परंतप ।
अप्राप्य मां निवर्तंते मृत्युसंसारवर्त्मनि ॥ ३ ॥

પણ પુરૂષો એ ધર્મને, ન માંનનારા જેહ;
ભ્રમે મૃત્યુ સંસારમાં, પામિ મને નહિ, તેહ. ૩

કર એકો યા ધરમકોં, જાકો સરધા નાહીં;
સો મોકોં પાવત નહીં, ડોલત હૈ ભવ માહીં. ૩

૩ હે શત્રુતાપ ! આ ધર્મસ્વરૂપવિષે શ્રદ્ધારહિત પુરૂષો મને ન પામીને મૃત્યુરૂપ સંસારમાર્ગમાં [અનેક યોનિપ્રાપક માર્ગમાં] આવજાવ કરે છે.

---

* શાસ્ત્ર ભણી જે બોધ લેવો તે જ્ઞાન. વિજ્ઞાન તે સાક્ષાત્ પ્રત્યક્ષ અનુભવજ્ઞાન.

मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।
मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः ॥ ४ ॥

મેં અવ્યક્તે સર્વ આ, વ્યાપ્યું જગતજ સાર;
મુજમાં સર્વે ભૂત એ, હું તેમાં ન લગાર. ૪

બિસ્તારો સબ જગતમેં, મોહિન દેખે કોય;
સબે જીવમોં મે બસે, મૈ હિન તામે જોય. ૪

*૪ અપ્રગટ મૂર્ત્તિ [ઈંદ્રિયો જાણી ન શકે તેવી] એવા હુંથી [મારાથી] આ સર્વ જગત વ્યાપ્યું છે; મારામાં રહ્યાં છે સર્વે ભૂત (પણ) તેમાં હું રહ્યો નથી.

नच मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ।
भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ॥ ५ ॥

વલિ મુજમાં નહિ ભૂત એ, જો મુજ ઇશ્વરિ યોગ;
ધર્ત્તા પાલક છુંજ પણ, નહિ એમાં મુજ જોગ. ૫

મોમે કોઉ નહી બસે, નહિ ઇશ્વરતા દેખ;
ઉપજાવત પાલત જુહોં, નહિ તિનમેં અવરેખ. ૫

† ૫ ભૂત મારે વિષે નથી રહ્યાં (એજ તું) જો મારો ઇશ્વરી યોગ; ભૂતને ધરનારો ભૂતમાં રહેલો [હું] નથી, મારૂં સ્વરૂપ ભૂતને ઉત્પન્ન કરી પાલણ કરે છે.

---

* મારાથી જેંગત થયું છે, હું સર્વત્ર પ્રવિષ્ટ છું પણ જેમ મટોડીનો ઘડો થાય છે ને ઘડામાં પણ માટી હોય છે તેમ હું નથી, હું તો અલગજ છું.

† હું સર્વનો આશ્રય છું, સર્વવ્યાપક છું તોપણ સર્વ મારામાં સ્થિત નથી એમ કેમ ? ન બનવા જેવું પણ બને (અઘટઘટના) એ મારી યોગમાયા છે. અભિમાની જીવ દેહ ધારણ કરે છે, દેહમાં રહે છે ને તેનો નિર્વાહ કરે છે. હું નિરભિમાનરૂપે સર્વ દેહધારી જીવ પ્રત્યેક અને સમુદાય સમગ્રને ધારણ કરૂં છું, તેમાં રહું છું, તેનો નિર્વાહ ચલાવું છું તોપણ મારૂં મૂળ ઉત્કૃષ્ટ સ્વરૂપ તે જૂદું અલગ નિઃસંગ છે—ને એ અદ્‌ભુત તે મારી માયાનો વૈભવ છે, મારૂં પરમ ઐશ્વર્ય છે.

यथाऽऽकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान् ।
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय ॥ ६ ॥

જેમ રહે નભમાંજ નિત, વાયુ સર્વગત મહાન;
સર્વ ભૂત પણ તેમ છે, અર્જુન, મુજમાં જાણ. ૬

જૈસો પવન અકાશમેં, ફિરત રહે સબ બાર;
તેવમોમે સબ જીવ યહ, ફિરત જાન નિરધાર. ૬

*૬ જેમ નિત્ય આકાશમાં રહેલો સર્વત્ર આગમન કરનારો મોટો વાયુ તેમ સર્વે ભૂત મારે વિષે છે એમ જાણ.

सर्वभूतानि कौन्तेय प्रकृतिं यांति मामिकाम् ।
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ॥ ७ ॥

સૌ પામે કલ્પક્ષયે, મુજ પ્રકૃતીને સાર;
કલ્પારંભે હું સૃજું, ફરિ તેને નિરધાર. ૭

મેરી માયામે રહે, પ્રલે ભયે સબ જંત;
કલ્પ આદિ શિર જ્યોતતે, મોમેં તીનકો તંત. ૭

૭ હે કૌંતેય ! સર્વ ભૂત પ્રલયકાળે મારી પ્રકૃતિમાં લીન થાય છે, ફરી તે ભૂતોને ઉત્પત્તિકાળે હું ઉત્પન્ન કરૂં છું.

प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।
भूतग्राममिमं कृत्स्न मवशं प्रकृतेर्वशात् ॥ ८ ॥

સ્વીકારી નિજ પ્રકૃતિને, સૃજું ફરિ ફરિ આ ભૂત;
પૂર્વ કર્મથી એ બધા, પરવશ પાંડૂ સૂત. ૮

---

* આકાશ વિના વસ્તુ રહે નહિ, આકાશમાં વાયુ છે પણ તેમાં મળેલો નથી—તેમ આધાર બ્રહ્મમાં આધેયજગત્ છે પણ તે બે મળ્યાં નથી—બ્રહ્મ અલિપ્ત અસંગ છે.

આપની માયા તે લહો, સૃજત બારહિ બાર;
માયા હિકે બસ પરો, રહે સદા સંગ સાર. ૮

૮ હુ મારી માયાનો આશ્રય ધરી આ સઘળો જીવસમુદાય જે પૂર્વકર્મનાં બળને લીધે પરાધીન છે તેને વારે વારે ઉત્પન્ન કરૂં છું.

नच मां तानि कर्माणि निबध्नंति धनंजय ।
उदासीनवदासीन मसक्तं तेषु कर्मसु ॥ ९ ॥

પણ અસંગિ તે કર્મમાં, ઉદાસીન વત સાર;
હું છું, માટે નહિ મને, કર્મ બાધ કરનાર. ૯

અર્જુન મોકોં કર્મહી, કબહુ બાધત નાહીં;
સદા ઉદાસી રહત હોં,અસકત નાહિંના માંહીં. ૯

૯ હે ધનંજય! તે કર્મ [સૃષ્ટિ સ્થિતિ લય] મને બંધન કરતાં નથી, તે કર્મોવિષે આસક્તિરહિત, ઉદાસી સરખો રહેનારો હોઉં છું.

मयाऽध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनाऽनेन कौन्तेय जगद्विपरिवर्तते ॥ १० ॥

મુજ અધ્યક્ષપણે રચે, પ્રકૃતિ વિશ્વ નિરધાર;
એજ હેતુયે થાય છે, જગતજ વારંવાર. ૧૦

હોં પ્રેરત માયા જબે,ઉપજત સબ સંગ સાર;
પારથ યેહી હેતતેં, ફિરત સુ બારહિ બાર. ૧૦

* ૧૦ હું અધ્યક્ષથી પ્રકૃતિ–માયા ચરાચર ઉત્પન્ન થાય છે; કૌંતેય!. એ કારણથી જગત વારેવારે ઉત્પન્ન થાય છે.

---

* નિયંતા હું ને કર્મ કરનારી ત્રિગુણી માયા પ્રકૃતિ; હું દ્રષ્ટા–જોનારાની દ્રષ્ટિ છે માટેજ માયા કર્મ કરવે સમર્થ છે; મારે આશ્રયેજ તે રહી છે ને મારી સાન્નિધ્યજ કર્મ કરે છે.

अवजानंति मां मूढा मानुषीं तनुमाश्रितम्
परं भावमजानंतो मम भूतमहेश्वरम् ॥ ११ ॥

મુજ ઇશ્વરિ પરભાવને, ન જાણનારા જેહ;
મનુષ દેહ ધારી મને, નિંદે મૂઢો તેહ. ૧૧

મોકોં માનસ જાનિકે, આદર કરત ન કોય;
મૂરખ યહ જાનત નહીં, મે યહ ઇશ્વર હોય. ૧૧

*૧૧ મારા પરમ ભાવને ન જાણતા મૂર્ખ તે સકળભૂતનો મહેશ્વર (હું છતે) મનુષ્યકાયાનો આશ્રય કરેલો એવો હું તેનો [મારો] અનાદર કરે છે.

मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः ।
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ॥ १२ ॥

વ્યર્થ આશિ ને કર્મિ તે, વ્યર્થ જ્ઞાનિ વિક્ષીપ્ત;
મોહિનિ, રાક્ષસિ, આસુરી, પ્રકૃતિને આશ્રીત. ૧૨

ઉનકી આસ સુફલ નહીં,ગ્યાન કરમના ભાય;
પ્રકૃતિ આસુરિ રાછસી, તામે બુડે જુધાય. ૧૨

૧૨ વૃથા આશાવંત [દેવતાઓ શીઘ્રફળ આપશે એમ], વૃથા કર્મ કરનારા [અમિત આસક્તિ કામનાએ], વૃથા જ્ઞાનવંત [અનેક તર્ક કરનારા કે જેથી શાસ્ત્રજ્ઞાન ફળે નહિ], વિવેક-વિનાના (તે) રાક્ષસી આસુરી મોહિની એવી પ્રકૃતિનેજ આશ્રિત થઇ રહી (મારો અનાદર કરે છે.)

---

* હું વિશુદ્ધ સત્વરૂપ છતે ભક્તના રક્ષણને અર્થે મનુષ્યશરીર ધારણ કરી મનુષ્ય સરખું આચરણ કરૂં છું તેથી લોક મને ન ઓળખતાં પોતાના સમાન સમજે છે.

महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः ।
भजंत्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥ १३ ॥

પણ મહાતમા એકચિત, દૈવી પ્રકૃતીવાન;
ભજે મને જાણી મને, કારણ અવ્યય મહાન. ૧૩

દૈવ પ્રકૃતિ જો મિલે, કામ ક્રોધકો ત્યાગ;
સો જાનત મોકોં સબે, સદા જિન્હેં અનુરાગ. ૧૩

૧૩ હે પાર્થ! દૈવી પ્રકૃતિને [સાત્વિકને] આશ્રિત થઈ રહેલા મહાત્મા [ઉદાર અંતઃકરણના,] હું વિના બીજે કહીં નથી મન જેનું એવા (તે) મને નાશ રહિત, જગતનું આદિકારણ જાણીને સેવે છે.

सततं कीर्तयंतो मां यतंतश्च दृढव्रताः ।
नमस्यंतश्च मां भक्त्या नित्ययुक्ता उपासते ॥१४॥

કર્તાં કિર્તન નિત્ય કો, દ્રઢવ્રત યત્ને સક્ત;
નમતાં કઇક ભજે મને, ભાક્તયે નિત ભક્ત. ૧૪

કીર્તન મેરા જો કરે, તીનમે જુ વ્રત રાખ;
ભગતિ સહિત મોકોં નમત, મન તત્પર વહૈ ભાવ. ૧૪

૧૪ સર્વદા કીર્ત્તન કરનારા [સ્તોત્રમંત્રે] નિયમ રાખનારા, દૃઢવ્રતવાળા, નમસ્કાર કરનારા, ભક્તિયે નિત્ય યુક્ત [એકાગ્રચિત્ત થઈ] મને ઉપાસે છે.

ज्ञानयज्ञेन चाप्यन्ये यजंतो मामुपासते ।
एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ॥ १५ ॥

અન્ય ભજે કો જ્ઞાનથી, ઐક્યેં પૃથકેં સાર;
કોઇ વિશ્વરૂપેં મને, દેખી બહુજ પ્રકાર. ૧૫

જ્ઞાન જગ્યકો ઉજ્જત હૈ, મોકોં સેવત મીત;
કોઉ માનત એ કરી, કોઉ રહત પુનીત. ૧૫

૧૫ બીજા તે જ્ઞાનયજ્ઞે યજન કરે છે; (કેટલાક) અભેદે, (કેટલાક) ભેદબુદ્ધિયે [જીવ જૂદો-દાસ છે એમ], (અને કેટલાક) બહુ પ્રકારે [બ્રહ્મરૂદ્રાદિ રૂપે] વિશ્વરૂપ હુંને ઉપાસે છે.

अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।
मंत्रोहमहमेवाज्य महमग्निरहं हुतम् ॥ १६ ॥

હું ક્રતુ ને હું યજ્ઞ છું, સ્વધાજ, ઔષધ હુંજ;
હુંજ મંત્ર, હું આજ્ય છું, અગ્નિ હવન હું છુંજ. ૧૬

હોં હી ક્રતુ અરૂ જગ્ય હોં, સુધા ઔખધી અન્ન;
હોં પાવકમેં આજ્ય હૂં, મંત્ર હુ મોકોં માન. ૧૬

૧૬ હું ક્રતુ [વૈદિક જ્યોતિષ્ટોમાદિ યજ્ઞ,] હું યજ્ઞ સ્માર્ત વૈશ્વદેવાદિક, સ્વધા [શ્રાદ્ધ] હું, હું ઔષધ [અન્નપણુ,] હું મંત્ર [વેદમંત્ર,] હુંજ ઘૃત [હોમને અર્થે,] હું અગ્નિ [હોમનો,] હોમેલું તે હું. [જે કંઈ તે સઘળું હું છું.]

पिताहमस्य जगतो माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोंकार ऋक् साम यजुरेव च ॥ १७ ॥

પિતા પિતામહ જગતનો, માતા ધાતા હુંજ;
જ્ઞેય, શુદ્ધ ઓંકાર, રૂગ, સામ, યજૂ હું છુંજ. ૧૭

માત પિતા યા જગતકોં, મેહી હોં કરતાર;
ऋગ યજુ સામ પવિત્ર હોં, ઔર બેદ ઓંકાર. ૧૭

૧૭ આ જગતનો પિતા હું, માતા, કર્મફળદાતા, પિતામહ, જ્ઞેય [જાણવા યોગ્ય તે,] પવિત્ર, ઓંકાર, ઋક્ સામ યજુર્વેદ પણ હુંજ.

गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधनं बीजमव्ययम् ॥१८॥

ગતિ, ભર્ત્તા, પ્રભુ, સાક્ષિ,હું,શરણ, સુહૃત નીવાસ;
પ્રભવ, પ્રલય,આધાર, લય, કારણ છું અવિનાશ. ૧૮

ગતિ નિવાસ ભરતા સરન,સાક્ષિ પ્રભુ ઔર બંધ;
પ્રલય સ્થાન નિધાન ઔર, બીજ પ્રભાવ પ્રબંધ. ૧૮

૧૮ ગતિ [પામવાનું ઠામ,] પોષક, સ્વામી, સાક્ષી, [કર્મનો,] ભોગસ્થાન, રક્ષક, હેતુ, ઉત્પત્તિ, પ્રલય, સ્થાન [આધાર,] લયસ્થાન, બીજ, નાશરહિત (હુંજ છું.)

तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ।
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ॥ १९ ॥

કરૂં તાપ વૃષ્ટી કરૂં, કદિ અવૃષ્ટી સાર;
જીવન મૃત્યૂ હુંજ છું, સ્થૂલ, સૂક્ષ્મ નિરધાર. ૧૯

તપત ગહી અરૂ છોડત હોં, બરખા મોહી જાન;
અમર તપત કારણ કરણ,હોંહી અરજુન માન. ૧૯

*૧૯ હે અર્જુન ! સૂર્યરૂપે તપતો હું વૃષ્ટિને ખેંચી રાખું છું ને છોડી પણ દઉં છું; અમૃત [દેવતાઓનું,] મૃત્યુ [મનુષ્યનું,] સત્ અસત્ તે પણ હું છું.

त्रैविद्या मां सोमपाःपूतपापा यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयंते ।
तेपुण्यमासाद्य सुरेंद्रलोक मश्नंतिदिव्यान्दिविदेवभोगान् २०

વેદત્રયી સોમનિ શુદ્ધ છે જે,યજ્ઞે યજી સ્વર્ગ ગતિ ઇછે તે;
પામીજ તે પુણ્ય સુરેંદ્ર લોક, ત્યાં ભોગવે દિવ્યજ દેવભોગ. ૨૦

* સત્—નિત્ય; ચૈતન્ય. ૨ સત્કાર્યરૂપ જગત; પંચ મહાભૂત. અને અસત્—અનિત્ય; જડ. ૨ કારણ સ્વરૂપ માયા; પંચ તન્માત્રા.

જગ્ય કરત પાપ ન દહત, ચાહત સ્વર્ગકો બાસ;
ઇંદ્ર લોક લહી ભોગવે, દિવ્ય સુભોગ વિલાસ. ૨૦

૨૦ ત્રણ વેદના જાણનારા, સોમપીનારા [સૌત્રામણિ યજ્ઞ કરીને,] પાપથી મુકાઈ પવિત્ર થયલા (તે) યજ્ઞોએ [જ્યોતિષ્ટોમાદિયે] મને [વસુરૂદ્રાદિત્ય રૂપને] યજીને સ્વર્ગમાં જવું માગે છે તેઓ પુણ્યફળ પામી ઈંદ્રના લોકને ભોગવે છે—સ્વર્ગમાં દેવને યોગ્ય એવા ઉત્તમ ભોગ ભોગવે છે.

तेतंभूंत्क्वास्वर्गलोकंविशालंक्षीणेपुण्येमर्त्यलोकंविशंति
एवंत्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभंते ॥२१

તે ભોગવી સ્વર્ગ પુરીજ મોટી, આવે અહીં પુણ્યગિયેજ ખૂટી;
એમ ત્રયીધર્મ અનૂસરે છે, તે અર્થકામી જઇને વળે છે. ૨૧

ફિર આવત ભૂ લોકમે, ક્ષીન પુન્ય જબ હોય;
આવાગમન જુ કરત હૈ, કામબંત યહ લોય. ૨૧

૨૧ તેઓ [સ્વર્ગકામી મીમાંસક] વિશાળ સ્વર્ગલોકને ભોગવી પુણ્ય ક્ષીણ થયે મૃત્યુલોકમાં પ્રવેશ કરે છે [આવેછે;] એ પ્રકારે કેવળ વૈદિક કર્મમાર્ગને આશ્રય કરનારા, ફલેચ્છા રાખનારા તે જ જન્મમૃત્યુરૂપ આવજાવ [માત્ર એજ] લાભ લે છે.

अनन्याश्चिंतयंतोमां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ २२ ॥

પણ અનન્ય ભક્તો મને, ચિંતી સેવે સાર;
યોગક્ષેમ હું તે તણો, ચલાવુંછ નિરધાર. ૨૨

જો અનન્ય ભગતી કરે, મોહીમેં ચિત રાખ;
જોગ ક્ષેમ તિનકે કરોં, નિજ જનકો અભિલાખ. ૨૨

* ૨૨ (જેઓ) અનન્ય અંતઃકરણે ચિંતવન કરતા છતા મને ઉપાસે છે, નિરંતર ધ્યાનનિષ્ઠ (છે,) તેઓના યોગક્ષેમને હું ચલાવું છું.

येऽप्यन्यदेवताभक्ता यजंते श्रद्धयान्विताः ।
तेपि मामेव कौन्तेय यजंत्यविधिपूर्वकम् ॥ २३ ॥

અન્ય દેવને જે ભજે, શ્રદ્ધા ભાવ સહીત;
ભજેછ તે મુજનેજ, પણ, વિધિથી છેજ રહીત. ૨૩

ઔર દેવકે ભગત જો, સેવત શ્રદ્ધાબંત;
વિધિ છોડે મોકોં ભજત, લહત ન મેરો અંત. ૨૩

૨૩ જે કોઈ બીજા દેવતાના ભક્ત હોઇને શ્રદ્ધાયુક્ત પૂજે છે તેઓ પણ મનેજ પૂજે છે (પણ) વિધિપૂર્વક [મોક્ષમાર્ગનો વિધિ છોડીને.]

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानंति तत्त्वेनातश्च्यवंति ते ॥ २४ ॥

હું ભોક્તા સૌ યજ્ઞનો, પ્રભુ પણ હું નિરધાર;
જાણે મને ન તત્વથી, ફરિ તે આવે સાર ૨૪

સબ જગ્યનકોં ભોગતા, ઔર સબનકો ઇશ;
જો મમ તત્વ જાનત નહીં, ડારત તીનકે ધાસ. ૨૪

૨૪ હુંજ સકળ યજ્ઞનો ભોક્તા ને ફળદાતા છું [દેવતારૂપે] (એમ) મને તત્વથી [ઈશોપાધિબિંબ રૂપે] નથી જાણતા માટે તે કર્મનિષ્ઠ લોક વારંવાર મનુષ્ય લોકમાં આવે છે-

यांति देवव्रता देवान् पितॄन्यांति पितृव्रताः ।
भूतानि यांति भूतेज्या यांति मद्याजिनोपि माम् ॥ २५

* યોગ—ધનાદિ લાભ ને પ્રાપ્તવસ્તુનું રક્ષણ એની ચિંતા હું રાખું છું અથવા વણમાગે તેને જે પ્રાપ્ત થાય તેનું પાલન હું કરૂં છું અથવા તે મુક્તિ ન ઇચ્છે તો પણ તેને આપું છું.

ભજે દેવયજિ દેવને, પિતૃને પિતૃં ભક્ત;
ભૂતયજી ભૂતોજને, મુજને મુજમાં સક્ત. ૨૫

દેવ ભગત દેવ ન લહે, પિતૃ પુજે પિતૃ ધાન;
ભૂત ભજે ભૂતહિ લહે, મો પૂજે ભગવાન. ૨૫

૨૫ દેવવ્રત કરનાર તે દેવને પામે છે, પિતૃવ્રત કરનાર તે પિતૃઓને ભૂતાદિને સેવનાર તે ભૂતાદિ યોનિમાં અવતરે છે, (ને) મને ભજનારા મને પામે છે.

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृत मश्नामि प्रयतात्मनः ॥२६॥

પત્ર પુષ્પ ફલ જલ મને, અર્પે પ્રીત્યેં જેહ;
ગૃહણ કરૂં તે શુદ્ધનું, પ્રીત્યેં અર્પિત તેહ. ૨૬

પાન ફૂલ ફલ નીરકોં, જો અર્થે કરી પ્રીત;
લેઉ હિયોંહોં ભગતકોં, કરે પ્રેમ કે મીત. ૨૬

૨૬ પત્ર, પુષ્પ, ફળ, પાણી જે કોઈ ભક્તિયે મને અર્પણ કરે છે (તેનું) શુદ્ધાંતઃકરણે ભક્તિયે અર્પેલું તે હું [ભોકતારૂપે] ભક્ષણ કરૂં છું [પ્રીતિથી સ્વીકારી તૃપ્તિ પામું છું.]

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यासि कौंतेय तत्कुरुष्व मदर्पणम् ॥ २७ ॥

કરે, ખાય, હોમે વળી, આપે પણ તું જેય;
તપ કરેજ, તે સૌ મને, અર્પી દે કૌંતેય. ૨૭

જો કછુ કરત અરૂખાત હૈ, જો હોમત જો દેત;
અર્જુન જો તૂં તપ કરે, મોહિ દેત કરિહેત. ૨૭

૨૭ હે કૌંતેય ! જે (કંઇ) કરે, જે ખાય, જે હોમે, જે આપે. જે તપ આચરે તે મને સમર્પણ કર [કે અક્ષયફળ થાય.]

शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबंधनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ॥ २८ ॥

એમ શુભાશુભ ફલથકી, અર્જુન છૂટિ જઇશ;
સંન્યાસી ને મુક્ત થૈ, મુજને તું જ મળીશ. ૨૮

ભલે બુરે જો કરમ હૈં, તિનતેં છૂટત મીત;
જુગત જોગ સંન્યાસ કરી, મો મિલહો નિહચિત. ૨૮

૨૮ એમ કરવાથી શુભાશુભ ફળ દેનારાં કર્મબંધનથી તું મુકાઈશ (અને) સંન્યાસયોગે યુક્ત [સર્વ કર્મ ભગવાનને અર્પણ એ બુદ્ધિયે યુક્તચિત્ત] જીવન્મુક્ત તું મને પામીશ.

समोहं सर्वभूतेषु न मे द्वेष्योस्ति न प्रियः ।
ये भजंति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥२९॥

છું હું સમ સૌ ભૂતમાં, પ્રિય અપ્રિય નહિ કાંઇ;
ભજે મને ભાવેંજ, તે મુજમાં હું તે માંઇ. ૨૯

હો સબ હારે સમાન હો, મેરે પ્રીતન દ્રોહ;
મોંકો સેવે ભગત જો, તીનમેં મેરો મોહ. ૨૯

* ૨૯ સર્વભૂતને વિષે હું સમ છું, નથી મને (કોઈ) દ્વેષ કરવા જેવો કે નથી પ્રિય; જેઓ મને ભક્તિયે ભજે છે તેઓ મારા સ્વરૂપમાં (છે) ને હું તેઓનામાં (છું).

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मंतव्यः सम्यग्व्यवसितो हि सः ॥ ३० ॥

દુરાચારિ પણ હોય જે, ભક્ત મને ભજનાર;
સાધૂ તે વળિ જાણવો, સમ્યક નિશ્ચયિ સાર. ૩૦

---

* સર્વ પ્રાણીને વિષે સમાન છું પણ ફળ તો ભક્તને આપું છું. વળી અસ્તિ ભાતિ પ્રિય અંતર્યામિ રૂપે હું સમાન છું ને દર્પણ પ્રતિબિંબન્યાયે શુદ્ધાંતઃકરણમાં હું સારું ફળ આપું છું.

દુરાચાર મોકોં ભજે, કરી અનનકે ભાય;
તાકોં તુમ સાધુ ગિનો, શુભ નિશ્ચય કેદાય. ૩૦

૩૦ અત્યંત દુરાચારી પણ અભેદબુદ્ધિયે મને ભજે (તો) તે સાધુજ માનવો (કારણ કે) ઉત્તમ નિશ્ચયવાળો તે.

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छांतिं निगच्छति ।
कौंतेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥ ३१ ॥

થાય તુર્ત ધર્મીજ, નિત, શાંતી પામે તેહ;
નાશ ન પામે ભક્ત મુજ, અર્જુન જાણી લેહ. ૩૧

શીઘ્ર હોય ધરમાતમા, શાંત લહે બહુ ભાય;
અર્જુન નિહચય જાન તૂં, નહિ મો ભગત ન સાય. ૩૧

૩૧ (દુરાચારી પણ) વહેલો સ્વધર્મચિત્ત થાય છે ને નિત્ય શાંતિને [વિષયભોગરહિતતાને] પામે છે. હે કૌંતેય! મારો ભક્ત નાશ નથી પામતો, પ્રતિજ્ઞા કરી રાખ.

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रा स्तेऽपि यांति परां गतिम् ३२ ।

સ્ત્રી, વૈશ્યો, શૂદ્રો તથા, ચાંડાલો પણ જેહ;
અર્જુન મુજ આશ્રય કરી, પરગતિ પામે તેહ. ૩૨

અર્જુન સેવત મોહિ જે, પાપ ન જો નહુ હોય;
સ્ત્રિયા શૂદ્ર ઔર બૈસ પુનિ, લહે પરમ ગતિ સોય. ૩૨

૩૨ હે પાર્થ! મારો આશ્રય ધરી રાખનાર પાપયોનિ [ચાંડાલાદિ] પણ હોય તે, (વળી, સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર તેઓ પણ ઉત્તમ ગતિને પામે છેઃ

किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।
अनित्यमसुखं लोक मिमं प्राप्य भजस्व माम् ॥ ३३ ॥

તો પછિ બ્રાહ્મણ ક્ષત્રિયો, પામે તેમાં શુંજ;
અસુખ, અનિત્યજલોક આ, પામિ મને ભજ તુંજ. ૩૩

દ્વિજ પુનીત અરૂ ભક્તવર, રાજ ઋષી સુખ ભાય;
સુખ અનિત્ય યા લોકકો, મોકો ભજ ચિતચાય. ૩૩

૩૩ તો પછી પુણ્યશીલ ભક્ત એવા બ્રાહ્મણ તથા રાજર્ષિ (ઉત્તમ ગતિ પામશે એ શું કહેવું.) ક્ષણિક, સુખરહિત આ મનુષ્યદેહને પામીને મને ભજ.

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैव मात्मानं मत्परायणः ॥३४॥

થા મન્મન, મુજ ભક્ત થા, મદ્યજિ નમ, મુજનેજ;
થૈ મત્પર, મન જોડીને, પામિશ તુંજ મનેજ. ૩૪

મોકો ભજે નિચિંત વ્હૈ મોહીમેં મન રાખ;
યેહુ જુગત કરિ મોહિ મિલે, ત્યૈં મનસો અભિલાખ. ૩૪

૩૪ મારામાં મન એવો, મારો ભક્ત, મને પૂજનારો થા; મને નમસ્કાર કર; હુંજ એક આશ્રય જેને એવો થઇ એ પ્રકારે અંતઃકરણને મારામાં જોડી (તું) મને પામીશ.

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ઉપનીષદ્‌માં બ્રહ્મવિદ્યાને વિષે યોગશાસ્ત્ર સંબંધી શ્રી કૃષ્ણાર્જુનના સંવાદમાં રાજવિદ્યા રાજગુહ્યયોગ નામનો નવમો અધ્યાય. ॥૯॥

અધ્યાય ૧૦ મો.

श्रीभगवानुवाच ॥

भूय एव महाबाहो शृणु मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥ १ ॥

શુણ ફરીજ મહાબાહુ તું, અતિ ઉત્તમ મુજ વાણ;
જે, તું પ્રિયને હું કહું, હિતેચ્છાયેં જાણ. ૧

ફેર બાત તોસોં કહત, સુન અર્જુન ચિત્ત લાય;
હોં પ્રસન્ન તોસોં કહત, તેરે હિતકોં ભાય. ૧

૧ હે મહાબાહુ! વળી પણ મારૂં ઉત્કૃષ્ટ વચન સાંભળ; તું સંતોષ પામનારને અર્થે હિતની ઈચ્છાએ તે કહું છું.

न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥ २ ॥

જાણે નહિ મુજ પ્રભવને, મુનિ દેવો નિરધાર;
કારણ મુનિ દેવો તણું, છું હું સર્વ પ્રકાર. ૨

દેવ ઋખી જાને નહીં, મો ઉતપત રે મીત;
દેવ ઋખીન કે આદિ હો, નિતહિ રહત પુનીત. ૨

૨ મારો મહિમા [ઉત્પત્તિ ભાવ] દેવગણ નથી જાણતા, નથી જાણતા મહર્ષિયો; દેવ તથા મહર્ષિ સર્વેનો આદિકારણ હું છું.

यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।
असंमूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥ ३ ॥

અજ, અનાદિ, ઇશ લોકનો, જાણે મુજને જેહ;
મનુષ્યમાં સૌ પાપથી, છૂટે મોહ વિણ તેહ. ૩

અજ અનાદિ જગદીશ મુની,મોકોં લખત જુ કોય;
સબમેં ગ્યાની વહિ બડો, પાપ નિડારત ધોય. ૩

૩ અજ, અનાદિ ને લોકનો મહેશ્વર એવો મને જે મોહ રહિત (જન) જાણે તે, મનુષ્યમાં સર્વ પાપથી મુક્ત થાય.

बुद्धिर्ज्ञानमसंमोहः क्षमा सत्यं दमः शमः ।
सुखं दुःखं भवो भावो भयं चाभयमेव च ॥ ४ ॥

બુદ્ધિ જ્ઞાન, અસંમોહ, દમ, ક્ષમા, શત્ય, શમ સાર;
સુખ દુખ, ભાવ અભાવ વળિ, ભય અભયજ નિરધાર. ૪

બુદ્ધિ ગ્યાન યમ દમ છમા, અવ્યાકુળ ના હોય;
સુખ દુઃખ ભાવ અભાવ યહ,ઔર અભેદ જુ હોય. ૪

૪ બુદ્ધિ [સૂક્ષ્મ અર્થ–સારાસારનો વિચાર], જ્ઞાન [આત્મા ને અનાત્મા એનો વિવેક], અસંમોહ [મોહ રહિતપણું,] ક્ષમ સત્ય, દમ [બાહ્ય ઇંદ્રિયનું દમન,] શમ [અંતર ઈંદ્રિયને વશ રાખવી,] સુખ, દુઃખ, ઉત્પત્તિ, નાશ, ભય ને અભય; વળી–

अहिंसा समता तुष्टि स्तपो दानं यशोऽयशः ।
भवंति भावा भूतानां मत्त एव पृथग्विधाः ॥ ५ ॥

અહિંસા, સમતા તપ વળિ, તુષ્ટિ,અયશ,યશ, દાન;
થાય ભાવ સૌ પ્રાણિને, મુજથી બહુવિધ માન. ૫

સંતોખ અહિંસા દાન તપ,સમ અપેસ જો જાન;
જીવનકોં સબ ભાવ યહ, મોતેં હોતત આન. ૫

૫ અહિંસા, સમતા [સમાન વૃત્તિ; પ્રીતિ અપ્રીતિનો અભાવ,] તુષ્ટિ [યથા લાભ સંતોષ,] તપ [સ્વધર્મ કર્મે કાયા શોષવી,] દાન [ન્યાયે મેળવેલાંમાંથી યથાશક્તિ સત્પાત્રને,] યશ, અયશ–(એ) જૂદા જૂદા બહુ પ્રકારના ભાવ પ્રાણીઓને મારાથકીજ ઉત્પન્ન થાય છે.

महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।
मद्भावा मानसा जाता येषां लोक इमाः प्रजाः ॥ ६ ॥

સપ્ત ચાર રૂષિ, મનુ પ્રથમ, મદભાવી તે સાર;
થયાજ મનથી, જેની આ પ્રજા લોકમાં ધાર. ૬

સપ્ત ઋખી ચારો મનૂ, મો મન તેં જુઉ દેત;
સબ લોકનમેં હૈં ભરો, હોઇ નહી કો ગોત. ૬

* ૬ [ભૃગુ આદિ] મહર્ષિ સાત, એની પૂર્વે સનકાદિક ચાર તથા સ્વયંભુવાદિ મનુ (ચૌદ)-(એ) મારે વિષે નિષ્ઠાવંત એવા અયોનિજ [હું હિરણ્યગર્ભના મનસંકલ્પથી ઉત્પન્ન] એવા થયા. એઓની લોકને વિષે આ પ્રજા છે [સ્થાવરજંગમાદિ.]

एतां विभूतिं योगं च मम यो वेत्ति तत्त्वतः ।
सोऽविकंपेन योगेन युज्यते नात्र संशयः ॥ ७ ॥

મુજ વિભૂતિ વળિ યોગ એ, જાણે તત્વેં જેય;
જોડાયે સ્થિર યોગમાં, નિઃસંશય કૌંતેય. ૭

મેરો જોગ વિભૂતિકો, તત્વ ગ્યાન જો લેત;
નિશ્ચળ જોગહિ સો લહત, રહત જુ યાહી હેત. ૭

૭ એ વિભૂતિને [સંપત્તિ-વિસ્તારને] તથા યોગને [ઐશ્વર્ય-સામર્થ્યને] જે યથાર્થ જાણે છે તે ચલન રહિત યોગે કરીને યુક્ત થાય છે [નિર્વિકલ્પક; સર્વજ્ઞ], એમાં સંશય નથી.

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।
इति मत्वा भजंते मां बुधा भावसमन्विताः ॥ ८ ॥

---

* સાત મહર્ષિ-ભૃગુ, મરીચિ, અત્રિ, પુલહ, ક્રતુ, વશિષ્ઠ, પુલસ્ત્ય. ચાર તે સનક, સનંદન, સનાતન, સનત્સુજાત. મનુ ચૌદ તે સ્વયંભૂ, સ્વારોચિષ, ઉત્તમ, તામસ, રૈવત, ચાક્ષુષ, શ્રાદ્ધદેવ, સાવર્ણિ અને બ્રહ્મ-ધર્મ-રૂદ્ર-દેવ-ઈંદ્રસાવર્ણિ.

જન્મ હેતુ હું સર્વનો, થાય સર્વ મુજથીજ;
જાણી એમ ભજે મને, ભાવયુક્ત જ્ઞાનીજ. ૮

હોં હી ઇશ્વર જગતકોં, મોહિ તેં સબ હોય;
ગ્યાનબંત યહ જાનિકેં, મોહી સેવત જોય. ૮

૮ હું સર્વની ઉત્પત્તિનો હેતુ, મારેવડે સર્વ [સ્થિતિપ્રલયાદિક] વ્યવહાર પ્રવર્ત્તે છે, એમ માનીને ભક્તિયુક્ત વિવેક જન મને ભજે છે.

मच्चित्ता मद्गतप्राणा बोधयंतः परस्परम् ।
कथयंतश्च मां नित्यं तुष्यंति च रमंति च ॥ ९ ॥

રાખિ પ્રાણ મન મુજવિશે, જ્ઞાનિ પરસ્પર સાર;
રમે, મને ભજિ જાણિ નિત, ધરાય પણ નિરધાર. ૯

પ્રાન ચિતમે મોહિ ધરે, બુદ્ધિ પરસ્પર દેત;
મેરે ચરિત સુકહિ નિત, માન તોખ સુખ લેત. ૯

૯ મારામાં ચિત્ત, મારી ભણી વાળેલા પ્રાણ એવા, પરસ્પર ભગવત્સ્વરૂપનો બોધ કરનારા, ગુણકર્મને વર્ણવનારા (તે) નિત્ય મને સંતોષ પમાડે છે ને મારામાં રમે છે.

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयांति ते ॥ १० ॥

તે નિત• પ્રીતિવડે મને, ભજનારાને એહ;
બુદ્ધિયોગ આપું જેથિ તો, પામે મુજને તેહ. ૧૦

સેવત મોકોં જે સદા, ભગતી જોગકે ભાય;
ભલી બુદ્ધિ વ લહત હૈ, રહત જુ મોમે આય. ૧૦

૧૦ નિરંતર એકાગ્ર ચિત્ત, પ્રીતિપૂર્વક ભજનારા તેઓને તે બુદ્ધિયોગ આપું છું, જેણે કરીને તેઓ મને પામે છે.

तेषामेवानुकंपार्थमहमज्ञानजं तमः ।
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ॥ ११ ॥

કરૂં નાશ અજ્ઞાન તમ, કૃપાથિ તેનું સાર;
પ્રકાશિત જ્ઞાન દિપેં કરિ, અંતર રહિ નિરધાર. ૧૧

તમ અગ્યાન સું દૂરિ કરી, દયાવંત વે હોત;
હૈં કરી તિનકે હીય મેં, જ્ઞાન દીપ ઉદ્યોત. ૧૧

૧૧ તેઓનો અનુગ્રહ કરવાને અજ્ઞાનથી ઉત્પન્ન થયલા અંધકારને હૃદયમાં રહેલો હું પ્રકાશતા જ્ઞાનદીપે કરીને નાશ કરૂં છું [બુદ્ધિપ્રેરક રૂપે હું વિવેક અનુભવજ્ઞાને અવિદ્યાકૃત સંસારનો નાશ કરૂં છું.]

अर्जुन उवाच ॥

परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।
पुरुषंशाश्वतं दिव्यमादिदेवमजं विभुम् ॥ १२ ॥

આપ બ્રહ્મપર ધામ છો, પવિત્ર ને વીશેષ;
આદિ દેવ અજ વિભુ વળી, દિવ્ય પુરૂષ હમેશ. ૧૨

તુમ પવિત્ર પરબ્રહ્મ, પરમાનંદ કો ધામ;
અવિનાશી અજ પુરૂખ હો, આદિ દેવતા નામ. ૧૨

૧૨ પરંબ્રહ્મ, પરંધામ એવો તું પરમપવિત્ર, પુરૂષ [સર્વ શરીરાત્મા,] નિત્ય, પ્રકાશક, આદિદેવ, જન્મશૂન્ય વિભુ [સર્વવ્યાપી] (એ પ્રમાણે)–

आहुस्त्वामृषयः सर्वे देवर्षिर्नारदस्तथा ।
असितो देवलो व्यासः स्वयं चैव ब्रवीषि मे ॥ १३ ॥

એમ આપને સૌ કહે, દેવર્ષિ નારદ, વ્યાસ;
દેવળ, અસિત, રૂષી બધા, આપ વદોછો ખાસ. ૧૩

સબ ૠષી યેહ બિધિ કહત, નારદ દેવલે જાન;
વ્યાસ અસિત તુમહી કહે, તાતેં સાચો માન. ૧૩

૧૩ તુને કહે છે સર્વે ઋષિયો તથા દેવર્ષિ નારદ અસિત, દેવલ, વ્યાસ; (ને) તું પોતે પણ બોલે છે મારે અર્થે.

सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ।
नहि ते भगवन्व्यक्तिं विदुर्देवा न दानवाः ॥ १४ ॥

માનું છું એ સત્ય સૌ, આપ કહોછો જેહ;
જાણે નહિ સુર અસુર પણ, વ્યક્તિ આપની તેહ. ૧૪

જો કચ્છુ તુમ મોસેં કહ્યો, માનત હૌં સત ભાય;
દાનવ દેવ ન જાનહી, તુમહિ પ્રગટ કે દીય. ૧૪

૧૪ હે કેશવ. તું મને જે કહે છે આ સઘળું તે સત્ય માનું છું. હે ભગવન્! તારી વ્યક્તિ [પ્રગટતા; શરીર ધારણ કરવું, અવતરણ] દેવ નથી જાણતા, દાનવ નથી જાણતા.

स्वयमेवात्मनाऽऽत्मानं वेत्थ त्वं पुरुषोत्तम ।
भूतभावन भूतेश देवदेव जगत्पते ॥१५॥

પોતાને પોતેંજ તો, જાણો છો ભૂતેશ;
ભૂતોત્પાદક, જગપતી, પુરૂષોત્તમ દેવેશ. ૧૫

આપનકોં આપન લખો, તુમ પુરૂખોત્તમ દેવ;
જાનત ઉપજાવત રહત, પાલત દેવન દેવ. ૧૫

૧૫ હે પ્રાણીઓને ઉત્પન્ન કરનાર, હે ભૂતેશ, [સ્થાવરજંગમાદિના નિયંતા,] હે દેવના દેવ, હે જગત્પતિ! હે પુરૂષોત્તમ! તું પોતેજ પોતાવડે પોતાને જાણે છે [બીજા કોઈ તુંને નથી જાણતા.]

वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ।
याभिर्विभूतिभिर्लोका निमांस्त्वं व्याप्य तिष्ठसि ॥१६॥

છો કહેવાને યોગ્ય નિજ, દિવ્ય વિભૂતિ અશેષ;
જેથિ આપ આ લોકને, વ્યાપિ રયા વિશ્વેશ. ૧૬

નિજ બિભૂતિ મો સોં કહો, પ્રભુજી ચિતકે માય;
જો બિભૂતી શ્રીકૃષ્ણ જૂ, રહી જગતમે છાય. ૧૬

૧૬ જે વિભૂતિયોએ કરીને તું આ લોકમાં વ્યાપી રહે છે તે દિવ્ય વિભૂતિયો પોતાની સંપૂર્ણ કહેવાને તું યોગ્ય છે.

कथं विद्यामहं योगिँ स्त्वां सदा परिचिंतयन् ।
केषु केषु च भावेषु चिंत्योसि भगवन्मया ॥ १७ ॥

જાણિ શકું હું આપને, સદા ચિંતતાં કેમ;
કે કે ચીજે ચિંત્ય છો, આપ જનાર્દન તેમ. ૧૭

ધ્યાન તુમારો કરત પ્રભુ, કૈસેં જાનો તોહી;
કોન પદારથ મેં લખ્યો, સો સમજાવો મોહી. ૧૭

૧૭ હે યોગી! [ઐશ્વર્યવાન્] હું સદા ચિંતન કરતો તુંને કેમ જાણું? હે ભગવન્! મારે કીઆ કીઆ ભાવમાં (પદાર્થ-રૂપમાં) તુ ચિંતન કરવાને યોગ્ય છે.

विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ।
भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम् ॥१८॥

ફરી કહો વિસ્તારથી, યોગ વિભૂતી નીજ;
શુણતાં અમૃત થાય નહિ,મુજને હરિ તૃપ્તીજ. ૧૮

જા બિભૂતી અપની કહી, યહ જૂ મોસોં દેવ;
મોકોં તૃપતિ ન હોતહૈ, સુનત અભીરસ ભેવ. ૧૮

૧૮ હે જનાર્દન! તારો યોગ [સર્વજ્ઞપણાનું ઐશ્વર્ય] ને (તારી) વિભૂતિ વિસ્તારે કરી ફરીથી કહે, અમૃતવાકય સાંભળતો એવા મને તૃપ્તિ (થતી) નથી.

श्रीभगवानुवाच

हंत ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः ।
प्राधान्यतः कुरुश्रेष्ठ नास्त्यंता विस्तरस्य मे ॥१९॥

કહિશ વિભૂતી દિવ્ય મુજ, મુખ્ય પાર્થ છે જેહ;
મુજ વિભૂતિ વિસ્તારનો, લાગે નહિ કૈં છેહ. ૧૯

અર્જુન તોસોં હોં કહત, નિજ બિભૂતિ બિસ્તાર;
મુખ્ય જીતે તોહી કહોં, હિએકે દીનન હાર. ૧૯

૧૯ હે હંત ! [લાડકા !] તુંને કહીશ મારી દિવ્યવિભૂતિયો મુખ્યત્વે કરીને [મુખ્યમુખ્ય]; હે કુરૂશ્રેષ્ઠ ! મારા વિસ્તારનો પાર નથી.

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामंत एव च ॥२०॥

હું આત્મા સૌ ભૂતમાં, રહેલ છું નિરધાર;
આદિ મધ્ય ને અંત પણ, ભૂતોનો હું સાર. ૨૦

મૈં સબ જીવનકે હિયે, માંહી આતમ જાન;
આદિ અંત ઔ મધ્યહી, મોહી સબ મેં માન. ૨૦

૨૦ હે ગુડાકેશ [જિતેલી નિદ્રા જેણે તે; વાંકડિયા કેશ જેને તે]; સમસ્ત પ્રાણીના પ્રત્યેકના અંતરમાં રહેલો આત્મા હું છું! પ્રાણીઓને આદિ તથા મધ્ય તથા અંત હું છું [ઉત્પત્તિ, સ્થિતિ લયનો હેતુ.]

आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान् ।
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी ॥२१॥

છું વિષ્ણૂ આદિત્યમાં, મરિચિ વાયુમાં જાણ;
શશિ નક્ષત્રે, જ્યોતિમાં, છું રવિ અંશૂમાન. ૨૧

અદિત નમો મે વિષ્ણુ હૈં, જો તિનમે રબિ દેવ;
બાયુન માઝ મરીચિ હોં, તારનમેં સસિ દેવ. ૨૧

૨૧ [બાર] આદિત્યમાં જે વિષ્ણુ નામનો તે હું જ્યોતિયોમાં તેજસ્વી સૂર્ય, [ઓગણપચાસ] મરૂતમાં મરીચિ નામનો વાયુ, નક્ષત્રોમાં ચંદ્ર તે હું.

वेदानां सामवेदोऽस्मि देवानामस्मि वासवः ।
इंद्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना ॥२२॥

સામવેદ વેદાવિશે, ઈંદ્ર દેવમાં ધાર;
મન ઈંદ્રિયમાં હુંજ છું, ચેતન ભુતેં સાર. ૨૨

સામ બેદ હોં બેદમેં, ઈંદ્ર અમર ગણ માંહ;
જીવનમેં હોં ચેતના, મન ઇંદ્રિનકો તાહ. ૨૨

૨૨ વેદમાં સામવેદ છું, દેવમાં ઈંદ્ર છું, ઈંદ્રિયોમાં મન છુ, શરીરોમાં ચેતના તે હું છું.

रुद्राणां शंकर श्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ।
वसूनां पावकश्चास्मि मेरुः शिखरिणामहम् ॥२३॥

શંકર હું રૂદ્રો વિશે, વસુમાં અગ્ની છુંજ;
કુબેર રાક્ષસ યક્ષમાં, મેરૂ શિખરિમાં હુંજ. ૨૩

રૂદ્રનમેં શંકર જુહોં, યચ્છન માંઝ ધનેષ;
પાવક હોં સબ બસુનમેં, શૈલ સુમેરૂ દેખ. ૨૩

૨૩ [અગીઆર] રૂદ્રમાં શંકર છું, યક્ષરાક્ષસોમાં ધનનો સ્વામી કુબેર, [આઠ] વસુમાં પાવક [નામે અગ્નિ તે] છું,|| ઉંચા પર્વતોમાં મેરૂ છું.

पुरोधसां च मुख्यं मां विद्धि पार्थ बृहस्पतिम् ।
सेनानीनामहं स्कंदः सरसामास्मि सागरः ॥२४॥

મને પુરોહિતમાંજ તું, મુખ્ય બૃહસ્પતિ જાણ;
સેનાપતિમાં સ્કંદ હું, અબ્ધિ તળાવેં માંન. ૨૪

દેવ પુરોહિત મુખ્ય હો, મોહિ બૃહસ્પતી જાન;
ષણ્મુખ સેનાપતિનમેં, સરબર સાગર માન. ૨૪

૨૪ હે પાર્થ! પુરોહિતમાં મુખ્ય બૃહસ્પતિ તે મને જાણ; સેનાપતિમાં સ્કંદ હું, સરોવરમાં સમુદ્ર છું.

महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम् ।
यज्ञानां जपयज्ञोस्मि स्थावराणां हिमालयः ॥२५॥

મહર્ષિમાં ભૃગુ હુંજ છું, વાણીમાં ઓંકાર;
હિમાદ્રિ છું સ્થાવર વિશે, જપ યજ્ઞોમાં ધાર. ૨૫

મહા ઋખિનમેં ભૃગુ જુહોં, બાનિનમેં ઓંકાર;
જગ્યનમેં જપ જગ્ય હોં, સ્થાવરમેં હિમ ધાર. ૨૫

૨૫ મહર્ષિમાં ભૃગુ હું, વાણીમાં એક અક્ષર [ઓંકાર] છું, યજ્ઞોમાં જપયજ્ઞ છું, સ્થાવરમાં હિમાલય.

अश्वत्स्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ।
गंधर्वाणां चित्ररथः सिद्धानां कापिलो मुनिः ॥ २६ ॥

હું નારદ દેવર્ષિમાં, પીપર વૃક્ષેં હુંજ;
ગંધર્વોમાં ચિત્રરથ, કપિલ સિધ્ધમાં છુંજ. ૨૬

વૃચ્છનમેં પિપ્પર જુ હોં, ઋખિમેં નારદ દેવ;
ગંધર્વનમેં ચિત્રરથ, કપિલ સિદ્ધમેં સેવ. ૨૬

૨૬ સર્વે વૃક્ષમાં પીપળો, દેવર્ષીમાં નારદ, ગંધર્વમાં ચિત્રરથ, સિદ્ધમાં કપિલ મુનિ.

उच्चैःश्रवसमश्वानां विद्धि माममृतोद्भवम् ।
ऐरावतं गजेंद्राणां नराणां च नराधिपम् ॥२७॥

અમૃતોદ્ભવ ઉચ્ચૈશ્રવા, અશ્વોમાં હું, જાણ;
ગજેન્દ્રોમાં ઐરાવત, રાજા નરમાં માન. ૨૭

અશ્વનમેં ઉચ્ચૈઃશ્રવા, ઐરાવત ગજજાન;
નરપતિ હોં નર માંહિ મૈ, પોખત સબકે પ્રાન. ૨૭

૨૭ ઘોડાઓમાં અમૃતમથનમાં ઉત્પન્ન થયલો ઉચ્ચૈશ્રવ નામનો તે મને જાણ; ગજેંદ્રમાં ઐરાવત [ચાર દાંતનો હાથી;] પુરૂષોમાં રાજા

आयुधानामहं वज्रं धेनूनामस्मि कामधुक् ।
प्रजनश्चास्मि कंदर्पः सर्पाणामस्मि वासुकिः ॥२८॥

આયુધમાં હું વજ્ર છું, પ્રજા હેતુ કંદર્પ;
કામધેનુ ધેનૂવિશે, સર્પે વાસુકિ સર્પ. ૨૮

હતિયારનમેં વજ્ર હોં, કામ ધેનુ હોં ગાય;
કામ પ્રજા કરનાર હોં, વાસુકિ સર્પન રાય. ૨૮

૨૮ આયુધમાં હું વજ્ર, દુજતી ગાયોમાં કામદુધા [ઈચ્છિત પદાર્થ દેતી] છું; પ્રજોત્પત્તિ કરનારો કંદર્પ છું; [વિષવાળા] સર્પમાં વાસુકી છું.

अनंतश्चास्मि नागानां वरुणो यादसामहम् ।
पितृणामर्यमा चास्मि यमः संयमतामहम् ॥ २९ ॥

છું નાગોમાં શેષ હું, વરૂણ જળચરોમાંય;
અર્યમાજ પિતૃવિશે, સંયમિમાં યમરાય. ૨૯

નાગન માંઝ અનંત હોં, વરૂણ સુ હોં જલજંત;
પિતૃનમેં હોં અર્જમાં, જમ હોં સંજમવંત. ૨૯

૨૯ [વિષ વિનાના] નાગમાં અનંત [શેષ,] જળચરમાં વરૂણ હું, પિતૃગણમાં અર્યમાં નામનો પિતરનો રાજા તે છું, નિયમશાસનકારીમાં યમ હું.

प्रल्हादश्चास्मि दैत्यानां कालः कलयतामहम् ।
मृगाणां च मृगेंद्रोहं वैनतेयश्च पक्षिणाम् ॥ ३० ॥

છું પ્રલ્હાદ દૈત્યો વિશે, ગણકોમાં છું કાળ;
સિંહ મૃગોમાં, પાક્ષમાં, છું હું વિનતાબાળ. ૩૦

દૈત્યનમેં પ્રલ્હાદ હોં, પ્રેરન હારો કાલ;
સિંહ જુહોં સબ મૃગનમેં, પચ્છિનમેં રિપુબ્યાલ. ૩૦

૩૦ દૈત્યોમાં પ્રલ્હાદ છું, વશ કરનારા–ગણનારામાં મુખી કાળ તે હું, મૃગજાતિમાં સિંહ ને પક્ષીઓમાં ગરૂડ.

पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम् ।
झषाणां मकरश्चास्मि स्रोतसामस्मि जान्हवी ॥ ३१ ॥

વેગવાનમાં વાયુ હું, શસ્ત્રધારિમાં રામ;
મકર મત્સ્યમાં હુંજ છું, નદિમાં ગંગા નામ. ૩૧

ઉતા બિલમેં પવન હો, શસ્ત્ર ધરનમેં રામ;
જલ જંતનમેં મગરહોં, નદિ ગંગા અભિરામ. ૩૧

૩૧ વેગવંતમાં પવન છું, શસ્ત્રધારીમાં રામ [દાશરથી] હું, મત્સ્ય જાતિમાં મગર છું, નદીઓમાં ગંગા છું.

सर्गाणामादिरंतश्च मध्यं चैवाहमर्जुन ।
अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतामहम् ॥ ३२ ॥

આદિ અંત ને મધ્ય પણ, સૃષ્ટીનો હું સાર;
બ્રહ્મવિદ્યા વિદ્યાવિશે, વાદ વાદિમાં ધાર. ૩૨

અધ્યાતમ વિદ્યા તિન્હે, તત્ત્વ સુબાદન માંહિ;
આદિ અંત અરૂ મધ્યહોં, સબે સૃષ્ટિકોં તાંહિ. ૩૨

૩૨ હે અર્જુન ! અચેતન સૃષ્ટિ આકાશાદિ તેનો આદિ, મધ્ય, અંત હું, વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા, પ્રવાદ કરનારાઓમાં [બબડાટ, આડું, વધારે બોલનારાઓમાં] વાદ [અર્થ નિર્ણય કરનારો મુખ્ય વાદ તે] હું.

अक्षराणामकारोस्मि द्वंद्वः सामासिकस्यच ।
अहमेवाक्षयः कालो धाताऽहं विश्वतोमुखः ॥ ३३ ॥

અકાર છું અક્ષર વિશે, દ્વંદ્વ સમાસે ધાર;
કાળ અનાશી છું વળી, ધાતા સર્વ પ્રકાર. ૩૩

અચ્છર માંઝ અકારહો, દ્વંદ્વ સમાસ નિજાન;
હાંઇ અચ્છઇ કાલહોં, ધાતા મોંકો માન. ૩૩

૩૩ અક્ષરોમાં અકાર છું, બહુ સમાસમાં દ્વંદ્વ [ઉભય પદ પ્રધાન], અક્ષય કાળ તે હું, સઘળે મુખ એવો ધાતા (એટલે) સર્વ ફળદાતા સર્વેશ્વર હું.

मृत्युः सर्वहरश्चाह मुद्भवश्च भविष्यताम् ।
कीर्तिः श्रीर्वाक्च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा ॥ ३४ ॥

મૃત્યુ સર્વ હરનાર હું, ઉદ્ભવ થનારમાંજ;
સ્ત્રીમાં વાણી,કીર્તિ,શ્રી,સ્મૃતિ,ધી,ધૃતી, ક્ષમાજ. ૩૪

જો સબકો સંસારહોં, અરૂ ઉપજાવન હાર;
સ્મૃતિ ધૃતિ કીરતિ સુચ્છમાં,હોહીં બુદ્ધિ સંભાર. ૩૪

૩૪ ઉત્પન્ન થયલા ને થવાના તેનું સર્વ હરણ કરનાર જે મૃત્યુ તે હું; સ્ત્રિયોમાં કીર્ત્તિ, શ્રી [શોભા,] વાણી, સ્મૃતિ, મેધા [ગ્રંથાર્થધારણાશક્તિ,] ધૃતિ [ધૈર્યશક્તિ,] ક્ષમા [એ સાત નિર્વિકાર ચિત્તવાળી ધર્મસ્ત્રિયો તે] હું છું.

बृहत्साम तथा साम्नां गायत्री छंदसामहम् ।
मासानां मार्गशीर्षोह मृतूनां कुसुमाकरः ॥ ३५ ॥

બૃહત્સામ છું સામમાં, ગાયત્રી છંદે જ;
માર્ગશીર્ષ છું માસમાં, વસંત રૂતૂયેં જ. ૩૫

મહા સામહોં સામમેં, ગાયત્રીહોં છંદ;
માર્ગશીર્ષહોં માસમેં, ઋતુ બસંત સુખકંદ. ૩૫

૩૫ સામમાં [રથંતરાદિ છમાં] બૃહત્ સામ નામે છે તે હું, છંદોમાં [ત્રિષ્ટુભાદિ સાતમાં] ગાયત્રી છંદ તે હું, [બાર] માસમાં માર્ગશીર્ષ [નવાં ધાન્યની વૃદ્ધિ કરનારો] હું, [છ] ઋતુમાં વસંત તે હું.

द्यूतं छलयतामस्मि तेजस्तेजस्विनामहम् ।
जयोस्मि व्यवसायोस्मि सत्त्वं सत्त्ववतामहम् ॥ ३६ ॥

છળી જનમાં છું દ્યૂત વળિ,તેજ તેજિમાં ધાર;
જય ઉદ્યમ પણ હું જ છું,સત્વ સાત્વિકેં સાર. ૩૬

ધુત જુ હોં સબ છલનમોં, તેજસ્વિનમેં તેજુ;
ઉદ્યમમે નિહચાજુ હોં, સત્ત સત્યવત કેજુ. ૩૬

૩૬ છળ કરનારામાં દ્યૂત [જુગાર] છું, તેજસ્વીઓમાં જે તેજ હું. હું, જય છું, લાભને જોતો ઉદ્યમ છું, સાત્વિકોમાં સત્વ તે હું.

वृष्णीनां वासुदेवोस्मि पांडवानां धनंजयः ।
मुनीनामप्यहं व्यासः कवीनामुशना कविः ॥ ३७ ॥

વાસુદેવ યાદવ વિશે, પાંડવમાં હું તું જ;
મુનિમાં વેદવ્યાસ હું, શુક્ર કવીમાં છું જ. ૩૭

વાસુદેવ વૃષ્ણીનમેં, પાંડવ અર્જુન રાય;
મુનિન બીચમેં વ્યાસહોં, કવિમેં ઉશના રાય. ૩૭

૩૭ યાદવોમાં વાસુદેવ [વસુદેવપુત્ર], પાંડવમાં ધનંજય [અર્જુન], મુનિમાં વ્યાસ, કવિમાં શુક્ર તે હું.

दंडो दमयतामास्मि नीतिरस्मि जिगीषताम् ।
मौनं चैवास्मि गुह्यानां ज्ञानं ज्ञानवतामहम् ॥ ३८ ॥

દંડ દમન કરનારમાં, મૌન ગુહ્યમાં માન;
નીતી જય ઇછનારમાં, જ્ઞાનવાનમાં જ્ઞાન. ૩૮

દંડઅંતમેં દંડહોં, નીતબંતમેં નીત;
ગ્યાનિનમેં સબ ગ્યાનહોં, મૌન ગુહ્યમે રીત. ૩૮

૩૮ બહુ દમતા વશ ન થાય તેને દંડ [માર] છું, જિત ઈચ્છનારાને સામદાનાદિક નીતિ તે હું છું, ગુપ્ત રાખવાનાં તેમાં મૌન જ્ઞાનવંતોમાં જ્ઞાન તે હું.

यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन ।
न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ॥ ३९ ॥

સર્વ ભૂતનું બીજ જે, તે છું હું નિરધાર;
થાય નહીં મુજવીણ એ, ભૂત ચરાચર સાર. ૩૯

ઔખદમેં સબ અન્નમેં, કાંચન ધાતુન માહ;
સર્વસમેં જ્યોં દ્રવ્યત્વોં, મૈં બિભૂતિ નર નાહ. ૩૯

૩૯ હે અર્જુન! સમસ્ત પ્રાણીઓનું બીજ [માયોપાધિક ચૈતન્ય] તે હું, જે ચરાચર પ્રાણી માત્ર છે તે મારા વિના ન થાય.

नांतोस्ति मम दिव्यानां विभूतीनां परंतप ।
एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया ॥ ४० ॥

મુજ વિભૂતિ દિવ્યજ તણો, આવે અંત ન, ધાર;
માટે મેં તેનો કર્યો, સંક્ષેપેં વિસ્તાર. ૪૦
મેરી દિવ્ય વિભૂતિકોં, અંત ન જાનો જાય;
યહતો થોરો સો કહ્યો, મેં વિભૂતકો ભાય. ૪૦

૪૦ હે શત્રુતાપ ! મારી દિવ્ય વિભૂતિનો અંત નથી, વિભૂતિનો વિસ્તાર આ તો ઉદ્દેશથી કહ્યો [સંક્ષેપમાં.]

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंशसंभवम् ॥ ४१ ॥

વિભૂતિમત, શ્રીમત વલી, ગુણથિ અતિશય જેહ;
મુજ બળઅંશે જાણ તું, થયૂંજ ઉત્પન તેહ. ૪૧
જો કછુ યા સંસારમેં, કાહૂ ગુન અધિકાય;
સો સબ મેરો તેજ હૈ, દીનો તોહી બતાય. ૪૧

૪૧ જે જે વિભૂતિમત્ [ઐશ્વર્યયુક્ત,] શ્રીમત્ [શોભાયુક્ત,] બળાધિક્યે યુક્ત સત્વ [સત્વગુણ પ્રધાન પ્રાણીમાત્ર] તે તે મારા તેજના અંશે કરીને ઉત્પન્ન થયલું તું જાણ.

अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।
विष्टाभ्याहमिदं कृत्स्न मेकांशेन स्थितो जगत् ॥ ४२॥

અથવા અર્જુન બહુજ એ, જાણેથી છે શુંજ;
એક અંશથી સર્વ જગ, વ્યાપિ રહ્યો આ હુંજ. ૪૨
જ્ઞાન બહુત તોસોં કહ્યો, અર્જુન બાત બનાય;
સબ જગ અપને અંસસો, મૈં રાખ્યો ઠહરાય. ૪૨

૪૨ અથવા હે અર્જુન ! તે બહુ પ્રકારે જાણવાથી તને શું વિશેષ છે;—હું આ સંપૂર્ણ જગતને એક અંશે કરી વ્યાપી રહ્યો છું.

ઇતિ શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા ઉપનિષદ્‌માં બ્રહ્મવિદ્યા વિષે યોગશાસ્ત્ર સંબંધી શ્રીકૃષ્ણાર્જુનના સંવાદમાં વિભૂતિ યોગ નામનો દશમો અધ્યાય ॥ ૧૦ ॥

અધ્યાય ૧૧ મો.

अर्जुन उवाच ॥

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ।
यत्त्वयोक्तं वचस्तेन मोहोयं विगतो मम ॥ १ ॥

મુજ અર્થે આપેંજ જે, કહિ અધ્યાત્મજ વાણિ;
પરમ ગુહ્ય, તેણે કરી, મોહ પામ્યો મુજ હાણિ. ૧

મોહુ પર કીન્હી દયા, અધ્યાતમ પ્રગટાય;
વચન તુમારે સુનતહી, મોહ ગયો સુન સાય. ૧

૧ મારા અનુગ્રહને કારણે પરમ ગુહ્ય, અધ્યાત્મ લક્ષણવાળું જે વચન તેં કહ્યું તેણે કરીને મારો એ મોહ ગયો [હું મારીશ ને એ મરશે એ મોહ, આ આત્મા ને આ અનાત્મા એ વચનથી ગયો.]

भवाप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशो मया ।
त्वत्तः कमलपत्राक्ष महात्म्यमपि चाव्ययम् ॥ २ ॥

ઉત્પતિ લય ભૂતો તણાં, મહત્વ અવ્યય સાર;
કૃષ્ણ, શુણ્યા મેં આપથિ, વિસ્તારેં નિરધાર. ૨

જીવનકી ઉતપત સુની, ઔર પ્રલયકી રીત;
કહિ જો તુમ બિસ્તાર સોં, આતમકી સબ નીત. ૨

૨ હે કમળપત્રાક્ષ! પ્રાણીઓનાં જન્મમરણ તારાથકીજ વિસ્તારે કરીને મેં સાંભળ્યાં, વળી (તારૂં) નાશરહિત મહાત્મ્ય [નિર્ગુણસગુણરૂપ મોટપ] પણ સાંભળ્યું.

एवमेतद्यथात्थ त्व मात्मानं परमेश्वर ।
द्रष्टुमिच्छामि ते रूप मैश्वरं पुरुषोत्तम ॥ ३ ॥

આપ વદાછો તેમ છે, પરમેશ્વર નિજરૂપ;
તોપણ જોવા ચાઉછું, નિજ ઐશ્વર્ય સ્વરૂપ. ૩

યો હિ જો હો કહતહોં, હરિ જુ અપને ભેવ;
દેખોં ચાહતહોં અબે, રૂપ તિહારોં દેવ. ૩

૩ તું જે પ્રકારે પોતાને પરમેશ્વર કહે છે તે પ્રમાણે હે પુરૂષોત્તમ? તારૂં ઐશ્વર્યયુક્ત રૂપ જોવાને ઈચ્છું છું.

मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो।
योगेश्वर ततो मे त्वं दर्शयात्मानमव्ययम्॥ ४ ॥

જોઇ શકિશ હું રૂપ તે, પ્રભુ માનો જો સાર;
તો અવ્યય નિજ રૂપને, બતાવોજ નિરધાર. ૪

દેખન જોગમેં હૂં ન જો, માનત હો જદુરાય;
અબિનાશી નિજ રૂપવો, દીજો મોહિ બતાય. ૪

૪ હે પ્રભુ! તે મેં જોવુ શકય (છે એમ) માને તો હે યોગેશ્વર! તું અવિનાશી એવો પોતાને દાખવ [એ સ્વરૂપ દેખાડ.]

श्रीभगवानुवाच॥

पश्य मे पार्थ रूपाणि शतशोथ सहस्रशः।
नानाविधानिदिव्यानि नानावर्णाकृतीनि च॥ ५॥

અર્જુન મારાં રૂપ જો, દિવ્ય હજાર પ્રકાર;
અનેક વર્ણાકૃતિ વલી, નાના વિધ નિરધાર. ૫

અર્જુન અબ તૂં દેખિલે, શત સહસ્ર મમ રૂપ;
બહુત ભાંતિહે દિવ્યજો, નાના બરનહુ રૂપ. ૫

૫ હે પાર્થ! જો મારાં રૂપ શેંકડો ને હજારો, નાના પ્રકારનાં અદ્‌ભુત ને નાનાવર્ણાકૃતિનાં [નીલ પીતાદિવર્ણનાં ને કરચરણાદિ આકૃતિનાં].

पश्यादित्यान्वसून्रुद्रानश्विनौ मरुतस्तथा ।
बहून्यदृष्टपूर्वाणि पश्याश्चर्याणि भारत ॥ ६ ॥

આદિત્ય, વસુ, રૂદ્રો, મરૂત, વળિ અશ્વિની કુમાર;
અદિઠ પૂર્વ આશ્ચર્ય બહુ, જો તું આણે ઠાર. ૬

દેખે રૂદ્રાદિત્ય બસૂ, અશ્વિનિ સુત મોં માંહિ;
ઔર આચરજ રૂપ જે, પહિલેં દેખે નાહિ. ૬

૬ હે ભારત! [બાર] આદિત્ય, [અગિયાર] રૂદ્ર, [આઠ] વસુ, [બે] અશ્વિનીકુમાર, ને [ઓગણપચાસ] મરૂતગણ જો; પૂર્વે કોઈએ ન દીઠેલાં આશ્ચર્ય બહુ બહુ તું જો.

इहैकस्थं जगत्कृत्स्नं पश्याद्य सचराचरम् ।
मम देहे गुडाकेश यच्चान्यद्द्रष्टुमिच्छसि ॥ ७ ॥

સકળ ચરાચર જગતને, મુજ વપુમાંજ રહેલ;
જોતું હમણાં જો વલી, બીજું જે ઇચ્છેલ. ૭

એક ઠૌર મમ દેહમેં, થિર ચર રહે સમાય;
દેખો ચાહન જો કછુ, સોઉ દેત દિખાય. ૭

૭ હે ગુડાકેશ! આ મારા દેહને વિષે એકત્ર સમગ્ર રહેલું એવું સચરાચર સંપૂર્ણ જગત્‌ આજ–અમણાંજ જો, વળી જે કંઈ બીજું [જયપરાજય આદિ] જોવાને ઈચ્છે તે પણ.

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥ ८ ॥

આ નિજ ચક્ષુવડે મને, નથિ જોવા તું જોગ;
દિવ્ય નેત્ર આપું તને, જો મુજ ઇશ્વરિ યોગ. ૮

ઇન નયનન નહિ દેખિયે, દિવ્ય દેઉં દૃગ તોય;
ઇશ્વર જોગહિ સહજ તૂં, જૈસેં દેખે મોય. ૮

૮ આ સ્વચક્ષુએ [ચર્મચક્ષુએ] મને જોઈ શકીશ નહિ તો હું તુંને દિવ્યચક્ષુ આપું છું, જો મારા અસાધારણ યોગને [અઘટિત ઘટનાનાં સામર્થ્યને.]

संजय उवाच ॥

एवमुक्त्वा ततो राजन् महायोगेश्वरो हरिः।
दर्शयामास पार्थाय परमं रूपमैश्वरम् ॥ ९ ॥

એમ કહી અર્જૂનને, ઇશ્વરિ રૂપ મહંન;
યોગેશ્વર હરિયે પછી, દેખાડયું રાજંન. ૯

યોગેશ્વર શ્રીકૃષ્ણ જૂ, કહ્યો બચન યા ભાવ;
પરમ રૂપ ઇશ્વર જૂ હોં, સો દીનો પ્રગટાય. ૯

૯ એમ બોલીને પછી હે રાજન્ [ધૃતરાષ્ટ્ર] ! મહાયોગેશ્વર [મોટા યોગનો ઇશ્વર] હરિ અર્જુનપ્રતિ ઐશ્વર્યવાળું પરમરૂપ [વિશ્વરૂપ] દેખાડતો હવો–

अनेकवक्त्रनयनमनेकाद्भुतदर्शनम् ।
अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ॥ १० ॥

અનેક મુખ, નેત્રી, બહુ, અદ્ભુત દર્શનવાન;
અનેક દિવ્યાભરણિ, બહુ, ઉદ્યુત આયુધમાન. ૧૦

બહુ આનન લોચન બહુત, દેખત અચરજ હોત;
ભોગિત નાના ભૂખન, શસ્ત્ર અનેક ઉદ્યોત. ૧૦

૧૦ અનેક મુખ નયન (જેને,) અનેક અદ્ભુતનું દર્શન (જેનું,) અનેક દિવ્યાલંકાર (જેને,) અનેક ઉગામેલાં દિવ્યઆયુધ (જેને વિષે) એવું [રૂપ.]

दिव्यमाल्यांबरधरं दिव्यगंधानुलेपनम् ।
सर्वाश्चर्यमयं देव मनंतं विश्वतोमुखम् ॥ ११ ॥

દિવ્ય પુષ્પ ને વસ્ત્ર ધર, દિવ્ય ગંધ લેપન્ન;
અનંત સૌ આશ્ચર્યમય, સૌદિશ મુખ સંપન્ન. ૧૧

દિવ્ય હાર દેખ્યો બસન, દિવ્ય સુગંધ લગાય;
આપરૂપ મુખ દ્યુતિ તે, સોભત નાના ભાય. ૧૧

૧૧ દિવ્યપુષ્પ તથા વસ્ત્ર ધારણ કીધાં છે (જેણે), દિવ્યગંધલેપન (જેને), સર્વ આશ્ચર્યયુક્ત, પ્રકાશરૂપ, અનંત, સર્વત્ર, ચારે દિશાએ મુખ એવું [રૂપ.]

दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भाः सदृशी सा स्याद्भासस्तस्य महात्मनः ॥१२॥

જો દિવિ સૂર્ય હજારની, કાંતિ એકદમ થાય;
તોએ મહાત્મની કાંતિને, મળતી કૈંક જણાય. ૧૨

કિરન સહસ્ર અકાસમેં, પુરી રહ્યો જ્યૌં સોય;
દીપતતા પ્રભુકી લખે, નેકુન સમતા હોય. ૧૨

૧૨ આકાશમાં સહસ્ત્ર સૂર્યની સામટીજ ઉઠેલી પ્રભા જો થાય (તો તે) તે મહાત્માના [વિશ્વરૂપધારીના] ભાસ સરખી થાય. [વિશ્વરૂપના તેજના કોઈ અંશની કોઈ ઉપમા અપાય.]

तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ।
अपश्यद्देवदेवस्य शरीरे पांडवस्तदा ॥ १३ ॥

ત્યાં જગ, ઇશ શરીરમાં, સકળજ એકસ્થાન;
નાના ભેદે અર્જુને, રહેલું દીઠું જાણ. ૧૩

ભિન્ન ભેદ જે જગતમેં, સો દેખે ઈક ઠોર;
દેવ દેવકી દેહમેં, અર્જુન દેખે ઓર. ૧૩

૧૩ તેવારે ત્યાં દેવાધિદેવના શરીરમાં અનેક પ્રકારે જૂદું જૂદું (પણ) એક ઠામે આવી રહેલું સંપૂર્ણ જગત્ પાંડવ જોતો હવો.

ततः स विस्मयाविष्टो हृष्टरोमा धनंजयः ।
प्रणम्य शिरसा देवं कृतांजलिरभाषत ॥ १४ ॥

પામી વિસ્મય તે પછી, રોમહર્ષી થૈ, નાથ;
નમિ મસ્તકથી દેવને, બોલ્યો જોડી હાથ. ૧૪

તાકોં તબ અચરજ ભયો, રોમ હર્ષકે દાય;
તાહૂ દેખી પ્રણામ કરી, બોલ્યો ચિત્તકે માય. ૧૪

૧૪ તો વિસ્મયયુક્ત, રોમાંચયુક્ત [રૂમાટાં ઉભાં થયલાં એવો] તે અર્જુન પ્રકાશમાન ભગવાનને શિર નમાવી પ્રણામ કરી બે હાથ જોડી બોલતો હવોઃ-

अर्जुन उवाच ॥

पश्यामि देवांस्तव देव देहे सर्वांस्तथा भूतविशेषसंघान् ।
ब्रह्माणमीशंकमलासनस्थ मृषींश्चसर्वानुरगांश्चदिव्यान् ॥ १५ ॥

દેખુંછ દેવો તમ દેવ દેહે, બીજાં બધાં પ્રાણિ વિશેષ જેહ;
બ્રહ્માવળી જે કમળાસનીતે,સર્પો બધા દિવ્ય રૂષી વળી જે. ૧૫

દેખતહોં તવ દેહમોં, સબ સુસ્થિર ચર સિદ્ધ;
બિધ હર પદ્માસન ઋખિ, નાગ સબે જો વૃદ્ધ. ૧૫

૧૫ હે દેવ, જોઉં છું તારા દેહને વિષે સર્વ દેવને [ઈંદ્રાદિક] તથા ભૂતવિશેષના સમૂહને [સ્થાવરજંગમમાં જે શ્રેષ્ઠ તેને; ભૂતપિશાચને]; નાભિકમળે બેઠેલા બ્રહ્માને, મહાદેવને અને સર્વે ઋષીનં, વળી દેવલોકના સર્પને [વાસુકી આદિને.]

अनेकबाहूदरवक्त्रनेत्रं पश्यामि त्वां सर्वतोनंतरूपम् ।
नांतं न मध्यं नपुनस्तवादिं पश्यामिविश्वेश्वर विश्वरूपम् ॥ १६॥

અનેક બાહૂ મુખ નેત્ર પેટ, દેખું તમોને બહુ રૂપ નેટ;
ચોમેર વિશ્વેશ્વર વિશ્વરૂપ, દેખું ન આદી મધ અંતરૂપ. ૧૬

બહુ બાહૂ ઉદરહુ બહુત, મૈં દેખે બહુ સીસ;
આદિ અંત અરૂ મધ્ય નહીં, ઐસે તુમ જગદીસ. ૧૬

૧૬ અનેક બાહુ ઉદર મુખ નેત્ર એવો, ચારેપાસ અનંતરૂપ એવો તુંને જોઉંછું; હે વિશ્વેશ્વર ! નથી અંત, નથી મધ્ય, નથી વળી આદિ [મૂળસ્થાન] એવું તારૂં વિશ્વરૂપ જોઉંછું.

किरीटिनं गदिनं चक्रिणं च तेजोराशिंसर्वतोदीप्तिमंतम् ।
पश्यामित्वांदुर्निरीक्ष्यंसमंताद् दीप्तानलार्कद्युतिमप्रमेयं ॥१७॥

ગદા વળી ચક્ર મુકૂટવાન, ચોમેર તેજ બહુ કાંતિમાન;
દેખું અનીરીક્ષ્ય વળી અમેય,પ્રદીપ્ત અગ્ની રવિપેઠ એય. ૧૭

મુકુટ સીસકર ચક્ર ગદા, રૂપ રાગ ભગવાન્;
દ્રિગન તેજ ત્યોં બિધિલહે,રબિ અરૂ અનલ સમાન. ૧૭

૧૭ મુકુટધારી, ગદાધારી, ચક્રધારી, તેજનો પુંજ, સઘળી મેર પ્રકાશવાન્ એવો તુંને જોઉંછું-નિરખવાને અશક્ય એવાને, ચારેપાસ પ્રદીપ્ત અગ્નિ તથા સૂર્યના સરખી પ્રભા જેની એવાને, ન કળાય પાર એવાને.

त्वमक्षरं परमं वेदितव्यं त्वमस्यविश्वस्य परं निधानम् ।
त्वमव्ययःशाश्वतधर्मगोप्ता सनातनस्त्वंपुरुषोमतो मे ॥ १८ ॥

તમેજ છો બ્રહ્મ પરં સુજાણ્ય,આધાર છો વિશ્વતણાજ માન્ય;
અનાદિ ને શાશ્વત ધર્મ ત્રાણ, પુરૂષ છો મૂજમતેં પુરાણ. ૧૮

અચ્છર પરમહિ પ્રગટ હો, તુમ સબ જગત નિધાન;
અબિનાશી રચ્છક સબુન, આદિ પુરૂખ મનમાન. ૧૮

૧૮ તું અક્ષર પરમ જાણવા યોગ્ય [મુમુક્ષુને], તું આ વિશ્વનું ઉત્કૃષ્ટ આશ્રયસ્થાન; તું અવ્યય, નિરંતર ધર્મરક્ષણ કરનારો; તું સનાતન પુરૂષ મારે મતે (છે.)

अनादिमध्यांतमनंतवीर्य मनंतबाहुं शशिसूर्यनेत्रम् ।
पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं स्वतेजसा विश्वमिदंतपंतम् ॥१९॥

નેત્રો શશી સૂર્ય અનંત હાથ, અનાદિ મધ્યાંત બળીજ નાથ;
દેખું જ્વળીતાગ્ની મુખોજ્વાળા, સ્વતેજથી વિશ્વ તપાવનારા. ૧૯

આદિ અંત મધ્યઉ રહિત, તુમ રબિ શશિહૈ નૈન;
તેરો મુખ દીપત અગિન, સબહી કોં તપ ઐન. ૧૯

૧૯ આદિ મધ્ય અંતરહિત, અપરિમિત પરાક્રમી, અનંતબાહુ, શશિસૂર્યનેત્ર જેને એવો, પ્રજ્વલિત અગ્નિમુખ જેનું એવો, પોતાને તેજે કરીને આ વિશ્વને તપાવનાર એવો તુંને જોઉં છું.

द्यावापृथिव्योरिदमंतरं हि व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ।
दृष्ट्वाऽद्भुतंरूपमुग्रंतवेदं लोकत्रयंप्रव्यथितंमहात्मन् ॥२०॥

આકાશ આ સર્વ દિશૂ વળી જે, વ્યાપેલ દેખું તમ એકથી તે;
અદ્‌ભૂત ને આ તમઃઉગ્રરૂપ, દેખી ત્રણે લોક બિહે અનૂપ. ૨૦

સબ દિસ વ્યાપે ગગનભૂ, તુમ એકહિ હો જુ;
અદ્‌ભુત રૂપ જુ ઉગ્ર લખે, પ્રબથિત લોક સબે જુ. ૨૦

૨૦ હે મહાત્મન્! સ્વર્ગપૃથ્વીનું આ અંતરિક્ષ એક તુંથીજ વ્યાપ્ત (છે,) વળી સર્વે દિશાઓ; અદ્‌ભુત ઉગ્ર રૂપ તારૂં આ દેખી ત્રણે લોક વ્યથા પામ્યા (છે.)

अमीहित्वांसुरसंघाविशंति केचिद्भीताः प्रांजलयोगृणंति ।
स्वस्तीत्युक्त्वामहर्षिसिद्धसंघाः स्तुवंतित्वांस्तुतिभिःपुष्कलाभिः

આ દેવસંઘો તમ શર્ણે થાયે,જોડી કરો કો બિહિનેજ ગાયે;
સિધ્ધો મહર્ષી વદિ શૂભવાણી,સ્તવે તમોને અતિશે વખાણી. ૨૧

પેઠત તોમે દેવ સબે, સ્તુતી કરત ભિયમાનન;
ઋખિ ઔર સિદ્ધ મહાતમ,નિવેજુ તોકોં જાન. ૨૧

૨૧ આ દેવનો સમુદાય તું પ્રતિ પ્રવેશ કરે છે, કોઇ ભય પામેલા તે હાથ જોડીને સ્તુતિ કરે છે, મહર્ષિ સિદ્ધનો સમુદાય તે સ્વસ્તિ [જગતનું કલ્યાણ] એમ બોલી પુષ્કળ સ્તુતિયોએ કરીને તુંને સ્તવે છે.

रुद्रादित्या वसवोये च साध्या विश्वेऽश्विनौमरुतश्चोष्मपाश्च ।
गंधर्वयक्षासुरसिद्धसंघा वीक्षंते त्वां विस्मिताश्चैव सर्वे ॥२२॥

આદિત્ય,રૂદ્રો,વસુ,સાધ્ય આ જે,વિશ્વેશ્વિનૌ વાય પિત્રૃ તથા જે;
ગંધર્વ,યક્ષો,સિધ,દૈત્ય જેછે, આશ્ચર્ય થૈ સૌ તમને જુવેછે. ૨૨

રૂદ્ર સાધ્ય આદિત્ય બસુ,અશ્વિનીસુત ઔ ભાય;
સિદ્ધમુનિ ગંધર્વ સબે, દેખત અચરજ પાય. ૨૨

૨૨ રૂદ્ર, આદિત્ય, વસુ, સાધ્ય નામના દેવગણ, વિશ્વેદેવા,અશ્વિનીકુ,-માર, મરૂદ્ગણ, ઉષ્મપા નામના પિતર, ગંધર્વ, યક્ષ, અસુરો સિદ્ધ એઓનો સમુદાય-સર્વે વિસ્મય કરતા તુંને નિહાળે છે.

रूपं महत्ते बहुवक्त्रनेत्रं महाबाहो बहुबाहूरुपादम् ।
वहूदरं बहुदंष्ट्राकरालं दृष्ट्वालोकाःप्रव्यथितास्तथाऽहम् २३

અનેક નેત્રો મુખ પેટ હાથ, અનેક પાદો ઉરૂ, દાંત સાથ;
આ રૂપ મોટું ભયકારિ જોઇ,બિહેછ સૌ તેમ બિહુંછ મોહી. ૨૩

રૂપ બડો બહુ મુખ નયન,ભુજ પદ બાહુ ઉરોય;
દેખિ ભયાનક દાઢ બહુ, વ્યથિત લોક બહુ હોય. ૨૩

૨૩ હે મહાબાહુ! બહુ મુખ નેત્ર, બહુ હાથ જાંઘ પાગ, બહુ પેટ એવું, બહુ દાઢે વિકરાળ એવું તારૂં મોટું રૂપ દેખી લોકો અત્યંત વ્યથાયુક્ત છે ને હું (પણ) છું.

नभःस्पृशं दीप्तमनेकवर्णं व्यात्ताननं दीप्तविशालनेत्रम् ।
दृष्ट्वाहित्वांप्रव्यथितांतरात्मा धृतिं न विंदामि शमंचविष्णो ॥ २४

મહા દીપ્ત નેત્રી, નભને અડેળા, અનેક વર્ણી મુખ ઊઘડેલા;
તેજસ્વિ દેખી દુખિ અંતરાત્મા,પામું ન શાંતી ધૃતિને મહાત્મા. ૨૪

પાદ ભૂમિ આકાશ શિર,દ્રિગ દીરઘ મુખ લાય;
ઐસેં તુમકોં દેખિકે, ધીરજુ ગયો પરાય. ૨૪

૨૪ હે વિષ્ણુ! આકાશને અડકેલું–ઝળઝળ પ્રકાશતું–અનેક રંગવાળું–વિસ્તીર્ણ ઉઘાડેલું મુખ જેનું, દીપ્ત વિશાળ નેત્ર જેને એવો તુને દેખી અતિપીડિત અંતરાત્માવાળો હું ધૈર્યને નથી જાણતો, શમને [શાંતિને] પણ નહિ.

दंष्ट्राकरालानि च ते मुखानि दृष्ट्वैव कालानलसंनिभानि ।
दिशोन जानेनलभे च शर्म प्रसीद देवेश जगन्निवास ॥२५॥

કાળાગ્નિ જેવાં,ભયકારિ દાંતે,દેવેશ જોઇ તમ મૂખ ખાંતે;
દિશા નજાણું,નહિ સૂખ આશ,પ્રસન્ન થાઓ જગના નિવાસ. ૨૫

કાલ અગિન સમ દાઢ તનુ, બિન દેખે ભયભીત;
દિસા ભુલી સુખહૂ ન ગનેં,અબ કીજે પ્રભુ પ્રીત. ૨૫

૨૫ હે જગન્નિવાસ! પ્રલયકાળના અગ્નિ સરખી વિકરાળ દાઢ [illegible] મુખને વિષે દેખી હું દિશાને ઓળખી શકતો નથી, શાં[illegible] સુખ પામતો નથી, હે દેવેશ! પ્રસન્ન થા.

अमी च त्वां धृतराष्ट्रस्य पुत्राः सर्वे सहैवावनिपालसंघैः।
भीष्मो द्रोणःसूतपुत्रस्तथासौ सहास्मदीयैरपियोधमुख्यैः २६

આ સર્વ પુત્રો ધૃતરાષ્ટ્રના તે, પૃથ્વીતણા આ નૃપસંઘ સાથે;
આ ભીષ્મ ને કર્ણ ગુરૂજ યોદ્ધા,સાથે અમારાપણ મુખ્યજોદ્ધા. ૨૬

પૂત સબે ધૃતરાષ્ટ્રકે, સબ નૃપતિનકે સંગ;
કરણ દ્રોણ ભીખમ જિતે, જોધા હે તબ અંગ. ૨૬

૨૬ ને આ સર્વે ધૃતરાષ્ટ્રના પુત્ર, રાજાઓના સમુદાય સાથેજ, ભીષ્મ, દ્રોણ, આ સૂતપુત્ર [કર્ણ], (ને) અમારા મુખ્ય યોદ્ધાઓ પણ સાથે, તું પ્રતિ [તારા મુખમાં] (પ્રવેશ કરે છે).

वक्त्राणि ते त्वरमाणा विशंति दंष्ट्राकरालानि भयानकानि।
केचिद्विलग्ना दशनांतरेषु संदृश्यंते चूर्णितैरुत्तमांगैः ॥२७॥

દાંતે કરીને, ભયકારિ જેછે, મૂખોજ તેમાં જલદી પડેછે;
કો શ્રેષ્ઠ અંગેથઈનેજ ચૂર્ણ,દાંતો વિશે લાગિ દિસે અપૂર્ણ. ૨૭

બહુત તિહારે બદનમેં, સબે પરત હૈ આય;
કોઉ ચાબત દાઢન તળે, કોઉ રહે લપટાય. ૨૭

૨૭ [તેઓ] દાઢ વિકરાળ ભયાનક એવાં તારા મુખાનેકમાં અતિ ઉતાવળે પ્રવેશ કરે છે; કોઇ વળી મસ્તકના ચૂરા થઈ ગયલા એવા, દાંતોની વચમાં છૂટા પડી અટકેલા એવા દીસે છે.

यथा नदीनां बहवोंबुवेगाः समुद्रमेवाभिमुखा द्रवंति।
तथा तवामी नरलोकवीरा विशंति वक्त्राण्यभिविज्वलंति२८

નદી જલોના બહુ વેગ જેમ,સમુદ્ર મધ્યે મળિ જાય, તેમ;
મુખો તમારાં બળતાંજ જેછે, તેમાંય આ વીર નરો પડે છે. ૨૮

જો સરિતા બરખા ઋતુ, પરત સિંધુમેં જાય;
ત્યોં નૃપ તેરે બદનમે, સબે પરત હૈ આય. ૨૮

૨૮ જેમ નદીના પાણીના વેગ [વ્રોહ] બહુ બહુ તે, સમુદ્રને અભિમુખ થઇ તેમાં પ્રવેશ કરે છે, તેમજ આ મનુષ્યલોકના વીર તારાં જાજ્વલ્યમાન મુખાનેકમાં પ્રવેશ કરે છે.

यथा प्रदीप्तं ज्वलनं पतंगा विशंति नाशाय समृद्धवेगाः ।
तथैवनाशायविशंतिलोका स्तवापिवक्त्राणिसमृद्धवेगाः॥२९॥

જેવીજ રીતેં બળતાગ્નિમાંય, વેગે પતંગો બળવાજ ધાય;
તેવીજ રીતેં તમ મૂખમાંય, વેગેં જનો આ મરવાજ ધાય. ૨૯

દીપાગનિ પતંગ લખી, પરત ઉચકોં ખોય;
ત્યોં તવ મુખમેં લોક યહ, આપ નાશ જો હોય. ૨૯

૨૯ જેમ પ્રદીપ્ત જ્વાળામાં ઉતાવળા વેગના પતગ મરવાને ઝંપાવે છે તેમજ ઉતાવળા વેગના લોક તારા મુખમાં નાશ પામવાને ધાઈ પડે છે.

लेलिह्यसे ग्रसमानः समंता ल्लोकान्समग्रान्वदनैर्ज्वलद्भिः ।
तेजोभिरापूर्यजगत्समग्रं भासस्तवोग्राःप्रतपंति विष्णो ॥३०

તેજ મુખેં લોક બધાજ આપ, ખાતાંજ ચાખો અતિશે અમાપ;
તેજે કરી લોક સમગ્ર પૂરી, સંતાપ આપે તમ કાંતિ ક્રૂરી. ૩૦

કરહિ ગ્રાસ સબ લોકકોં. રસન જ્વાલ લપટાય;
કાંતિ રાવરી જગતકોં, દેત તાપ સબ હાય. ૩૦

૩૦ હે વિષ્ણુ! તું ઝળઝળીત વદનોમાં ચારેપાસથી સમગ્ર લોકને ભરી (ઝીભે) ચાટે છે [સ્વાદ લેછે]; સમગ્ર જગતને તેજે ભરી તારા ઉગ્ર ભાસ અતિ સંતાપ કરે છે.

आख्याहि मे को भवानुग्ररूपो नमोस्तु ते देववर प्रसीद ।
विज्ञातुमिच्छामि भवंतमाद्यं नहि प्रजानामि तवप्रवृत्तिम् ३१

પ્રસન્ન થાઓ,નમુદેવ ભૂપ,છો કોણ કહો આપજ ઉગ્ર રૂપ;
છે જાણવાની તમનેજ વૃત્તિ, જાણું નહીં આપતણી પ્રવૃત્તિ. ૩૧

ઉગ્ર રૂપ તુમકોં નહોં, મોસેં કહિયે દેવ;
તુમકોં જાનોં ચહતહોં, તવ રૂપનકોં ભેવ. ૩૧

૩૧ ઉગ્રરૂપ [ભયાનક] કોણ તું પોતે, મને કહે. હે દેવશ્રેષ્ઠ! નમસ્કાર હોજો તુંને, પ્રસન્ન થા; આદ્ય એવા તુંને જાણવાને ઈચ્છુંછું, તારી પ્રવૃત્તિ [ચેષ્ટા; વાર્ત્તા] હું જાણી શકતો નથી.

श्रीभगवानुवाच ॥

कालोस्मि लोकक्षयकृत्प्रवृद्धो लोकान्समाहर्त्तुमिह प्रवृत्तः।
ऋतेऽपित्वां न भविष्यंति सर्वे येऽवस्थिताःप्रत्यनीकेषुयोधाः ३२

છું ઉગ્ર,લોક ક્ષય કારિ કાળ,અહીં થયો તે હવણાંજ હાલ;
વિનાજ તું સૌ મરશેજ આહીં,જેછે ઉભેલા પ્રતિ સૈન્યમાંહી. ૩૨

કાલ રૂપ હૈ હોં બડો, સબકોં મારન હાર;
તવ બિન સબ જોધાનકો, ભખિજે હૂં નિરધાર. ૩૨

* ૩૨ લોકનો ક્ષય કરનારો, પ્રવૃદ્ધિને પામેલો કાળ છું, પ્રાણીઓનો સંહાર કરવાને અહીં પ્રગટ થયો છું, પ્રત્યેક સૈન્યમાં મચેલા યોદ્ધા તે તું વિના સર્વે બીજા જીવશે નહિ.

तस्मात्त्वमुत्तिष्ठ यशोलभस्व जित्वाशत्रून्भुंक्ष्व राज्यं समृद्धम्।
मयैवैते निहताःपूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन् ॥३३

માટે ઉઠી તું યશનેજ પામ,શત્રૂ જિતી ભોગવ રાજ્ય સામ;
હણ્યાજછે પૂર્વથિ મેંજ આને,અર્જૂન તું માત્રનિમિત્ત થાને. ૩૩

તાતેં ઉઠ રણ જીત લે, કીરત ઔર હુ રાજ;
મૈહ ન રાખ્યો નરપતિ, યહ સબ તેરે કાજ. ૩૩

* યુદ્ધ આશય કે તુ નહિ કરે તોપણ તે ઉગરશે નહિ.

૩૩ માટે તું ઉઠ, વેરીને જીતી કીર્ત્તિ મેળવ (ને) સગળું રાજ્ય ભોગવ. એઓને મેં પ્રથમ [યુદ્ધની પૂર્વે] મારેલા છે; હે સવ્યસાચી [બે હાથે બાણ છોડનારા]! નિમિત્ત માત્ર તું થા.

द्रोणंच भीष्मंच जयद्रथंच कर्णं तथाऽन्यानपियोधवीरान् ।
मयाहतांस्त्वंजहिमाव्यथिष्ठा युद्ध्यस्वजेतासिरणेसपत्नान् ३४

આ દ્રોણ ને જેદ્રથ ભીષ્મ ધીરો, કર્ણાદિ બીજા વળિ યુદ્ધવીરો;
હણ્યાછ તેને દુખ મૂકિ જીત, જીતીશ શત્રૂ રણમાં અજીત. ૩૪

ભીખમ દ્રોણ જયદ્રથ, કારણ આદિ જે ઔર;
ભય તજ અર્જુન જુદ્ધ કર, અરિ મારહુ યા ઠોર. ૩૪

૩૪ દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ તથા વળી બીજા વીર યોદ્ધા મારા મારેલા છે તેને તું માર, વ્યથાવાળો મા થા, યુદ્ધ કર, રણમાં શત્રુઓને તેં જીત્યાજ છે.

संजय उवाच ॥

एतच्छ्रुत्वा वचनं केशवस्य कृतांजलिर्वेपमानः किरीटी ।
नमस्कृत्वा भूय एवाहकृष्णं सगद्गदं भीतभीतः प्रणम्य ३५

એવી શુણી કેશવનીજ વાણી, કિરીટિ કંપી વલિ જોડિ પાણી;
બોલ્યોજ મંદ સ્વરથી, નમીને, શ્રીકૃષ્ણ પ્રત્યે અતિ બીહબીને. ૩૫

બચન સુનેં શ્રીકિસનકે, કાંપી અર્જુન દેહ.
પ્રભુકે પાયીં લાગિકેં, બોલે બચન સનેહ. ૩૫

૩૫ કેશવનાં એ વચન સાંભળી હાથ જોડેલા, કાંપતો એવો અર્જુન નમસ્કાર કરીને ગદગદ કંઠે વળી પ્રણામ કરી બીતો બીતો કૃષ્ણને વચન બોલતો હવો—

अर्जुन उवाच ॥

स्थाने हृषीकेश तव प्रकीर्त्या जगत्प्रहृष्यत्यनुरज्यते च ।
रक्षांसि भीतानि दिशोद्रवंति सर्वेनमस्यंति च सिद्धसंघाः ३६

છે યુક્ત,દેવા,તમ કીર્તને જે,રાજીજ પ્રેમી જગ આ બને તે;
બીધેળ જે- રાક્ષસ ભાગિ જાય,સિધ્ધો બધાજે નમતાજ થાય. ૩૬

સબ જગ તાકોં જસલહ, તુમહિ રહત અનુરાગ;
સિદ્ધ નમત તોકોં સદા, રાચ્છસ જાત હુભાગ. ૩૬

૩૬ હે હૃષિકેશ! તારે કીર્તિને કરી જગત હર્ષ પામે છે ને પ્રીતિને પામે છે; રાક્ષસો ભય પામીને દિશાઓપ્રતિ વેરાતા નાસી જાય છે; સિદ્ધનો સમુદાય નમસ્કાર કરે છે એ યુક્ત છે.

कस्माच्च ते न नमेरन्महात्मन् गरीयसे ब्रह्मणोप्यादिकर्त्रे ।
अनंत देवेश जगन्निवास त्वमक्षरं सदसत्तत्परं यत् ॥ ३७॥

બ્રહ્માતણાછો ગુરૂ આદિ કર્તા, નમે નકિં તે તમનેજ ભર્ત્તા;
છો સત્અસત્થીપર બ્રહ્મખાસ, અનંત, દેવેશ જગન્નિવાસ. ૩૭

કયોં ન નમો તુમકોં જુહોં, બ્રહ્માકે કરતાર;
જગત ઇસ અચ્છર અનંત,તુમ સદસત હો પાર. ૩૭

૩૭ હે અનંત, દેવેશ, જગન્નિવાસ, બ્રહ્માના પણ આદિ કર્ત્તા, શ્રેષ્ઠ મહાત્મન્! તુને શા માટે પ્રણામ ન કરીએ? અક્ષર, સત્અસત્થીપર [કારણકાર્યથી] એવો તું (છે)-"

त्वमादिदेवः पुरुषः पुराण स्त्वमस्य विश्वस्य परं निधानम् ।
वेत्ताऽसि वेद्यंच परं च धाम त्वया ततं विश्वमनंतरूप॥ ३८॥

છો દેવ આદી પુરૂષઃ પુરાણ,આ વિશ્વના આપ પરં નિધાન;
છો જ્ઞેય,જ્ઞાતા પરધામ,આપ,વ્યાપી રયા વિશ્વ તમે અમાપ. ૩૮

પુરૂષ પુરાતન આદિ હો, તુમ હો જગત નિધાન;
તુમ યહ સબ જગ વિસ્તર્યો, જાનત તુમહી ગ્યાન. ૩૮

૩૮ તું આદિદેવ પુરાણપુરૂષ, તું વિશ્વનું પરં લયસ્થાન એવો, વેત્તા [જાણનારો], વેદ્ય [જાણવા યોગ્ય], પરં ધામ, તારાથી અનંતરૂપ વિશ્વ વ્યાપ્યું છે.

वायुर्यमोऽग्निर्वरुणः शशांकः प्रजापतिस्त्वंप्रपितामहश्च ।
नमोनमस्तेऽस्तुसहस्रकृत्वः पुनश्चभूयोपिनमो नमस्ते ॥३९॥

વરૂણ, વા, અગ્નિ, શશી, યમ છો, પ્રજાપતી ને પ્રપિતામહ છો;
પ્રણામ છે મૂજ હજાર વાર, ફરી ફરી છે નમનો હજાર. ૩૯

વાચ પ્રજાપતિ અગિન જમ, વરૂણ ચંદ્ર તવ રૂપ;
બાર બારસેં નમત હૂં, તુમહિ પ્રણામ અનૂપ. ૩૯

૩૯ વાયુ, યમ, અગ્નિ, વરૂણ, ચંદ્ર, બ્રહ્મા, પિતામહ જે બ્રહ્મા તેનો પણ પિતા, તું (છે); તુને નમન નમન હોજો સહસ્રવાર, ને વળી પણ નમો નમસ્તે.

नमः पुरस्तादथ पृष्टतस्ते नमोस्तु ते सर्वत एव सर्व ।
अनंतवीर्यामितविक्रमस्त्वं सर्वं समाप्नोषि ततोसिसर्वः ॥३०॥

પ્રણામ છે સન્મુખ ને પિઠેથી, ચો ફેરથી છે નમનો સુખેથી;
પરાક્રમી ને બળિ છો અનંત, વ્યાપી રયા સૌ, સઉછો મહંત. ૪૦

આગે તોકો નમત હોં, પાછે તોહી અનંત;
સર્વ દિસન તુમતેં નમત, પ્રબલ અમિત ભગવંત. ૪૦

૪૦ આગળ–સંમુખ તુંને નમન, પાછળ–પીઠે પણ, ચારે પાસ નમન થાઓ; હે સર્વરૂપ તું અપાર સામર્થ્યવાન્ બહુ બહુ પરાક્રમી એવો તું સમસ્ત જગતમાં એકરૂપ વ્યાપી રહે છે તેથી સર્વ [સર્વરૂપ] છે.

सखेति मत्वा प्रसभं यदुक्तं हे कृष्ण हे यादव हे सखेति ।
अजानता महिमानं तवेदं मयाप्रमादात्प्रणयेन वापि ॥ ४१ ॥

માની સખા આ મહિમા ન જાણી,કહીછમેં આ હઠથીજ વાણી;
હે કૃષ્ણ, હે યાદવ, હે સખાજે, પ્રમાદથી તે,પ્રણયેજ વા તે. ૪૧

મિત્ર જાન જો મેં કહીં, છમા કરી સો દેવ;
જાને કહાં જુ આપરો, તવ મહિમા કો ભેવ. ૪૧

૪૧ સમાન વચનો માનીને (કે) બળાત્કારે હે કૃષ્ણ હે યાદવ હે સખા? એમ જે મેં કહ્યું તે તારૂં આ મહિમાન [વિશ્વરૂપ સામર્થ્ય] ન જાણતાં, અસાવધાનપણે અથવા સ્નેહવિશ્વાસે [માટે ક્ષમા-કરજે].

यच्चावहासार्थमसत्कृतोसि विहारशय्यासनभोजनेषु ।
एकोथवाप्यच्युत तत्समक्षं तत्क्षामये त्वामहमप्रमेयम् ॥ ४२

રમતાં, સુતાં ભોજન આસને જે,માઠું લગાડયું હસવાજને તે;
એકાંતમાં તેમ સમક્ષ સૌજે,ક્ષમા કરો આપ અમાપ સૌ તે. ૪૨

ભોજન શયન બિહારમેં, કિયા અનાદર ભાય;
તે જુ છમા સબ કીજિયે, પ્રભુ તુમ કેશવરાય. ૪૨

૪૨ વળી હે અચ્યુત! વિનોદ કારણે રમતાં, સૂતાં, બેસતાં, જમતાં એ પ્રસંગે એકલા એકલી કે બીજાઓની સમક્ષ મારાથી તું સત્કાર પામ્યો નથી; એ અન્યાયને માટે હું ક્ષમા માગું છું, અચિંત્ય પ્રભાવવાળા તું પાસે.

पितासि लोकस्य चराचरस्य त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।
नत्वत्समोस्त्यभ्यधिकः कुतोऽन्योलोकत्रयेप्यप्रतिमप्रभावः ४३

તમેજછો આ જગનાજ બાપ,ગુરૂતણાછો ગુરૂ,પૂજ્ય આપ;
ત્રીલોકમાં છે નહિ કો સમાન,અધીકતો ક્યાંથિ નિરૂપમાન. ૪૩

પિતા જુ તુમ સંસારકે, તુમહિ પૂજ્ય ગુરૂ ઇસ;
તવ પ્રભાવ ત્રય લોકમે, કૌન કરે તબ રીસ. ૪૩

૪૩ ચરાચરનો જે આ લોક તેનો તું પિતા છે; પૂજ્ય, ગુરૂ, શ્રેષ્ઠ તું છે; અનુપમ પ્રભાવ એવો તું; ત્રણે લોકમાં તુજ સમાન નથી, અધિક તે બીજો કયાંથી?

तस्मात्प्रणम्य प्रणिधाय कायं प्रसादये त्वामहमीशमीड्यम्।
पितेव पुत्रस्यसखेव सख्युः प्रियःप्रियायार्हसिदेव सोढुम्॥ ४ ४॥

માટે હરી, કાય નમાવિ હું જ, પ્રસન્ન દેવા તમને કરૂં જ;
ક્ષમા કરો જેમ પતિઃ પ્રિયાને,પિતા સુતોનેજ સખા સખાને. ૪૪

તોહી નમત પ્રસન્ન હો, છમા ટોકજે મોહિ;
જો પિતા સુતકો પ્રિયહી, મિત્ર મિત્રકો જોયિ. ૪૪

૪૪ માટે શરીરને દંડવત્ કરી નમસ્કાર કરી ઈશ સ્તુતિયોગ્ય તુંને હું પ્રાર્થના કરૂં છું–હે દેવ! પુત્રનું જેમ પિતા, મિત્રનું જેમ મિત્ર, પ્રિયાનું જેમ પ્રિય તેમ (મારૂં અન્યાયકર્મ) સહન કરવાને તું યોગ્ય છે.

अदृष्टपूर्वं हृषितोस्मि दृष्ट्वा, भयेन च प्रव्याथितं मनो मे।
तदेव मे दर्शय देव रूपं प्रसीद देवेश जगन्निवास ॥ ४ ५॥

રાજી થયો પૂર્વ અદષ્ટ જોઇ, ભયે ચળેલું મન મૂજ મોહી;
માટે બતાવો હરિ તે સ્વરૂપ, પ્રસન્ન થાઓ જગવાસરૂપ. ૪૫

રૂપ અદેખ સુરાવરો, મોહિ હરખ ભય હોય;
પહિલો રૂપ દિખાઇયે, હોં જીવતયા જોય. ૪૫

૪૫ હે દેવ! ન દીઠેલું પૂર્વે તે દેખીને હર્ષયુક્ત છું, પણ હે દેવેશ! મારૂં મન ભયે કરી વ્યથા પામ્યું છે; હે જગન્નિવાસ! (હતું) તેજ રૂપ મને દાખવ, પ્રસન્ન થા.

किरीटिनं गदिनं चक्रहस्त मिच्छामि त्वां द्रष्टुमहं तथैव ।
तेनैव रूपेण चतुर्भुजेन सहस्रबाहो भव विश्वमूर्ते॥ ४६ ॥

ગદા તથા ચક્ર મુકૂટધારી, જોવા તમોને ઇછું હું મુરારી;
માટે બનો ભૂજ ચતુર્સ્વરૂપ, સહસ્ત્ર બાહો જગમૂર્તિરૂપ. ૪૬

મુગુટ બિરાજત સીસપર, શંખ ચક્ર ચહું હાત;
ઇહ વિધિ મોંહિ દિખાયેં, પ્રભુ હો તુમ જગંનાથ. ૪૬

૪૬ હે વિશ્વમૂર્ત્તિ તુંને કિરીટવાળો, ગદાવાળો, હાથમાં ચક્ર એવો, પહેલાના જેવો જોવાને ઈચ્છું છું; હે સહસ્રબાહુ! તેજ ચતુર્ભુજ રૂપે થા.

श्रीभगवानुवाच ॥

मया प्रसन्नेन तवार्जुनेदं रूपं परं दर्शितमात्मयोगात् ।
तेजोमयं विश्वमनंतमाद्यं यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ४७

પ્રસન્ન થૈ મેં પરરૂપ આજે, યોગેં બતાવ્યું તુજને, મહા તે;
તેજી, અતી, વિશ્વતનૂ, અનાદિ, જોયેલનૈ કો તુજવીણ આદિ. ૪૭

તોહિ દિખાયો રૂપમેં, અતિ પ્રસન્ન ચિત હોય;
આદિ અંત જો તેજમેં, દેખ સકે નહિ કોય. ૪૭

૪૭ હે અર્જુન! મેં પ્રસન્ન થઈ પોતાને સામર્થ્યે [યોગબળે] આ તેજોમય, વિશ્વસમસ્ત, અનંત, આદ્ય, તું વિના બીજાએ પૂર્વે ન દીઠેલું એવું પરમ રૂપ મારૂં તુંને દેખાડયું.

नवेदयज्ञाध्ययनैर्नदानै र्नच क्रियाभिर्न तपोभिरुग्रैः ।
एवंरूपः शक्य अहं नृलोके द्रष्टुंत्वदन्येन कुरुप्रवीर ॥४८॥

નવેદ યજ્ઞે નહિ દાનથીજ, ક્રિયા તથા ઉગ્ર તપેં નહીંજ;
હું શક્ય જોવા નરલોકમાંયે, તારાવિના અર્જુન કો બિજાયેં. ૪૮

બેદ જગ્ય તપ દાન અરૂ, ક્રિયાધ્યયન તે જોય;
મેરો રૂપ અસક્ય સો, નિરૂપ દિખાયો તોય. ૪૮

૪૮ હે કુરૂપ્રવીર ! ન વેદે યજ્ઞે અધ્યયને, ન દાને ને ન ક્રિયાએ, વે ઉગ્રતપે તારાવિના કોઇ બીજાથી મનુષ્ય લોકમાં શકય, એન રૂપે જોવો મને [હું વિશ્વરૂપને કોઈ જોઈ શકે નહિં].

मा ते व्यथा माच विमूढभावो दृष्ट्वारूपं घोरमीदृङ्ममेदम्।
व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं तदेव मे रूपमिदं प्रपश्य।४९।

આરૂપ મારૂં ભયકારિ જોઇ,થામા વ્યથાવાન વિમૂઢ મોહી;
પ્રસન્ન થૈ તું ભય મૂકિનેજ, ફરીથિ જો આ મુજરૂપ તેજ. ૪૯

રૂપ ભયાનક દેખિકેં, તવહી જીવ ડરાય;
અબ વહ ભયકોં ડાર દે, પહિલોં રૂપ દિખાય. ૪૯

૪૯ એવું ઘોર મારૂં આ રૂપ દેખીને તુંને વ્યથા માથાઓ; બુદ્ધિભ્રંશ પણ મા થાઓ; ભયરહિત પ્રસન્નચિત્ત થઈ ફરીથી તું પહેલાંનું મારૂં આ રૂપ જો-

संजय उवाच ॥

इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा स्वकंरूपं दर्शयामास भूयः।
आश्वासयामासचभीतमेनं भूत्वापुनः सौम्यवपुर्महात्मा॥५०॥

દેવે કહી અર્જુનનેજ એમ, ફરીબતાવ્યું નિજરૂપ તેમ;
થંડો કિધો તે બિહિનારનેજ, બની ફરી શાંત વપુરૂપેંજ. ૫૦

અર્જુન સો ઐસી કહી, પહિલો રૂપ બનાય;
સમાધાન બહુ બિધ કિયો,ભય તેં લિયો બચાય. ૫૦

૫૦ તેમ બોલી વાસુદેવ વળી પોતાનું [પ્રથમનું] સ્વરૂપ અર્જુનને દાખવતો થયો-ફરીથી સૌમ્ય (શાંત) મૂર્ત્તિ મહાત્મા થઈ ભયપામેલાને આશ્વાસન કરતો થયો.

अर्जुन उवाच ॥

दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन ।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ॥ ५१ ॥

જોઇ શાંત આતમતણું, મનુષરૂપ નિરધાર;
થયો સચેતજ હું હવે, સ્વસ્થ ચિત પણસાર. ૫૧

રૂપ અનૂપહિ તુમ ધર્યો, તા રૂપેં હોં દેખ;
પ્રકૃતિલહી મૈં આપની, ભયો શુચિત અભિશેખ. ૫૧

૫૧ હે જનાર્દન ! આ મનુષ્યનું, સૌમ્ય તારૂં રૂપ દેખીને હવે હું સારી વૃત્તિને [પ્રસન્નચિત્ત] સાવધ થઈને સ્વસ્થતાને પામ્યો છું

श्रीभगवानुवाच ॥

सुदुर्दर्शमिदं रूपं दृष्टवानसि यन्मम ।
देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकांक्षिणः ॥ ५२ ॥

જોયું તેં આ રૂપ મુજ, દુર્લભ જોવા જેહ;
દેવો પણ એ રૂપનું, નિત દર્શન ઇચ્છેહ. ૫૨

બિશ્વરૂપ અતિ ગહન યહ, જો તૂં દેખ્યો મીત;
તા સ્વરૂપકોં દેવતા, દેખ્યો ચાહત નીત. ૫૨

૫૨ દુઃખે કરીને જોઈ શકાય એવું મારૂં આ રૂપ તેં જોયું છે; દેવ પણ એ રૂપનાં દર્શનના નિત્ય ઈચ્છાવંત છે.

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ ५३ ॥

વેદ તપેં ને દાનથી, પૂજાથી પણ તેમ;
નહિ દેખાવા શકય હું, તેં જોયું છે જેમ. ૫૩

દાન જગ્ય તપ બિધિ કિયે, મોહિ ન દેખે કોય;
બિન શ્રમ પારથ તૂં અબે, મોકોં રહ્યો જુ જોય. ૫૩

૫૩ જે પ્રકારે તેં મને દીઠો છે એ પ્રકારનો હું ત્રણવેદે કરીને જોવા શક્ય નથી; નહિ તપે નહિ દાને ને નહિ યજ્ઞપૂજાદિકે.

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्वेन प्रवेष्टुं च परंतप ॥ ५४ ॥

પણ દેખાવા, તત્વથી, થવા પ્રવેશજ તેમ;
શક્ય જણાવા હુંજ છું, ભક્તિ અનન્યે એમ. ૫૪

ઐક્ય ભક્તિ જો કોઉ કરે, સો દેખે યા ભાય;
નીકે જાને મોહિસોં, મોમે રહે સમાય. ૫૪

૫૪ હે અર્જુન! એ પ્રકારનો [વિશ્વરૂપ] હું એકરૂપ ભકિતયે અધ્યાત્મજ્ઞાને જણાવવાને દેખાવવાને મોક્ષ પમાડવાને શક્ય છું હે પરંતપ !

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः संगवर्जित ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पांडव ॥ ५५ ॥

મત્કર્મી મત્પરમ, મુજ ભક્ત સંગવિણ જેહ;
રહિતવૈર સૌ પ્રાણિમાં, પામે મુજને તેહ. ૫૫

મો નિમિત્ત કરમનિ કરે, સજે ભગતિ તજિ ઔર;
બૈર ન કાહુસે કરે, લહે સુ મોમેં ઠૌર. ૫૫

૫૫ હે પાંડવ! મારી પ્રીતિને અર્થે કર્મ કરનાર, હુંજ પરમગતિ જેને, મારો ભક્ત, સંગવર્જિત, સર્વ પ્રાણીને વિષે નિર્વૈર જે, તે મને પામે છે.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા ઉપનિષદ્માં બ્રહ્મવિદ્યાને વિષે યોગ શાસ્ત્ર સંબંધી શ્રીકૃષ્ણાર્જુનના સંવાદમાં વિશ્વરૂપદર્શનયોગ નામનો અગ્યારમો અધ્યાય ॥૧૧॥

અધ્યાય ૧૨ મો.

अर्जुन उवाच ॥

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ १ ॥

એમ ભક્ત નિત યુક્ત જે, તમને છે ભજનાર;
વળિ જે અક્ષર બ્રહ્મને, શ્રેષ્ઠ યોગિ કો સાર. ૧

જે સેવત તુમકોં સદા, કરી કરમ કે સાજ;
અચ્છર બ્રહ્મ જે ભજત, વહેં કોં નહી રાજ. ૧

૧ એ પ્રકારે નિરંતર યુક્ત હોઈને જે ભક્ત તુંને ભજે છે (વળી) જે અક્ષર, અવ્યક્ત [દૃશ્ય નહિ એવા બ્રહ્મને] ધ્યાયે છે તે બેમાં ઉત્તમ યોગવિત્ કોણ?

श्रीभगवानुवाच ॥

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेता स्ते मे युक्ततमा मताः ॥ २ ॥

ભજે મને નિત યુક્ત જે, મન રાખી મુજમાંય;
પરમ શ્રધાથી યુક્ત તે, યોગી શ્રેષ્ઠ મનાય. ૨

જો મોમેં મન રાખિ કે, સેવત સેવક ભાય;
બહુ શ્રદ્ધાસોં જુગતસો, સબતે તેં અધિકાય. ૨

૨ જેઓ મારે વિષે મન રાખી નિત્ય લાગુ રહેલા ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાળા મને ઉપાસે છે તે ભક્ત મારા અત્યંત યોગ્ય માનેલા.

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिंत्यं च कूटस्थमचलध्रुवम् ॥ ३ ॥

પણ અચિંત્ય કૂટસ્થ ધ્રુવ સ્થિર અક્ષર અવ્યક્ત;
અવાચ્ય વ્યાપક બ્રહ્મને, ભજનારા જે ભક્ત. ૩

અનિર્દેસ અચ્છર વહી, ધ્યાવત અચલ અરૂપ;
સર્વત્રગ પ્રકૃતિ પરે, અજર અચિંત્ય અરૂપ; ૩

૩ જેઓ વળી અક્ષર [નાશરહિત], અનિર્દેશ્ય (બોલી બતાવાય નહિ), અવ્યક્ત [રૂપાદિરહિત], સર્વવ્યાપી, અચિંત્ય, કૂટસ્થ [માયાકાર્યનું આશ્રયસ્થાન], અચળ, નિત્ય એવાને ધ્યાયે છે–

संनियम्येंद्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥ ४ ॥

કરિવશ ઇન્દ્રિય વૃંદને, સૌમાં સમ ધીમાન;
હિતેચ્છૂ સૌનાજ તે, પામે મુજને જાણ. ૪

સબ ઇંદ્રિનકોં રોકિકે, સબકોં લખત સમાન;
સબ જીવનકો હિત કરત, મોહિ લખે યહિ ગ્યાન. ૪

૪ ઇંદ્રિયગણને નિયમમાં રાખી સર્વત્ર સમબુદ્ધિ, સર્વ પ્રાણીના હિતમાં રત એવા તે [જ્ઞાની] મનેજ પામે છે.

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ ५ ॥

તે અવ્યક્તે સક્તને, શ્રમ અધીકતર થાય;
દેહ માનિયે દુઃખથી, ગતિ અવ્યક્ત પમાય. ૫

તિન્હેં કષ્ટ બહુ હોત હૈ, બ્રહ્મિં લગાવે ચીત;
રૂપ રેખ જ્યાકોં નહી, દુઃખકોં લહિયત મીત. ૫

૫ નિર્ગુણને વિષે આસક્ત ચિત્ત એવાને ક્લેશ [શ્રમ] બહુ અધિક છે; પ્રગટ નહિ એવી ગતિ દેહધારીઓ દુઃખે પ્રાપ્ત કરે છે.

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायंत उपासते ॥ ६ ॥

સર્વ કર્મ અર્પી મને, મત્પર જે રહેનાર;
ધરતાં ધ્યાન ભજે મને, અનન્ય યોગે સાર. ૬

જો સબ કરમનિ કરત હૈ, અરપન મોકોં જાન;
ધ્યાવત કેવલ ભગતિ સોં, ઓહિ ઉપાસન ગ્યાન. ૬

૬ જેઓ કે સર્વ કર્મ મારેવિષે સમર્પીને હુંજ ઉત્કૃષ્ટ જેને એવા મારાવિના બીજો આશ્રય નહિ એવા યોગે મને ધ્યાયે ઉપાસે છે–

तेषामहं समुद्धर्त्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥ ७ ॥

મુજમાં તત્પર તેમનો, ઉધ્ધર્તા હું સાર;
મૃત્યુ યુક્ત સંસારથી, તરત બનું નિરધાર. ૭

મૃત્યુ સહિત ઉદધીભવ, તાકોં કરત ઉધાર;
મોમેં ચિત રાખ્યો ઉન, ન બહુ ભાય નિરધાર. ૭

૭ હે પાર્થ ! મારા રૂપમાં ચિત્ત રાખ્યું જેણે તેઓને મૃત્યુલક્ષ સંસારસાગરથી ઉદ્ધાર કરનારો હું વહેલોજ થાઉં છું.

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अतऊर्ध्वं न संशयः ॥ ८ ॥

માટે મુજમાં રાખ મન, કર બુધ્ધી મુજમાંય;
રહેશે મુજમાં આ પછી, નહિ સંશય તેમાંય. ૮

તાતે અર્જુન બુદ્ધિ મન, મોહિ મેં તૂં રાખ;
યછે આગેં મો દેહમેં, બસે હેતુ અભિલાખ. ૮

* ૮ મારામાં [હું વિશ્વરૂપમાં] મન રાખી, મારામાં બુદ્ધિ એકાગ્ર કર, એ ઉપરાંત મારા સ્વરૂપમાંજ તું રહીશ, સંશય નથી.

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ॥ ९ ॥

સ્થિર મન મુજમાં રાખવા, જો તું નહીં સમર્થ;
અભ્યાસ યોગેં તો પછી, કરને યત્ન મુજર્થ. ૯

જો તૂં મોમે નહિ સકે, અપનો ચિત હરાય;
કરિ અભ્યાસ મેં મિલનકોં,મોહિ નિરંતર ધ્યાય. ૯

† ૯ હે ધનંજય ! મારામાં ચિત્ત રાખવાને નથી શકતો તો અભ્યાસયોગે કરીને મને પામવાને ઈચ્છ [યત્ન કર].

अभ्यासेप्यसमर्थोसि मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥ १० ॥

કરંતુ કર્મ મુજર્થ જો, અભ્યાસેં અસમર્થ;
પામિશ સિદ્ધિ એમ પણ, કર્તાં કર્મ મુજર્થ. ૧૦

જો અભ્યાસ ન કર સકે,કરમ સમર્પણ મોહિ;
મેરે કરમન કરત હૈ, સિદ્ધ હોયગી તોયી. ૧૦

‡ ૧૦ અભ્યાસને વિષે પણ અસમર્થ હોય તો મત્પ્રીત્યર્થ કર્મમાં તત્પર થા; મારે અર્થે કર્મ કરતાં મુક્તિ પામીશ.

अथैतदप्यशक्तोसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥ ११ ॥

---

* સગુણ ઉપાસકને તત્વજ્ઞાન થયા પછી તેનો પૂર્વનો ઉપાસેલો દેવ પરબ્રહ્મમંત્રનો ઉપદેશ કરી સાક્ષાત્કાર કરાવી દેછે.

† ચિત્તને વિષયો ભણી જતું અટકાવવાનો યત્ન કર્યાં કર વૈરાગ્યે ને મારે સ્મરણે.

‡ વ્રત પૂજન, કીર્તન, તીર્થાટન ઈત્યાદિ કર્મથી ચિત્તશુદ્ધિ થશે ને પછી જ્ઞાન થશે ને પછી મુક્તિ થશે.

એ કરવા અસમર્થતો, કરિ આશ્રય મદ્યોગ;
સાવધાન થૈ મૂકિ દે, સર્વ કર્મ ફળ જોગ. ૧૧

યહ જૂ તૂં નહિ કરિ સકે, મોહિ સરન અનુરાગ;
સબ કરમન કે ફલન કોં, અર્જુન દે તૂં ત્યાગ. ૧૧

* ૧૧ હવે કર્મ કરવાને અશક્ત હોય તો પછી મારા યોગનો આશ્રિત થઈ જિતચિત્ત થઈ સકળ કર્મફળનો ત્યાગ કર.

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छांतिरनंतरम् ॥ १२ ॥

શ્રેય જ્ઞાન અભ્યાસથી, તેથી ધ્યાનજ શ્રેય;
ત્યાગ કર્મફળ તેથિ પછિ, શાંતિ તેથિ કૌંતેય. ૧૨

ગ્યાન ભલો અભ્યાસ તેં, તાસોં ધ્યાન વિશેખ;
ફલ ત્યાગ તાતેં ભલો. તાતેં શાંતિ હિ લેખ. ૧૨

‖ ૧૨ અભ્યાસથકી જ્ઞાન શ્રેય છે, જ્ઞાનથી ધ્યાન અધિક છે, ધ્યાનથકી કર્મફળત્યાગ અધિક ને ત્યાગથકી શીઘ્રજ શાંતિ તે અધિક શ્રેષ્ઠ છે.

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥ १३ ॥

અદ્વેષી સૌ ભૂતનો, મિત્ર કૃપાલૂ સાર;
ક્ષમાવાન સુખ દુખ સમ, નિર્મમ નિરહંકાર. ૧૩

દ્વેસ ન કાહૂં સોં કરે, મિત્ર ભાવ કરિ જાન;
અહંકાર મમતા તજે, સુખદુખ જાહિ સમાન. ૧૩

---

* યોગનો આશ્રિત–કર્મ કર્તવ્ય છે માટે કરવું. કર્મનું ફળ પરમેશ્વરને અધીન છે, તે તેની મેળે ઇચ્છશે તેમ કરશે એ સમજથી અભિમાન મુકી દેઇ કર્મફળની ઇચ્છા ન રાખ.

‖ અભ્યાસ તે વિવેક–સમ્યક્જ્ઞાન–સમજરહિત કર્મ કર્યાં કરવાં તે; વળી અવિવેકે કર્મફળનો ત્યાગ કરવો તેપણ. એ અભ્યાસ થકી યુક્તિરહિત પણ ઉપદેશપૂર્વક પરોક્ષજ્ઞાન ઉપાસનાના અંગભૂત જેટલું પણ તે ચઢિયાતું.

૧૩ સર્વ પ્રાણીને વિષે દ્વેષશૂન્ય, મૈત્રિ રાખનારો ને દયાવાન્, મમતારહિત, અહંકારરહિત, સુખદુઃખમાં સમાન વૃત્તિવાળો, ક્ષમાવાન્ (એવો)–

संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मे भक्तः स मे प्रियः ॥ १४ ॥

સંતોષિ નિત યોગિ વળિ, વશમન નિશ્ચયવાન;
મચ્યર્પિત મનબુધ્ધિ, તે, પ્રિય ભક્ત મુજ જાણ. ૧૪

સદા રહે સંતોષ સોં, મન રાખે નિજ હાત;
પ્રાણ બુદ્ધિ મોંમેં ધરે, બહુ પ્યારો મો સાત. ૧૪

૧૪ નિરંતર સંતોષી, યોગી [વશીકૃતચિત્ત], વિષયથકી પાછું હઠવાનો સ્વભાવ જેનો, દૃઢનિશ્ચય [સત્ વિષયમાં]. મને અર્પેલાં મન બુદ્ધિ જેણે, જે મારો ભક્ત, તે મને પ્રિય.

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥ १५ ॥

જેથી લોક તપે નહીં, લોકોથી પણ જેહ;
ક્રોધ હર્ષ ભય તાપથી, મુક્ત પ્રીય મુજ તેહ. ૧૫

ભય કાહૂ કોઉ ન રહી, ભય કાહુ તેં ન દેત;
હરખ ક્રોધ દોઉ તજે, સોમોકો હરિ લેત. ૧૫

*૧૫ જે થકી લોક ઉદ્વેગ પામતા નથી, લોકથકી જે ઉદ્વેગ પામતો નથી, હર્ષ અમર્ષ ભય ઉદ્વેગથી મુક્ત જે, તે મને પ્રિય.

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारंभपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥ १६ ॥

---

* અમર્ષ–પારકાનું સારૂં જોવું સહન ન થવું તે.

ઉદાસીન, શુચિ, દક્ષ વળી, ગતવ્યથ નિસ્પૃહ જેહ;
ત્યાગિ સર્વ આરંભનો, પ્રીય ભક્ત મુજ તેહ; ૧૬

ચાહ કાહુંકી ના! કરે, રહે પુનીત ઉદાસ;
સબ આરંભહિ કોં તજે, રહે સુ મેરે પાસ. ૧૬

૧૬ અપેક્ષારહિત, શુચિ [બાહ્યાભ્યંતર], દક્ષ [આળસરહિત; સાવધ], ઉદાસીન, આધિવ્યાધિશૂન્ય, સર્વ ઉદ્યમનો ત્યાગી એવો જે મારો ભક્ત તે મને પ્રિય.

यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥ १७ ॥

હર્ષે દ્વેષે નહિ, નહીં, શોચે ઇચ્છે જેહ;
શુભાશૂભ મૂકીજ દે, ભક્તિમાન પ્રિય તેહ. ૧૭

પ્રિય પાયે આનંદ હી, અપ્રિય લહે ન દેખ;
સોંચ કાહુકોં નહિ કરત, નહિં શુભ અશુભ વિશેખ. ૧૭

૧૭ જે હરખાતો નથી [ઈષ્ટની પ્રાપ્તિયે], દ્વેષ કરતો નથી [અનિષ્ટની પ્રાપ્તિયે], શોક નથી કરતો, ઈચ્છતો નથી, શુભાશુભનો પરિત્યાગી, ભક્તિમાન્ જે, તે મને પ્રિય.

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः ॥ १८ ॥

રહિત સંગ સમ જે વલી, માનઅપમાને સાર;
શત્રુ મિત્ર, શીતોષ્ણમાં, સુખ દુઃખે, નિરધાર. ૧૮

શત્રુ મિત્રકોં સમ લખે, સએ માન અપમાન;
શીત ઉષ્ણ સુખ દુખ તજે, સંગ કરે નહિ આન. ૧૮

૧૮ શત્રુમિત્રને વિષે તથા માનઅપમાનને વિષે એકરૂપ, શીતઉષ્ણ સુખદુઃખને વિષે એકરૂપ, આસક્તિરહિત (એવો).

तुल्यनिंदास्तुतिर्मौनी संतुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥ १९ ॥

સમ નિંદા સ્તુતિ, મૌનિ વલિ, સંતોષી સેજેહ;
રહિત વાસગૃહ સ્થિરમતી, ભકિતમાન પ્રિય તેહ. ૧૯

સ્તુતિ નિંદા એકસિ ગને, ગહે માન સંતોખ;
જો નર સુસ્થિર મતિ રહે, વહ મેં ભકત બિશેખ. ૧૯

૧૯ સરખી છે સ્તુતિનિંદા જેને, મૌન રાખનારો, યથાલાભ સંતુષ્ટ, રહેવાનું સ્થાન અમુકજ એમ નથી જેને, સ્થિરમતિ, ભક્તિમાન્ એવો નર મને પ્રિય.

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥२०॥

આ અમૃતરૂપ ધર્મને, કર્યું તેમ મુજ જેહ;
ભકતો પાળે પ્રીતિથી, મુજ અતિ પ્રિય છે તેહ. ૨૦

યહ ધર્મામૃત જૂ કહ્યો, તાકો સેએ કોય;
શ્રદ્ધાજુત મેરો ભગત, મોસોં પ્યારો હોય. ૨૦

૨૦ જેઓ કોઇ આ ધર્મરૂપ અમૃત કહ્યા પ્રમાણે સેવે છે, આસ્તિક બુદ્ધિવાળા, હુંજ પ્રિય જેને એવા ભકત તે મને બહુજ પ્રિય (થાય છે).

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા ઉપનીષદ્માં બ્રહ્મવિદ્યાને વિષે યોગશાસ્ત્ર સંબંધી શ્રીકૃષ્ણાર્જુનના સંવાદમાં ભક્તિ યોગ નામનો બારમો અધ્યાય. ॥૧૨॥

અધ્યાય ૧૩ મો.

श्रीभगवानुवाच ॥

इदं शरीरं कौंतेय क्षेत्रमित्याभिधीयते ।
एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ॥ १ ॥

ક્ષેત્ર દેહ કહેવાય આ, એને જાણે જેય;
તેને જ્ઞાનીતો વદે, ક્ષેત્રજ્ઞઃ કૌં–તેય. ૧

ક્ષેત્ર કહત યા દેહકોં, અર્જુન ગ્યાની લેત;
જાનત હૈ યા દેહકોં, સો છેત્રગ્ય જુ હોત. ૧

* ૧ હે કુંતીપુત્ર ! આ શરીર ક્ષેત્ર કહેવાય છે; અને એને જે જાણે તેને ક્ષેત્રજ્ઞ કહે છે તત્વવિવેકીઓ.

क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारतः ।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥ २ ॥

સર્વ ક્ષેત્રમાં પાર્થ હું, ક્ષેત્રજ્ઞજ ઇમ જાણ;
એ બન્નેનું જ્ઞાન તે, મુજ મતથી છે જ્ઞાન. ૨

સરૂપ છેત્રગ આતમા, બસત સબનકે દેહ;
યહી ગ્યાનકોં જાનિવો, મેરો મત હૈ યેહ. ૨

† ૨ હે ભારત ! સર્વ ક્ષેત્રને વિષે ક્ષેત્રજ્ઞ મનેજ જાણ; ક્ષેત્રક્ષેત્રજ્ઞનું જે જ્ઞાન તે મારૂં સંમત.

---

* ક્ષેત્રજ્ઞ, શરીરક્ષેત્રનો ભોક્તા–જીવ.

† જેમ પ્રત્યેક જીવ ક્ષેત્રજ્ઞ તેમ વિશ્વરૂપ ક્ષેત્રનો હું ક્ષેત્રજ્ઞ છું–સર્વ વ્યાપી સર્વાધાર, સર્વાંતરયામિ રૂપે. જીવ અભિમાને કર્મ કરી ક્ષેત્રનો ભોગ કરે છે ને હું નિરભિમાન રહી પ્રત્યેક જીવનાં ને એમ જગતનાં કર્મનું સાક્ષીપણું ભોગવું છું.

तत्क्षेत्रं यच्च यादृक् च यद्विकारि यतश्च यत् ।
सच यो यत्प्रभावश्च तत्समासेन मे शृणु ॥ ३ ॥

તેજ ક્ષેત્ર, જેવુંજ જે, વિકારિ ને થાનાર;
શક્તિયુક્ત ક્ષેત્રજ્ઞ તે, શુણ સંક્ષેપેં સાર. ૩

છેત્રજ હાં તેં હૈ ભયો, જો હૈ જૈસેં ભાય;
યહ પ્રકાર યા માંઝ હૈ, કહું સંક્ષેપ સુનાય. ૩

૩ તે ક્ષેત્ર જે [કિયું], જે પ્રકારનું, જે વિકારનું ને જેનાથી એ, અને તે [ક્ષેત્રજ્ઞ] કોણ, કેવા પ્રભાવને તે સંક્ષેપે મારાથી સાંભળ.

ऋषिभिर्बहुधा गीतं छंदोभिर्विविधैः पृथक् ।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥ ४ ॥

ગાયું એ ઋષિયેંજ બહુ, છંદ વિવિધ પ્રકાર;
બ્રહ્મસૂત્ર નિશ્ચિત પદેં, યુક્તિયે નિરધાર. ૪

રિખિન કહ્યો બહુ ભાંતિ જો, ઔર બેદ નહિ ભાખ;
યહ બેદનિ નિશ્ચય કરી, કહ્યૌ ઉપનિખદ સાખ. ૪

૪ [ક્ષેત્રક્ષેત્રજ્ઞનું સ્વરૂપ] ઋષિયોએ બહુ પ્રકારે વર્ણવ્યું છે; વિવિધ છંદોએ જૂદે જૂદે મતે; વળી યુક્તિવાળાં સિદ્ધાંતરૂપ બ્રહ્મસૂત્રવાક્યોએ.

महाभूतान्यहंकारो बुद्धिरव्यक्तमेव च ।
इंद्रियाणि दशैकं च पंच चेंद्रियगोचराः ॥ ५ ॥

મહાભૂત અહંકાર વળિ, બુધ્ધિ માયા સાર;
દશ-ઈંદ્રીયો એક મન, વિષય-પંચ વળિધાર. ૫

મહા ભૂત અહંકાર મતિ, અરુ માયા હી જાન;
એકાદશ ઇંદ્રિય બિખે, પંચ અગોચર માન. ૫

† ૫ મહાભૂત [પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ], અહંકાર બુદ્ધિ, અવ્યક્ત, ઈંદ્રિયો દશ [પાંચ જ્ઞાનેંદ્રિય–કર્ણ, ત્વચા, નેત્ર, જિહ્વા, નાસિકા અને પાંચ કર્મેન્દ્રિય–મુખ, હસ્ત, પાદ, ગુદા, ઉપસ્થ], વળી એક [મન] ને પાંચ વિષય ઈંદ્રિયોના [શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ].

इच्छा द्वेषः सुखं दुःखं संघातश्चेतना धृतिः ।
एतत्क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥ ६ ॥

સુખ દુખ, ઇચ્છા, દ્વેષ, ને, ધૃતિ, મનવૃત્તિ, શરીર;
સૌ મળિ વિકારી ક્ષેત્ર એ, કહ્યું સંક્ષેપેં વીર. ૬

ઈચ્છા સુખદુખ ચેતના, દ્વેષ ધીરતા હોય;
યહ જું કહ્યો સંક્ષેપ સોં, છેત્ર ગ્યાન તૂં લેય. ૬

‡ ૬ [પૂર્વોક્ત ચોવીસનો સમુદાય] શરીર; ઈચ્છા, દ્વેષ સુખ, દુઃખ ચેતના (જાણવાવાળી મનોવૃત્તિ), ધૈર્ય [એ છ] (એમ) વિકાર-સહિત એ ક્ષેત્રને મેં સંક્ષેપે કહ્યું.

अमानित्वमदंभित्वमहिंसा क्षांतिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥ ७ ॥

ક્ષાંતિ, અદંભ, અમાનિતા, શૌચ, સરળતા સાર;
સ્થૈર્ય, અહિંસા, દેહવશ, ગુરૂસેવા નિરધાર. ૭

માન દંભ હિંસા તજે, છમાસુ સરલતા માન;
ગુરુ સેવા સંજમ કરન, થિરતા શૌચ પ્રધાન. ૭

---

† અવ્યક્ત–જગતનું કારણરૂપ મૂળ; અજ્ઞાન. જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ, કર્મશક્તિ એ ત્રણ શક્તિ જેની તે; પ્રકૃતિ; માયા. એ મૂળપ્રકૃતિ રૂપાંતર કરીને દેહરૂપ પરિણામને પામી છે. રૂપાંતર કારણકાર્યરૂપે કેવી રીતે થયાં તે વિષય અલગ રાખી મુખ્ય પરિણામ તત્વરૂપે દેહ–ક્ષેત્રના સંબંધમાં જણાવ્યાં.

‡ ઇચ્છાદિ વિકાર તે દેહના સંબંધમાં અંતઃકરણના દશ્ય વ્યાપાર છે; આત્માના સંબંધના નથી.

૭ માનની ઇચ્છા ન ધરવી, સ્વધર્મ પ્રગટ કરી ન દેખાડવો, પરપીડાની બુદ્ધિ ન કરવી, પારકાનો અપરાધ સહન કરવો, સુધાપણું-કોમળપણું, આચાર્યનું સેવન, ચોખ્ખાઈ [અંતરમાં ને બહાર], સ્થિરતા [સન્માર્ગમાં], શરીરને નિયમમાં રાખવું-

इंद्रियार्थेषु वैराग्यमनहंकार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥ ८ ॥

વિષયોમાં વૈરાગ્ય વળિ, અહંકારી થવાય;
જન્મ, મૃત્યુ, વ્યાધી, જરા, દુખ જોવું તેમાંય. ૮

બિખયન સોં બૈરાગ્ય ધરી, તજે રહે અહંકાર;
જનમ મરણુ સુખદુખ જરા, વ્યાધિ દ્રોખ નિરધાર. ૮

૮ વિષયને વિષે વૈરાગ્ય ને અહંકારરહિતપણું, જન્મમૃત્યુ જરા; વ્યાધિના દુઃખરૂપ દોષને વારેવારે જોયાં કરવાં તે [વૈરાગ્યને અર્થે];

असक्तिरनभिष्वंगः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥ ९ ॥

અસક્તિ અસંગપણું વલિ, પુત્ર દાર ગૃહમાંય;
ઇષ્ટ અનિષ્ટનિ પ્રાપ્તિમાં, સમચિત નિત રહેવાય. ૯

નેહ ન પુત્ર કલત્ર સોં, તા દુખ દુઃખિ ન હોય;
ચિત્તમેં ધરિ સમાનતા, ભલે બુરે કોં ખોય. ૯

૯ પુત્ર સ્ત્રી ગૃહાદિને વિષે આસક્તિ વાસના ન હોવી તે, અને ઈષ્ટઅનિષ્ટની પ્રાપ્તિમાં નિત્ય સમચિત્ત;

मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥ १० ॥

અનન્ય યોગેં મુજ વિશે, દૃઢ ભક્તી વળી સોય;
જન સમાજમાં પ્રીતિ નહિં, નિર્જન વાસજ હોય. ૧૦

અટળ ભક્તિ મો મેં ધરે, સબકોં આતમ જાન;
રહે સદા એકાંત મેં, નહીં સભાસદ માન. ૧૦

૧૦ બીજે કહીં નહિ એવી વૃત્તિયે એકાગ્રજ એવી ભક્તિ મારે વિષે, એકાંતવાસનું સેવન, સંસારી જનની સભાને વિષે અરૂચિ;

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्त मज्ञानं यदतोन्यथा ॥ ११ ॥

દર્શન મોક્ષતણું વળી, નિત અધ્યાત્મ-જ્ઞાન;
એ સૌ જ્ઞાન કયુંજ છે, ઉલટું તે અજ્ઞાન. ૧૧

અધ્યાતમ નિત ગ્યાન ધરે, તત્વગ્યાન કોં દેખ;
યહ સબ જો મેં કહ્યુ કહે, યહી ગ્યાન અબ રેખ. ૧૧

૧૧ આત્મા એજ વિષયના જ્ઞાનનો નિત્યભાવ (જીવ તથા ઇશ્વર સંબંધી), તત્વજ્ઞાનના ફળને જોવું (દુ:ખની નિવૃત્તિ ને આનંદની પ્રાપ્તિ)–એ **જ્ઞાન**; એથી જે બીજે પ્રકારે વિરોધી વિપરીત તે અજ્ઞાન. [એમ વીસ લક્ષણ-સાધન કહ્યાં જ્ઞાનનાં].

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते ।
अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥ १२ ॥

કહું હવે તે જ્ઞેય જે, જાણી મોક્ષ પમાય;
પરમ અનાદી બ્રહ્મ તે, સત્‌અસત્‌ નહિ કહેવાય. ૧૨

કહ્યો અમૃત સમ જાનિકે, જાતેં મુગતિ જુ હોય;
કારન કારજ તેં પરો, આદિ બ્રહ્મકોં જોય. ૧૨

* ૧૨ જે જ્ઞેય [જાણવાનું બ્રહ્મ] તે કહું છું, જે જાણીને અમૃતનો [મોક્ષનો] અનુભવ થાય છે; તેને અનાદિ, પરબ્રહ્મ, નહિ સત્ કે નહિ અસત્ કહિયે.

सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ १३ ॥

હસ્ત પાદ શિર આંખ ને, કાનવાન ચોફેર;
વીંટિ રયૂં સૌનેજ તે, મૂખવાન સૌમેર. ૧૩

સબહિ કર અરુ ચરણ શિર, ત્યૌંહિ મુખ દ્રિગ કાન;
વ્યાપ રહ્યો સબ જગતમેં, મોહિ દસોદિસ જાન. ૧૩

૧૩ તે [બ્રહ્મ] સર્વત્ર હાથ પગ એવું, સર્વત્ર આંખ માથું મુખ એવું. સર્વત્ર શ્રવણેંદ્રિયે યુક્ત એવું લોકમાં સર્વને વ્યાપીને રહ્યું છે,

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥ १४ ॥

પ્રકાશેછ સૌ વિષયને, સર્વેન્દ્રિય વર્જીત;
ગુણ ભોક્તા વલિ સર્વ ભૃત, નિર્ગુણ સંગ રહીત. ૧૪

સબ બિખયન તે રહિત હૈ, સબ તાકોં અભાસ;
સંગ બિના સબકોં ધરે, નિરગુનકે પરકાસ. ૧૪

૧૪ સર્વે ઈંદ્રિયોના વિષયને પ્રકાશ કરે જે અથવા ઈંદ્રિયગુણે ભાસ થાય જેનો, સર્વે ઇંદ્રિયોરહિત, અલિપ્ત–સર્વશૂન્ય, સર્વને

---

* ૧૨થી તે ૧૭ લગી જ્ઞેયની ઓળખ આપી છે. તે નહિ સત્ કે નહિ અસત્;–સત્ તે દૃશ્ય એટલે જેજે પ્રત્યક્ષ દીસે છે તેતે નથી; ત્યારે શું અદૃશ્ય (પરોક્ષ) છે? તેમ પણ નથી. વળી સત્ એટલે પ્રમાણનો વિષય ને અસત્ એટલે નિષેધનો વિષય પણ બ્રહ્મ તો વિષયમાત્રથી જૂદું અલગજ છે. ૧૩માં જણાવ્યું કે બ્રહ્મ સર્વ વ્યાપી છે ને એ રીતે સર્વ પ્રાણીઓમાં ઈંદ્રિયોના ઉપાધિ રહિત વ્યવહાર કરે છે. વળી ૧૪માં જણાવ્યું કે ઈંદ્રિયોના વિષયમાં તેજ પ્રકાશે છે એટલે ઈંદ્રિય તથા વિષય તે માત્ર આભાસસ્વરૂપ છે.

આધારભૂત, નિર્ગુણ [સત્વાદિ ગુણરહિત], વળી ગુણનો ભોક્તા-પાળક (એવું છે).

बहिरंतश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चांतिके च तत् ॥ १५ ॥

બહિ અંતર છે ભૂતમાં, સર્વ ચરાચર તેહ;
સૂક્ષ્મપણાથી જણાય નહિ, પાસે દૂરજ એહ. ૧૫

જે તજિ તેં ચર હુ અચર, અંતર બાહિર સોઇ;
સબતેં દૂરિસુ નિકટ હૈં, સૂચ્છમ લખે ન કોઇ. ૧૫

૧૫ પ્રાણીઓની બહાર તથા અંદર, સ્થાવર ને જંગમ (તે છે; સૂક્ષ્મપણાંથી ન જણાય તેવું, દૂર રહેલું [અજ્ઞાનથકી], તેમ વળી સંનિધ-પાસેજ (જ્ઞાનીને).

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥ १६ ॥

અભિન્ન છે ભૂતો વિશે, ભિન્ન પેઠ રહેનાર;
પોષક તે ભૂતો તણો, ઉત્પતિ લય કરનાર. ૧૬

તામેં ભેદ કછૂ નહીં, સબતેં રહિત બિભાગ;
ઉપજાવત નાસત સબે, નહિ પાવત અનુરાગ. ૧૬

૧૬ પ્રાણીઓને વિષે જૂદું નહિ, તેમ જૂદું પણ રહેલું એવું (તે જ્ઞેય) પ્રાણીઓનું પોષક, નાશક ને ઉત્પાદક પણ (છે.)

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य धिष्ठितम् ॥ १७ ॥

જ્યોતિમાં તે જ્યોતિ છે, તમથી પર કહેવાય;
જ્ઞાનગમ્ય, જ્ઞેય, જ્ઞાન એ, રહેલ છે સૌમાંય. ૧૭

જોગ વહૂ સબ જોતમેં, અંધકાર તે પાર;
ગ્યાન જાનિબો હીયમેં, સબહીકોં નિરધાર. ૧૭

૧૭ [સૂર્યચંદ્રાદિક] પ્રકાશકોને પણ પ્રકાશ આપનાર [ચૈતન્યરૂપે] ને તમથી [અજ્ઞાનથી] વેગળું કહિયે. જ્ઞાન [બુદ્ધિવૃત્તિને વિષે જાણનારૂં તે], જ્ઞેય [તેજ જે જાણવા યોગ્ય, કેવળ જ્ઞાનમૂર્તિ તે પરિણામે], જ્ઞાનગમ્ય [વીશ લક્ષણોએ જે પમાય તે], [બ્રહ્મ], સર્વના હૃદયને વિષે રહેલું (છે).

इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ।
मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥ १८ ॥

કયાં એમ સંક્ષેપથી, ક્ષેત્ર, જ્ઞાન ને જ્ઞેય;
થાય યોગ્ય મુજ ભાવને, જાણી ભકતો એય. ૧૮

ક્ષેત્ર ગ્યાન ઔ ગ્યેયમે, તાકોં દિયો બતાય;
ઇનકે જાનેં જો ભગત, લહે સો મેરે ભાય. ૧૮

૧૮ એ પ્રકારે ક્ષેત્ર તથા જ્ઞાન તથા જ્ઞેય સંક્ષેપે કહ્યું. મારો ભક્ત એ જ્ઞાનને જાણી મોક્ષકારણે યોગ્ય થાય છે.

प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसंभवान् ॥ १९ ॥

પ્રકૃતિ પુરૂષ, એ બેયને, પાર્થ અનાદી જાણ;
થાય વિકાર ગુણાદિ સૌ, પ્રકૃતીથી તું માન. ૧૯

માયા પુરુખ અનાદિ હૈ, અર્જુન દોઉ જાન;
ગુન બિકાર સબજો ભયે, માયાહિ કે માન. ૧૯

* ૧૯ પ્રકૃતિ ને પુરૂષ એ બંનેને અનાદિ જાણ. વિકાર [દેહ ઇંદ્રિયાદિ] અને ગુણ [સુખ દુઃખ મોહાદિ] એને પ્રકૃતિથકી ઉપજેલા જાણ.

कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥ २० ॥

ક્રિયા કાર્ય કારણતણી, પ્રકૃતીથી કહેવાય;
સુખ દુખ ભોગવવા વિશે, કારણ પુરૂષ વદાય. ૨૦

કારણ કારજ કરત હૈ, માયા ઇનકો હેત;
દુખ ઔર સુખ કે ભોગકોં, વહે પુરુખ ગહિ લેત. ૨૦

† ૨૦ કાર્ય કારણ કર્તૃત્વને વિષે હેતુ પ્રકૃતિ કહિયે; સુખ દુઃખના ભોકતાપણાને વિષે હેતુ પુરૂષ કહિયે.

पुरुषः प्रकृतिस्थो हि भुंक्ते प्रकृतिजान्गुणान् ।
कारणं गुणसंगोऽस्य सदसद्योनिजन्मसु ॥ २१ ॥

પુરૂષ ભોગવે પ્રકૃતિ ગુણ, પ્રકૃતીમાં રહી અંગ;
એના સદઅસદ્ જન્મમાં, કારણ ગુણનો સંગ. ૨૧

પુરુખ પ્રકૃતિમેં બૈઠકે, કરત બિખેંકો ભોગ;
ઉચે નીચે જનમ કોં, કારન ગુન સંજોગ. ૨૧

§ ૨૧ પ્રકૃતિમાં રહેલો પુરૂષ પ્રકૃતિથી ઉપજેલા ગુણોનો ભોગ કરે છે. એને (એ પુરૂષને) સારી નરસી યોનિને વિષે જન્મનું કારણ તે ગુણસંગ [ભોગવાસના] છે.

---

* જ્ઞેય–બ્રહ્મ તે પ્રકૃતિથી અલગ, સ્વતંત્ર, અનાદિ છે; ક્ષેત્રના ધર્મોથી રહિત છે. તેજ જ્ઞેય પ્રકૃતિના સંબંધમાં ક્ષેત્રજ્ઞ–પુરૂષ સ્વરૂપે પણ છે. એ સગુણ ઈશ્વરના અંશભૂત જે જીવ તે પણ પુરૂષ.

† પ્રકૃતિ પોતે અચેતન છે તેને વિષે કર્તૃત્વ નથી તોપણ ચેતન જીવને નિત્ય વશ હોવાથી તેને વિષે કર્તૃત્વ સંભવે છે.

§ પ્રકૃતિમાં રહી તેના ગુણનો ભોગ કરી કર્મફળને આધીન થાય છે.

उपद्रष्टानुमंता च भर्ता भोक्ता महेश्वरः ।
परमात्मेति चाप्युक्तो देहेस्मिन्पुरुषः परः ॥२२॥

પુરૂષ કર્યો આ દેહમાં, પર પરમાત્મા જાણ;
દ્રષ્ટા, અનુમંતા વળી, ભર્તા ભોક્તા, મહાન. ૨૨

પરમાતમ કહાં દેહ તેં, ન્યારો જાનત લોય;
સાચ્છી, ભરતા, ભોગતા, ઇશ્વર, નિરગુન હોય. ૨૨

* ૨૨ પાસે રહી જોનારો [સાક્ષીમાત્ર], માનવાવાળો [અનુગ્રાહક], પાળનારો, ભોગવનારો મોટો ઈશ્વર છે. પરમાત્મા એમ પણ કહેવાય છે, આ દેહને વિષે ઉત્કૃષ્ટ પુરૂષ.

य एवं वेत्ति पुरुषं प्रकृतिं च गुणैः सह ।
सर्वथा वर्तमानोपि न स भूयोऽभिजायते ॥ २३ ॥

જાણે એમ પુરૂષને, પ્રકૃતીને ગુણ યુક્ત;
વર્ત્તતાંજ સૌ રીત,તે, જન્મે નહિ ફરિ, જાુક્ત. ૨૩

જો કોઉ ઐસે પુરુખ લખે,પ્રકૃતિ અરૂગુણ ભાય;
સો ક્યોં હી જગતમે રહ્યો,બહુરિ ન ઉપજે આય. ૨૩

૨૩ એ પ્રકારે પુરૂષને ગુણેયુક્ત એવી પ્રકૃતિને જે જાણે તે સર્વથા [વિધિ ઓળંગીને] સંસારમાં રહ્યો છતે ફરી જન્મ પામતો નથી.

ध्यानेनात्मनि पश्यंति केचिदात्मानमात्मना ।
अन्ये सांख्येन योगेन कर्मयोगेन चापरे ॥ २४ ॥

કોઇક મનથી આત્મને, નિજમાં ધ્યાને જોય;
સાંખ્ય યોગથી અન્ય વલિ, કર્મયોગથી કોય. ૨૪

---

* પણ જીવ વસ્તુતઃ પ્રકૃતિના ગુણોએ યુક્ત નથી કેમકે સ્વતંત્ર આત્માનો અંશ છે. તે આત્મા પોતે દેહમાંજ જીવને તેના કર્મનો સાક્ષી ને તેનો અનુગ્રહ કરવાવાળો એવો પાસેજ છે.

દેહ માંઝ આતમ લખે, કોઉ કરત પુનિ ધ્યાન;
સાંખ્યજોગ અરૂ કરમ કરે, લખત કરમ સહજ્યાન. ૨૪

૨૪ કોઇ પોતાની બુદ્ધિને વિષે ધ્યાને કરીને જોય છે, કોઈ આત્માકાર કરેલા આત્માએ આત્માને જોય છે, બીજા સાંખ્યયોગે [તત્વજ્ઞાને] ને બીજા કર્મયોગે [નિષ્કામ કર્મ કરીને] જોય છે.

अन्ये त्वेवमजानंतः श्रुत्वान्येभ्य उपासते ।
तेऽपि चातितरंत्येव मृत्युं श्रुतिपरायणाः ॥ २५ ॥

ઉપાસે શુણિને અન્યથી, એથી અજાણ્યા જેહ;
તરી જાય સંસારને, શ્રવણ પરાયણ તેહ. ૨૫

જો આતમ જાનત નહીં, સુનિ કે ઓર નયે જુ;
મન ઉપાસના કરત હૈ, ભવ ભય મૃત્યુ તરે જુ. ૨૫

૨૫ બીજા એમ ન જાણતા તે બીજાથકી સાંભળીને ઉપાસે છે. પરમ આદરે સાંભળનારા તેપણ મૃત્યુને [સંસારને] અતિક્રમણ કરે છે.

यावत्संजायते किंचित्सत्त्वं स्थावरजंगमम् ।
क्षेत्रक्षेत्रज्ञसंयोगात्तद्विद्धि भरतर्षभ ॥ २६ ॥

સ્થાવર જંગમ વસ્તુ જે, બનેછ ભારત વીર;
ક્ષેત્ર ક્ષેત્રિના યોગથી, થાય જાણ તે ધીર. ૨૬

જિતે જીવ યા જગતમેં, સ્થાવર જંગમ હોત;
છેત્ર ઓર છેત્રજ્ઞ તેં, તે સબ લેત ઉદોત. ૨૬

૨૬ હે ભરતશ્રેષ્ઠ ! જે કંઈ સઘળું સ્થાવરજંગમ ઉપજેછે તે ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞના સંયોગથી છે એમ જાણ.

समं सर्वेषु भूतेषु तिष्ठंतं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यंतं यः पश्यति स पश्यति ॥ २७ ॥

સા નાશી ભૂતો વિશે, અવિનાશી, સમ, જેહ;
પરમ ઇશ, તેનેજ જે, જાણે જાણે તેહ. ૨૭

પરમેસર સબ જગતમેં, બૈઠે એક સમાન;
તિન્હેં ન સત બિનસે નહી, જો જાનિ વો સુજાન. ૨૭

૨૭ સર્વ ભૂતને વિષે સમાન રહેનારા એવા, વળી નાશવંતમાં નાશ ન પામે એવા પરમેશ્વરને જે જોયછે તેજ (ખરૂં) જોયછે.

समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनाऽऽत्मानं ततो याति परां गतिम् २८

ઇશ સ્થિત સમ સર્વમાં, જોતાં તેને સંમ;
ન હણે પોતે આત્મને, પામે તે પરબ્રહ્મ. ૨૮

ઇશ્વરકોં સબ ઠોર જો, જાનત સમતા ભાય;
આતમહી સો હોહી નહીં, રહે પરમગતિ પાય. ૨૮

૨૮ સર્વ ભૂતને વિષે સમ રહેલો (વ્યાપકપણે) એવા ઇશ્વરને જોતો છતે આત્મપણાએ પોતાને નાશ નથી પમાડતો, પછી ઉત્કૃષ્ટ ગતિને પામે છે.

प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ॥ २९ ॥

ક્રીયમાણ કર્મોજ સૌ, થાય પ્રકૃતિથી એમ;
જાણે જે, તે આત્માને, જુએ અકર્ત્તા તેમ. ૨૯

માયા જુ કરત કરમ સબ, જીવ અકારતે સોય;
જાનત જો યહ ભેદકોં, લહત આતમા સોય. ૨૯

૨૯ પ્રકૃતિએજ કરાય છે (એમ) સર્વ કર્મને તથા આત્મા અકર્ત્તા છે (એમ) જે જોય છે તેજ (ખરૂં) જોય છે.

यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।
तत एव च विस्तारं ब्रह्म संपद्यते तदा ॥ ३० ॥

પૃથગ્ભાવ ભૂતો તણો, યદા એકમાં જોય;
વિસ્તારજ પણ તે થકી, તદા બ્રહ્મ તે હોય. ૩૦

ઇક આતમમેં સ્થિત કરે, સબ પ્રાણિનકે ભાય;
આતમહીતે બિસ્તરે, લખિસો બ્રહ્મ જુ પાય. ૩૦

૩૦ જ્યારે સ્થાવરજંગમ ભૂતના જૂદા ભાવને એકસ્થ [એક આત્માને વિષે] વિચારી જોય, ત્યારેજ પરિપૂર્ણ બ્રહ્મને સંપાદે છે.

अनादित्वान्निर्गुणत्वा त्परमात्मायमव्ययः ।
शरीरस्थोपि कौंतेय न करोति न लिप्यते ॥ ३१ ॥

અનાદિ નિર્ગુણ, તેથી આ, પરમાત્મા અવિકારી;
ન કરે નહિ લેપાય એ, રહિ વપુમાં ધનુધારી. ૩૧

આદિ અંત સોં રહિત હોં, નિરગુનઆતમ હોય;
દેહીમેં જબહી રહૈ, કર્મનિર્લિપ્ત ન હોય. ૩૧

૩૧ હે કુંતીપુત્ર! અનાદિપણાથી, નિર્ગુણપણાથી એ પરમાત્મા નાશરહિત (છે), શરીરમાં રહેલો છતે કરતો નથી (ને) લેપાતો નથી.

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥ ३२ ॥

સૂક્ષ્મપણાથી સર્વગત, નભ લેપાય ન જેમ;
રહિ સૌ વપુમાં આત્મપણ, નહિ લેપાયજ તેમ. ૩૨

જો અકાસ સૂચ્છમ બસે, સબમેં લિપે જો નાહિ;
ત્યૌહિ હિયે પરમાતમા, લિપ્ત ન દેહન માંહી. ૩૨

૩૨ જે પ્રકારે સૂક્ષ્મપણાને લીધે [અસંગ સ્વભાવે] સર્વત્ર વ્યાપક આકાશ લિપ્ત થતું નથી, તેમ દેહને વિષે સર્વત્ર રહેલો આત્મા લિપ્ત થતો નથી.

यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ।
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥ ३३ ॥

જેમ સકળ આ લોકને, પ્રકાશેછ રવિ એક;
તેમ ક્ષેત્રિ સૌ ક્ષેત્રને, પ્રકાશ આપે છેક. ૩૩

જો પ્રકાસ એકે કરે, સબ જગ સૂરજ દેવ;
ત્યૌં સબહીકે દેહમેં, પરમાતમકો જોવ. ૩૩

૩૩ હે ભારત ! જે પ્રકારે એક રવિ આ સમસ્ત લોકને પ્રકાશ કરે છે તેમ ક્ષેત્રી [ક્ષેત્રજ્ઞ] સર્વ ક્ષેત્રને [શરીરને] પ્રકાશ આપે છે.

क्षेत्रक्षेत्रज्ञयोरेवमंतरं ज्ञानचक्षुषा ।
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यांति ते परम् ॥३४ ॥

ક્ષેત્ર ક્ષેત્રિનો ભેદ એ, પ્રકૃતિમોક્ષ વલિ જેહ;
જ્ઞાન ચક્ષુથી જોય જે, પર પદ પામે તેહ. ૩૪

ક્ષેત્ર ઓર ક્ષેત્રગ્યકે, ભેદ લખે જો કોય;
જીવ પ્રકૃતિ મોક્ષકો, જાને મુગત જુ હોય. ૩૪

૩૪ એ પ્રકારે ક્ષેત્રક્ષેત્રજ્ઞના અંતરને [ભેદને] જ્ઞાનદૃષ્ટિયે જેઓ (જાણે છે), વળી સમસ્ત ભૂતને પ્રકૃતિથકી છુટવાનો ઉપાય જાણે છે તેઓ પરંપદને પામે છે.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા ઉપનિષદ્માં બ્રહ્મવિદ્યાને વિષે યોગશાસ્ત્રસંબંધી શ્રી કૃષ્ણાર્જુનના સંવાદમાં ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગ યોગ નામનો તેરમો અધ્યાય. ॥૧૩॥

અધ્યાય ૧૪ મો.

॥ श्रीभगवानुवाच ॥

परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मूनयः सर्वे परां सिद्धिमितो गताः ॥ १ ॥

કહું ફરી પર જ્ઞાન એ, જ્ઞાનોમાં ઉત્તમ;
જે જાણી અહિંથી બધા, મુનિ પામ્યા પરબ્રહ્મ. ૧

પરમ જુ ઉત્તમ ગ્યાન સોં, તાકોં દેત બતાય;
જ્યાહી જાનિ કે મુનિ સબે, રહે મુગતિકોં પાય. ૧

*૧ વળી જ્ઞાનમાં જ્ઞાન ઉત્તમ તે કહું છું, જે જાણીને સર્વે મુનિયો (મનનશીલ તે) અહીંથી [સ્થૂલ સૂક્ષ્મ દેહબંધનથી છૂટી] ઉત્કૃષ્ટ સિદ્ધિને [મોક્ષને] પહોંચ્યા.

इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।
सर्गोपि नोपजायंते प्रलये न व्यथंति च ॥ २ ॥

ફરી આશ્રય આ જ્ઞાનનો, બનિ મુજરૂપેં સાર;
સૃષ્ટિ સમય નહિ થાય તે, પ્રલયે નહિ વ્યથનાર, ૨

યાહિ ગ્યાનકો સેવક, મેરો લહ્યો સરૂપ;
પ્રલય વ્યથા તિનકોં નહીં, પરે ન તે ભવરૂપ. ૨

૨ એ જ્ઞાનનો આશ્રય લેઈ મારી સ્વરૂપતાએ આવ્યા; (સૃષ્ટિની) ઉત્પત્તિમાં ઉપજતા નથી ને પ્રલયમાં કષ્ટ પામતા નથી.

मम योनिर्महद्ब्रह्म तस्मिन् गर्भं दधाम्यहम् ।
संभवः सर्वभूतानां ततो भवति भारत ॥ ३ ॥

---

* તપ તથા કર્મવિષયનું જ્ઞાન.

મહત બ્રહ્મ મુજ યોનિમાં, રાખું ગર્ભ હું સાર;
ઉત્પતિ સૌ ભૂતો તણી, થાય તેથી નિરધાર. ૩

બ્રહ્મ પ્રકૃતિમેં જો રહે, તામે ગરભ ઠરાય;
ઉપજાવત સબ સૃષ્ટિ હોં, અર્જુન ચિતમેં લાય. ૩

† ૩ મારૂં ઉત્પત્તિસ્થાન જે મહત્બ્રહ્મ તેને વિષે ગર્ભ મૂકું છું તે થકી હે ભારત, સર્વ ભૂતની ઉત્પત્તિ થાય છે.

सर्वयोनिषु कौंतेय मूर्त्तयः संभवंति याः ।
तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥ ४ ॥

સર્વ યોનિમાં કુંતિસુત, બનેછ જે આકાર;
પ્રકૃતિ યોનિ મહા તેનિ, હું, પિતા બીજ-પ્રદ, ધાર. ૪

જે જે મૂરત હોતહે, સબ જોનિનમેં આય;
તિનકોં હોં હી જીવ હોં, મૌહ પિતા ઔ માય. ૪

૪ સર્વ યોનિને વિષે હે કુંતીપુત્ર, જે મૂર્ત્તિયો [સ્થાવરજંગમ ભૂત] ઉત્પન્ન થાય છે તેઓને મહત્બ્રહ્મ એ યોનિ [માતા] ને હું બીજ દેનારો પિતા છું.

सत्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः ।
निबध्नंति महाबाहो देहे देहिनमव्ययम् ॥ ५ ॥

સત્વ રજો, તમ, ગુણ એ, પ્રકૃતીથી થાનાર;
વપુમાં અવ્યય દેહિને, છે યોજી દેનાર. ૫

સત્વ રજો તમગુન ભયે, મોહી તેં તૂં માન;
દેહ માંઝ યા જીવકોં, યેહી બાધત આન. ૫

† મૂળપ્રકૃતિનોજ એક ભેદ પણ કાર્યપરત્વે જાદુંજ એવું જે મહત્ અથવા મહત્બ્રહ્મ બુદ્ધિતું સમસ્ત કાર્ય કરવાવાળું) તેમાં હું મારૂં ચિદંશ—સંકલ્પરૂપ બીજ મૂકું છું;—અર્થાત્ મહત્ જે બુદ્ધિબીજરૂપ પ્રકૃતિ તેમાં પરમાત્માનો જ્ઞાન આભાસ એ વીર્ય અને એ બેના સંબંધથી બ્રહ્માદિ સર્વે પ્રાણીઓની ઉત્પત્તિ થાયછે.

* ૫ સત્વ, રજ, તમ એ ગુણો પ્રકૃતિથકી ઉપજેલા તે હે મહાબાહુ! નાશરહિત એવો જે દેહી [જીવ] તેને દેહવિષે બદ્ધ કરે છે.

तत्र सत्त्वं निर्मलत्वात्प्रकाशकमनामयम् ।
सुखसंगेन बध्नाति ज्ञानसंगेन चानघ ॥ ६ ॥

નિર્મલતાથી સત્વતો, શાંત, પ્રકાશક સાર;
અનઘ, જ્ઞાન સુખ સંગમાં, જોડે છે નિરધાર. ૬

નિર્મલ ઔર પ્રકાશક, સતગુણ શાંતિ સુભાય;
ગ્યાન સંગ સુખ સંગ સો, બાધત જીવહિ આય. ૬

૬ તે ગુણોમાં સત્વગુણ તે હે નિષ્પાપ! નિર્મળપણાથી પ્રકાશક તથા ઉપદ્રવ રહિત છે (ને) સુખસંગે કરી તથા આત્મજ્ઞાનસંગે કરી બાંધે છે [જીવને].

रजो रागात्मकं विद्धि तृष्णासंगसमुद्भवम् ।
तन्निबध्नाति कौंतेय कर्मसंगेन देहिनम् ॥ ७ ॥

કારણ, તૃષ્ણા સંગનું, રાગવાન રજજાણ;
કર્મ સંગમાં દેહિને, જોડે છે ઇમ માન. ૭

રજગુણ રાજસ રૂપ હૈ, તૃષ્ણા સંગહિ હેત;
કરમ સંગ કરિ જીવકો, યાહી બંધન દેત. ૭

૭ રજોગુણને રાગાત્મક તૃષ્ણા (તથા) સંગથી ઉપજેલો જાણ; તે હે કુંતીપુત્ર! દેહીને કર્મસંગે કરી બાંધે છે.

तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥ ८ ॥

---

* ત્રણ ગુણને સમાન રાખવાવાળી મૂળ પ્રકૃતિ છે પણ પછી ગુણોને અનુસાર ભિન્ન ભિન્ન કાર્ય થાય છે અને ચિદંશ જે અહં તથા બુદ્ધિયુક્ત દેહીસ્વરૂપે છે તેને પણ તે ગુણો બદ્ધ કરે છે,—સુખદુઃખ મોહાદિથી.

મોહજનક સૌ દેહિને, તમ અજ્ઞાને જાણ;
આળસ ઊંઘ પ્રમાદમાં, જોડે છે તે માન. ૮

હોત જુ તમ અગ્યાન તેં, મોહત સબકો જીવ;
વિંહલતા નિદ્રા અલસ, ઈન સોં બાધત હેવ. ૮

૮ તમોગુણને અજ્ઞાનથી ઉત્પન્ન થયલો સર્વ દેહીને મોહરૂપ [ભ્રમજનક] જાણ; પ્રમાદ, આળસ, નિદ્રા એણે કરી બાંધે છે.

सत्वं सुखे संजयति रजः कर्मणि भारत ।
ज्ञानमावृत्य तु तमः प्रमादे संजयत्युत ॥ ९ ॥

સુખમાં જોડે સત્વ વળિ, રજ કર્મોમાં માન;
પ્રમાદાદિમાં તમ તથા, જોડે ઢાંકી જ્ઞાન. ૯

સતગુણ સુખમેં બઢતહૈ, કરમ રજોગુન હોય;
અલસમેં તમગુણ બઢે, રહત ગ્યાન સબ ખોય. ૯

૯ હે ભારત! સત્વ તે સુખમાં [શાંતિમાં] યુક્ત કરે છે (જોડે છે, મેળવે છે;) રજો તે કર્મમાં; તમો તે જ્ઞાનને આવરી પ્રમાદમાંજ.

रजस्तमश्चाभिभूय सत्वं भवाति भारत ।
रजः सत्वं तमश्चैव तमः सत्वं रजस्तथा ॥ १० ॥

પાર્થ થાય છે સત્વ ગુણ, રજ તમ ગૂણ હટાડિ;
તેમ સત્વ તમનેજ રજ, તમ રજ સત્વજ પાડિ. ૧૦

રજગુન તમગુન મેલિકે, રહત સત્વગુન પૂરિ;
રજ સત્વનકોં મેલિ તમ, રજ તેં સતતમદૂરિ. ૧૦.

૧૦ હે ભારત! સત્વ તે રજ તથા તમનો તિરસ્કાર કરી થાય છે [પ્રગટ પડે છે]; રજો તે સત્વ તથા તમનો અને તમો તે સત્ તથા રજનો.

सर्वद्वारेषु देहेऽस्मिन्प्रकाश उपजायते ।
ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्वमित्युत ॥ ११ ॥

આ વપુના સૌ દ્વારમાં, પ્રકાશરૂપજ જ્ઞાન;
થાય તદા ઇમ જાણવું, વધેલ સત્વ સુજાણ. ૧૧

સબ દ્વારનમેં દેહકે, જીવ પ્રકાસક ગ્યાન;
સત્વગૂન તબહી બઢયો, અર્જુન દેહ તૂં જાન. ૧૧

૧૧ દેહમાં સર્વ દ્વારને વિષે જ્યારે પ્રકાશ [બુદ્ધિવૃત્તિનો–જ્ઞાનસ્વરૂપનો] થાય ત્યારે વિશેષ વધ્યો એવો સત્વગુણ જાણવો.

लोभः प्रवृत्तिरारंभः कर्मणामशमः स्पृहा ।
रजस्येतानि जायंते विवृद्धे भरतर्षभ ॥ १२ ॥

પ્રવૃત્તિ લોભ ઇચ્છા વલી, નહિશમ, કર્મારંભ;
રજ વધતાં એ થાય છે, ભરતવંશના સ્તંભ. ૧૨

બઢત રજોગુન હૈ જબે, દિન સરીરમેં આય;
લોભ કરમ ઉદીમ અસત, ઈનતે જૂ પ્રગટાય. ૧૨

૧૨ હે ભરતશ્રેષ્ઠ ! રજોગુણ વધેથી લોભ, પ્રવૃત્તિ [યત્નબુદ્ધિ–અગ્નિહોત્રાદિક કે વ્યવહારિક], કર્મનો ઉદ્યમ, અશાંતિ [આ પછી આ કરીશ એમ], આતુરતા એ (બધાં) થાય છે.

अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ।
तमस्येतानि जायंते विवृद्धे कुरुनंदन ॥ १३ ॥

અપ્રવૃતી અવિવેક વલિ, પ્રમાદ મોહ પણ સાર,
તમ વધતાં એ થાય છે, નિશ્ચય પાંડુ કુમાર. ૧૩

અર્જુન તબહી કરતહૈ, તમગુન આય પ્રકાસ;
અલસ મોહ અજ્ઞાન તેં, મનમેં કરત બિલાસ. ૧૩

૧૩ હે કુરૂનંદન ! તમોગુણ વધેથી અપ્રકાશ [અવિવેક], અપ્રવૃત્તિ [નિરૂદ્યમતા, જડતા], પ્રમાદ, મોહાદિ થાય છે.

यदा सत्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ।
तदोत्तमविदां लोकानमलान्प्रतिपद्यते ॥ १४ ॥

સત્વ વધેલું હોય ને, મરે જીવ જો સાર;
ઉત્તમવિદ શુધ્ધ લોકને, તો પામે નિરધાર. ૧૪

જો સતગુનકી પ્રભાવમેં, તજે જીવ નિજ દેહ;
તે ગ્યાનીકે લોકમેં, જાય કરે સો ગેહ. ૧૪

૧૪ સત્વની વિશેષ વૃદ્ધિ એવી સ્થિતિમાં દેહધારી દેહ મૂકે તો તે ઉત્તમ જ્ઞાનવાળા, પ્રકાશમય લોકને પામે છે. [હિરણ્યગર્ભાદિની ઉપાસના કરનારા જ્યાં રહે છે ત્યાં જઇ રહે.]

रजसि प्रलयं गत्वा कर्मसंगिषु जायते ।
तथा प्रलीनस्तमसि मूढयोनिषु जायते ॥ १५ ॥

કર્મસંગિમાં જન્મ લે, મરેજ જો રજમાંય;
તમ વધતાંમાં જો મરે, મૂઢયોનિમાં થાય. ૧૫

રજોગુનમેં તજિ પ્રાનકો, કરમ ઠકે ગૃહ જાય;
તમગુનમેં જો મરતહૈ, પસુન માંઝ પ્રગટાય. ૧૫

૧૫ રજોની વૃદ્ધિમાં દેહ છોડે તો કર્મની આસક્તિવાળા લોકમાં [શ્રૌતસ્માર્ત કર્મના અનુષ્ઠાનવાળા અથવા સંસારવહેવારનાં કર્મ કરવાવાળા મનુષ્યોમાં] જન્મ લે. તમોની વૃદ્ધિમાં મરે તો મૂઢયોનિમાં [પશુપક્ષ્યાદિમાં] અવતરે.

कर्मणः सुकृतस्याहुः सात्विकं निर्मलं फलम् ।
रजसस्तु फलं दुःखमज्ञानं तमसः फलम् ॥ १६ ॥

કહે છે સાત્વિક કર્મનું, સુખ નિર્મલ ફલ, માન;
રાજસનું ફલ દુઃખ વલિ, તામસનું અજ્ઞાન. ૧૬

સુકૃત કરમ તેં હોતહૈ, સાત્વિક ફલ અતિ સુચ્છ;
રજગુનકોં ફલ દુઃખહૈ, તમ અગ્યાન ફલ તુચ્છ. ૧૬

૧૬ સત્કર્મનું સત્વપ્રધાન એવું નિર્મળ ફળ [પ્રકાશમય સુખ]; રજોગુણનું ફળ દુઃખ અને તમોગુણનું ફળ અજ્ઞાન.

सत्वात्संजायते ज्ञानं रजसो लोभ एव च ।
प्रमादमाहौ तमसो भवतोज्ञानमेव च ॥ १७ ॥

રજથી લોભજ થાય છે, થાય સત્વથી જ્ઞાન;
તમો ગુણથી થાય છે, પ્રમાદ, મોહ, અજ્ઞાન. ૧૭

લોભ રજોગુન તેં ભયો, સતગુન તે હૈં ગ્યાન;
તમગુન તે હૈ બિકલતા, મોહ ઔર અગ્યાન. ૧૭

૧૭ સત્વથકી જ્ઞાન, રજથકી લોભ અને તમથકી પ્રમાદ મોહ તથા અજ્ઞાન થાય છે.

ऊर्ध्वं गच्छंति सत्वस्था मध्ये तिष्ठांति राजसाः ।
जघन्यगुणवृतिस्था अधो गच्छंति तामसाः ॥ १८ ॥

ઉચ્ચગતિ પામે સાત્વિકો, મધગતિ રાજસ લોક;
તામસ જન પામેજ છે, નીચગતા જે ફોક. ૧૮

સાત્વિક ઊંચો જાતહૈ, રાજસ મધ્યમ લોક;
તામસ જાત અધોગતી, પાવત બહુ બિધિ સોક. ૧૮

૧૮ સાત્વિક તે ઉપરના લોકમાં [દેવાદિકમાં] જાય છે; રાજસ તે મધ્યમાં [મનુષ્યમાં] રહે છે; અને નિકૃષ્ટગુણ વૃત્તિવાળા તામસ તેની અધોગતિ થાય છે [પશ્વાદિમાં જાય છે.]

नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टानुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ॥ १९ ॥

કર્ત્તા ગુણથી અન્ય નહિ, જ્યારે દૃષ્ટા જોય;
જાણે ગુણથી પર તદા, મુજ રૂપે તે હોય. ૧૯

ગુણ બિન કો કરતારહે, જાને ગ્યાની કોય;
મોહિ લખે ગુનકે પરે, મો મે લીન જુ હોય. ૧૯

૧૯ ગુણથકી [વિના] કોઈ બીજો કર્ત્તા નથી [ગુણજ સર્વે કર્મ કરે છે એમ] જ્યારે વિવેકી જોય, વળી ગુણથકી જે પર [અલગ આત્મસ્વરૂપ] તેને જાણે (ત્યારે) તે મારાં રૂપને પામે.

गुणानेतानतीत्य त्रीन्देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोमृतमश्नुते ॥ २० ॥

દેહબીજ ત્રણ ગૂણ એ, ઉલ્લંઘી થૈ મુક્ત;
મૃત્યુ જરા દુખ જન્મથી, પામે જીવ અમૃત્ત. ૨૦

દેહ કરતહે તીન ગુન, તિનકો દેઉ જુ ત્યાગ;
જનમ મરન સુખ દુઃખ સો, રહે મુગતિકે પાગ. ૨૦

૨૦ દેહમાં ઉપજ જેની [દેહરૂપ પરિણામને પ્રાપ્ત] એવા એ ત્રણે ગુણોને ઉલ્લંઘી દેહી [જીવ] જન્મ મૃત્યુ જરા દુઃખ એથકી છુટેલો (થઈ) મોક્ષને અનુભવે.

॥अर्जुन उवाच॥

कैर्लिङ्गैस्त्रीन्गुणानेतानतीतो भवति प्रभो ।
किमाचारः कथं चैतांस्त्रीन्गुणानतिवर्तते ॥ २१ ॥

ત્રિગુણાતીત તણાજ તો, શું લક્ષણ આચાર;
ઉલ્લંઘે ત્રણ ગૂણ એ, કે રીતે પ્રભુ સાર. ૨૧

જિસકુ ન લાગે તિન ગુન, તાકો લચ્છન કૌન;
કૈસો તાકોં આચરન, તુમ તેસોં જુક હોત. ૨૧

૨૧ હે પ્રભુ! કીએ ચિન્હે એ ત્રણ ગુણથી અતીત થાય [છૂટા થયો ઓળખાય,] તેનો આચાર કેવો. કેવે પ્રકારે [કીએ ઉપાએ] એ ત્રણ ગુણનું અતિક્રમણ કરી વર્ત્તે?

॥श्री भगवानुवाच॥

प्रकाशं च प्रवृतिं च मोहमेव च पांडव।
न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि कांक्षति ॥ २२ ॥

પ્રકાશ પ્રવૃતિ ને મોહનિ, પ્રવૃતિ નિવૃતિ નિરધાર;
થાતાં દ્વેષે નહિ, નહીં, ઇચ્છે, પાંડુ કુમાર. ૨૨

મોહ ગ્યાન અરૂ કરમકોં, જો જાનત હિય માંહિ;
બિન પાયે ચાહે નહી, લહિ દુખાવત નાહિ. ૨૨

૨૨ હે પાંડવ! પ્રકાશને, પ્રવૃત્તિને, મોહને [સાત્વિક રાજસ તામસ કાર્યને] પોતે પ્રાપ્ત થયો છતે જે દ્વેષ કરતો નથી ને ગયલાને ઈચ્છતો નથી [અથવા આવેલી પ્રવૃત્તિનો દુઃખને ભયે દ્વેષ ને અનુભવેલી નિવૃત્તિની પાછી ઇચ્છા કરતો નથી],

उदासीनवदासीनो गुणैर्यो न विचाल्यते।
गुणा वर्तंत इत्येवं योऽवतिष्ठति नेंगते ॥ २३ ॥

ઉદાસીનની પેઠ રહિ, ગુણથિ ચલિત નહિ જેહ;
વર્ત્તે ગુણ, ઇમ જાણિને, માન અચલ થૈ રેહ. ૨૩

ઉદાસીન બેઠો રહે, સુખ દુખ ચપલ ન હોય;
ગુન સબ કારજ કરતહે, જો જાને સો લોય. ૨૩

૨૩ ઉદાસીનવત્ રહી ગુણોના કાર્યે કરીને જે ચળતો નથી [સ્વરૂપથકી], ગુણજ કર્યાં કરે છે એમ (જાણી) જે રહે તે ચલિત થતો નથી.

समदुःखसुखः स्वस्थः समलोष्ठाश्मकांचनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिंदात्मसंस्तुतिः ॥ २४ ॥

સમ,સુખ દુખ, ને સ્વસ્થ, સમ, કાંચન પથ્થર ધૂલ;
પ્રિય અપ્રિય સમ, ધીર વલિ, નિંદા સ્તુતિ સમતૂલ. ૨૪

સુખ દુખકોં સમગમેં, કાંચન માટી ભાય;
પ્રિય અપ્રિયકોં તુલ્ય ગિને, સ્તુતિનિંદા ઇક ભાય. ૨૪

૨૪ સમાન [એકજ વૃત્તિ બંનેમાં એવું] છે દુઃખસુખ જેને, સમાન છે માટી પત્થર સોનું જેને એવો સ્વસ્થ (અને) તુલ્ય [સરખું] છે પ્રિયઅપ્રિય જેને, તુલ્ય છે પોતાની નિંદાસ્તુતિ જેને (એવો) ધીર,

मानापमानयोस्तुल्यस्तुल्यो: मित्रारिपक्षयो: ।
सर्वारंभपरित्यागी गुणातीतः स उच्यते ॥ २५ ॥

માન્અપમાને સમ વલી, અરિ મિત્રે સમ જેહ,
ત્યાગિ સર્વ આરંભનો, ગુણાતીત છે તેહ. ૨૫

તુલ્ય માન અપમાન ઔ, મિત્ર શત્રુ સમજાય;
સબહી આરંભકોં તજે, ગુણાતીત કહેવાય. ૨૫

૨૫ માન તથા અપમાનમાં તુલ્ય [સરખે ભાવે,] મિત્ર તથા શત્રુ પક્ષમાં તુલ્ય (સરખી બુદ્ધિ,) સર્વ કર્મનો ત્યાગી તેને ગુણાતીત કહીએ.

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान्समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ॥ २६ ॥

ભજેછ મુજને જે વલી, દઢ ભકતીયે સાર;
ઉલ્લંઘી ગુણ થાય તે, મોક્ષ યોગ્ય નિરધાર. ૨૬

મોકોં જો દ્દઢ ભગતિસોં, સેવત ચિતકે ચાય;
સો તીનો ગુણ લંધિકે, રહે બ્રહ્મકોં પાય. ૨૬

૨૬ મનેજ જે અનન્ય એવે ભક્તિયોગે સેવે છે તે એ ગુણોનું સારી રીતે અતિક્રમણ કરીને મોક્ષ કારણે સમર્થ થાય છે.

ब्रह्मणो हिप्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकांकिकस्य च ॥ २७ ॥

પ્રતિષ્ઠા છું હું બ્રહ્મનિ, જે અવ્યય નિત રૂપ;
અખંડ સુખ અમૃત વલી, છે જે ધર્મ સ્વરૂપ. ૨૭

અર્જુન હોં હી બ્રહ્મ હોં, મુગતિ જુ મેરો રૂપ;
હોં અબિનાશી ધરમ હોં, આનંદ પરમ અનૂપ. ૨૭

૨૭ નક્કી બ્રહ્મની, અમૃતની (મુક્તિની), અવ્યયની, સનાતન ધર્મની, એકાંત સુખની પ્રતિષ્ઠા [લક્ષ્યરૂપ સ્થાપના] હું છું.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા ઉપનીષદ્માં બ્રહ્મવિદ્યાને વિષે યોગશાસ્ત્ર સંબંધી શ્રી કૃષ્ણાર્જુનના સંવાદમાં ગુણત્રય વિભાગયોગ નામનો ચોદમો અધ્યાય. ॥૧૪॥

અધ્યાય ૧૫ મો.

॥ શ્રીભગવાનુવાચ. ॥

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छंदांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥ १ ॥

મૂલ ઊંચૂ શાખા નિચિ, નાશિ અનાશી કેહ;
વેદપાન, જાણેજ એ, વૃક્ષ વેદવિદ તેહ. ૧

અધ શાખા જડ ઉરધ તરૂ, અબિનાશી અશ્વત્થ;
બેદ પત્ર જો જાનહી, સો જાને સબ અર્થ.　　૧

* ૧ મૂળ ઊંચે શાખા નીચે, (વળી) નાશરહિત કહેવાય છે, જેને છંદો [વેદના] તે પત્ર છે (એવા) અશ્વત્થને [સંસારવૃક્ષને] જે જાણે [મિથ્યા] તેજ વેદ જાણનારો.

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा गुणप्रवृद्धा विषयप्रवालाः ।
अधश्च मूलान्यनुसंततानि कर्मानुबंधीनि मनुष्यलोके ॥ २॥

ઊંચે નિચે વિસ્તરિ એનિ ડાળો,વધ્યા ગુણેથી વિષયપ્રવાલો;
નીચે ઉચે મૂલ પ્રવિષ્ટ છે રે,આ લોકમાં કર્મ વિશેજ પ્રેરે.　૨

ગુન સાચી શાખા બડી, બિખયા પલવા ભાય;
જડ ફેલી કરમ બંધ તે, મનુજ લોકમેં આય.　　૨

† ૨ તેની શાખા (સત્વાદિ) ગુણે વધી જઈ ફાલેલી (ને) વિષય [શબ્દાદિ] રૂપ પલ્લવ છે જેને એવી (તે) નીચે ને ઉપરે પ્રસરી રહિયો છે; નીચેનાં મૂળિયાં અખંડિત પેસી ગયલાં એવાં (વળી) કર્મફળે બાંધેલાં એવાં છે મનુષ્યલોકમાં.

न रूपमस्येह तथोपलभ्यतेनांतो न चादिर्न च संप्रतिष्ठा
अश्वत्थमेनं सुविरूढमूल मसंगशस्त्रेण दृढेन छित्त्वा ॥ ३ ।

એનૂં અહીં રૂપ નહીં જણાય, આદ્યંત તેમ સ્થિતિનેં કળાય;
મલેં તરૂ એ દઢ છેજ માટે, અસંગશસ્ત્રે અહિ છેદિ ઘાટે.　૩

---

* જીવાત્મા, અંતરાત્મા એથકી જૂદો ઉત્કૃષ્ટ સ્વરૂપે પરમાત્મા છે ને તે સંસારનું મૂળ છે માટે મૂળ ઉંચે ને શાખા કાર્યના ઉપાધિરૂપ હિરણ્યગર્ભાદિ તે નીચે. સંસાર મંડાઈને પાછો લયને પામે છે માટે નાશવંત છે ને વારેવારે ઉત્પત્તિ લય થયાં કરે છે તેથી નાશરહિત.

† ઉપલી શાખાએ લિંગ શરીરવાળા હિરણ્યગર્ભાદિ દેવતા સર્વે; નીચલીએ કર્મબંધને પીડાતા મનુષ્ય; અને છેક નીચલી તે પશ્વાદિ, સ્થાવર છે.

આદિ અંત નહિ જાનિયે, થાન રૂપ નહિ જાય;
દૃઢ અસંગ હથિયાર લે, દુઃસહ મૂલ ઉઠાય. ૩

‡ ૩ તેનું (વૃક્ષનું) રૂપ અહીં દીસતું નથી, (તેને) અંત નથી, આદિ નથી; ને સ્થિતિ નથી. અતિવધી ગયલાં મૂળ જેનાં એવા એ અશ્વત્થવૃક્ષને દૃઢ ત્યાગ રૂપી શસ્ત્રે છેદીને–

ततः पदं तत्परिमार्गितव्यं यस्मिन्गता न निवर्तंति भूयः।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये यतः प्रवृत्तिःप्रसृतापुराणी ॥ ४ ॥

જાણીજ લેવું પછિ તેજ ધામ,જેમાં ગયેલા નફરેજ આમ;
જેથી થઇ આ પ્રવૃતિઃ પુરાણી,તે આદિને શર્ણછું એમજાણી. ૪

ચાહ કરે તા ઠોરકી, ફિરે ન તાકોં પાય;
આદિ પુરૂખ સૃષ્ટી જાયે, તાકો સરન તૂં જાય. ૪

૪ પછી જેને વિષે ગયલા પાછા ફરતા નથી તે પદને માર્ગે લાગવું [ઢુંઢવું]. જેથી પુરાણી [જૂની] પ્રવૃત્તિ [સંસારમાયા] વિસ્તાર પામી છે તે આદ્ય પુરૂષને શરણે જવું.

निर्मानमोहाजितसंगदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वंद्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञै र्गच्छंत्यमूढाःपदमव्ययंतत् ॥ ५॥

‡ પરમેશ્વર કેટલો વેગળો છે, સંસાર કેટલો વિસ્તારવાળો છે, એ વિષે ૭૧ અજાણ રહી કર્મબંધને જન્માંતર કર્યાંજ કરે છે. તેણે જન્માંતરના દુઃખથી છૂટવાને, ફરી સંસારમાં ન આવવું પડે તેવી પરમ ગતિને પામવાને શું કરવું ? સંસારવૃક્ષને છેદી નાખવો પણ એ છેદવો કઠિણ છે માટે દૃઢ એટલે વિવેકબળવાળું, અસંગ એટલે ધર્મઅર્થકામ એ જે ત્રણ ઇચ્છા તેનાં ત્યાગ એરૂપી જે શસ્ત્ર તેણે છેદવું. તત્વના વિજ્ઞાનવિના મોક્ષ નથી; તત્વજ્ઞાન તે વૈરાગ્યવિના નથી ને વૈરાગ્ય તે ત્યાગવિના નથી માટે ત્યાગબુદ્ધિ રાખવી.

અમૂઢ ને દુઃખ સુખેજ મુક્ત,અધ્યાત્મિ ને કામથકી વિમુક્ત;
નિર્માન મોહી,જિત સંગ જેઓ,પામે અનાશી પદનેજ તેઓ. ૫

કામ સંગ અરૂ મોહ તજે, અધ્યાતમરત હોય;
સુખ દુઃખતજિ તાકોલહે, અબિનાસિ જો કોય. ૫

૫ માન મોહ વિનાના, સંગદોષ જિતેલા, આત્માવિદ્યાની નિષ્ઠાવાળા, કામનાથી નિવૃત્તિ થયલા, સુખદુઃખ (એ) સંજ્ઞાના દ્વંદ્વથી છૂટા થયલા, અવિદ્યારહિત તેઓ તે અવ્યયપદને પામે છે.

न तद्भासयते सूर्यो न शशांको न पावकः ।
यद्गत्वा न निवर्त्तंते तद्धाम परमं मम ॥ ६ ॥

સૂર્ય ચંદ્ર અગ્ની નહીં, તેને કરે પ્રકાશ;
જ્યાં જૈ ફરિ આવે નહિ, તેજ ધામ મુજ ખાસ. ૬

પાવક રબિ અરૂ ચંદ્રમા, તાહાં કરે ન પ્રકાસ;
ફીરે ન તાકોં પાઇકે, યૌં હૈ મેરો બાસ. ૬

૬ તે પદને સૂર્ય પ્રકાશિત કરતો નથી, નથી ચંદ્ર કરતો કે નથી અગ્નિ કરતો; જ્યાં ગયે પાછા ફરતા નથી તે મારૂં પરમ (ઉત્કૃષ્ટ) ધામ છે.

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥ ७ ॥

મૂજ અંશ થૈ જીવ નિત, ઇંદ્રિય મનને સાર;
પ્રકૃતિ થકી, આ લોકમાં, ખેંચે છે નિરધાર. ૭

જીવ લોકમેં જીવ જો, અબિનાશી મોં રૂપ;
મન હી ઇંદ્રિય પંચકોં, ઔર પ્રકૃતિ કો ભૂપ. ૭

૭ મારોજ અંશ જીવલોકમાં પ્રાણધારણ કર્તા, સનાતન (તે) પ્રકૃતિસ્થાને [કાન આંખ આદિ ઠેકાણે] રહેલી એવી, મન શાક્ષી છે જેને એવી ઇંદ્રિયોને ખેંચે છે.

शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ।
गृहीत्वैतानि संयाति वायुर्गंधानिवाशयात् ॥ ८ ॥

પામે જીવ શરીરને, મૂકે, જ્યારે તેમ;
લે ઈંદ્રીયો જાય, વા, ગંધસ્થલથી જેમ. ૮

જો શરીર પાવત તથા, ઉત્ક્રામત યહ જીવ;
લે સબ ઉનકો જાતહૈ, વાયુ ગંધ કે નીવ. ૮

૮ દેહેંદ્રિયનો સ્વામી જીવ એક શરીરને છોડી બીજાં શરીરને પામે છે (ત્યારે તે પોતાની સાથે) એને (ઈંદ્રિયોને) લેઈને આવે છે, જેમ વાયુ પુષ્પમાંથી સુગંધને તેમ.

श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ।
अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ॥ ९ ॥

કાન આંખ ને ચામડી, જીભ, નાક, મન જેહ;
કરિ આશ્રય તે સર્વનો, વિષય ભોગવે એહ. ૯

શ્રવણ નયન નાસિકા ત્વક, ઔર હિ રસના જાન;
ઇન સબકે ગહિ સંગતેં, લેત જીવ બિખયાન. ૯

૯ કાન, આંખ, ત્વચા, જીભ, નાક એને વળી મનને આશ્રય કરી એ [જીવ] વિષયને [શબ્દાદિને] સેવે છે.

उत्क्रामंतं स्थितं वापि भुंजानं वा गुणान्वितम् ।
विमूढा नानुपश्यंति पश्यंति ज्ञानचक्षुषः ॥ १० ॥

જાય, રહે ને ભોગવે, વલિ છે એ ગુણ જુક્ત;
દેખે એને મૂઢ નહિ, દેખે જ્ઞાની યુક્ત. ૧૦

ઇંદ્રિ જીત નિકસત કરત, સબ બિખયનકો ભોગ;
મૂઢ જીવકો ઉન લખે, લખે સુ ગ્યાની લોગ. ૧૦

૧૦ દેહાંતર કરનાર વા દેહમાંજ સ્થિત વા ગુણેયુક્ત વા વિષયભોગી જીવને મૂઢબુદ્ધિ (પુરૂષ) તે નથી જોતા, જ્ઞાનદૃષ્ટિવાળા તે જોય છે.

यतंतो योगिनश्चैनं पश्यंत्यात्मन्यवस्थितम् ।
यतंतोप्यकृतात्मानो नैनं पश्यंत्यचेतसः ॥ ११ ॥

દેખે એને નિજ વિશે, યોગી ઉદ્યોગીજ;
મંદ મૂઢ દેખે નહીં, કરતાં પણ તજવીજ. ૧૧

જોગેશ્વર યહ જતન કિયે, દેખતહૈ હિય માંહિ;
મૂરખ જતંન ન કરતહૈ, જીવહિ દેખત નાહિ. ૧૧

૧૧ યત્ન કરતા યોગીઓ પોતામાં રહેલા જીવને જોય છે; અશુદ્ધચિત્ત (ને) વિવેક શૂન્ય (તે) યત્ન કરતા છતે પણ નથી જોઇ શકતા.

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चंद्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥ १२ ॥

પ્રકાશેછ સૌ જગતને, સૂર્યતેજ પણ જેહ;
ચંદ્રાગ્નીમાં જે વલી, જાણ તેજ મુજ તેહ. ૧૨

તેજ જુ આદિતમે લહૈ, ભાસત સબ સંસાર;
ચંદ્રમાઊ અરૂ અગિનમેં, મેરો રૂપ નિરધાર. ૧૨

૧૨ આદિત્યમાં રહેલું જે તેજ અખિલ જગતને પ્રકાશ કરે છે, જે ચંદ્રમાં જે અગ્નિમાં [છે) તે તેજ મારૂંજ (છે એમ જાણ.)

गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।
पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः ॥ १३ ॥

ધરૂં બળથી હું ભૂત સૌ, રહિ પૃથ્વીમાં જાણ;
પોષું ઔષધ સર્વ હું, ચંદ્ર બની રસવાન. ૧૩

ધારત હોં સબ જીવકોં, કરકે ભૂમિ પ્રબેસ;
પોખત હોહી ઓખધી, વ્હૈરસમેં સસિ ભેસ. ૧૩

૧૩ ભૂમિમાં પ્રવેશ કરી હું પ્રાણીઓને તેજબળે ધરી રાખું છું; રસસ્વભાવવાળો ચંદ્ર થઈને સઘળી ઔષધીઓને પોષુ છું.

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥ १४ ॥

ચાર અન્ન પકવૂંજ છું, પ્રાણ અપાન સહીત;
થૈને જઠરાગ્નીજ હું, પ્રાણિ દેહ આશ્રીત. ૧૪

હોંહી જઠર અગિન હોં, સબ દેહનમેં આય;
પ્રાણ અપાન સહાય સોં, ડારત અન્ન પચાય. ૧૪

૧૪ હું પ્રાણીના દેહને આશ્રિત એવો વૈશ્વાનર (જઠરાગ્નિ) થઈ પ્રાણ અપાન (એ વાયુ) સાથે મળી [પ્રદીપ્ત થઇ] ચાર પ્રકારનું (ચાવેલું, ચાટેલું, ચૂસેલું, પીધેલું) અન્ન પચાવું છું.

सर्वस्यचाहंहृदिसन्निविष्टो मत्तःस्मृतिर्ज्ञानमपोहनं च ।
वेदैश्च सर्वैरहमेव वेद्यो वेदांतकृद्वेदविदेव चाहम् ॥१५॥

છું હું બધાના હૃદયો વિશેજ,હુંથી સ્મૃતી જ્ઞાનથઇ ટળેજ;
છું વેદ્ય હું સૌ નિગમેજ સાર, વેદાંત કૃત્વેદજ જાણનાર. ૧૫

સબકે હિયમેં હોં રહોં, સબહી ગ્યાન બિચાર;
બેદ સબેં મોકોં કહે, મેં તિનકોં કરનાર. ૧૫

*૧૫ વળી સર્વના હૃદયમાં પ્રવેશકીધેલો (એવો) હું (છું;) મારાથકી સ્મૃતિ, જ્ઞાન ને વિસ્મરણ (છે); સર્વે વેદોએ કરી જાણવા યોગ્ય હુંજ, વેદાંતબોધક, વેદવેત્તા પણ હુંજ.

---

* સ્મૃતિ, વિસ્મૃતિ, ને એ બેઉનું ટળી જવું તે મારાથી છે.

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥ १६ ॥

આ બે પુરૂષજ લોકમાં, ક્ષર અક્ષર કહેવાય;
કહે અક્ષર કૂટસ્થને, ક્ષર સૌ ભૂત વદાય. ૧૬

લોક માંઝ દો પુરૂખહૈ, છર અચ્છર હો ભાય;
છર શરીરકોં કહતહૈ, અચ્છર જીવ ગનાય. ૧૬

૧૬ લોકમાં [વ્યવહારમાં] ક્ષર ને અક્ષર એ બે પુરૂષ-ક્ષર તે સર્વે ભૂત [સ્થાવરજંગમ નાશવંત] (અને) અક્ષર (તે) નિર્વિકાર [માયાશક્તિસ્વરૂપ-અંતર્યામી] કહિયે.

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥ १७ ॥

પુરૂષ અન્ય અવ્યય ઉતમ, પરમાત્મા પરમેશ;
પાળે જે ત્રણ લોકને, તેમાં કરી પ્રવેશ. ૧૭

પુરૂષોત્તમ જો ઔરહૈ, પરમાતમ કો જોસ;
તીન લોક જો ધરતહૈ, કરિકે નિજ પરવેસ. ૧૭

૧૭ (એ બેથકી વેગળો) બીજો ઉત્તમ પુરૂષ તે પરમાત્મા (એ નામે) બોલાયો (છે)-જે અવ્યય ઈશ્વર, પ્રવેશ કરીને ત્રણે લોકને ધારણ પોષણ કરે છે.

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥ १८ ॥

ઉલ્લંઘ્યો ક્ષરને વળી, અક્ષરથી ઉત્તંમ;
લોક વેદમાં તેથિ છું, પ્રસિદ્ધ પુરૂષોત્તંમ. ૧૮

છર અચ્છર તેં હોં પરે, સબ તેં હી અધિકામ;
જાતેં બેદરૂ લોકમેં, પુરૂખોત્તમ મેં નામ. ૧૮

૧૮ એ માટે હું ક્ષરથી વેગળો, અક્ષરથકી પણ (એવો) ઉત્તમ (છું). વળી એ કારણે લોકમાં વેદમાં પ્રખ્યાત (એવો) પુરૂષોત્તમ છું.

यो मामेवमसंमूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥ १९ ॥

પુરૂષોત્તમ મુજનેજ ઇમિ, અમૂઢ જાણે જેહ;
સર્વ ભાવથી મૂજને, ભજે સર્વ વિદ તેહ. ૧૯

અર્જુન મોકોં જે ભજત, તેઇ જાન સુજાન;
જે કોઉ મોકોં નહિં ભજત, તે સબમૂરખ માન. ૧૯

૧૯ જે વિવેકી (મોહરહિત-નિશ્ચિત્તમતિ) મને એ પ્રકારે પુરૂષોત્તમ જાણે છે તે હે ભારત! સર્વ જાણતો (હોઈને) [સર્વ ભાવે સર્વત્ર એક આત્મભાવે] મને ભજે છે.

इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयाऽनघ ।
एतद्बुध्वा बुद्धिमान् स्यात्कृतकृत्यश्च भारत ॥ २० ॥

કર્યું અનઘ, મેં શાસ્ત્ર આ,ગુહ્ય અતી નિરધાર;
થાય જાણિ એ બુદ્ધિમત, કૃતકૃત્ય પણ સાર. ૨૦

કહી બાત ગ્રંથન જુ હૈ, સોં તોકોં કહિ દીન;
પારથ જે જાનત યહ, તેઇ બુદ્ધિ પ્રબીન. ૨૦

૨૦ એ પ્રકારે અત્યંત ગુહ્ય આ હે નિષ્પાપ! મેં કહ્યું. હે ભારત! એ જાણીને બુદ્ધિમાન્ [જ્ઞાનવાન્] થાય, વળી કૃતકૃત્ય [પછી બીજું કરવાનું કંઈ પણ ન રહ્યું જેને એવો.]

ઇતિ શ્રીમદ્ ભગવદ્‌ગીતા ઉપનિષદ્‌માં બ્રહ્મવિદ્યા વિષે યોગશાસ્ત્ર સંબંધી શ્રીકૃષ્ણાર્જુનના સંવાદમાં પુરુષોત્તમ યોગ નામનો પંદરમો અધ્યાય ॥ ૧૫ ॥

અધ્યાય ૧૬ મો.

श्रीभगवानुवाच ॥

अभयं सत्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥१॥

અભય ચિત્ત શુદ્ધી વળી, જ્ઞાનયોગમાં સ્થીતિ;
યજ્ઞ દાન દમ સરળતા, બ્રહ્મયજ્ઞ તપરીતિ. ૧

અભય સત્વકી શુદ્ધતા, ગ્યાન જોગ દ્રઢ હોય;
દાન જગ્ય તમ પાઠ પુનિ, તપ ઔરહિ સર જોય. ૧

૧ અભય [કોઈથી ભય ન પામવું], અંતઃકરણની નિર્મળતા [કપટ જૂઠ ન રાખવું,] જ્ઞાનકર્મનું વિચારણ, દાન, દમ, યજ્ઞાદિક સત્કર્મ, સ્વાધ્યાય, તપ, સરળતા,–

अहिंसा सत्यमक्रोधस्त्यागः शांतिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥ २ ॥

ત્યાગ અહિંસા શાંતિ સત, અરીસ અચાડિ સેજ;
અચપલતા મૃદુતા લજા, અલોભ કૃપા ભૂતેંજ. ૨

અન હિંસા ઔર સત્તમય, રહે ક્રોધ બિન નીત;
દાન શાંતિ બહુ બિધાચર, દોખ ન આને ચીત. ૨

૨ અહિંસા [જીવમાત્રને પીડા ન કરવી તે], સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, કોઇનું છિદ્ર પ્રગટ ન પાડવું, પ્રાણીમાત્ર ઉપર દયા, લાલચુપણું ન રાખવું, સૌમ્યતા, અકાર્યલજ્જા, ચંચળવૃત્તિ ન રાખવી.

तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवंति संपदं दैवीमभिजातस्य भारत ॥ ३ ॥

અમાનિતા અદ્રોહ ધૃતિ, ક્ષમા તેજ શુચયોગ;
થાયછ તેને હોય જે, સંપદ દૈવી જોગ. ૩

તેજ ક્ષમા શુચી ધીરજ, તજે દ્રોહ અભિમાન;
દેવ સંપદા જિન લહે, તામે તે ગુન જાન. ૩

૩ તેજ, ક્ષમા, ધૈર્યશક્તિ, શુચિ, અદ્રોહ [કપટ ઇર્ષા–દ્વેષ નહિ તે], મોટાઇનો અભાવ–[એ છવ્વીસ પ્રકારની] દૈવીસંપત્ [દેવસ્વભાવ] હે ભારત! ભાવીમાં જેનું કલ્યાણ થવાનું તેને થાય છે.

दंभो दर्पोऽभिमानश्च क्रोधः पारूष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ संपदमासुरीम् ॥ ४ ॥

દભ દર્પ અભિમાન રિસ, કઠોરતા અજ્ઞાન;
થાયછ તેને હોય જે, અસુરી સંપતવાન. ૪

દંભ દર્પ અગ્યાન રિસ, અભિમાનહું કો ઠૌર;
જ્યા મેં એતે ગુન રહે, અસુર સંપદા ઘોર. ૪

૪ દંભ [ધર્મધ્વજ દાખવવો,] દર્પ [મોટાઈ,] અભિમાન, ક્રોધ કઠોર ભાષણ, અવિવેકથી ઉપજેલું જ્ઞાન; (એ) આસુરી સંપત હે પાર્થ! એનીજ રૂચિ જેને તેને [અકલ્યાણ થવાનું તેને] (થાય છે).

दैवी संपद्विमोक्षाय निबंधायासूरी मता ।
मा शुचः संपदं दैवीमभिजातोसि पांडव ॥ ५ ॥

બંધનાર્થ અસુરી કહી, દૈવી તો મોક્ષાર્થ;
દૈવિ અર્થ જન્મ્યોછ તું, શોચ કરિશ નહિ પાર્થ. ૫

દૈવી સંપદા તે મુગત, બદ્ધ સુ આસુર જોય;
જો ચિત અર્જુન ક્યૌં ભયો, દૈવિ સંપદા હોય. ૫

૫ દૈવી સંપત્ મોક્ષકારણે (ને) આસુરી બંધન કારણે માની (છે મેં;) હે પાંડવ! શોક મા કર, દૈવી સંપત્ તું પામ્યો છે [એને માટે તું જન્મ્યો છે.]

द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एव च ।
दैवो विस्तरशः प्रोक्त आसुरं पार्थ मे शृणु ॥ ६ ॥

બેજ સૃષ્ટિ આ લોકમાં, દૈવિ આસુરી સાર;
કહિ દૈવી વિસ્તારથી, આસુરિ મુજથી ધાર. ૬

ભૂત સરગ દો લોકમે, દૈવહિ આસુર કીન;
દૈવ કથ્યો બિસ્તર દિયે, આસુર કહું લે ચીન. ૬

૬ આ લોકમાં દેવની ને અસુરની બે પ્રકારની ભૂત સૃષ્ટિ (તેમાં) દેવસંબંધી વિસ્તારે કહ્યું; હે પાર્થ અસુરસંબંધી મારાથી સાંભળ.

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ।
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ॥ ७ ॥

આસુરિજન જાણે નહિ, પ્રવૃતિ નિવૃતિ નિરધાર;
વલિ તેઓમાં હોય નહિ, શૌચ સત્ય આચાર. ૭

અબિધી ઔર જગતકી, આસુર જાનત નાંહિ;
સત સૌચ આચાર શુભ, નહિહે ગુન તિન માંહિ. ૭

૭ અસુરજન પ્રવૃત્તિ [ધર્મમાં] ને નિવૃત્તિ [અધર્મથી] (તે) નથી જાણતા; તેઓમાં નહિ શૌચ--પવિત્રતા ને આચાર પણ નહિ, સત્ય નથી હોતું.

असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम् ॥ ८ ॥

વદે અનીશ્વર તે જગત, મૈથુનથી થાનાર;
સત્ય પ્રતિષ્ઠા વિણ વલી, કામહેતુમત સાર. ૮

બેદ પુરાન ઇશ્વર હિયે, નાહીં માનત મૂઢ;
મૈથુન તેં સંસાર યહ, કામ ક્રોધ યહ ગૂઢ. ૮

૮ તેઓ બોલે છે (કે) જગત્ જૂઠું, ધર્માધર્મની વ્યવસ્થારહિત, કર્તા સ્થાપક ઇશ્વર વિનાનું [ચિત્ અચિત્થી નહિ પણ] સ્ત્રીપુરૂષને સંબંધે થયલું, કામ હેતુ એવું [વિષયભોગને માટે] (છે), બીજું શું કારણ?

एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ।
प्रभवंत्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ॥ ९ ॥

આશ્રી એ મત ભ્રષ્ટ જે,જગઅરિ અલ્પધિ સાર;
જગ ક્ષયાર્થ તે થાયછે, ઉગ્ર કર્મ કરનાર. ૯

અલ્પ બુદ્ધિ હૈ નષ્ટ જે, યહી દૃષ્ટિ ગહિ લેત;
હિંસા જુત કરમન કરે, રિપુ જગ છય કે હેત. ૯

૯ એ દૃષ્ટિનો આશ્રય કરી (તે) આત્માને ન માનનારા, અલ્પબુદ્ધિના [વિષયાસક્ત], ઉગ્ર [ક્રૂર] કર્મ કરનારા જગતના વેરી (રૂપે) [જગતના] નાશકારણે ઉત્પન્ન થાયછે.

काममाश्रित्य दुष्पूरं दंभमानमदान्विताः ।
मोहाद्गृहीत्वाऽसद्ग्राहान्प्रवर्त्ततेऽशुचिव्रताः ॥ १० ॥

નિશ્ચય અશુભ કરિ મોહથિ, આશ્રિ કામ દુષ્પૂર;
વર્ત્તે અશુચ વૃતીજ તે, દંભિ માનિ મદપૂર. ૧૦

જે મૈ પાયો અબિલહૈ, ઔર મનોરથ નીત;
દુર્બુદ્ધિ તરે ન મોહતે, અશુચી રહે પુનીત. ૧૦

૧૦ પૂર્ણ ન થાય એવા કામનો આશ્રય કરી દંભ-માન-મદયુક્ત, અપવિત્ર વ્રત રાખવાવાળા (તે) અવિવેકે અશુભનિશ્ચય ધરી લેઇ પ્રવર્ત્તે છે.

चिंतामपरिमेयां च प्रलयांतामुपाश्रिताः ।
कामोपभोगपरमा एतावदिति निश्चिताः ॥ ११ ॥

મરણ લગી તે રેહછે, ચિંતાગ્રસ્ત અપાર,
કામ ભોગ પુરૂષાર્થ છે, નિશ્ચય ઇમ કરનાર. ૧૧

જ્યાકોં કચ્છુ પ્રમાન હીં, તે ચિત તામેં લીન;
કામ ક્રોધ અતિ હૈ ભલો, નિચ્છય માનય લીન. ૧૧

૧૧ પારવિનાની (પણ) મરણવિષે અંત આવે (એવી) ચિંતાને ધરી રાખેલી એવા, વિષયના ભોગ પ્રિય જેને એવા, એજ પુરૂષાર્થ એ નિશ્ચયવાળા (તે)–

आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।
ईहंते कामभोगार्थमन्यायेनार्थसंचयान् ॥ १२ ॥

બધ્ધ શતાશા જાળથી, કામ ક્રોધ આશ્રીત,
ભોગ અર્થ ઇચ્છેછ તે, અનીતિએ પણ વીત. ૧૨

આશા પાશન તે બધે, કામ ક્રોધ ચિત ચાહ;
જો ધન બસ અન્યાય કરે, કામહિ ભોગ નિવાહ. ૧૨

૧૨ શેંકડો આશાપાશે બંધાયલા, કામક્રોધમાં પૂરા (તે) કામના ભોગને માટે અન્યાયે દ્રવ્યસંગ્રહને ઈચ્છેછે.

इदमद्य मयालब्धमिमं प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥ १३ ॥

આજ મલી આ વસ્તુ, આ મેળવીશ પ્રિય કાળ,
ધન મારૂં આ છેજ, આ થાશે ફરિ તત્કાલ. ૧૩

મન બાંછિત મૈયહ લહ્યો, બિહિ હોં ચાહત ચાહિં;
યહ ધન મેરે પૈં જુ રયો, જુ રહે આસ ઉરમાંહિ. ૧૩

૧૩ આ આજ મેં મેળવ્યું, આ મનોરથને હું પામીશ, આ ધન છે, આ પણ વળી મારૂં થશે,–

असौ मया हतःशत्रुर्हनिष्ये चापरानपि ।
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान्सुखी ॥ १४ ॥

મારયો મેં આ શત્રુ વલિ, મારિશ બીજા હુંજ,
સિધ્ધ સુખી બળવાન હું, ઇશ્વર ભોગી છુંજ. ૧૪

યહ બૈરી તો મૈ હન્યો, કરૂં ઔર કો અંત;
ઇશ્વર હોં ભોગી જુ હોં, સુખી સિદ્ધ બલવંત. ૧૪

૧૪ આ શત્રુને હણ્યો, વળી બીજાને પણ હણીશ, હું મોટો, હું ભોગી, સિદ્ધ, બળવાન્, સુખી,–

आढ्योऽभिजनवानस्मि कोन्योऽस्ति सदृशो मया ।
यक्ष्ये दास्यामि मोदिष्य इत्यज्ञानविमोहिताः ॥ १५ ॥

છું કુલીન, ધનિ હુંજ વલિ, મુજ સરખો કો છેહ,
દેશ યજ્ઞમાં, થૈશ ખુશિ, ઇમિ અવિવેકી તેહ. ૧૫

મૈં હોં ધનિક કુલીન હોં, ઔર ન મોર સમાન;
જજો દેવ દૈવહિ લહો, મોહ તજો અગ્યાન. ૧૫

૧૫ ધનસંપન્ન, પરિવારવાળો છું, મારાસરખો બીજો કોણ છે, યજ્ઞ કરીશ, દાન કરીશ, હરખાઈશ, એમ અજ્ઞાને મોહિત થઇ રહેલા (તે)–

अनेकचित्तविभ्रांता मोहजालसमावृताः ।
प्रसक्ताः कामभोगेषु पतंति नरकेऽशुचौ ॥ १६ ॥

ભ્રાંત બની બહુ ચિત્તથી, મોહ જાળે આવૃત્ત,
પડે દુઃખરૂપ નરકમાં, કામભોગમાં સક્ત. ૧૬

ઉનકો મન અતિ ભ્રમતહૈ, મોહ માંઝ પરમીત;
પરત ઘોર અતિ નરકમેં, કામ ભોગ કરી હેત. ૧૬

૧૬ અનેક ચિત્તે ભમેલા, મોહજાળમાં વિંટલાયલા, કામભોગમાં આસક્તિવાળા (તે) અશુચિના નરકમાં પડે છે.

आत्मसंभाविताः स्तब्धा धनमानमदान्विताः।
यजंते नाम यज्ञैस्ते दंभेनाविधिपूर्वकम् ॥ १७ ॥

તે અનમ્ર મનથી વડા, વિત્તમાનમદ યુક્ત,
યજે નામયજ્ઞે કરી, અવિધિ દંભથી જુક્ત. ૧૭

નીત બડાઇ બહુ કરત, નવ તન ધન અભિમાન;
નામ માત્ર જગ્ય હિજજત, દંભી બીન બિધાન. ૧૭

૧૭ આપવડાઈ કરનારા, ન નમતા, ધન માનના મદવાળા તે દંભે કરીને નામમાત્ર યજ્ઞે અવિધિયે યજે છે.

अहंकारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः।
मामात्मपरदेहेषु प्रद्विषंतोऽभ्यसूयकाः ॥ १८ ॥

કામિ ક્રોધિ અહંકારિ બળિ, દર્પી નિંદક સાર,
તે, નિજ પર વપુમાંય, મુજ, છેજ દ્વેશ કરનાર. ૧૮

અહંકાર બલદર્પ ઔ, કામ ક્રોધ ગહિ લેત;
દેખત નિજ પર દેહમેં, મોકોં તો દુખ દેત. ૧૮

૧૮ અહંકાર, બળ, દર્પ [ધર્મનું ઉલ્લંઘન], કામ, ક્રોધ એને વળગી રહેલા, પોતાના દેહમાં ને બીજાના દેહમાં [રહેલો હું તે પ્રતિ] મુજસું દ્વેષ કરનારા નિંદક,–

तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान्।
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥ १९ ॥

અશુભ દ્વેષી ક્રૂર તે, અધમોને નિરધાર,
અસુર યોનિમાં નિત્ય હું, નાખું આ સંસાર. ૧૯
મો દ્રોહી અરૂ ક્રૂર તે, પાપી અધમ નિહાર;
જગત આસુરી જો નિમે, તિનેં દેત હોં ડાર. ૧૯

૧૯ દ્વેષી [સાધુના], ક્રૂર, સંસારમાં અધમ, પાપી તેઓને હું આસુરી યોનિમાં નિરંતર નાખું છું.

आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।
मामप्राप्यैव कौंतेय ततो यांत्यधमां गतिम् ॥ २० ॥

જન્મ જન્મમાં મૂઢ તે, અસુર યોનિને પ્રાપ્ત,
પામે છે પછિ નીચ ગતિ, થૈ મુજને અપ્રાપ્ત. ૨૦
જનમ જનમમેં મૂઢ તે, હોતજુ આસુર આય;
મોકોં તે પાવત નહિ, પરત અધમ ગતિ પાય. ૨૦

૨૦ હે કુંતીપુત્ર ! આસુરી યોનિને પામેલા મૂઢ જન્મોજન્મ મને ન પામીને પછી અધમ ગતિને પામે છે.

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥ २१ ॥

કામ ક્રોધ ને લોભ એ, નરક તણાં ત્રણ દ્વાર,
નાશક આત્મતણાજ, એ, તજવા ત્રણ નિરધાર. ૨૧
નરક દ્વાર બિધિ તીનહે, દેત આપકો નાસ;
કામ ક્રોધ ઔર લોભ પુનિ, ઇનછાંડે સુખબાસ. ૨૧

૨૧ ત્રણ પ્રકારનું નરકનું આ દ્વાર પોતાનો નાશ કરનારૂં (છે)– કામ, ક્રોધ ને લોભ; માટે એ ત્રણનો ત્યાગ કરવો.

एतैर्विमुक्तः कौंतेय तमोद्वारैस्त्रिभिर्नरः ।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् ॥ २२ ॥

એ ત્રણ તમ દ્વારે થકી, મુક્ત બની, નિજ શ્રેય,
આચરેછ નર, પરગતી, પામે પછિ કૌંતેય. ૨૨

તીન દ્વાર જો નરકકે, તિન તેં છૂટે ન કોય;
જતન કરે કલ્યાણકો, તબહિ પરમ ગતિ હોય. ૨૨

૨૨ હે કુંતીપુત્ર! એ ત્રણે નરકના દ્વારથી છૂટેલો નર પોતાનું કલ્યાણ આચરે છે તેથી ઉત્તમ ગતિને પામે છે.

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥ २३ ॥

મૂકી શાસ્ત્રવિધિ આચરે, કર્મ ઇછાથી જેહ,
પામે નહિ સુખ સિધ્ધિ વલિ, નહિ પરગતી પણ તેહ. ૨૩

શાસ્ત્ર બિધી છોડકે કરે, ક્રિયા કર્મ સબ કામ;
સિદ્ધિ લહે નહિ પરમગતિ, નહિ સુખમેં બિશ્રામ. ૨૩

૨૩ જે શાસ્ત્રવિધિને ઉંચે મૂકી કામને આધીન થઇ યથેચ્છ વર્ત્તેછે તે સિદ્ધિને નથી પામતો, સુખને નહિ ને ઉંચી ગતિને નહિ.

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥ २४ ॥

માટે કાર્ય અકાર્યમાં, છે તુજ શાસ્ત્ર પ્રમાણ,
જાણિ શાસ્ત્ર વિધ કર્મ તું, કરવા યોગ્ય સુજાણ. ૨૪

તોકોં કાજ અકાજમેં, તોકોં શાસ્ત્ર પ્રમાન;
કરમ કરત જાનિકેં, તિનકોં બિધિ સુ બિધાન. ૨૪

૨૪ માટે કાર્યાકાર્યની વ્યવસ્થામાં તારે શાસ્ત્રને પ્રમાણ રાખવું; અહીં [આ લોકમાં] શાસ્ત્ર વિધાને કહેલાં કર્મ જાણી (તે) કરવાને તું યોગ્ય છે.

ઈતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ઉપનીષદ્‌માં બ્રહ્મવિદ્યાને વિષે યોગશાસ્ત્ર સંબંધી શ્રી કૃષ્ણાર્જુનના સંવાદમાં દૈવાસુર સંપદ વિભાગયોગ નામનો સોલમો અધ્યાય. ॥૧૬॥

અધ્યાય ૧૭ મો.

अर्जुन उवाच ॥

ये शास्त्रविधिमुत्सृज्य यजंते श्रद्धयाऽन्विताः ।
तेषां निष्ठा तु का कृष्ण सत्वमाहो रजस्तमः ॥ १ ॥

મૂકી શાસ્ત્રવિધ કૃષ્ણ જે, યજેછ શ્રધ્ધાલૂજ,
સત્ય તથા રજ, તમ વિશે, નિષ્ઠા તેની શૂંજ. ૧

શ્રદ્ધા બિન જગ્યહિ કરત, તજિ બેદનકી નીત;
સત રજ તમમેં કથિત કહી. કહિયે તિનકી રીત. ૧

૧ જેઓ શાસ્ત્રવિધિ છોડી શ્રદ્ધાવંત થઈ યજે તો તેઓની નિષ્ઠા કેઈ કૃષ્ણ? સાત્વિકી કે રાજસી કે તામસી?

श्रीभगवानुवाच ॥

त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।
सात्विकी राजसी चैव तामसी चेति तां शृणु ॥ २ ॥

સ્વાભાવિક ત્રણ હોય છે, શ્રધ્ધા જીવોનીજ,
સાત્વિકિ, રાજસિ, તામસી, શુણ તે મૂજ થકીજ. ૨

શ્રદ્ધા નરકકી તીન બિધ હો, તજુ સહુજ સુભાય;
સાત્વિક રાજસ તામસી, સુનય તિનકે પાય. ૨

૨ તે શ્રદ્ધા ત્રણ પ્રકારની દેહધારીને સ્વભાવથી [પૂર્વના સંસ્કારથી] થાયછે;–સાત્વિક રાજસી તામસી તે સાંભળ.

सत्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥ ३ ॥

સત્વ યુક્ત સૌની શ્રધા, પુરૂષ શ્રધામય જાણ,
જે, જે શ્રધ્ધાયુક્ત, તે, છે તે શ્રધ્ધાવાન. ૩

પરંપરાહિ જાનિકેં, શ્રદ્ધા હોત સમાન;
શ્રદ્ધામય પુરૂખહે, શ્રદ્ધા તાહિ સમાન. ૩

૩ હે ભારત! અંતઃકરણના સત્વના સરખી શ્રદ્ધા સર્વને થાય છે. આ પુરૂષ શ્રદ્ધામય (પણ) જે જેવી શ્રદ્ધાનો તે તેવી શ્રદ્ધાયુક્ત (જાણવો).

यजंते सात्विका देवान्यक्षरक्षांसि राजसाः ।
प्रेतान्भूतगणांश्चान्ये यजंते तामसा जनाः ॥ ४ ॥

યજે દેવને સાત્વિકો, રાજસ રાક્ષસ યક્ષ,
પ્રેત ભૂત ને અન્ય વલિ, જે છે તામસ યક્ષ. ૪

દેવ સેવે સાત્વિકી, રાજસ રાચ્છસ યચ્છ;
ભૂત પ્રેત ગણ તેં જજત, નર જુ તામસ પચ્છ. ૪

૪ સાત્વિકજન દેવને યજેછે, રાજસ (તે) યક્ષ રાક્ષસને, તામસ (તે) ભૂતગણને.

अशास्त्रविहितं घोरं तप्यंते ये तपो जनाः ।
दंभाहंकारसंयुक्ताः कामरागबलान्विताः ॥ ५ ॥

અશાસ્ત્રીય ભયકારિ તપ, આચરેછ જન જેહ,
અહંકારિ દંભીજ ને, કામિ રાગિ બળિ તેહ. ૫

અશાસ્ત્રતા જે કરે, ન ભેદ મત જે હોય;
ભરે દંભ અહંકાર સોં, કામ રાગ સબ ગોય. ૫

૫ દંભ અહંકારે યુક્ત, ઈચ્છા આસક્તિને આગ્રહે યુક્ત એવા જે જન શાસ્ત્રમાં ન કહેલું ઘોર તપ તપેછે—

कर्षयंतः शरीरस्थं भूतग्राममचेतसः ।
मां चैवांतःशरीरस्थं तान्विद्ध्यासुरनिश्चयान् ॥ ६ ॥

કરતાં નિજ વપુભૂત કૃશ. મુજને પણ કૃશ સાર,
અવિવેકિ તેનેજ તું, અસુર નિશ્ચયી ધાર. ૬

પંચ ભૂત જે દેહમે, તિનકોં ઐઠક દેત;
હિયમો મોકોં હનત, તે અસુર અચેત. ૬

૬ શરીરમાંના ઈંદ્રિયસમૂહને શુષ્ક કરેછે (વળી) અંતઃકરણમાં રહેલો એવો જે હું તેને પણ (કૃષ કરેછે) તેઓને આસુરી નિશ્ચયવાળા જાણ.

आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ।
यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु ॥ ७ ॥

સર્વ તણો પ્રિય અહાર પણ, ત્રણ પ્રકાર અર્જૂન,
તેમ યજ્ઞ, તપ, દાન, આ, ભેદ તેમનો શૂણ. ૭

તિન ભાંતિ આહાર ઇહ, સબકોં રોચક હોય;
જગ્ય દાન તપ ભેદ યહ, મોસોં સુન તું સોય. ૭

૭ આહાર [ખાવાના પદાર્થ] પણ સર્વને ત્રણ પ્રકારના ગમતા હોય છે. યજ્ઞ, તપ તથા દાન તેનો ભેદ આ સાંભળ.

आयुः सत्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।
रस्याःस्निग्धाःस्थिराहृद्या आहाराःसात्विकप्रियाः॥ ८॥

આયુ, સત્વ, આરોગ્ય, બળ, સુખ પ્રીતીકર અહાર,
સ્નિગ્ધ હૃદ્ય રસવાન સ્થિર, સાત્વિક પ્રિય નિરધાર. ૮

સુંદર થીર અતિ ચીકનાં, સાત્વિક પ્રિય આહાર;
આયુ સત્વ અંગ બલ, પ્રીત બઢાવન હાર. ૮

૮ આયુષ્ય, ઉત્સાહ, બળ, આરોગ્ય, સુખ, પ્રીતિ (એને) વધારનારા, રસવાળા, રસરૂપ અંશે સ્થિર રહેનારા, ચિકાસવાળા જોતામાંજ રૂચિ ઉપજે તેવા આહાર સાત્વિકજનને પ્રિય.

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥ ९ ॥

અમ્લ, લવણુ, કટુ, ઉષ્ણુ, અતિ, તીક્ષ્ણુ રૂક્ષ દાહકાર,
શોક રોગ દુખ દેઇ એ, રાજસને પ્રિય અહાર. ૯

દાહક રૂખો ઉષ્ણુ કટુ, તિછન ખાટે ખાર;
શોક રોગ દુખ દેતહૈ, રાજસ યહ આહાર. ૯

૯ કડવા, ખાટા, ખારા, ઊના, તીખા, લુખા, દાહ કરનારા આહાર રાજસજનને વલ્લભ, દુઃખ શોક રોગ દેનારા.

यातयामं गतरसं पुति पर्युषितं च यत् ।
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ॥१०॥

દુર્ગંધ યુક્ત પ્રહરગત, ગતરસ વાસી અન્ન,
એઠું ને અપવિત્ર એ, તામસ પ્રિય ભોજન્ન. ૧૦

જાહી રંધે પહર ગયો, વાસો ઉદ્રેગ બસાય;
જુટો અપવિત્ર જુ ગેહિ, ભોજન તામસ ખાય. ૧૦

૧૦ પ્રહર પછી નિરસ, દુર્ગંધિવાળું, વાસી, જમતાં વધેલું, અપવિત્ર ભોજન [યજ્ઞમાં નિષિદ્ધ કે અભક્ષ્ય] તે તામસજનને પ્રિય.

अफलाकांक्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ।
यष्टव्यमेवेति मनः समाधाय स सात्विकः ॥११॥

યજવો, ઇમિ મન સ્થિર કરી, નિષ્કામીયે જેહ,
યજાય શાસ્ત્રે વિહિત તો, સાત્વિક યજ્ઞજ તેહ. ૧૧

બિધિ બિધાન સાં જો કીજિયે, છાંડ ફલનકી આસ;
સમધાન ધરિ હિયમેં, સાત્વિક જગ્ય બિલાસ. ૧૧

૧૧ ફળની ઇચ્છા નહિ એવા જન શાસ્ત્રે દાખવેલો જે યજ્ઞ કરે,- યજ્ઞ કરવોજ એમ મનને સ્થિર કરીને, તે યજ્ઞ સાત્વિક.

अभिसंधाय तु फलं दंभार्थमपि चैव यत् ।
इज्यते भरतश्रेष्ठ तं यज्ञं विद्धि राजसम् ॥ १२ ॥

ઉદ્દેશી ફલનેજ, જે, ભરતવંશમાં મહાન,
દંભાર્થેજ યજાય તે, રાજસ યજ્ઞજ જાણ. ૧૨

કરિ કે ફલકી કામના, ઔર દંભ કે ભાય;
ઐસે જો જગ્યહી કરે, સો હે રાજ સદાય. ૧૨

૧૨ ફળને ધારીને વળી દંભને અર્થે પણ જે યજ્ઞ કરાય તે યજ્ઞને રાજસ જાણ ભરતશ્રેષ્ઠ !

विधिहीनमसृष्टान्नं मंत्रहीनमदक्षिणम् ।
श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ॥ १३ ॥

અન્ન મંત્ર વિધિહીન વળિ, દક્ષીણા વિણ જેહ,
હોય શ્રદ્ધા વિણ તેહને, તામસ યજ્ઞજ કેહ. ૧૩

બિન અન્ન બિન દચ્છના, બિન મંત્ર બિધિ હીન;
બિન શ્રદ્ધા જગ્યાદ કરે, સો તામસ હૈ લીન. ૧૩

૧૩ વિધીહીન, અન્નદાનવિનાનો, મંત્રહીન, દક્ષિણાવિનાનો [કે પ
સંકોચે આપલી એવો] શ્રદ્ધારહિત યજ્ઞ તેને તામસ કહિયે.

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारिरं तप उच्यते ॥ १४ ॥

દેવ દ્વિજ ગુરૂ પ્રાજ્ઞનું, પૂજન વલિ બ્રહ્મચર્ય,
શૌચ અહિંસા નમ્રતા, શારિર તપ કહે વર્ય. ૧૪

ગ્યાની ગુરૂ દ્વિજ દેવકોં, પૂજને શુચિ મૃદુ હોય;
બ્રહ્મચર્ય હિંસા તજે, તપસી હૈ રૂખી હોય. ૧૪

૧૪ દેવ બ્રાહ્મણ ગુરૂ તત્વવેત્તાનું પૂજન, શુચિ [સબાહ્યાભ્યંતર
સૂધાપણું, બ્રહ્મચર્ય [શાસ્ત્રમાં કહ્યાપ્રમાણે સ્ત્રીસંગ,] અહિં
(એને) શરીરનું તપ કહિયે.

अनुद्वेगकरं वाक्यं सत्यंप्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यासनं चैव वाङ्मयं तप उच्यते ॥ १५

અદુઃખકર હિતકારિ પ્રિય, વાક્યજ સત્ય વદાય,
વેદતણો અભ્યાસ, એ, વાણીતપ કહેવાય. ૧૫

ભય ન કરે જો પ્રિયબચન, હિતકારી સંતભાય;
કરે બેદ અભ્યાસ પુની, બાચક તપ યા ભાય. ૧૫

૧૫ ઉદ્વેગ [ચિંતા ભય] ન કરે એવું, સત્ય, પ્રિય, હિતકર (એવું) વાક્ય ને વેદાભ્યાસનું વ્યસન તે વાણીનું તપ કહિયે.

मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥ १६ ॥

મન નિર્મળ, અક્રૂરતા, મૌન આત્મવશ સાર,
અકપટતા, કહેવાય એ, માનસ તપ નિરધાર. ૧૬

મન પ્રસાદ જુ સૌમ્યતા, મૃદુ બિંદ્રિ નિગ્રહ મૌન;
ભાવ શુદ્ધ યો કહત હૌં, માનસ તપસી તોન. ૧૬

૧૬ ચિત્તની સ્વસ્થતા, અક્રૂરતા મૌન [અઘટતું ન બોલવું] વિષયથ કી ઇંદ્રિયોને પાછી ફેરવવી, વ્યવહારમાં નિષ્કપટ રહેવું એ તપ મનનાં કહિયે.

श्रद्धया परया तप्तं तपस्तत्त्रिविधं नरैः ।
अफलाकांक्षिभिर्युक्तैः सात्विकं परिचक्षते ॥ १७ ॥

અકામી યુક્ત નરેં કરિ, તપ એ ત્રિવિધ કરાય,
શ્રદ્ધા પરમ વડેજ તો, સાત્વિક તપ કહેવાય. ૧૭

શ્રદ્ધા સોં જો નર તપ કરે, સો હૈ તીનો ભાત;
ફલ ઇચ્છા છોંડ કરે, સોહિ સાત્વિક હોત. ૧૭

૧૭ ફલેચ્છારહિત, એકાગ્રચિત્ત એવા નરોએ ઉત્કૃષ્ટ શ્રદ્ધાએ ત્રિવિધ તપ તપ્યું તે સાત્વિક કહિયે.

सत्कारमानपूजार्थं तपो दंभेन चैवं यत् ।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ॥ १८ ॥

પૂજા સત્કારાર્થ વલિ, માન અર્થ તપ જેહ,
કરાય દંભે, ક્ષણિક ચળ, રાજસ તપ કહે તેહ. ૧૮

પૂજા આદર માન સોં, ઔર દંભકે કાજ;
સો તપ રાજસ કરતહૈ, ચંચલ છનિક સમાજ. ૧૮

૧૮ સત્કાર માન પૂજા લેવાને અર્થે, વળી દંભે કરીને જે તપ કરાય તેને આ લોકમાં ચંચળ ક્ષણિક (એવું) રાજસ તપ કહ્યું છે.

मूढग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ।
परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ॥ १९ ॥

પીડી પિંડ દુરાગ્રહે, તપ જે પાર્થ કરાય,
પરના વિનાશ માટ વા, તામસ તપ કહેવાય. ૧૯

દેહકોં દુઃખ દે મૂઢહૈ, હટ સોં જો તપ હોય;
પરકોં કષ્ટ દેખાવહિ, તામસ તપ યહિ જોય. ૧૯

૧૯ દૂરાગ્રહે પોતાને પીડા કરી જે તપ કરવામાં આવે, વળી બીજાના વિનાશને અર્થે પણ, તેને તામસ તપ કથ્યું છે.

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्विकं स्मृतम् ॥२०॥

દેશ કાળ ને પાત્રમાં, અનુપકારિને જેહ,
દેવૂં, એમ અપાય છે, સાત્વિક દાનજ તેહ. ૨૦

દાન દે ઉપકાર બિન, પાત્ર બિપ્રકૂં દેખ;
દેસ કાળકોં જાનિકે, સાત્વિક દાન બિસેખ. ૨૦

૨૦ આપવુંજ [એવી બુદ્ધિયે] જે દાન અનુપકારીને [ઉપકાર પાછો વાળી ન શકે કે ન માને તેવાને] અપાય પવિત્ર ઠેકાણે [તીર્થક્ષેત્રે] ધર્મકાળે [ગ્રહણ સંક્રમણે] સત્પાત્રને તે દાન સાત્વિક કહ્યું.

यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्दानं राजसं स्मृतम् ॥ २१ ॥

પ્રત્યુપકારાર્થેજ વા, ઉદ્દેશી ફળ જેહ,
અપાય ખેદે યુક્ત, તે રાજસ દાનજ કેહ. ૨૧
કીજે જો ઉપકારકોં, ફલકી આસા માન;
દીજે જો અતિ કષ્ટ સોં, રાજસ તાહી માન. ૨૧

૨૧ ઉપકાર પાછો લેવાને અર્થે, વળી ફળની ઈચ્છાએ ને સંકોચના ક્લેશથી જે અપાય ત રાજસ કહ્યું.

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥ २२ ॥

દાન અદેશ અકાળમાં, અપાત્રનેજ અપાય,
આદર ને સત્કાર વિણ, તામસ તે કહેવાય. ૨૨
દેશ કાળ જાને નહીં, પાત્ર દેખ નહિ દેય;
બિના માન દુર્વચન સોં, તામસ દાન જુ હોય. ૨૨

૨૨ અશુભ સ્થાન કાળે વળી અપાત્રને અપાય અવમાનપૂર્વક તિરસ્કારયુક્ત, તેને તામસ કહી દાખવ્યું.

ओं तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ॥ २३ ॥

ઓંતત્સત્, એ બ્રહ્મની, આજ્ઞા કહિ ત્રણ ભેદ,
નિર્મ્યા તેણે પ્રથમ તો, બ્રાહ્મણ યજ્ઞો વેદ, ૨૩
ઓં તત્સદ્બ્રહ્મકેં નામ, તિનકે તીન પ્રકાર;
બિપ્ર બેદ અરૂ જગ્યતિ, કિન્હે પહિલે વાર. ૨૩

* ૨૩ ઓં તત્સત્ એ બ્રહ્મનો નિર્દેશ [ઓળખ નામ વહેવાર] ત્રણ પ્રકારનો શિષ્ટોએ કહ્યો છે; તે ત્રિવિધ નામે કરી બ્રાહ્મણો, વેદો ને યજ્ઞો પૂર્વે વિહિત થયા [પૂજ્ય સ્થપાયા.]

* એ ત્રિવિધ નામનો ઉચ્ચારણે બ્રહ્માએ બ્રાહ્મણ, વેદ ને યજ્ઞ ઉત્પન્ન કીધા એ ત્રણે ઓંકારથકી નિપજ્યા માટે એ આદ્ય મુકાય છે. રજોગુણી બ્રહ્માએ પ્રણવઉચ્ચરયો માટે એ યુક્ત જે સત્કર્મ તે સાત્વિક કહિયે.

तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपःक्रियाः ।
प्रवर्त्तंते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥ २४ ॥

માટે નિત બ્રહ્મવાદિની, ઓમ, ઉચરી થાય,
યજ્ઞ દાન તપની ક્રિયા, શાસ્ત્રે જેમ વદાય. ૨૪

ક્રિયા જગ્ય ઔ દાન તપ, કહિ પહિલે ઓંકાર;
બેદબંત યહ કહતહૈ, બિધિ બિધાન બિસ્તાર. ૨૪

૨૪ માટે ઓં એ ઉચ્ચારણે બ્રહ્મવાદીઓની વિધિયુક્ત એવી યજ્ઞ દાનતપની ક્રિયાઓ નિરંતર પ્રવર્તે છે.

तदित्यनभिसंधाय फलं यज्ञतपःक्रियाः ।
दानक्रियाश्च विविधाः क्रियंते मोक्षकांक्षिभिः ॥२५॥

ઉચરી તત્પદ છોડિ ફલ, મોક્ષેચ્છૂયે સાર,
ક્રિયા યજ્ઞ તપ દાનની, કરાય વિવિધ પ્રકાર. ૨૫

તબ યહ કહિયે કરતહૈ, ક્રિયા જગ્ય તપ દાન;
ફલ અભિલાખ છાંડકે, ચાહ મુગત નિદાન. ૨૫

૨૫ તત્ (એ પદને) ઉચ્ચારી ફળની ઈચ્છા ન ધરતાં યજ્ઞતપક્રિયા વળી દાનક્રિયા વિવિધ પ્રકારની કરે છે મોક્ષને ઈચ્છનારાઓ.

सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते ॥ २६ ॥

સાધુ તથા સદ્ભાવમાં, સત, એ પદ યોજાય,
તેમ માંગળિક કર્મમાં, સત અર્જુન જોડાય. ૨૬

સાધુ ભાવ સદ્ભાવસોં, સતકોં કરત ઉચ્ચાર;
ઔર ભલે પુનિ કરમમેં, સતકો ગાવત સાર. ૨૬

૨૬ હે પાર્થ ! સદ્ભાવ સાધુભાવ એને વિષે એ સત્ યોજવો અને શુભ કર્મમાં (પણ) સત્ શબ્દ યોજવો.

यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते।
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥ २७ ॥

યજ્ઞ તથા તપ દાનમાં, સ્થિતિ તે સત કહેવાય,
તે અર્થે જે કર્મ તે, સત, શબ્દેજ વદાય. ૨૭

જગ્ય દાન તપકી જુ થીત, તાહિ કહતહે નામ;
જાકે જે કરમ હૈ, તા કોંની બિસરામ. ૨૭

૨૭ યજ્ઞમાં તપમાં દાનમાં (જે) સ્થિતિ [ચિત્તનો ઠરેલ ભાવ-આસ્તિકપણું] (તેને) સત કહિયે. એ નામત્રય જેનું એવું જે બ્રહ્મ તેને અર્થે જે કર્મ તેને સત્ બોલિયે.

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत्।
असदित्युच्यते पार्थ नच तत्प्रेत्य नो इह ॥ २८ ॥

હવન દાન તપ કૈં વળી, અશ્રદ્ધાએ થાય,
અસત, પાર્થ કહેવાય તે, ન ફળે અહિં ને ત્યાંય. ૨૮

શ્રદ્ધા બિન હોમ હી જજત, દેત જુ સબે અકાજ;.
અર્જુન સો ઇહ અસતહે, યહ લોક નહી સાજ. ૨૮

૨૮ હે પાર્થ ! અશ્રદ્ધાએ હોમેલું, આપેલું, તપ આચરેલું, (કર્મ કીધેલું જે) (તેને) અસત કહિયે; તે ન અહીં, ન પરલોકમાં [તે સંધુ નિરર્થક-ફળ વિનાનું].

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા ઉપનિષદ્માં બ્રહ્મવિદ્યાને વિષે યોગશાસ્ત્રસંબંધી શ્રી કૃષ્ણાર્જુનના સંવાદમાં શ્રદ્ધાત્રય વિભાગ યોગ નામનો સત્તરમો અધ્યાય. ॥૧૭॥

અધ્યાય ૧૮ મો.

अर्जुन उवाच॥

संन्यासस्य महाबाहो तत्वमिच्छामि वेदितुम् ।
त्यागस्य च हृषीकेश पृथक्केशिनिषूदन ॥ १ ॥

કેશિનિસૂદન જાણવા, ઇચ્છું ભિન્ન, હૃષિકેશ,
તત્ત્વ, ત્યાગ સન્યાસનું, મહાબાહુ પરમેશ. ૧

ત્યાગ તત્વ જાનોં ચાહત, કહિયે જૂ ભગવાન;
તત્વ ઔર સંન્યાસકોં, ન્યારે કરો બખાન. ૧

૧ હે મહાબાહુ! સંન્યાસનું તત્વ જાણવાને ઇચ્છું છું; હે હૃષિકેશ કેશિનિષુદન! ત્યાગનું પણ જૂદું (તે.)

श्रीभगवानुवाच॥

काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥ २ ॥

કામ્ય કર્મના ત્યાગને, કવિ જાણે સંન્યાસ,
નિપુણો કહે છે ત્યાગ, જે સર્વ કર્મફળ ન્યાસ. ૨

કામ કરમ મુગતી ન તજે, તાહિ નામ સંન્યાસ;
કરમ ફૂલનકો ત્યાગ યહ, ત્યાગ કહત સુખ રાસ. ૨

૨ કામ્યકર્મના ત્યાગને પંડિતો સંન્યાસ જાણે છે. સર્વ કર્મના ફળના ત્યાગને વિચક્ષણ પુરૂષો ત્યાગ કહે છે.

त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः ।
यज्ञदानतपःकर्म न त्याज्यमिति चापरे ॥ ३ ॥

બુદ્ધિમાન કો ઇમ કહે, કર્મ દોષવત ત્યાજ્ય,
યજ્ઞ દાન તપ કર્મને, અન્ય કહે અત્યાજ્ય. ૩

કરમ છાંડિયે દોખ લે, કોઉ કહે યા રીત;
જગ્ય દાન તપ કરમ જિત, તજે ઔર યહ નીત. ૩

* ૩ કોઈ બુદ્ધિમાન્ આમ બોલે છે (કે) દોષયુક્ત માટે કર્મ તજવું; વળી બીજા (તે) યજ્ઞ દાન તપ કર્મ ન તજવાં એમ (બોલે છે.)

निश्चयं शृणु मे तत्र त्यागे भरतसत्तम।
त्यागो हि पुरुषव्याघ्र त्रिविधः संप्रकीर्तितः ॥ ४ ॥

નિશ્ચય મુજ, એ ત્યાગમાં, શુણ તું ભારતધીર,
કહેલ છે ત્રણ ભેદથી, ત્યાગજ, નરમાં વીર, ૪

યા હૈરહી પારથ તૂં, મેરો નિશ્ચય જાન;
તીન ભાતિ કે ત્યાગ યહ, અર્જુન ચિતમે આન. ૪

૪ હે ભરતશ્રેષ્ઠ ! તે ત્યાગ વિષયમાં મારો નિશ્ચય સાંભળ. હે પુરૂષવ્યાઘ્ર ! ત્યાગ ત્રણ પ્રકારે [ગુણભેદે] શાસ્ત્રે વર્ણલો છે.

यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेव तत्।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥ ५ ॥

નહિ તજવાં, કરવાંજ એ, યજ્ઞ દાન તપ કર્મ;
બુદ્ધિમાનને એહ છે, પાવન કર્ત્તા ધર્મ. ૫

જગ્ય દાન તપ કરમ યેહ, કીજે તજિયે નાહીં;
જાતેં પંડિત જાન ઇને, ગનત પવિત્ર ન માહિ. ૫

---

* સાંખ્યવાદીનું મત કે જ્યોતિષ્ટોમાદિ યજ્ઞકર્મ તે હિંસાદોષવાળાં છે માટે ન કરવાં; મીમાંસક કહે છે કે યજ્ઞાદિકર્મનો ત્યાગ ન કરવો, યજ્ઞમાં પશુવધ તેનો દોષ નથી.

૫ યજ્ઞ દાન તપ રૂપ કર્મ ન તજવું, એ કરવુંજ; યજ્ઞ દાન તપ વિવેકીને [કામનારહિતને] પવિત્ર [ચિત્તશુદ્ધ] કરનારાં છે.

एतान्यपि तु कर्माणि संगं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥ ६ ॥

સંગ તથા ફલ મૂકી એ, કર્મ ભરતસત્તંમ,
આચરવાં ઇમ છેજ મુજ, નિશ્ચિત મત ઉત્તંમ. ૬

ફલ છોડે સંગહી તજે, કરમ કરે ચિત લાય;
અર્જુન યેહ મેરો મત, નિશ્ચય ઉત્તમ હોય. ૬

૬ એ કર્મ પણ અભિમાન તથા ફળેચ્છા તજીને કરવાં એમ મારૂ નિશ્ચિત મત ઉત્તમ (છે.)

नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते ।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥ ७ ॥

નિયતકર્મનો ત્યાગ તો, યોગ્ય નહીં કહેવાય,
મોહથિ તેનો ત્યાગ, એ, તામસ ત્યાગ વદાય. ૭

અવસ કરણો કરમ, તાકોં છાંડિ ન દેય;
જો છોડે અગ્યાન તેં, સો તામસ ગતિ લેય. ૭

૭ નિત્ય કર્મનો ત્યાગ [સંન્યાસ] તો ઘટે નહિ; મોહથી [અજ્ઞાને] તેનો ત્યાગ તે તામસ કહ્યો (છે.)

दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत् ।
स कृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत् ॥ ८ ॥

કાયક્લેશના ભયથકી, ત્યજે કર્મ દુખ જાણિ,
રાજસ ત્યાગ કરી, ન તે, ફલને પામે પ્રાણિ. ૮

યેહ જાન કરમન તજે, મત દેહી દુખ હોય;
યેહ તો રાજસ ત્યાગહૈ, યામેં ફળ નહિ કોય. ૮

૮ જે કર્મ (આચરતાં) દુઃખ છે એમ (માની) દેહકષ્ટને ભયે તેને તજે, તે પુરૂષ રાજસ ત્યાગ કરીને ત્યાગનું ફળ પામતો નથી.

कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन ।
संगं त्यक्त्वा फलं चैव स त्यागः सात्विको मतः ॥९॥

નિયત કર્મ કરવાંજ ઇમ, અર્જુન કર્મ કરાય,
સંગ તથા ફલ મૂકી, એ, સાત્વિક ત્યાગ મનાય. ૯

કરનો કરમ અવશ્ય યેહ, ત્યાગ જુ કીજે કરમ;
સંગ ઔર ફલકોં તજે, સાત્વિક ત્યાગ સુધર્મ. ૯

૯ હે અર્જુન ! કર્ત્તાપણાનું અભિમાન, વળી કર્મફળની ઈચ્છા તજીને કરવુંજ એમ જે નિયમયુક્ત (નિત્યનૈમિત્તિક) કર્મ કરાય તે ત્યાગને સાત્વિક માન્યો છે (બુદ્ધિમંતે.)

न द्वेष्ट्यकुशलं कर्म कुशले नानुषज्जते ।
त्यागी सत्वसमाविष्टो मेधावी छिन्नसंशयः ॥१०॥

દુખદ કર્મ દ્વેષે નહીં, કુશલેં નહિ રંજેહ,
બુદ્ધિમાન સંશય રહિત, સાત્વિક ત્યાગી તેહ. ૧૦

બુરે કરમ નિંદે નહિ, ભલે રહે નહિ લાગ;
બુદ્ધિવંત સંદેહ બિન, યેહ હૈ સાત્વિક ત્યાગ. ૧૦

૧૦ સત્વગુણયુક્ત, સ્થિરબુદ્ધિ, છિન્નસંશય એવો ત્યાગી દુઃખદાયક કર્મનો દ્વેષ કરતો નથી (ને) સુખદાયક કર્મમાં પ્રીતિયે ગુંથાતો નથી.

नहि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥११॥

દેહધારિયે કર્મ સૌ, ત્યાગ કરી ન શકાય,
કર્મતણાં ફળ ત્યાગિ જે, ત્યાગી તે કહેવાય. ૧૧

દેહવંત જે કરમ સબે, નાહિં છાંડે જાય;
કરમ ફલકોં જો તજે, સોહી ત્યાગી માહ. ૧૧

૧૧ દેહધારીને સર્વ કર્મ તજવાનું શકય નથી; જે કર્મફળત્યાગી તેને ત્યાગી કહિયે.

अनिष्टमिष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम् ।
भवत्यत्यागिनां प्रेत्य नतु संन्यासिनां क्वचित् ॥ १२ ॥

મિશ્રિત, ઇષ્ટ અનિષ્ટ, એ, ત્રિવિધ કર્મફળ થાય,
મરણ પછી અત્યાગીને, ત્યાગીને ન કદાયે. ૧૨

સરગ નરક ભૂમિયેં, કરમ ત્રિવિધ માન;
કરમ બંતકો હોતહૈ, સંન્યાસિ નહી જાન. ૧૨

* ૧૨ અનિષ્ટ, ઈષ્ટ, મિશ્ર એમ ત્રણ પ્રકારનું ફળ કર્મનું (તે) અત્યાગીને [સકામને] મરણ પછી થાય છે; કર્મફળત્યાગી જે સંન્યાસી તેને કદાચિત નહિજ.

पंचैतानि महाबाहो कारणानि निबोध मे ।
सांख्ये कृतांते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् ॥ १३॥

સર્વ કર્મ સિધ્યર્થ તો, સાંખ્ય શાસ્ત્રમાં સાર,
કારણ પંચ કયાંજ આ, અર્જુન મુજથી ધાર. ૧૩

---

* અનિષ્ટ,—નરકવાસ; ક્રૂરયોનિ; અધમ જન્મ આપનારૂં. ઇષ્ટ—દેવયોનિ આપનારૂં. મિશ્ર—મનુષ્યજન્મ- પાપ, પુણ્ય ને ઉભય મિશ્રિત કર્મનાં ફળ સકામ પુરૂષને થાય; પાપપુણ્યની તુલનામાં પુણ્ય વધે તો દેવપણું, પાપ વધે તો પશ્વાદિયોનિ ને પાપપુણ્ય સરખાં તો મનુષ્યજન્મ અને જે જે પ્રકારનાં પાપપુણ્ય તે તે પ્રમાણે ઇત્યાદિ.

અર્જુન મોપેં સુન તું, કારનહૈ યહ પાંચ;
કહે સાંખ્ય સિદ્ધાંતમેં, કરમ સિદ્ધકો સાચ. ૧૩

૧૩ હે મહાબાહુ! સર્વ કર્મની સિદ્ધિને અર્થે સાંખ્યવેદાંતમાં આ પાંચ કારણો કહ્યાં છે તે મારાથી જાણી લે.

अधिष्ठानं तथा कर्त्ता करणं च पृथग्विधम् ।
विविधाश्च पृथक् चेष्टा दैवं चैवात्र पंचमम् ॥ १४ ॥

જુદી જુદી ઈંદ્રિય વળી, દેહ તથા અહંકાર,
પ્રાણાદી ચેષ્ટા પૃથક, દૈવ પાંચમું સાર. ૧૪

અધિષ્ઠાન કરતા રજુહૈ, કારન બહુ તે ભાય;
નાનાવિધી વ્યાપક ઔર, પંચમ દેઉ ગરાય. ૧૪

* ૧૪ શરીર, કર્ત્તા [અહંકાર,] જૂદાં જૂદાં કરણ [ઈંદ્રિયો] બહુ પ્રકારની જૂદી જૂદી ચેષ્ટા [પ્રાણાદિવાયુ] (ને) દૈવત [તેતે અભિમાની દેવ] (એ) અહીં [સાંખ્યમાં] પાંચમું (કહ્યું છે.)

शरीरवाङ्मनोभिर्यत्कर्म प्रारभते नरः ।
न्याय्यं वा विपरीतं वा पंचैते तस्य हेवतः ॥ १५ ॥

મન વાણી દેહે કરી, ધર્મ્યે અધર્મ્યેજ જેહ,
કરે કર્મ નર, તે તણા, કારણ પંચજ એહ. ૧૫

મન ઔર બચનશરીરસેં, કરમ કરત યા સાજ;
ભલો બુરો કોઉ કરે, ઇન બિન સરે ન કાજ. ૧૫

૧૫ મનુષ્ય શરીરવાણીમનવડે જે કર્મ કરે, સત્કર્મ કે પછી અસત્કર્મ તેને એ પાંચ હેતુ છે.

---

* શરીર; બુદ્ધિ (ચિદાભાસ સહિત); ઈંદ્રિય, મન; પ્રાણ; સૂર્યાદિદેવ.

तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः ।
पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः ॥ १६ ॥

એમ છતાં પણ જોય છે, અકૃત બુદ્ધિથી જેહ,
કર્ત્તા શુદ્ધાત્માજને, જુએ ન દુર્મતિ તેહ. ૧૬

જે નર ઔર આતમ કૌં, માનત હૈ કરતાર;
દેખે દેખત નહીં, તે નર મૂઢ ગબ્હાર. ૧૬

* ૧૬ ત્યાં [સકળ કર્મને વિષે] એમ છતે જે કેવળ પોતાને કર્ત્તા (રૂપે) જોયછે શાસ્ત્રાચારે શિક્ષિત બુદ્ધિ ન હોવાથી, તે દુર્બુદ્ધિ પુરૂષ [ખરૂં] નથી જોતો.

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमांल्लोकान्न हंति न निबद्ध्यते ॥१७॥

અહંકૃતપણું જેને નહિ, જેનું ન મન લેપાય,
હણિ આ લોકોનેજ તે, ન હણે નહિ બંધાય. ૧૭

જયાકી બુદ્ધિ ન લિપ્તહૈ, અહંકાર નહિ જાહ;
સો ઇન લોકનકો હનત, હને ન બંધન તાહ. ૧૭

† ૧૭ જેને હું કર્ત્તા (એવો) ભાવ નથી, જેની બુદ્ધિ લેપાતી નથી [ઈષ્ટ અનિષ્ટમાં] તે આ લોકોને મારીને પણ નથી મારતો (ને) ફળબદ્ધ થતો નથી.

ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना ।
करणं कर्म कर्त्तेति त्रिविधः कर्मसंग्रहः ॥ १८ ॥

---

* અકર્ત્તા તથા નિરૂપાધિ આત્માને કર્ત્તા માને તે.

† લોકદૃષ્ટિએ ફલાણાએ ફલાણાને મારયો એમ કહેવાય પણ ખરેખર તે મારતો નથી (પરમાર્થ દૃષ્ટિએ—કેમકે અભિમાન નથી.)

જ્ઞેય જ્ઞાન જ્ઞાતાજ, ત્રણ, કર્મ પ્રેરણા એહ,
કરણ કર્મ કર્ત્તાજ, એ, કર્માશ્રય ત્રણ છેહ, ૧૮

પ્રેરક તીનો કરમકે, ગ્યાન જગ્ય કરતાર;
કારણ કરમ કરતાર, કરમ સંગ્રહ તીન પ્રકાર. ૧૮

‡ ૧૮ જ્ઞાન, જ્ઞેય, પરિજ્ઞાતા એ ત્રિવિધ કર્મપ્રેરણા છે અને કરણ કર્મ, કર્ત્તા એ ત્રિવિધ કર્મવ્યવહાર છે.

ज्ञानं कर्म च कर्त्ता च त्रिधैव गुणभेदतः ॥
प्रोच्यते गुणसंख्याने यथावच्छृणु तान्यपि ॥ १९ ॥

જ્ઞાન કર્મ કર્ત્તા વળી, ગુણ ભેદ ત્રણ પાર્થ,
સાંખ્ય શાસ્ત્રમાં એ કર્યાં, સુણ તું તેજ યથાર્થ. ૧૯

ત્રિવધ હોત ગુણ ભેદ તેં, ગ્યાન કરમ કરતાર;
ગુણ સંખ્યા તમ કહે, જૈસે સુન યા બાર. ૧૯

૧૯ જ્ઞાન, કર્મ, કર્ત્તા (એ) ગુણભેદથી ત્રણ પ્રકારના સાંખ્યશાસ્ત્રમાં કહ્યા છે તેને પણ યથાવત્ સાંભળ.

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्विकम् ॥ २० ॥

જેથિ જુદા સૌ ભૂતમાં, અજુદો અવ્યય ભાવ,
એકજ દેખે જાણ તે, સાત્વિક જ્ઞાનજ સાવ. ૨૦

જોકર દેખે જીવમેં, અબિનાશીયક ભાય;
ન્યારો મેં ન્યારો નહિ, સાત્વિક ગ્યાન બતાય. ૨૦

૨૦ સર્વ ભૂતને વિષે જે જ્ઞાને કરીને નહિ જૂદો, નાશરહિત એવો એક ભાવ [પરમાત્મતત્વ] જોય તે જ્ઞાન સાત્વિક જાણ.

---

‡ જ્ઞાન–સાધનરૂપ, જ્ઞેય–જાણવાની વસ્તુ ને જાણનાર એ ત્રણ, કર્મ કરાવનારો પ્રેરણા; કરણ–ઈંદ્રિય, –ક્રિયા, ઇચ્છત તે, અને કર્ત્તા–કરનારો એ ત્રણ કર્મની પ્રવૃત્તિ.

पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान्पृथग्विधान् ।
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् ॥२१ ॥

પૃથકપણે, સૌ ભૂતમાં, પૃથગભાવ બહુ સાર,
જાણે જેણે, પાર્થ તે, રાજસ જ્ઞાનજ ધાર. ૨૧

નાના ભાવનમેં લખે, ન્યારો ન્યારો ગ્યાન;
ભિન્ન લખે સબ જીવનકોં, રાજસ ગ્યાન સુજાન. ૨૧

૨૧ જે જ્ઞાન જૂદું પાડીને નાના ભાવ [જૂદા જૂદા જીવ] જૂદા પ્રકારના (એમ) જાણે તે રાજસ જાણ.

यत्तु कृत्स्नवदेकस्मिन् कार्ये सक्तमहैतुकम् ।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥ २२ ॥

એક કાર્યમાં માનિ સૌ, સક્ત હેતુ વિણ જેહ;
તત્વ શૂન્ય ને અલ્પ,કયું, તામસ જ્ઞાનજ તેહ. ૨૨

પૂરન જાને એકમેં, બિન કારનરે મીત;
તત્વઅર્થ બિન અલ્પ અતિ, તામસ ગ્યાનકી રીત. ૨૨

૨૨ સર્વ સરખું એક કાર્ય તેનેજ વળગી રહેલું (શરીરજ આત્મા], હેતુરહિત, તત્વાર્થ જેવું નહિ. અલ્પ [ફળ ક્ષુદ્ર] એવું જે જ્ઞાન તેને તામસ કહ્યું છે.

नियतं संगरहितमरागद्वेषतः कृतम् ।
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ॥ २३ ॥

રાગ દ્વેષ સંગે રહિત, નિત્ય કર્મ કરાય;
નિષ્કામીયે, પાર્થ જે, સાત્વિક તે કહેવાય. ૨૩

સંગ રહિત ઔર દ્વેખ બિન, નીત કરમ જો હોય;
તજે ફલકી ઇચ્છા જિયે, સાંત કરમ સુ જોય. ૨૩

૨૩ નિત્યવિહિત, અભિમાનરહિત, રાગદ્વેષ તજીને જે કીધું નિષ્કામે તેને સાત્વિક કર્મ કહિયે.

यत्तु कामेप्सुना कर्म साहंकारेण वा पुनः ।
क्रियते बहुलायासं तद्राजसमुदाहृतम् ॥ २४ ॥

સકામિ વા અહંકારિયે, કર્મ કરાયે જેહ;
બહુ પ્રયાસથી યુક્ત, કર્યું, રાજસ કર્મજ તેહ. ૨૪

જો કીજે કરિ કામના, કિધો કરિ અહંકાર;
જામેં શ્રમહે અતિ ઘનો, સો રાજસ નિરધાર. ૨૪

૨૪ ફળેચ્છુએ કે અહંકારીએ વળી બહુ ક્લેશવાળું જે કર્મ કરાય તે રાજસ કહ્યું છે.

अनुबंधं क्षयं हिंसामनवेक्ष्य च पौरुषम् ।
मोहादारभ्यते कर्म तत्तामसमुदाहृतम् ॥ २५ ॥

હિંસા ક્ષય સામર્થ્ય વળિ, ભાવિ નહિ જોવાય;
મોહથિ આરંભાય તે, તામસ કર્મ વદાય. ૨૫

પૌરૂસ હિંસા શુભાશુભ, દરબ ખરચન બિચાર;
જો કીજિયે અગ્યાન તેં, તામસ કરમ નિહાર. ૨૫

૨૫ પાછળથી કર્મ બંધ નડે, ક્ષય કરે [ધનાદિકનો]; બીજાને પીડા કરે (એવું) પોતાના સામર્થ્યનો વિચાર ન કરીને મોહેથી જે કર્મ આરંભાય તેને તામસ કહિયે.

मुक्तसंगोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्त्ता सात्विक उच्यते ॥ २६ ॥

મુક્ત સંગ, ગર્વોક્તિ વિણ, ધૃતિ ઉત્સાહેં યુક્ત;
સિદ્ધિ અસિદ્ધીમાંજ સમ, કર્તા સાત્વિક ઉક્ત. ૨૬

ધરી ધીર જુ ઉત્સાહ કરી, તજે સંગ અહંકાર;
નિર્વિકાર સિદ્ધિ અસિદ્ધિ, તો સાત્વિક કરતાર. ૨૬

૨૬ સંગરહિત, ગર્વોક્તિરહિત, ધૈર્યઉત્સાહયુક્ત, સિદ્ધિ અસિદ્ધિને વિષે નિર્વિકાર (એવો) કર્ત્તા તે સાત્વિક કહિયે.

रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः ।
हर्षशोकान्वितः कर्त्ता राजसः परिकीर्तितः ॥ २७ ॥

કર્મ ફલેચ્છૂ રાગિ વલિ, અશુદ્ધ હિંસક લોભિ;
હર્ષ શોકથી યુક્ત, કહે, રાજસ કર્ત્તા ક્ષોભિ. ૨૭

રાગી ચાહે કર્મ ફલ, લુબ્ધક હિંસક હોય;
હરખ શોક સંજૂત અશુચ, રાજસ કરતા સોય. ૨૭

૨૭ રાગી, કર્મ ફળેચ્છુ, લુબ્ધ, પીડક, અશુચિ, હર્ષશોકયુક્ત કર્ત્તા તે રાજસ કહ્યો છે.

अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः ।
विषादी दीर्घसूत्री च कर्त्ता तामस उच्यते ॥ २८ ॥

નૈષ્કૃતિક, શઠ, આળસુ વળિ, પ્રાકૃત, સ્તબ્ધ અયુક્ત;
દીર્ઘસૂત્રિ ને ખેદિ તે, કર્તા તામસ ઉક્ત. ૨૮

શુચિ બિન રહે બિબેક બિન, ઔ અનુપકારિ નીત;
સબહીકી નિંદા કરે, ઔ બિખાદ જુત ચીત. ૨૮

૨૮ અસાવધાન, વિવેકરહિત, અનમ્ર, શઠ, બીજાનું બગાડનાર, આળસુ, સદા રડતો, દીર્ઘસૂત્રી કર્તા તે તામસ કહિયે.

बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं शृणु ।
प्रोच्यमानमशेषेण पृथक्त्वेन धनंजय ॥ २९ ॥

ગુણથી ધૃતિ ને બુદ્ધિનો, ભેદજ ત્રણ વિધ સાર;
કહું અશેષ વિવેકથી, અર્જુન તું ઉર ધાર. ૨૯

બુદ્ધિ ભેદ ધિરજ તિન બિધ, હોત જુ ગુનકે ભાય;
પારથ અબ કહદેહુ સબ, ન્યારો ન્યાર સુભાય. ૨૯

૨૯ હે ધનંજય! બુદ્ધિના (ને) ધૃતિના પણ ગુણથકી ત્રણ ભેદ સંપૂર્ણ તથા જૂદા જૂદા કહેવાના તે સાંભળ.

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।
बंधं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्विकी ३०

પ્રવૃત્તિ નિવૃત્તિ ભય ને અભય, કાર્ય અકાર્યજ જેહ;
બંધ મોક્ષ જાણે વલી, સાત્વિક બુદ્ધી તેહ. ૩૦

પ્રબૃત્તિ નિબૃતિ કારજા, કારજ ભેવ અભેવ;
બંધ મોક્ષ જો જાનિયત, સો બુદ્ધિ સાત્વિક હેવ. ૩૦

૩૦ હે પાર્થ! પ્રવૃત્તિ [ધર્મમાં], નિવૃત્તિ (અધર્મથી), કાર્યાકાર્યને; ભયાભયને, બંધમોક્ષને જે જાણે તે બુદ્ધિ સાત્વિકી.

यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।
अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ॥ ३१ ॥

જેણે ધર્મ અધર્મ વળિ, કાર્ય અકાર્ય યથાર્થ;
જાણે નહિ, તે બુદ્ધિ છે, રાજસિ બુદ્ધી પાર્થ. ૩૧

ધર્મ અધર્મકો લખે, કારજા કારજ જાન;
જૈસે હું તૈસે હિં ગને, બુદ્ધી રાજસ માન. ૩૧

૩૧ હે પાર્થ! જે બુદ્ધિએ ધર્મ અધર્મ, કાર્ય અકાર્ય, યથાવત્ નહિ [ઉપરચોટિયું] જાણ્યામાં આવે તે બુદ્ધિ રાજસી.

अधर्मं धर्ममिति या मन्यते तमसा वृता ।
सर्वार्थान् विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ॥३२॥

ધર્મનિ પેઠ અધર્મ વલિ, વિપરીતજ સર્વાર્થ;
માને, તમ છાદીત તે, તામસિ બુદ્ધી પાર્થ. ૩૨

જાને પાપકૂં પુન્ય કરી, દંભ અગ્યાન હોય;
લખે અરથ બિપરીત સબે, બુદ્ધિ તામસી જોય. ૩૨

૩૨ હે પાર્થ! તમોગુણે વીટાયલી જે બુધ્ધિ અધર્મને ધર્મ માને, સર્વ અર્થને વિપરીત માને તે બુધ્ધિ તામસી.

धृत्या यया धारयते मनःप्राणेंद्रियाक्रियाः ।
योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्विकी ॥ ३३

યોગેં અવ્યભિચારિણી, ધૃતિયેં પાર્થ કરાય;
ક્રિયા, પ્રાણ મન ઇંદ્રિયનિ, સાત્વિક ધૃતિ કહેવાય. ૩૩

જો મન બિંદ્રિય રોકિયે, બુદ્ધ ચિત ઔર પ્રાન;
જોગ જુગત નિશ્ચલ સદા, ધીરજ સાત્વિક માન. ૩૩

૩૩ હે પાર્થ! જે ધૃતિયે મન પ્રાણ ઈંદ્રિયોની ક્રિયાધારણ કરાય ચિત્ત એકાગ્ર કરીને સ્વરૂપ ભણીજ લક્ષ ધરાય તે ધૃતિ સાત્વિકી

यया तु धर्मकामार्थान् धृत्या धारयतेऽर्जुन ।
प्रसंगेन फलाकांक्षी धृतिः सा पार्थ राजसी ॥ ३४॥

જેણે ધારણ થાયછે, ધર્મ અર્થ ને કામ;
પ્રસંગપર ફલ ઇચ્છું જે, ધૃતિ તે રાજસિ નામ. ૩૪

ધરમ અરથ ઔ કામકોં, જો ધારતહે આય;
ચાહે ફલ પ્રસંગ તેં, ધીરજ યહ સુભાય. ૩૪

૩૪ હે પાર્થ! જે ધૃતિયે ધર્મ અર્થ કામને રખાય, હું કર્તા, એવાં અભિમાનથી, (ને જે) ફળની ઈચ્છા રાખનારી તે રાજસી.

यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ।
न विमुंचति दुर्मेधा धृतिः सा पार्थ तामसी ॥३५॥

સ્વપ્ન શોક ભય દુઃખ વલિ, મદ પણ નહિ મૂકાય;
દુષ્ટ બુદ્ધિયે જેથિ, તે, ધૃતિ તામસી મનાય. ૩૫

જો ભય સોં બિખાયદ, સ્વપ્ન માઝ દેહરાત;
દુષ્ટ બુદ્ધિ છોડે નહીં, ધીરજ તામસ માત. ૩૫

૩૫ હે પાર્થ! સ્વપ્ન, ભય, શોક, વિષાદ, મદ, અવિવેક એથી છૂટી પડી શકતી નથી તે ધૃતિ તામસી.

सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ।
अभ्यासाद्रमते यत्र दुःखांतं च निगच्छति ॥ ३६ ॥

અર્જુન સુણ મુજથી હવે, સુખ પણ ત્રણ વિધ સાર;
અભ્યાસેં જેમાં રમે, પામે દુખનો પાર. ૩૬

અબ અર્જુન મોપેં સુનોં, સુખકે તીન પ્રકાર;
જાકે અભ્યાસ કિયે, દુખકોં હોય નિવાર. ૩૬

૩૬ હે શ્રેષ્ઠભારત! હવે ત્રણ પ્રકારનું સુખપણ મારાથી સાંભળ, જેને વિષે અભ્યાસે તલ્લીન થાય ને દુઃખનો અંત પણ પામે.

यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥ ३७ ॥

લાગે વિષસમ પ્રથમ જે, અંતે અમૃત થાય;
આત્મબુદ્ધિથી પ્રાપ્ત તે, સુખ સાત્વિક કહેવાય. ૩૭

પહિલેં તો બિખ સો લગે, બહુરિ અમૃત સો હોય;
સો સુખ સાત્વિક હૈ કહો, બુદ્ધિ પ્રસાદ તેં જોય. ૩૭

* ૩૭ જે વળી પેહેલું વિષ સરખું (પણ) પરિણામે અમૃતની ઉપમાવાળું, સ્વબુધ્ધિને પ્રસાદે ઉપજેલું તે સુખ સાત્વિક કહ્યું છે.

विषयेंद्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥ ३८ ॥

વિષયેંદ્રિય સંયોગથી, અમૃત પ્રથમ જણાય;
પરિણામે વિષરૂપ તે, રાજસ સૂખ વદાય. ૩૮

બિંદ્રિ બિખેં સંજોગ તેં, ફ્લહૈ અમૃત સમાન;
પાછે જો બિખ સોં લગે, સોં સુખ રાજસ જાન. ૩૮

† ૩૮ વિષય તથા ઇંદ્રિય એના સંયોગથી જે આરંભમાં અમૃત જેવું (પણ) પરીણામે વિષ જેવું તે સુખ રાજસ બોલાયું છે.

यदग्रे चानुबंधे च सुखं मोहनमात्मनः ।
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ॥ ३९ ॥

પ્રમાદ આળસ ઊંઘથી, થનાર ને વળિ જેહ;
ચિતમોહક પછિ ને પ્રથમ, તામસ સુખ કયું તેહ. ૩૯

પહિલે ઔ પાછે સુખદ, મોહ ન કરે જુ દેહ;
આળસ નિદ્રા તેં ઉઠે, તામસ સુખ હૈ યેહ. ૩૯

૩૯ જે આરંભે તથા અંતે પોતાનેજ મોહકારક, નિદ્રાઆળસ પ્રમાદથી થયલું તે સુખ તામસ કહેવાયું છે.

न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।
सत्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः ॥ ४० ॥

એ ત્રણ પ્રકૃતિ ગુણોથકી, રહિતજ એવું કાંઇ;
નથિ સ્વર્ગે દેવો વિશે, નથિ ફરિ ભૂમીમાંઇ. ૪૦

---

* જ્ઞાનવૈરાગ્ય પામ્યા પછી અમૃત સરખું; નિર્મળબુદ્ધિનું.
† વિષયસુખ માત્ર પાછળથી દુઃખદાયક.

સો ઉપમેં કહૂં નહી, સુરમે ઔર અકાસ;
સો તજુ ન તિના ગુન, બંધે જું માયા પ્રાસ. ૪૦

* ૪૦ પ્રકૃતિથકી ઉત્પન્ન થયલા એ ત્રણે ગુણથી મુક્ત [છૂટેલું] સત્વ-
પ્રાણી નથી કોઇ પૃથ્વીમાં, સ્વર્ગમાં કે દેવને વિષે.

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥ ४१ ॥

બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય ને, શૂદ્રોના અર્જુન;
સ્વાભાવિક ગુણથી કર્યાં, કર્મ જુદાં તે શૂણ. ૪૧

દ્વિજ છત્રી ઔ બૈસ કે, ઔ શૂદરકે કરમ;
નિજ સુભાવ ગુનકે ભયે, ન્યારો ન્યારો ધરમ. ૪૧

† ૪૧ હે શત્રુતાપ! સ્વભાવેજ ઉત્પન્ન થયલા ગુણોએ બ્રાહ્મણ ક્ષત્રી
વૈશ્ય ને શૂદ્રના કર્મ વિશેષે કરીને જૂદાં (કીધાં છે.)

शमो दमस्तपः शौचं क्षांतिरार्जवमेव च।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥ ४२ ॥

શમ દમ તપ ને શૌચ વલિ, આર્જવ આસ્તિક ધર્મ;
ક્ષમા જ્ઞાન વિજ્ઞાન એ, સહજ બ્રહ્મના કર્મ. ૪૨

શમ દમ તપ સોં પુની, સરલતા ઔ શાંતિ;
આસ્તિક ગ્યાન બિગ્યાન, યહ બ્રહ્મ કરમકી બાતિ. ૪૨

‡ ૪૨ શમ, દમ, તપ, શૌચ, ક્ષાંતિ, આર્જવ, જ્ઞાન, વિજ્ઞાન, આસ્તિકય
(એ) બ્રાહ્મણનાં કર્મ સ્વભાવથીજ છે.

---

* સર્વત્ર ત્રિગુણમાયિક મિથ્યાભાવ છે; કેવળ પરમ તત્વરૂપ હું ત્રિગુણથી મુક્તછું.

† સત્વપ્રધાન બ્રાહ્મણ, સત્વ ગૌણ ને રજો પ્રધાન તે ક્ષત્રિય, તમો ગૌણ ને રજો પ્રધાન તે વૈશ્ય, રજો ગૌણ ને તમો પ્રધાન તે શૂદ્ર.

‡ જ્ઞાન—અનેક શાસ્ત્રસંબંધી. વિજ્ઞાન—કર્મકાંડમાં કુશળતા ને બ્રહ્મકાંડમાં અનુભવજ્ઞાન; સ્વરૂપવિષે સ્થિતિ. આસ્તિકય—વેદાર્થને વિષે શ્રદ્ધા; પરમેશ્વર ને પરલોક છે એવો નિશ્ચય.

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥ ४३ ॥

શૌર્ય તેજ ધૃતિ નિપુણતા, ઉદારતા પ્રભુ ધર્મ;
યુધથી નહિ હઠવુંજ, એ, સહજ ક્ષત્રિનાં કર્મ. ૪૩

શૂર તેજ ધીરજ ચતુર, જુધમેં કોંન પલાય;
ઇઙ ઠકરાઇ સોં રહે, છત્રી કરમ સુભાય. ૪૩

* ૪૩ શૌર્ય, પ્રતાપ, ધૈર્ય, ચાતુર્ય, યુધ્ધમાં અપલાયન, દાન, ઈશ્વરભાવ (એ) ક્ષાત્રકર્મ સ્વભાવથીજ.

कृषिगोरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥ ४४ ॥

ગોરક્ષા, વાણિજ્ય કૃષિ, સહજ વૈશ્યના કર્મ;
સહજ શૂદ્રનું કર્મ તે, જે સેવા રૂપ ધર્મ. ૪૪

ખેતી ગોરછા બનિજ, બૈસ કરમ યેહ જાન;
સબહી કી સેવા કરે, શુદ્ર કરમ યેહ જાન. ૪૪

૪૪ ખેતી, ઢોર પાળવાં, વેપારધંધો, એ વૈશ્યકર્મ સ્વભાવથી (ને) સેવા કરવાનું કર્મ શૂદ્રનું સ્વભાવેજ.

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।
स्वकर्मनिरतः सिद्धिं यथा विंदति तच्छृणु ॥ ४५ ॥

અભિરત નિજ નિજ કર્મમાં,નર પામે સંસિદ્ધિ;
શુણ તું તે પામેછ એ, સ્વકર્મરત જિમ સિદ્ધિ. ૪૫

અપનેં અપનેં કરમ તેં, સિદ્ધિ લહે સબ કોઇ;
સોબિ અબે મોમેં સુનો, કરમ સિદ્ધિ જે હોઇ. ૪૫

---

* દાન–ઔદાર્ય. ઇશ્વરભાવ–ઇશ્વરભક્તિ; પ્રજારક્ષણમાં સામર્થ્ય; સત્તાધીશરૂપ ન્યાયબુદ્ધિ.

૪૫ પોત પોતાના કર્મને વિષે નિષ્ઠાથી રાચતો નર જ્ઞાનની યોગ્યતાનો લાભ મેળવેછે; સ્વકર્મમાં પ્રીતિયે લાગેલો (તે) સિદ્ધિ [જ્ઞાનપ્રાપ્તિ] જેવી રીતે પામે તે સાંભળ.

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विंदति मानवः ॥ ४६ ॥

જેથિ પ્રવૃતિ ભૂતો તણી, જેણે સૌ આ વ્યાપ્ત;
પામે સિદ્ધી પૂજિ તે, સ્વકર્મથી નર આપ્ત. ૪૬

જાતેં ઉપજત જીવ સબ, જિન કીન્હો બિસ્તાર;
કરમ કરે તાકોં જજે, સિદ્ધિ લહે તતકાલ. ૪૬

૪૬ જેથકી પ્રાણીઓની પ્રવૃત્તિ [ક્રિયા ચેષ્ટા] (થાયછે), જેણે આ [સર્વ વિશ્વ] વ્યાપ્યું છે તેને [અંતરાત્માને] સ્વકર્મે [સ્વવર્ણાશ્રમધર્મે] આરાધતાં માનવ જ્ઞાનપ્રાપ્તિ—મોક્ષાધિકારને પાત્ર થાય.

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥ ४७ ॥

પર ધર્માચરવા થકી, શ્રેય વિગુણ નિજ ધર્મ;
પાપ ન પામે આચરી, સ્વાભાવિક નિત કર્મ. ૪૭

ની કેહૂં પર ધરમતેં, બિગુન ભલો જુ ધરમ;
કછુ પાપ પાવે નહિં, કરત અપનો ધરમ. ૪૭

૪૭ સારો અનુષ્ઠિત (એવા) પરાયા ધર્મ કર્તાં સ્વધર્મ ઓછા ગુણનો (છતે પણ) ફલદાયક છે; સ્વભાવ નિર્મિત કર્મ કર્યાં કરેથી પાપ પ્રાપ્ત થતું નથી.

सहयं कर्म कौंतेय सदोषमपि न त्यजेत् ।
सर्वारंभा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥ ४८ ॥

---

* સ્વધર્માચરણે પાપ નહિ. એનો આશય કે ક્ષત્રિયને યુદ્ધકર્મમાં સ્વજનવધ—કુળક્ષય થયેથી પાપ નથી.

સહજ કર્મ તજવાં નહીં, જોકે પાર્થ સદોષ;
ધૂમે અગ્ની પેઠ સૌ, કર્મો નહિજ અદોષ. ૪૮

દોખ સહિત નિજ કરમ કરે, રહે ન કોઉ લાગી;
દોખ ભરે આરંભ સબે, ધૂમ સહ જો આગી. ૪૮

૪૮ સ્વધર્મકર્મ દોષયુક્ત તોપણ ન તજવું (કારણ કે) સર્વે કર્મ [દૃષ્ટ અદૃષ્ઠ તે] દોષે કરીને વેષ્ટિત છે જેમ અગ્નિ ધૂમાડાએ તેમ.

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति ॥ ४९ ॥

બુદ્ધિ અસંગ, ઇછા રહિત,સૌમાં જિતમન જેહ;
સંન્યાસે પામે પરમ, નૈષ્કર્મ્ય સિદ્ધી તેહ. ૪૯

લગન બુદ્ધિ બહુ નહિ કરે, જીતે મનકી આસ;
પરમ સિદ્ધિ કરમકી, પાવે કરી સંન્યાસ. ૪૯

૪૯ સર્વત્ર આસક્તિ રહિત બુદ્ધિનો, નિરહંકાર, ફલેચ્છા વિનાનો (તે) સંન્યાસયોગે [ચિત્તશુદ્ધિયે] સર્વકર્મનિવૃત્તિરૂપ ઉત્કૃષ્ટ સિદ્ધિને [મોક્ષના અધિકારને] પામેછે.

सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ।
समासेनैव कौंतेय निष्ठा ज्ञानस्य या परा ॥ ५० ॥

પામે સિદ્ધી પ્રાપ્ત જિમ, બ્રહ્મજ, મુજથી શ્રુણ;
સંક્ષેપેં, જે જ્ઞાનની, નિષ્ઠા પર અર્જુન. ૫૦

સિદ્ધી પાયે પરબ્રહ્મકોં, જૈસે જુ પાવે સાર;
કધો જુ હોં સંછેપ સોં, નિષ્ઠા ગ્યાન અપાર. ૫૦

૫૦ હે કુંતીપુત્ર! સિદ્ધિને પામેલો જે પ્રકારે બ્રહ્મને પામે (તે) ઉત્તમ જ્ઞાનનિષ્ઠા સંક્ષેપે મારાથી જાણ.

बुद्धया विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ॥
शब्दादीन्विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च ॥ ५१ ॥

રાગ દ્વેષ મૂકી, ત્યજી, વિષયો શબ્દાદીય;
ધૃતિયે મન નિશ્ચલ કરી, યોગી વિશુદ્ધ ધીય. ૫૧

જોગ રહે બુદ્ધિ સુધ્ધ સોં, ધીરજ સોં મન ધારી;
શબ્દ આદિ બિખયન તજે, રાગ દ્વેખ કો મારી. ૫૧

૫૧ વિશેષ શુદ્ધ બુદ્ધિયે યુક્ત, ધૃત્તિયે [સાત્વિકી] અંતઃકરણને નિશ્ચળ કરીને, શબ્દાદિ વિષયને તજીને, રાગદ્વેષને છાંડીને [બ્રહ્મભાવને પ્રાપ્ત થાય છે.]

विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥ ५२ ॥

એકાંતી મિત ભોજિ વળિ,વશ મન વાણી દેહ;
આશ્રિત નિત વૈરાગ્યને, ધ્યાન યોગ પર જેહ. ૫૨

રહે ઉસ્યો એકાંતમે, લઘુ ભોજન મન જીત;
ધ્યાન જોગ તત્પર સદા, યહ વૈરાગ્યકી રીત. ૫૨

* ૫૨ એકાંતનું સેવન કરનારો, મિતભોજન કરનારો, વાણી શરીર મનને નિયમમાં રાખેલાં, નિરંતર ધ્યાનયોગમાં તત્પર, વૈરાગ્યનો સારો આશ્રય લીધેલો એવો (તે)–

अहंकारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शांतो ब्रह्मभूयाय कल्पते ॥ ५३ ॥

ક્રોધ પરિગ્રહ દર્પ બળ, અહંકાર ને કામ;
મૂકી, બ્રહ્મજ થાય તે, નિર્મમ શાંત અકામ. ૫૩

* વૈરાગ્ય–ઇહલોક પરલોકના ભોગ વિષે અપ્રવૃત્તિ.

ક્રોધ પરિગ્રહ કામ બલ, દર્પ ઔર અહંકાર;
મમતા તજે નિર્મલ રહે, શાંતિ બ્રહ્મમેં સાર. ૫૩

૫૩ અહંકાર, બળ [દુરાગ્રહ,] દર્પ [અવળો માર્ગ–કપટમાયામાં પ્રવૃત્તિ], કામ, ક્રોધ, પરિગ્રહ [સંગ્રહ] છોડી દેઈ મમતારહિત, શાંત (તે) બ્રહ્મત્વને યોગ્ય થાય છે.

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥ ५४ ॥

બ્રહ્મભૂત આનંદિ નહિ, શોચે ઇચ્છે કાંઇ;
પામે ઉત્તમ ભક્તિ મુજ, સમ થૈ સૌનીમાંઈ. ૫૪

બ્રહ્મ ભૂયો જુ પ્રસન્ન, મન શોંચ કરે નહિ ચાહ;
સબ જીવનકોં સમ લખે, પાવે ભગતિ પ્રવાહ. ૫૪

૫૪ બ્રહ્મભાવમાં નિશ્ચયવાળો, સ્વસ્થ ચિત્ત, ગયાંનો શોક ન કરે, અપ્રાપ્તિની ઈચ્છા ન કરે, સર્વભૂતને વિષે સમાન ભાવ એવો તે મારી ઉત્તમ ભક્તિને પામેછે.

भक्त्या ममभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनंतरम् ॥ ५५ ॥

જેવો જે હું, તેહને, ભક્તીયેંજ યથાર્થ;
જાણે, જાણી એમ પછિ, પામે મુજને પાર્થ. ૫૫

મોકોં જાને ભગતિ કરે, જીત હોય જુ ભાય;
મોહિ જાનિકે તત્વ સોં, મેરો ભગતિ કરાય. ૫૫

૫૫ ભક્તિયે જે સઘળું છે તે હું છઉં એમ યથાર્થરૂપે જાણેછે [સર્વવ્યાપી ચિદાનંદ], ત્યારપછી મને તત્વજ્ઞાને [શ્રુત્યોક્ત અનુભવપૂર્વક) જાણીને ઐક્યભાવે મળેછે.

सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥ ५६ ॥

કર્તા નિત સૌ કર્મ પણ, જન એ મુજ આશ્રીત;
મુજ પ્રસાદથી મેળવે, નિતપદ નાશ રહીત. ૫૬

મો કરમ કો નિત કરે, મેરો આશ્રય પાય;
સો પ્રસાદ તે સો રહે, અછય પદવી પાય. ૫૬

૫૬ સર્વ કર્મ [નિત્યનૈમિત્તિક] સદા કરનારો, ચિત્તે મારો સંગ ધરેલો એવો તે મારા પ્રસાદથી, અઢળ અવ્યય પદને પામેછે.

चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ॥ ५७ ॥

અર્પિ મને સૌ કર્મ તું, મનથી, મત્પર સાર;
બુદ્ધિયોગ આશ્રીજ નિત, મચ્ચિત થા નિરધાર. ૫૭

મન સો મેરો કરમ કર, મોત સરળતા લેય;
બુદ્ધી જોગકો સોચ કરે, મોહી મેં ચિત્ત દેય. ૫૭

૫૭ સર્વ કર્મને મારે વિષે અર્પણ કરી તત્પર [હુંજ પરમ દૈવત એવો નિશ્ચયવાન] થઇ બુદ્ધિયોગનો આશ્રય કરી નિરંતર મચ્ચિત [હું છું ચિત્ત જેનું એવો] (તું) થા.

मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि।
अथ चेत्त्वमहंकारान्न श्रोष्यसि विनंक्ष्यसि ॥ ५८ ॥

મુજ પ્રસાદથી દુઃખ સૌ, મચ્ચિત થૈજ તરીશ;
પણ ગર્વે ન શુણીશતો, વિનાશને પામીશ. ૫૮

મો પ્રસાદ તેં દુર્ગ બલ, તરિ જેહે અનયાસ;
અહંકારકે બસને નહિ, યહ માનો જૂ પાસ. ૫૮

૫૮ મચ્ચિત્ત (એવો તું) મારા પ્રસાદથી સર્વે દુસ્તર દુઃખને તરીશ (ને) એમ છતે તુ અહંકારથી નહિ સાંભળે (તો) નાશ પામીશ.

यदहंकारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ॥ ५९ ॥

નહિ લડું કદિ ઇમ ગર્વથી, જો તું માનિશ સાર;
એ નિશ્ચય મિથ્યા, તને, પ્રકૃતિ યોજશે, ધાર. ૫૯

લરો નહીં તૂં જો કહત, અહંકાર કો માન;
યહ તો સબ અબ ઝૂઠહૈ, પ્રકૃતિ લગાવે આન. ૫૯

૫૯ માટે અહંકારનો આશ્રય કરી યુધ્ધ નહિ કરૂં એમ માનીશ (તો) એ તારો નિશ્ચય મિથ્યા (જશે);પ્રકૃતિ [રજોગુણ સ્વભાવની તારી તે] તુને યુધ્ધમાં પ્રવૃત્ત કરશેજ.

स्वभावजेन कौंतेय निबद्धः स्वेन कर्मणा ।
कर्त्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोपि तत् ॥ ६०॥

સ્વાભાવિક નિજ કર્મથી, બાંધેલો તું, જેહ;
ન ઇછે કરવા મોહથી, કરિશ અવશ થૈ તેહ. ૬૦

અર્જુન અપને કરમ સોં, યહ તૂં રાખ્યો નાહીં;
પરો ન ચાહત મોહ તેં,પર સબ કરિ હો સાહિ. ૬૦

૬૦ હે કુંતીપુત્ર! સંસ્કારે ઊત્પન્ન એવાં પોતાને કર્મે તું બંધાયલો છે; મોહને અજ્ઞાને (તું) જે કરવાને નથી ઈચ્છતો તે [યુદ્ધકર્મ] (તું) કરીશજ સ્વવશ નથી તેથી.

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यंत्रारूढानि मायया ॥ ६१ ॥

ઇશ્વર સૌના હૃદયમાં, રહેછે કુંતી સૂત;
ભમાવતાં માયા વડે, યંત્રારૂઢ સૌ ભૂત. ૬૧

ઇશ્વર સબકે હીયમેં, અર્જુન રહત જુ ગૂઢ;
જીવ ભ્રમાવત હૈ સદા, કરી કે માયા આરૂઢ. ૬૧

* ૬૧ હે અર્જુન! સમસ્ત પ્રાણીઓના હૃદય દેશને વિષે ઈશ્વર [અંતર્યામી] રહેછે (તે) યંત્ર ઉપર ચઢેલા સર્વ જીવને પોતાની માયાશક્તિયે ભ્રમણ કરાવે છે.

तमेव शरणं गच्छ सर्वभावेन भारत।
तत्प्रसादात्परां शांतिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ६२

કર આશ્રય સૌ ભાવથી, તેનો કુરૂ સત્તંમ;
પામિશ તેનિ કૃપા વડે, નિતપદ સુખ ઉત્તંમ. ૬૨

હોય સદા વાકેં સરન, અર્જુન તૂં સબ ભાય;
અબિનાસી થિર શાંતિ પદ, તા પ્રસાદ તેં પાય. ૬૨

૬૨ હે ભારત! તેને [તે ઇશ્વરને] સર્વ ભાવે કરીને શરણ જા, તેને પ્રસાદે ઉત્કૃષ્ટ શાંતિને–અચળ સ્થાનને પામીશ.

इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥ ६३ ॥

કયું ગુપ્તથી ગુપ્ત મેં, જ્ઞાનજ તુજને એમ;
અશેષ વિચારી તે, પછિ, કર તું ઇચ્છે જેમ. ૬૩

ગ્યાન કહ્યો તો સોં જુ મેં, જો જગ પ્રગટે નાહિ;
જો ગ્યાને સોઈ કરો, યહિ સંજોજય માહિ. ૬૩

૬૩ એમ તુંને મેં ગુપ્તમાં ગુપ્ત જ્ઞાન ઉપદેશ્યું; એને પૂરેપૂરૂં વિચારીને જેમ ઈચ્છામાં આવે તેમ કર.

* યંત્ર–કાળચક્રરૂપ, અનેક જન્માંતરરૂપ; અનેક શરીરરૂપ; અનેક બુદ્ધિરૂપ.

सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ।।६४।।

સર્વ ગુપ્તમાં ગુપ્ત ફરિ, પરમ વચન મુજ શૂણ;
મુજ અતિ પ્રિય તું,તેથિ હું,કૌં તુજ હિત અર્જુન. ૬૪

જો કહ્યુ હે સબ તે જસ્યો, પરમ બચનમેં માન;
તૂં દૃઢ બુદ્ધિ મી તજો, તો હિત કરત બખાન. ૬૪

૬૪ ફરીથી (કહુંછું કે) ગુપ્ત રાખવા જેવાં સર્વમાં જે અત્યંત ગુપ્ત એવું ઉત્કૃષ્ટ મારૂં વચન સાંભળ. (તું) મને દૃઢપ્રિય છે માટેજ તારૂં હિત કહુંછું.

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ।। ६५।।

નમ મુજને મુજ ભક્ત થા, મદ્યજિ ને મચ્ચિત્ત;
પામિશ મુજને સત્ય કૌં,છો પ્રિય મુજ બચ્ચિત્ત. ૬૫

મોકોં જજ તૂં નમ્ર વ્હે, મન મોહી મેં રાખ;
અંત સમે વ્હે મોહિમેં, પ્યારો તૂં યહ સાખ. ૬૫

૬૫ મારે વિષે મન એવો થા, મારો ભકત, મારો પૂજક; મને નમસ્કાર કર, મારીજ પાસે આવીશ, ખરે; (તું) મને પ્રિય છે, તુંને પ્રતિજ્ઞા પૂર્વક કહું છું.

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।। ६६ ।।

સર્વ ધર્મને મૂકિને, કર આશ્રય મુજ એક;
શોચ મ કર હું છોડવિશ, સર્વ પાપથી છેક. ૬૬

સબ ધરમનકોં ત્યાગિકે, સો સરન તૂં આય;
દૂરી કરો સબ પાપ હોં, શોક તજન યા ભાય. ૬૬

* ૬૬ સર્વ ધર્મને તજીને એક મનેજ શરણ આવ; હું તુંને સર્વ પાપથી મુક્ત કરીશ, શોક મા કર [ગોત્રવધાદિકનો.]

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥ ६७॥

મુજ નિંદક, સેવા રહિત, અધર્મિ અભક્ત જેય;
હોયે તેને નહિ કદી, કહેવૂં આ કૌંતેય. ૬૭

જાકે તપ નહિં ભક્તિ નહિ, ઔ સત્ય સુબુદ્ધિ નાહિ;
તાસોં તૂ જિન યહ કહે, મો દેખિ જગ માહિ. ૬૭

૬૭ આ [ગીતાજ્ઞાન] તારે અતપસ્વી-ધર્મહીનને (કહેવું) નહિ, ભક્તિહીનને કદાપિ (કહેવું) નહિ; વળી શ્રવણ કે સેવાહીનને નહિ, ને મને નિંદે તેને પણ નહિ.

य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ।
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः ॥ ६८ ॥

પણ કહેશે મુજ ભક્તને, પરમ ગુપ્ત આ, જેહ;
કરિ મુજ ભક્તિ અસંશયી, પામે મુજને તેહ. ૬૮

મો ભક્તન જો કહત, પર મેરો યહ ગ્યાન;
સો મેરી ભગતી લહે, મોમે રહે નિદાન. ૬૮

૬૮ જે આ પરમગુહ્ય મારા ભક્તને વિષે આદરે કહેશે તે મારે વિષે પરાભક્તિ કરીને મને પામશે (એ વિષે) સંશય નહિ.

न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ।
भविता नच मे तस्मादन्यः प्रियतरो भुवि ॥ ६९ ॥

---

* સમસ્ત ધર્માધર્મ નિત્યનૈમિત્તિક કામ્ય નૈષિદ્ધ છાંડીને મારે શરણે રહે, હું

મનુષ્યમાં તેથી અધિક, નથિ મુજ પ્રિય કરનાર;
ભૂમાં તથી અન્ય નથિ,મુજ અતિ પ્રિય થાનાર. ૬૯

મો ભગતન સોં પ્યારો, નહિ હો પ્યારો હોયી;
વહ મોહી રાખત હૈ, હોં રાખત હિય માહિ. ૬૯

૬૯ તેથકી (શ્રવણ કરાવનારાથકી) મનુષ્યમાં કોઈપણ મને અત્યંત સંતોષ પમાડનાર નથી; તેથકી મને બીજો વધારે વહાલો ભૂમિને વિષે થનાર નથી.

अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः ।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ॥७०॥

ધર્મ્યવાદ આ આપણો, મનુષ્ય ભણશે જેહ;
જ્ઞાનયજ્ઞથી ઇષ્ટ છુ, તેણે, મુજ મતિ એહ. ૭૦

ધરમ સંવાદય મેં કહ્યો, પઠે જુ કોઇ જાન;
ગ્યાન જગ્ય તિન હું જજ્યો, યહ મેરો મત માન. ૭૦

૭૦ ધર્મરૂપ આપણા સંવાદનો પાઠ કરશે તેને જ્ઞાન યજ્ઞે હું ઇષ્ટ છું એમ મારી મતિ છે.

श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः ।
सोऽपि मुक्तः शुभांल्लोकान् प्राप्नुयात्पुण्यकर्मणां ॥७१

શુણે અનિંદક નર કદી, થૈને શ્રદ્ધા યુક્ત;
પુણ્યવાનના લોક શુભ, પામે થૈતે મુક્ત. ૭૧

શ્રદ્ધા જુત દેખે બિના, યહે સુને જો કોઇ;
પુન્યવંત ભગતન લહે, મુગત જુ તાકોં હોઇ. ૭૧

*૭૧ શ્રદ્ધાવાન, ઇર્ષારહિત જે નર તે પણ શ્રવણ કરો; તે પણ પાપરહિત થઇ પુણ્યકર્મ કરનારાના જે શુભ લોક તેને પામશે.

* શુભલોક—અશ્વમેધાદિ પુણ્ય કરનારા જ્યાં જઇ વસે તે.

कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्र्येण चेतसा ।
कच्चिदज्ञानसंमोहः प्रनष्टस्ते धनंजय ॥ ७२ ॥

શું તેં આ સ્થિર ચિત્તથિ, સાંભળિયુંજ યથાર્થ;
શું અજ્ઞાની મોહ તુજ, પામ્યો નાશજ પાર્થ. ૭૨

ચિત્ત એકાગ્ર વ્હે સુનેં, અર્જુન યહ તો ધરમ;
મીટે મોય અગ્યાન તબેં, છૂટે ચિતકો ભરમ. ૭૨

૭૨ હે પાર્થ! [એ કહ્યું તેટલું] ચિત્ત એકાગ્ર કરી તેં સાંભળ્યું કે? હે ધનંજય! તારો અજ્ઞાનમય મોહ નાશ પામ્યો કે?

अर्जुनोवाच ॥

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ॥ ७३ ॥

ટળ્યો મોહ સ્મૃતિ મેળવિ, આપ પ્રસાદે ઇશ;
નિઃસંદેહ ઉભોજ હું, આપ વચનજ કરીશ. ૭૩

મોહ નસત અબ આઇ, સુમરત હોં શ્રીભગવાન;
ભયો દૂરિ સંદેહ અબ, તત્વ ગ્યાન પ્રધાન. ૭૩

*૭૩ હે અચ્યુત! તારે પ્રસાદે મોહ નષ્ટ થયો, મેં સ્મૃતિ સંપાદી; (હવે હું) નિઃસંદેહ વ્યવસ્થિત છું, તારૂં વચન પાળીશ.

संजय उवाच ॥

इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः ।
संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम् ॥ ७४ ॥

---

* સ્મૃતિ–હું અદ્વય આત્મા એ; પરમસ્વરૂપ હું છું એમ; વસ્તુતઃ મારૂં પરાક્રમ નથી એ., ..

મહા કૃષ્ણ ને પાર્થનો, રોમ હર્ષક અદ્ભુત;
શુણ્યો મેંજ સંવાદ આ, એમ અંબિકા સૂત. ૭૪

હરી અર્જુનકી બાત યહ, સુનિ જો મેયા ભાય;
અચરજરૂપ અનૂપ અતિ, રોમ હરખ ચિત ચાય. ૭૪

૭૪ એ પ્રકારે મેં મહાત્મા વાસુદેવનો ને અર્જુનનો રૂવાં ઊભાં કરે તેવો અદ્ભુત આ સંવાદ સાંભળ્યો.

व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमहं परम् ।
योगं योगेश्वरात्कृष्णात्साक्षात्कथयतः स्वयम् ॥ ७५ ॥

પરમ ગુહ્ય આ જ્ઞાન મેં,વ્યાસ પ્રસાદે શુણ્યું;
યોગેશ્વર હરિથીજ, જે, સાક્ષાત્પોતે ભણ્યું. ૭૫

પરમ જુગ્યો તત્ત્વ જુહેં, સુન્યો બ્યાસ પ્રસાદ;
જોગેસર શ્રી કીસનજૂં, નિયો સુખ કિયો બિબાદ. ૭૫

૭૫ વ્યાસને પ્રસાદે [દિવ્યચક્ષુ તથા કર્ણ આપેલાં તેથી] યોગેશ્વર [યોગમાયાનો ઇશ્વર] કૃષ્ણથકી, સાક્ષાત્ પોતે કહેનારાથકી આ ગુહ્ય ઉત્કૃષ્ટ યોગજ્ઞાન સાંભળ્યું.

राजन्संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम् ।
केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः ॥ ७६ ॥

કૃષ્ણ પાર્થનો વાદ આ, અદ્ભુત પુણ્યસ્વરૂપ;
સંભારી સંભારિ હું, હર્ષું ફરિ ફરિ ભૂપ. ૭૬

બાર બાર સુમરત હોં, યહ સંબાદહિ રાજ;
હરખ હોત મોકોં મહા, અતિ પવિત્ર કે સાજ. ૭૬

૭૬ હે રાજન્! [હે ધૃતરાષ્ટ્ર]! પુણ્યપ્રસાદ અદ્ભુત આ સંવાદ સંભારી સંભારી વારેવારે હર્ષ પામું છું.

तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः ।
विस्मयो मे महान् राजन् हृष्यामि च पुनः पुनः ॥७७॥

સંભારી તે રૂપ, અતિ, અદ્‌ભુત હરિનું, રાય;
હર્ષું ફરિ ફરિ ને મને, વિસ્મય મોટો થાય. ૭૭

અદ્‌ભૂત રૂપ શ્રી કિસન કોં, સુમિર સુમિર હોતાહે;
હરખ હોત મોકોં બહુત, વિસ્મય કોં નિખાહે. ૭૭

૭૭ હે રાજન ! પરમાત્માનું તે અતિ અદ્‌ભુતરૂપ [વિશ્વરૂપ] સંભારી સંભારી મને મોટો વિસ્મય થાય છે ને વારેવારે હર્ષ પામું છું.

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥ ७८ ॥

જ્યાં યોગેશ્વર કૃષ્ણ ને, પાર્થ ધનુર્ધર જ્યાંય;
વિજય ભૂતિ શ્રી નીતિ ધ્રુવ, મુજ મતિયેં છે ત્યાંય. ૭૮

જોગેશ્વર શ્રી કૃષ્ણજૂ, અર્જુન હૈયા ઠોર;
તહાં વિજય ઔર જીતહૈ, અચ્છ્ય સંપદા ઔર. ૭૮

* ૭૮ જ્યાં યોગેશ્વર કૃષ્ણ (ને) જ્યાં ધનુર્ધર પાર્થ ત્યાં લક્ષ્મી [રાજ્યલક્ષ્મી], વિજય, સંપદા, નીતિ [ન્યાયમાર્ગ] નિશ્ચળ છે એમ મારૂં મત છે.

ઈતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ઉપનીષદ્‌માં બ્રહ્મવિદ્યાને વિષે યોગશાસ્ત્ર સંબંધી શ્રીકૃષ્ણાર્જુનના સંવાદમાં મોક્ષસંન્યાસોપદેશયોગ નામનો અઢારમો અધ્યાય. ॥૧૮॥

---

* જે પક્ષમાં કૃષ્ણ ત્યાંજ સમસ્ત કલ્યાણ છે.

"ગુજરાતી" પ્રકાશિત ગ્રંથ.

મુંબઈ, કોટ, ટાઉન હાલની સામે.

બૃહત્ કાવ્યદોહન–ભાગ ૧ લો. પ્રાચીન કવિઓની કવિતાના સંગ્રહમાંથીઉત્તમોત્તમ કવિતાનો એક ઘણો સારો જથ્થો એકઠો કીધો છે. ૧૨ મોટાં આખ્યાન, ૨૦ આખ્યાયિકા, ને ૫૦૦ પદોનો સરસ સંગ્રહ. પૃષ્ટ ૧૦૦૦, પાકાં પુઠાં, કિમ્મત રૂ ૩), ટપાલ ખર્ચ ૬ આના. આટલું સસ્તું પુસ્તક બીજું એકે નથી.

બૃહત્ કાવ્યદોહન–ભાગ ૨ જો. નરસિંહ મેહેતા, પ્રેમાનંદ સામળભટ,અખોભક્ત, મુક્તાનંદ ૭૦ ઘણા કવિઓની કવિતાના સંગ્રહનો આ બીજો જથ્થો છે. એમાં નવિન ઘણાં આખ્યાનો તથા જુનામાં જુના કવિયોની કવિતાનો સંગ્રહ પણ છે. ઉપલા બંનો ગ્રંથો માટે વર્તમાન પત્રોએ સરસમાં સરસ અભિપ્રાયો આપ્યા છે. પૃષ્ટ ૧૦૦૦, પાકાં પુઠાં, કિમ્મત રૂ ૩). ટપાલ ૭ આના.

બૃહત્ કાવ્યદોહન–પુસ્તક ૩ જું. એમાં સમાવેલું સાહિત્ય તદ્દન નવિનજ છે. નરસિંહ મેહેતાના કાવ્યમાં ગોવિંદગમન, ચાતુરી છત્રીસી ને સામળદાસનો વિવાહ છે. પ્રેમાનંદના ૪ આખ્યાન, અખાના ૩ વિષય, સામળભટની ૩ વાર્તા, હરિરામનો સીતાંસ્વયંવર, ગોપાળગીતા, આત્મ વિચાર ચંદ્રોદય,ને તુલસીવિવાહ તથા પુષ્કળ નવિન પદો એમાં સમાવ્યાં છે. જુનામાં જુના કવિઓની કવિતાનો એ સંગ્રહ, તેઓનીજ ભાષામાં મેળવનારાઓને આ ગ્રંથ અત્યુપયોગી થઈ પડે તેવો છે. એના જેટલો મોટો

ગ્રંથ, આટલો સસ્તો કોઈએ પણ કાઢયો નથી. પૃષ્ટ આસરે ૧૦૦૦. કીંમત રૂ ૩) ટપાલ છ આના. પુઠાં પાકાં છે.

અરેબિયન નાઇટ્સ–પુસ્તક ૧ લું. જગપ્રસિદ્ધ વાર્ત્તાસંગ્રહમાં એના જેવું એક પણ નથી. એમાં ૬૫ મોટાં ને સારાં ચિત્રો આપ્યાં છે. ભાષા ઘણી સરળ, સરસ ને રસભરિત છે. પૃષ્ઠ (ચિત્રો સાથે) ૧૦૦૦, પાકાં પુઠાં, કિમ્મત રૂ ૩), ટપાલ ૬ આના. આ પુસ્તક સરકારે લાયબ્રેરીઓમાં રાખવાને યોગ્ય ગણ્યું છે.

અરેબિયન નાઇટ્સ–પુસ્તક ૨જું. જગપ્રસિદ્ધ વાર્ત્તાસંગ્રહનો આ બાકીનોભાગ છે. ચિત્ર ૬૫ છે. પેહેલા ભાગ કરતાં વધારે રસભરિત છે. પેહેલા ગ્રંથ કરતાં એ ગ્રંથ ઘણો મોટો થયો છે. કીંમત રૂ ૩), ટપાળ છ આના.

બાળકૃષ્ણ વિજયનાટક–કવિ નર્મદાશંકર લાલશંકરનો છેલ્લો પ્રાસાદિકનાટક. કિમ્મત રૂ ૦–૮–૦. ટપાલ છ પૈ.

દયારામકૃત કાવ્યસંગ્રહ–કવિ નર્મદાશંકરે રૂ ૧૦ વાળું જે દયારામકૃત છપાવ્યું હતું તેની આ ત્રીજી આવૃત્તિ છે. ગિલીટના નામ સાથનાં પાકાં પુઠાં છે. **વધારામાં** સતસૈયા, જે કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કરનારાઓને ઘણા ઉપયોગી છે, તેની સંપૂર્ણ ટીકા આપી છે. કિમ્મત ઘણી સસ્તી, રૂ ૨–૮–૦. ટપાલ ૪ આના.

રાજતેજોમયી મહારાણી શ્રી વિક્ટોરિયાનું જીવનચરિત્ર જુબીલી પ્રસંગ માટેજ નહિ, પણ સદાકાળ યાદ રાખવા યોગ્ય એક ઉચ્ચ સદ્‌ગુણોથી ભરેલું સંસારી જીવનચરિત્ર, લાયબ્રેરીઓમાં રાખવા લાયક, છ સુંદર ચિત્રો સાથે. મુખપૃષ્ઠનું ચિત્ર કોઈપણ ગુજરાતી ગ્રંથમાં આપવામાં આવ્યું હોય તેથી ઘણું સરસ. સઘળા વર્તમાનપત્રોએ ભલામણ કીધી છે કે કન્યા-

ઓને માટે તે ઘણું ઉપયોગી છે. કિમ્મત રૂ ૪) ટપાલ ૪, આના. આ પુસ્તક સરકારે લાયબ્રેરી તથા ઇનામમાં આપવા માટે ખાસ પસંદ કીધું છે. એમ કેહેવામાં આવ્યું છે કે એના જેવું ચરિત્ર બીજું લખાયલું નથી.

દિરાવતી—શેહેનશાહ અકબર, પ્રતાપિ મોગલ મહારાજાની જીંદગીનું, રાજકાજનું અત્યુત્તમ ચરિત્ર. સાથે એક સદ્‌ગુણ સંપન્ન સ્ત્રીના પતિવ્રતપણાની વાર્ત્તા છે. ગુજરાતી ભાષામાં ઘણી વાર્ત્તાઓ નિકળી છે, પરંતુ આ એક એવી વાર્તા છે કે તેમાંથી ધર્મ જ્ઞાન, ઇતિહાસ, આનંદ ને સંતોષ એકે સામટા મળે છે. શેહેનશાહ અકબરે કેવા પ્રકારે પોતાનું આયુષ્ય ગાળ્યું છે તેની આના કરતાં કોઈ રીતે વધારે હકીકત મળી શકે તેમ નથી. વાર્ત્તાનો મુખ્ય પાયો ખરી હકીકતપર રચાયો છે. પૃષ્ઠ ૩૦૦, કિમ્મત રૂ ૧–૧૨–૦. ટપાળ ૨ આના.

નર્મ કવિતા—કવિ નર્મદાશંકરની રચેલી સઘળી કવિતાનો મોટો સંગ્રહકવિતાનાં સઘળાં ટિપ્પણો સાથે ને કવિના જીવનચરિત્ર સાથે. આ જીવનચરિત્ર મરહુમ સ્વર્ગવાસી મી. નવલરામ લક્ષ્મીરામે લખેલું છે. તેમજ ગ્રંથની પ્રસ્તાવના પણ તેમનીજ છે. અગાઉ તેની કીમત રૂ ૧૫ હતી. હાલ, કવિએ નહિ છપાવેલી એવી પણ સર્વ કવિતાઓ તેમાં ઉમેરી છે છતાં કીમત રૂ ૭. ટપાલ આઠ આના. પૃષ્ટ ૧૨૦૦.

ગંગા—એક ગુર્જર વાર્તા. જે આધુનિક હિંદુ કુટુંબના ચિત્રનો નમુનો છે. એના જેવી સરસ વાર્તા થોડીજ બહાર પડી હશે. એની ઘણી થોડી નકલો બાકી રહી છે. કિમ્મત રૂ ૧–૮–૦. ટપાલ ૨ આના.

રાસેલાસની કથા—ડા. જૉનસનના એક સરસમાં સરસ નિબંધ—કહો કે વાર્તાનું ભાષાંતર, ચિત્રો તથા સુધારા સાથે. એ ગ્રંથ

સુખમાં છકી જતા તરૂણને બોધ દેનારો, ને દુઃખમાં ધીરજ આપનારો છે. ઈહલોક ને પર લોક એ શું છે તેનું ઉત્તમ શિક્ષણ એ આપે છે. (કિમ્મત રૂ ૧). ટપાલ એક આનો.

ધર્મવિચાર–કવિ નર્મદાશંકરના છેલ્લા નિબંધોનો સંગ્રહ કિમ્મત રૂ ૦–૧૦–૦, ટપાલ એક આનો. ઘણી થોડી નકલ બાકી છે.]

હાજીબાબાનાં સાહસકર્મો–એક ઘણી સરસ રમુજી વાર્તા જેમાં મુસલમાનકોમની સ્થિતિનું યથાસ્થિત ચિત્ર અપવામાં આવ્યું છે. વાર્તા ગમ્મત આપે તેવી. કીંમત રૂ૧–૪–૦. ટપાલ એક આનો.

પંડિત ભગવાનલાલ ઈંદ્રજીનું જીવનચરિત્ર–લખનાર મી. ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક. કીંમત છઆના. ટપાલ છપૈ.

ગંગા ગોવિંદસિંહ–અંગ્રેજોના પ્રારભકાળના જુલમાતની એક કરૂણાજનક વાર્તા. વોરન હેસ્ટીંગ્સના વખતમાં બંગાલામાં કેવા કેવા ત્રાસદાયક કર્મો થયાં હતાં. કેવા કેવા પ્રકારે લોકોના જાનમાલની ધાસ્તી હતી તેનું યથાર્થ વર્ણન, એક વાર્તારૂપે લખાયલું છે. એ એક બીજી રાજકીય કાદંબરી છે. કીંમત રૂ ૦–૧૨–૦. ટપાલ એક આનો. પાકાં પુઠાનો રૂ ૧).

બહારવટિયાની સ્ત્રી–એક સરસ વાર્તા. કિમ્મત આના ચાર. ટપાલ છ પૈ.

યમસ્મૃતિ–મૂળ સંસ્કૃત તથા ભાષાંતર સહિત. કિમ્મત આના બે. ટપાલ છ પૈ.

શ્રીમદ્ભાગવત–પ્રસિદ્ધ કવિ વિપ્રવલ્લભકૃત ૧૧ સ્કંધ–તથા કવિ-શિરોમણી પ્રેમાનંદકૃત દશમસ્કંધ સહિત. મુખપૃષ્ટનુ ચિત્ર ૧૨ રંગથી છાપેલુ તથા બીજાં ૧૨ સુંદર ચિત્રો છે. પુઠાંપર કૃષ્ણ પરમાત્માનું ગીલ્ટનું ચિત્ર મુકેલું છે. પાકાં પુઠાં. ચાર જાતની ભગવદ્ગીતા પણ એમાં સમાવેલી છે. ડેમી કવોરટો સાઈઝના પૃષ્ટ ૭૦૦ રૂ ૭–૦–૦ અગાઊથી. પાછળથી રૂ૧૦). ટપાળ રૂ ૧).

☞ આના જેવો સસ્તો ગ્રંથ ગુજરાતીમાં એક પણ પ્રસિદ્ધ થયો નથી. સર્વે ધાર્મિક વૈષ્ણવોને માટે આના જેવો સુંદર સારો ગ્રંથ કદી પણ મળનાર નથી.

દશકુમારચરિત્ર—કાલિદાસ કવિના સમકાલીન કવિ દંડીકૃતનું આ સરસ–સરળ ભાષાંતર છે. આ એક ઘણી સરસ વાર્તા છે, જે મનને ખુશ કરે તેવી કિમ્મત રૂ ૧–૦–૦. ટપાળ રૂ ૦–૨–૦.

અધ્યાત્મરામાયણ–વેદાંતના જ્ઞાનવાળો, શ્રીરામચંદ્રના ચરિત્રવાળો આ એક સરસ ગ્રંથ છે. પૃષ્ટ મોટા રાયલ સાઇઝના ૩૮૩ છે. કિમ્મત રૂ.૨–૮–૦ ટપાળ આના ચાર.